# સહીફએ સજ્જાદિય્યહ

## - : પ્રકાશક : -

હાજી નાજી મેમોરીયલ ટ્રસ્ટ
માળી ટેકરા, આંબાચોક, ભાવનગર
ફોનનંબર : (૦૨૭૮) ૨૫૧૦૦૫૬ / ૨૪૨૩૭૪૬

… Kitab Downloaded from …
*www.hajinaji.com*

• **LIKE US ON FACEBOOK** •

# નોંધ.....

➔ વધુ કિતાબો ડાઉનલોડ કરવા માટે www.hajinaji.com પર લોગ ઓન કરો.

➔ કિતાબમાં કોઈ ભૂલચૂક જણાય તો જાણ કરવા વિનંતી.

hajinajitrust@yahoo.com

# અનુક્રમણિકા


| પ્રક રણ | વિષય | પેજ |
|---|---|---|
| | દુઆ શા માટે માંગવી જોઈએ ? \| 23 | |
| 1 | અલ્લાહ અઝઝ વ જલ્લ (ઈજ્જત અને જલાલવાળા)ના વખાણથી દોઆની શરૂઆત. | 52 |
| 2 | અલ્લાહના વખાણ પછી રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ઉપર સલવાત માટે તેમની દુઆ. | 67 |

| | | |
|---|---|---|
| 3 | અર્શ ઉપાડનારા તથા બીજા બધા અલ્લાહના માનીતા ફરિશ્તાઓ માટે તેમની દુઆ. | 74 |
| 4 | પયગમ્બર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના અનુયાયીઓ અને તેમના સાથીઓ માટે તેમની દુઆ. | 85 |
| 5 | પોતાના માટે અને પોતાના અનુયાયીઓ માટે તેમની દુઆ. | 94 |
| 6 | રોજ સવાર અને સાંજની તેમની દુઆ. | 104 |

| | | |
|---|---|---|
| 7 | કોઈ અગત્યની બાબત માટે અથવા કોઈ અકસ્માતમાં ગિરફ્તાર થવા વખતે અત્યંત દુ:ખના સમયે તેમની દુઆ. | 119 |
| 8 | બદીઓથી, અનીતિથી અને સજાપાત્ર કાર્યોથી પનાહ માંગવા માટે તેમની દુઆ. | 124 |
| 9 | ઉત્સાહની સાથે અલ્લાહ તઆલાની મગફેરત માગવા માટે તેમની દુઆ. | 129 |
| 10 | અલ્લાહ તઆલાની બારગાહમાં | 134 |

| | | |
|---|---|---|
| | રક્ષણ માંગવા માટે તેમની દુઆ. | |
| 11 | જીવનના સંતોષકારક અંત માટે તેમની દુઆ. | 139 |
| 12 | અલ્લાહ તઆલાની બારગાહમાં ગુનાહોની કબૂલાત અને તૌબાની તલબ માટે તેમની દુઆ. | 143 |
| 13 | જરૂરતના સમયે અલ્લાહ તઆલાની બારગાહમાં તેમની દુઆ. | 156 |
| 14 | કોઈના ગેરવર્તન અથવા કોઈ જાલિમના જુલમ સમયે તેમની | 166 |

| | | |
|---|---|---|
| | દુઆ. | |
| 15 | બીમારી, ઉદાસી અને મુસીબતના સમયે તેમની દુઆ. | 175 |
| 16 | ગુનાહો તથા ખામીઓની (ભૂલોની) મગફેરત તલબ કરવા માટે તેમની (આજીજીભરી) દુઆ. | 180 |
| 17 | શૈતાનની અદાવત અને ફરેબથી પનાહ માંગવા માટે તેમની દુઆ. | 198 |
| 18 | કોઈ સખત મુસીબત ટળી જવા સમયે અથવા દુઆ જલદી કબૂલ થઈ હોય તે સમયે તેમની દુઆ. | 209 |

| | | |
|---|---|---|
| | (શુક ગુજારી માટે) | |
| 19 | દુકાળ પછી વરસાદ માટે તેમની દુઆ. | 212 |
| 20 | શ્રેષ્ઠ અખ્લાક (સારા ચાલચલણ) માટે તેમની દુઆ. | 217 |
| 21 | કોઈ રંજના સમયે અથવા કોઈ ભૂલના કારણે ઉદાસીના સમયે તેમની દુઆ. | 247 |
| 22 | દુ:ખ, મુસીબત અને સખત મુશ્કેલીના સમયે તેમની દુઆ. | 260 |
| 23 | સુરક્ષા માગવા માટે અને શુક્ર | 274 |

| | | |
|---|---|---|
| | અદા કરવા માટે તેમની દુઆ. | |
| 24 | તેમના વાલેદૈન (અલય્હિસ્સલામ) માટે તેમની દુઆ. | 283 |
| 25 | તેમની ઓલાદ માટે તેમની દુઆ. | 297 |
| 26 | તેમના પડોશીઓ તથા મિત્રો માટે તેમની દુઆ. | 311 |
| 27 | સરહદના ચોકીદાર સિપાહીઓ માટે તેમની દુઆ. | 316 |
| 28 | અલ્લાહ અઝઝ વ જલ્લ (ઈજ્જત-જલાલવાળા)ની બારગાહમાં રૂદન કરી મદદ | 336 |

| | | |
|---|---|---|
| | તલબ કરવા માટે તેમની દુઆ. | |
| 29 | રોજી તંગ થઇ જાય ત્યારે તેમની દુઆ | 342 |
| 30 | રૂણ ચૂકવવામાં મદદ માટે તેમની દુઆ. | 346 |
| 31 | ગુનાહોથી તોબા અને મગફેરત માટે તેમની દુઆ. | 352 |
| 32 | રાત્રિની ઈબાદત (જાગરણ) પછી અલ્લાહ તઆલાની બારગાહમાં ગુનાહોની કબૂલાત (તથા મગફેરત) માટે તેમની દુઆ. | 375 |

| | | |
|---|---|---|
| 33 | મહત્વની બાબતોમાં અલ્લાહ તઆલાની મદદ માટે તેમની દુઆ. (ઇસ્તેખારાહ જોવા પહેલા) | 398 |
| 34 | ગુનાહોના કારણે દુ:ખ થવાના સમયે અથવા કોઈને દુ:ખી થતા જુએ તે સમયે તેમની દુઆ. | 402 |
| 35 | દુનિયાની લોકોની હાલત નિહાળીને પોતાના માટે અલ્લાહના હુકમનો સ્વીકાર અને શુક્ર માટે તેમની દુઆ | 407 |
| 36 | વાદળા દેખાય, વીજળી ચમકે | 412 |

| | | |
|---|---|---|
| | અને ગર્જના સંભળાય ત્યારે તેમની દુઆ. | |
| 37 | અલ્લાહ તઆલાનો પૂરી રીતે શુક્ર અદા ન કરી શકયા હોવાની કબૂલાત માટે તેમની દુઆ. | 418 |
| 38 | કોઇપણ બંદા તરફ કંઈ ભૂલ થઇ હોય અથવા તેમનો હક અદા કરવામાં ખામી રહી ગઈ હોય તો તે માટે દિલગીરી વ્યક્ત કરવા અને જહન્નમની આગથી પનાહ માંગવા માટે તેમની દુઆ. | 432 |

| | | |
|---|---|---|
| 39 | અલ્લાહ તઆલાની રહેમત અને મગફેરત માટે તેમની દુઆ. | 436 |
| 40 | કોઈની મૃત્યુની ખબર સાંભળે અથવા મોતનો ઝિક્ર થાય તે સમયે તેમની દુઆ. | 449 |
| 41 | સંભાળ અને સુરક્ષા માટે તેમની દુઆ. | 454 |
| 42 | જયારે કુરઆને મજીદની તિલાવત પૂરી કરતા તે પછી તેમની દુઆ. | 458 |
| 43 | જયારે તેઓ ચાંદ (બીજ) જોતા તે સમયે તેમની દુઆ. | 481 |

| | | |
|---|---|---|
| 44 | માહે રમઝાન મુબારકની શરૂઆત સમયે તેમની દુઆ. | 488 |
| 45 | જયારે માહે મુબારક રમઝાનને વિદાય કરતા તે સમયે તેમની દુઆ. | 509 |
| 46 | ઈદુલ ફિત્રના દિવસે ઈબાદત પછી કિબલા તરફ ઊભા રહી તથા જુમાના દિવસે તેમની દુઆ. | 548 |
| 47 | અરફાતના દિવસે તેમની દુઆ. | 562 |
| 48 | ઇદુઝઝોહા! અને જુમાના દિવસે તેમની દુઆ. | 633 |

| | | |
|---|---|---|
| 49 | દુશ્મનોના ફેરબદલ દૂર કરવા અને તેઓના ઝુલ્મને નાબૂદ કરવા માટે તેમની દુઆ. | 660 |
| 50 | (તકવાની વૃધ્ધિ માટે) અલ્લાહ તઆલાનો ખોફ જાહેર કરવા માટે તેમની દુઆ. | 675 |
| 51 | અલ્લાહ તઆલાની બારગાહમાં ખોફ અને નમ્રતા જાહેર કરવા માટે તેમની દુઆ. | 682 |
| 52 | અલ્લાહ તઆલની બારગાહમાં દુઆ તાત્કાલિક કબૂલ થાય તે | 695 |

| | | |
|---|---|---|
| | માટેની દુઆ. | |
| 53 | ઈજ્જત અને જલાલવાળા અલ્લાહની બારગાહમાં ઝલીલ (તુચ્છ) બનીને તેમની દુઆ. | 706 |
| 54 | ચિંતા (બેચેની, રંજ, અજંપો અને અસ્વસ્થતા) દૂર કરવા માટે તેમની દુઆ. | 712 |
| 55 | અલ્લાહ તઆલાની તસબીહ માટે તેમની દુઆ. | 720 |
| 56 | અલ્લાહ તઆલાની તસબીહ, હમ્દો-સના તથા તેમની દુઆ. | 725 |

| | | |
|---|---|---|
| 57 | અલ્લાહ તઆલાની બારગાહમાં તુચ્છતા જાહેર કરવા માટે તમની દુઆ. | 732 |
| 58 | આલે મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના ઝાકિરની તેમની દુઆ. | 737 |
| 59 | હઝરત આદમ અલય્હિસ્સલામ ઉપર રહેમત નાઝિલ કરવા માટે તેમની દુઆ. | 740 |
| .60 | દુ:ખ અને અસ્વસ્થતાના સમયે તેમની દુઆ. | 744 |

| | | |
|---|---|---|
| 61 | જયારે તેઓ કોઈ મુસીબતમાં આવી પડે અને બીક લાગતી હોય તે સમયે તેમની દુઆ. | 752 |
| 62 | રવિવારના દિવસે તેમની દુઆ. | 758 |
| 63 | સોમવારના દિવસે તેમની દોઆ. | 764 |
| 64 | મંગળવારના દિવસે તેમની દુઆ. | 772 |
| 65 | બુધવારના દિવસે તેમની દુઆ. | 777 |
| 66 | ગુરૂવારના દિવસે તેમની દુઆ. | 782 |
| 67 | શુક્રવારના દિવસે તેમની દુઆ. | 788 |
| 68 | શનિવારના દિવસે તેમની દુઆ. | 794 |
| 69 | મુનાજાત પહેલી : તોબા | 798 |

| | | |
|---|---|---|
| | કરવાવાળાઓની મુનાજાત. | |
| 70 | બીજી મુનાજાત : શિકાયત કરવાવાળાઓની મુનાજાત. | 805 |
| 71 | ત્રીજી મુનાજાત : ડરનારાઓની મુનાજાત. | 809 |
| 72 | ચોથી મુનાજાત : આશાવાદીઓની મુનાજાત. | 814 |
| 73 | પાંચમી મુનાજાત : ધ્યાનીઓની મુનાજાત. | 819 |
| 74 | છઠી મુનાજાત : શાકેરીન (કૃતજ્ઞ)ની મુનાજાત. | 825 |

| | | |
|---|---|---|
| 75 | સાતવી મુનાજાત : તાબેદારોની મુનાજાત. | 831 |
| 76 | આઠવી મુનાજાત : મુરીદોની મુનાજાત. | 835 |
| 77 | નવમી મુનાજાત : દોસ્તોની મુનાજાત. | 841 |
| 78 | દસમી મુનાજાત : વસીલાવાળાઓની મુનાજાત. | 847 |
| 79 | અગિયારમી મુનાજાત : નિરાધારોની મુનાજાત. | 851 |
| 80 | બારમી મુનાજાત : આરિફ઼ોની | 856 |

| | | |
|---|---|---|
| | મુનાજાત. | |
| 81 | મુનાજાત તેરમી : ઝિક્ર કરવાવાળાઓની મુનાજાત. | 861 |
| 82 | મુનાજાત ચૌદમી : આશ્રિતોની મુનાજાત. | 866 |
| 83 | મુનાજાત પંદરમી : પરહેઝગારોની મુનાજાત. | 870 |
| 84 | ભલાઈ માંગવાની મુનાજાત. | 874 |
| 85 | ગુનાહોથી માફીની મુનાજાત. | 878 |
| 86 | મુનાજાત ત્રીજી : મુસાફરીની મુનાજાત. | 883 |

| | | |
|---|---|---|
| 87 | રોજી માગવાની મુનાજાત. | 887 |
| 88 | રક્ષણ માંગવાની મુનાજાત. | 892 |
| 89 | તૌબા માગવાની મુનાજાત. | 896 |
| 90 | હજની માંગણી માટે મુનાજાત. | 900 |
| 91 | જુલ્મથી છૂટકારાની મુનાજાત. | 904 |
| 92 | ખુદાનો શુક્ર કરવાની મુનાજાત. | 908 |
| 93 | હાજતો માંગવાની મુનાજાત. | 912 |



… Kitab Downloaded from …

www.hajinaji.com

• LIKE US ON FACEBOOK •

## દુઆ શા માટે માંગવી જોઈએ ?

દુનિયા સર્જાવવાનો હેતુ તેના સર્જનહારે કુરઆને શરીફમાં જાહેર કરી દીધો છે : “વમા ખલકતુલ જિન્ન વલ ઇન્સ ઇલ્લા લે યઅબોદુન – જિન્નાત અને ઇન્સાનને ફક્ત મારી ઈબાદત કરવા માટે જ પેદા કરેલ છે,” અને સાથો સાથ તેણે ઈબાદતના તરીકા (નમાઝ, રોઝા, ઈત્યાદી)નું શિક્ષણ પણ આપ્યું.

હવે જો જરા સૂક્ષ્મ દ્રષ્ટિએ જોશું તો નમાઝ વગેરે આ’માલમાં તેની પાસે દુઆ

મંગાય છે. તો આપણે એ વાત વિના સંકોચે કહી શકીશું કે દુઆ ઈબાદતનો એક પ્રકાર છે.

કારણ દેખીતું છે કોઈ પણ મુરાદ માટે, કોઈ પણ નેક કામને માટે, કોઈ આફત દૂર થવા માટે દુઆ માંગતી વખતે તે માલિકના નામનો દુઆ કરનારની ઝબાન પર વિર્દ હોય છે અને તેના નામના વિર્દને શું આપણે ઈબાદત નહીં કહીએ ? તે સિવાય નમાઝના અર્થ ન જાણતા ભાઈઓ અને બહેનો દુઆ (જે તેઓની ભાષામાં બોલાઈ રહી છે)ને સમજી શકે છે તેથી તેનું દિલ કઈંક વધારે ખુદામય

બંને છે, ખુદાના ખૌફથી તેની આંખોમાંથી આંસુઓ વહે છે, તેનો સવાબ ધ્યાન વગર પડાએલી સુન્નત નમાઝોની હજારો રકાતો કરતા પણ વધુ છે.

અને મા'સૂમીન અલય્હેમુસ્સલામની દેવડી ઉપરથી આપણને એવી દોઆઓ મળી છે કે, જેના સદકાથી મુસીબતોના પર્વતો આપણે ખસેડી શકીએ છીએ. ફોલાદથી વધુ કઠણ દિલ રાખતા ઝાલિમોનાં દિલ પણ પીગળીને પાણી થઇ જાય છે. કેટલીય દુઆ એવી છે કે હઝારો ગુનાહ માફ થઇ જાય છે.

દુઆ માંગવી તે નકામી અથવા જેમાં કાઈ લાભ ન હોય તેવી મહેનત નથી પણ દુઆ માંગવી તે મહાન ઈબાદત હોવા ઉપરાંત જેના પરિણામમાં ફાયદાઓની કઈ શુમારી નથી એવું કાર્ય છે. જેવી રીતે તદબીરને તકદીર કચડી નાખે છે અને પરિણામ શૂન્ય અથવા ધાર્યાથી ઉલટું આવે છે તેથી પણ બેવડી તાકાતથી દુઆ તકદીરને પલટાવી દે છે.

પરંતુ એ દુઆ અંત:કરણપૂર્વક થવી જોઈએ. દુઆ કરતી વખતે બધુ ધ્યાન તે માલિકમાં જ પરોવી દેવું ઘટે, તો જ દુઆ

કબૂલીયતને દરજ્જે પહોંચી શકે છે. વર્ષો સુધી બેદિલીથી કરેલી દુઆ નિષ્ફળ જાય છે, ત્યારે થોડીક મિનીટો દિલથી કરેલી દુઆ ઘણી જ જલ્દી કબૂલ થાય છે. તે વિષેનો એક ઇતિહાસિક પ્રસંગ આલેખી લઉં.

ઈરાનના શાહ નાસેરુદ્દીન શાહ હઝરત અલી અલય્હિસ્સલામની ઝિયારત માટે નજફમાં આવ્યા અને તેઓ રોઝએ અક્દસના દરવાજા પાસે પહોચ્યાં ત્યાં એક આંધળાને જોયો. તેમણે તેને પૂછ્યું: “તું અહીં કેમ ઉભો

છે?” તેણે કહ્યું: “એક વર્ષથી મારી આંખોની બિનાઈ માટે મૌલાના દરબારમાં કરગરૂં છું.”

“શું તું બાર મહિનાથી દુઆ કરે છે અને તે હજુ સુધી કબૂલાઈ નથી ! તે પણ મારા મૌલાના દરબારમાં ! મૌલાના દરબારમાં માંગનારને જરીએ ખોટીપો નથી થતો, પણ તારી નિય્યત નાપાક હોવી જોઈએ, તું અહીં દુઆ માંગવાનું બહાનું કરી ભીખ માંગવા જ ઉભો લાગે છે, જો હું ઝિયારત કરીને પાછો ફરૂં ત્યાં સુધીમાં તારો આંખો દેખતી ન થઇ તો હું

તને કત્લ કરાવીશ," એટલું કહી નાસેરુદ્દીન અંદર ગયા.

પેલો અંધ એ ધમકી સાંભળી હેબત ખાઈ ગયો. તે ડરી ગયો કે આંખો દેખતી ન થઇ તો મારૂં આવી બન્યું. જીવનનો લોભ બધા લોભથી ચઢીયાતો છે, તેણે પોતાના દિલમાંથી એકેક ઈચ્છા, એકેક વાતને ખંખેરી નાખી, અત્યારે તો તેના દિલમાં એક જ વાત હતી અને તેની જીભથી તે નીકળી રહી હતી, "મવલા ! મને જાન બક્ષી આપો, મારી આંખોમાં બીનાઈ આપો." એ એકનીએક વાત

તેના દિલમાંથી શબ્દો થઈને નીકળતી હતી, તેની આંખોમાંથી આંસુઓ વહી રહ્યા હતા.

દોઆ કબૂલ થઇ, તેની આંખોનો અંધાપો ગયો. આંખોમાં નૂર આવી ગયું, દુનિયા એની આંખોને દેખાવા લાગી.

એ લક્ષમાં રહે કે ઇન્સાનનું તકદીર બે રીતે ઘડાઈ છે, એક તો એ કે તેના કિસ્મતમાં લખાએલ આરામ, સુખ, મુસીબત અફર હોય છે. તેમાં ગમે તે થાય પણ કશો ફેરફાર થતો નથી.

બીજું એવી રીતે કે તેમાં લખાએલી મુસીબતો, આફતો ઈત્યાદિને ઇન્સાન બદ કાર્યોને પોતાના સુકાર્યોથી બદલી શકે છે, તે વાતને પુષ્ટિ આપતી હઝરત ઇસા અલય્હિસ્સલામના ઝમાનાની એક હિકાયત અત્રે પેશ કરું છું.

એક નવી દુલ્હન પિયરથી સાસરે જઈ રહી હતી. ઈસા (અલય્હિસ્સલામ)એ તેના માટે ભવિષ્યવાણી કહી, “આ છોકરીને આજે સર્પ કરડશે અને તેણી મારી જશે.” પરંતુ હઝરતે કહેલું થયું નહી, તેથી આપ તેણીના ઘરે ગયા

અને પૂછ્યું કે, “કાલે રાત્રે તેણીથી કાંઈ નેક કામ થએલું ?”

તેણીને પૂછતા કહ્યું: “મારા પિયરમાં રોજ એક ફકીરને ખાણું મળતું પણ પરમ દિવસ રાતના બધા શાદીની ધમાલમાં હોઈ ફકીરનો અવાઝ કોઈએ સંભાળ્યો નહીં, મારા કાનમાં સાઈલનો આવાઝ આવવાથી હું છુપી રીતે તેને ખાણું આપી આવી.”

હઝરતે તેની વાત સંભાળ્યા પછી કહ્યું: “ઉઠ, અને તારા કપડા ખંખેર.”

તેણીએ તુરત જ ઉભા થઇ કપડાં ખંખેર્યાં. જેવા કપડાં ખંખેર્યાં તેવો જ એક ઝેરી સર્પ નીચે પડ્યો, તે સર્પના મોંમાં કોઈએ ડુચો દઈ દીધો હતો.

“જો આ સર્પ તારો કાળ થઈને આવ્યો હતો, એનો એક જ દંશ તારૂં મરણ નીપજાવત. પણ બાઈ ! તે જે પેલા ફકીરને ખાણું આપ્યું, જે સદકો આપ્યો તેણે તારી તકદીરને પલટાવી દીધું.”

કહેવાનું તાત્પર્ય એટલું જ કે એક એવું તકદીર છે કે જે તકદીર દુઆ માંગવાથી,

સદકો આપવાથી, ખયરાત ઈત્યાદિ સુકર્મોથી બદલી શકાય છે. પણ જો એમ ન કરે તો એ તકદીરમાં લખાએલા દુ:ખો, મુસીબતો અને આફતો સેહવા જ પડશે.

એનો કોઈને ઇન્કાર જ ન હોઈ શકે કે ખુદા રોઝી આપવા માટે બંધાએલો છે. છતાં એ રોઝી આપવાનો ઝામીન થઇ આપણને રોઝીની તલાશ (કામ-ધંધો ઈત્યાદિ) કરવાનો હુકમ આપેલ છે અને જો એ ન કરે તો ગુનેહગાર અને નાફરમાન છે. એ જ રીતે તેણે દરેક બલા બીમારી, મુસીબતો વગેરેથી રક્ષણ

મેળવવા અને મુરાદો પૂરી થવા માટે પણ કામ ધંધો એટલે દુઆ માંગવાનું ફરમાન કરેલું છે અને દુઆ ન કરનારની અભિમાનીમાં ગણના થાય છે.

દુઆ શા માટે માંગવી જોઈએ ? એ પ્રશ્નના ઉત્તરમાં કરેલો ખુલાસો પૂરતો છે. હવે ઘણી વાર દુઆ કબૂલ નથી થતી તે વિષે ટૂંકો પણ આવશ્યક ખુલાસો કરી, દુઆ માંગવા માટે ખુદા, રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને ઈમામો (અલય્હિસ્સલામ)ના ફરમાનો શું છે ? તે ટૂંકમાં અહીં રજૂ કરેલ છે.

ઘણીવાર ઇન્સાન દુઆ માંગે છે પણ કબૂલ થતી નથી, તેમાં ખુદાની કોઈ અકળ મસલેહત સમાયેલી છે. થોડીવાર માટે તો તે નિરાશ થઇ જાય છે. પણ એ ન ભૂલવું જોઈએ કે અંતરમાંથી નીકળેલો અવાઝ કોઈ દિવસ પણ નિષ્ફળ નથી જતો. આજે એ દુઆ નિષ્ફળ ગયેલી લાગે છે. આજે ઈચ્છિત ફળની પ્રાપ્તિ એ દુઆ થકી ન થાય, તો પણ ઇન્સાનને તેથી નિરાશ થવું ન જોઈએ. કારણ કે સંભવિત છે કે એ દુઆથી આજે દુનિયામાં ઈચ્છિત ફળની

પ્રાપ્તિ નથી થઇ શકી એ ન થઇ શકવાના કારણમાં ઇન્સાનની ભલાઈ હોય.

સાચા દિલથી ખુદા ઉપર સંપૂર્ણ શ્રદ્ધા રાખનારની દુઆ કબૂલ થઇ કે નહીં, તેની જાણ તો કયામતના દિવસે થશે કે ખુદાએ તઆલા પોતાના બંદાને કહેતો હશે કે, મારા બંદા ! તે માંગ્યું અને મેં ન આપ્યું. તેનો અર્થ એ નથી કે હું આપવા અશક્ત હતો અથવા મારી પાસે તારી કદર ન હતી પણ તારી દુઆ કબૂલ ન કરવામાં તારી જ બેહતરી હતી.

ખુદાએ તઆલા કુરઆને શરીફમાં ફરમાવે છે: “વકાલ રબ્બોકો ઉદઉની અસ્તજીબ લકુમ, ઇન્નલ્લઝીન યસ્તકબેરૂન અન એબાદતી સયદખોલુન જહન્નમ દાખેરીન – તમારો રબ ફરમાન કરે છે કે તમો દુઆ માંગો (મસલેહત હોય) તો હું કબૂલ કરૂં (પણ) જે લોકો મારી ઈબાદત કરવા માટે તકબ્બુર કરે છે, તેઓને નજીકમાં રૂસવા કરીને જહન્નમમાં હોમી દઈશ.” આ સ્થળે તફસીરકારોએ ઈબાદતના અર્થ દુઆ બતાવેલ છે.

હઝરતે રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું, “હું તમોને એક એવું શસ્ત્ર બતાવું કે જે તમારા દુશ્મનોથી તમારૂં રક્ષણ કરે અને તમારી રોઝીમાં પણ વધારો કરે ?”

“યા રસુલીલ્લાહ અમોને એવું શસ્ત્ર જરૂર દેખાડો” અસ્હાબોએ અર્ઝ કરી.

એ શસ્ત્ર એ છે કે પરવરદિગારની હુઝૂરમાં રાત અને દિવસ દુઆ માંગ્યા કરવી, હઝરતે મહાન શસ્ત્ર બતાવ્યું.

તેમણે જે ફરમાવેલું છે કે તમારા મરીઝોનો ઈલાજ સદકો આપીને કર્યા કરજો. બલાઓને દુઆથી દફે કરજો.

હઝરત અલી અલય્હિસ્સલામ ફરમાવે છે કે દુઆ મોઅમિનો માટે શસ્ત્રની ગરજ સારે છે અને તે શસ્ત્રથી તેઓ વિજય મેળવે છે.

હઝરત ઈમામે જાઅફરે સાદિક (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું, "ઓ મયસર ! દુઆ કરીને એમ ન કહો કે તકદીરમાં હશે તે થઇ રહેશે, ખુદા પાસે એક એવી પણ કદર છે, એક એવો પણ દરજો છે જે દુઆ થકી જ મળી

શકે છે. જો તમો જીભ બંધ કરી બેસી રહેશો તો કાંઈ નહીં મળે, પણ નક્કી માનજો જે દરવાજો સતત ખખડાવવામાં આવે છે તે દરવાજો એક દિવસ ઉઘડવાનો જ.”

નિ:શક દુઆ અને ઈબાદત ખુદા તરફથી એક અણમોલ નેઅમત છે. જો દોઆમાં આટલા બધા કે જે કલ્પનાથી પર છે તે ફાયદા ન હોય અને ઈબાદત વાજિબ કરી ન હોત તો ઇન્સાનનો મોટો ભાગ ખુદાને ભૂલથી પણ યાદ ન કરત, તેના દરબારથી અજાણ

રહેત, તેની મોહબ્બતથી તેઓનાં દિલ ખાલી રહેત.

આપણા સાચા હાદીઓ અઈમ્મએ મા'સુમીન (અલય્હેમુસ્સલામ)એ સિર્ફ આપણને જ દુઆ માંગવાનો બોધ નથી આપ્યો પણ તેઓએ પોતે પણ અમલ કરીને બતાવી આપ્યું છે કે જુઓ અમો કોઈ ચીઝના મોહતાજ નથી. અમારા તુફેલથી તો કાએનાત સર્જાઈ છે, છતાં અમો પણ તેના દરબારમાં યાચક થઈને ઉભા રહીએ છીએ. અમો પણ તેની પાસે આજીઝી અને લાચારી કરીને દુઆ

માંગીએ છીએ સાથો સાથ તેના દરબારમાં જવાના વિવેકનો પણ બોધ આપી દીધો છે.

હઝરત ઈમામે ઝયનુલ આબેદીન અલય્હિસ્સલામની દુઆના સહીફા જોનાર આશ્ચર્યથી દિગ્મૂઢ થઇ જાય છે અને વિચારમાં પડી જાય છે કે આપ ઈમામ (અલય્હિસ્સલામ) કેવી આજીઝી, કેવી લાચારીથી દુઆ ગુઝારે છે કે જેની કશી હદ નથી. ત્યારે આપણે કે જે કદમે કદમે ગુનાહના અંબાર ખડકે જઈએ છીએ છતાં ખુદાની બારગાહમાં લીન નથી બની જતાં, આજીઝી નથી કરતાં, કરગરતા

નથી, કાકલુદી નથી કરતાં અને એ માટે અવકાશ જ ક્યાં મળે છે!! એના માટે પણ સમય ક્યાં છે! બશેર પેટનો ખાડો પુરવા માટે એક શેર જાર કે બાજરો અને એક શેર પાણીની જરૂરત છે. તેમાંય પાણી તો જ્યાં અને જયારે જુઓ ત્યારે વગર મૂલે મળી રહે છે. રહી એક શેર જાર કે બાજરી તેના માટે મનુષ્ય કેવાં કાળા કર્મો કરે છે કે અલ્લાહની પનાહ ! અને તે પણ જાણવા છતાં કે તેના માટે તે માલિક બંધાયેલ છે.

ખેર, આપણે ક્યાંક વિષયાંતર કરી દેશું. ઈમામે ઝયનુલ આબેદીન અલય્હિસ્સલામ તે માલિકની જબાનમાં કેવા દિલ હચમચાવી નાખે એવા શબ્દોમાં યાચના-દુઆ કરે છે તે સાંભળી લો-

“હે મારા મૌલા ! મારી સ્થિતિ એવી બનાવી દે કે જરૂરત વખતે તારી સહાયથી હુમલો કરૂં, હાજત વેળા તારી પાસે યાચુ, લાચારીમાં તારી પાસે કરગરૂં. હે મઅબૂદ ! એવું ન કરજે કે તને મૂકીને બીજાને માથું નમાવું, બીજાના પાસે હાથ લાંબો કરૂં, બીજાની

રૂબરૂ કરગરૂં. માલિક ! એવું ન કરતો. જો હું એવો થઇ જઈશ તો હું તારી દરગાહને કાબિલ નહીં રહું, તારી બક્ષિશોને લાયક નહીં રહું!”

બીજી એક દુઆમાં આપ કહે છે કે : હે મારા માઅબૂદ ! જ્યારે વિરોધી કિન્નાખોરી રાખે ત્યારે મારા દિલમાં મોહબ્બત આપજે, તે ઈર્ષા કરે ત્યારે મારા દિલમાં તેના માટે સહાનુભૂતિ પ્રેરજે. જ્યારે તે બૂરાઈ કરે ત્યારે મને ભલાઈ કરવાની તૌફીક બક્ષજે. જ્યારે તે બદગુમાની કરે ત્યારે મારા દિલને શંકાઓથી નિર્મળ રાખજે. તે મારો સહાયક ન થાય તો

પણ તેના સહાયક થવાની મને પ્રેરણા દેજે. ઝાલિમોના ભયથી કડવાટને બદલે અભયતાની મીઠાશ આપ.

દુઆઓ કબૂલ ન થવાથી કંટાળવું નહીં, પરંતુ દુઆ શા માટે કબૂલ નથી થતી તેનું કારણ શોધવું, અને આપણી જ કોઈ ભૂલના કારણે જો દુઆ કબૂલ ન થતી હોય તો તે ભૂલને સુધારવી, હઝરત ઈમામે જાઅફરે સાદિક અલયહિસ્સલામની ખિદમતમાં એક જણે અરજ કરી: “યા મૌલા અમારી દુઆઓ કબૂલ નથી થતી, તેનું શું કારણ ?”

આપે ફરમાવ્યું: ખુદાએ તઆલા ફરમાવે છે કે, “વ અવફુ બેઅહદી ઉફે બેઅહદેકુમ” તમોએ મારી સાથે જે વાયદો કરેલ છે. તે પૂરો કરો તો હું પણ તમારી સાથેનો વાયદો પૂરો કરૂં. તો તમારી દુઆ કબૂલ ન થવાનું એક કારણ છે કે તમો વાયદો પૂરો કરતા નથી, અર્થાંત તેઓએ જે વાજેબાત બજાવી લાવવા વચન આપ્યું છે તેનું પાલન કરતા નથી, અને જે કાર્યથી દૂર રહેવા પ્રતિજ્ઞા કરી હતી, તે કાર્યો પણ તમો કરો છો. ખુદાની કસમ, જો તમો તેની સાથેનો વાયદો પૂરો કરશો તો તે

તમારી દોઆઓ કબૂલ કરી પોતાનો વાયદો પૂરો કરશે.

દુઆ કબૂલ ન થવાનું બીજું કારણ એ પણ છે કે તેમાં એ શરત છે કે સુકાર્યો કરીને દુઆ કરો. હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું કે: “હે અબાઝર ! નેક કાર્યો કરીને જો દુઆ કરે તો આટામાં નમક જેટલી દુઆ બસ છે અને નેક અમલ વિના દુઆ કરવી તે ધનુષ્ય વગર બાણ ફેંકવા સમાન છે,” હાથથી ફેકાએલું તીર અચૂકતાથી નિશાન વીંધી શકતું નથી. એ જ

રીતે નેક અમલ વગર દુઆ કરવાથી ધારી અસર ઉપજાવી શકાતી નથી.

ટૂંકમાં દુઆ કરવાની પ્રત્યેકને જરૂરત પડે છે. ભલેને ખુદાની મહેરબાનીથી માલ, ઔલાદ, આબરૂ હોવા છતાં પણ તેની દરગાહમાં દુઆ કર્યા જ કરવી જોઈએ. હઝરત અલી અલય્હિસ્સલામ ફરમાવે છે કે "હાજત હોય કે ન હોય પણ દુઆ તો કરવી લાઝિમ છે."

હાજતવાળાઓ માટે તો જરૂરી છે જ, પરંતુ હાજત ન હોય તેમણે પણ ભવિષ્યની બલાઓથી બચવા માટે દુઆ કરવી જોઈએ,

કારણ કે એમ કરવાથી આવનારી બલા અટકે છે અને મળેલી નેઅમતો બાકી રહે છે.

… Kitab Downloaded from …
www.hajinaji.com

• Like us on Facebook •

## ૧-અલ્લાહ અઝઝ વ જલ્લ (ઈજ્જત અને જલાલવાળા)ના વખાણથી દોઆની શરૂઆત

સર્વે વખાણ તે અલ્લાહ માટે છે જે પહેલો છે અને તેના પહેલા કોઈ જ નથી અને તે છેલ્લો છે જેના પછી કોઈ જ રહેવાનું નથી, નીરખવાવાળાની આંખો તેને જોવા માટે અશક્ત છે, તેના વખાણ કરનારના વિચારો તેના પૂરતા વખાણ નથી કરી શકતા, પોતાની શક્તિ વડે તેણે કાએનાતની કુલ મખ્લૂકને ખલ્ક કરી અને પોતાની મરજીથી દરેકને ઘાટ અતા કર્યા.

ત્યારપછી તેણે કુલ મખ્લૂકને હિદાયત અતા કરી અને પોતાની મહોબ્બતની રાહ ઉપર ચલાવ્યા, તે જેને આગળ વધારે છે તે પીછેહઠ કરવામાં અશક્ત છે અને જેને પાછળ રાખ્યા છે તે આગળ વધવા માટે અશક્ત છે. તેણે અતા કરેલી રોજીમાંથી દરેક રૂહ પોતાના માટે નિર્ણીત રોજી પામે છે; તેમાં કોઈ પણ વધારો કે ઘટાડો નથી કરી શકતું. તેણે દરેક રૂહ માટે જીવનની એક મુદ્દત નક્કી કરી છે જેના તરફ આગળ વધી તે રૂહ તે મુદ્દત પૂરી કરે છે અને પોતાના અસ્તિત્વના અંત સુધી પહોચે છે. આ (દરેક) રૂહ,

પોતાના અમલો સાથે, જીવન પૂરૂં કર્યા પછી, અલ્લાહની તરફ પ્રયાણ કરે છે અને અલ્લાહની બારગાહમાં તેને નેકીનો બદલો અને બદીની સજા મળશે. 'અલ્લાહ (પોતાના) ઇન્સાફ થકી બદકારોને તેમના કુકર્મોની સજા આપશે અને નેક લોકોને તેમના નેક અને સારા અમલો માટે જઝા (ઇનામ) આપશે.' પાક છે સર્વે નામો અલ્લાહના અને તેની નેઅમતો બેશુમાર છે. સર્વે વખાણ અલ્લાહના, જે મખ્લૂકને જો વખાણ કરવાથી રોકી લે તે તો તેઓ તેની નેઅમતો તો જરૂર પામતે અને માણતે પણ તેનો શુક્ર અદા ન

કરી શકતે. અને જો તેઓ આમ ન કરી શકતે તો ઇન્સાનિયતની હદ વટાવીને તેઓની ગણતરી જાનવરોમાં થતે. તેઓ સાબિત કરી આપતે, જે બયાન પાક કિતાબમાં (કુરઆન મજીદમાં) કરવામાં આવ્યું છે 'તેઓ જાનવર જેવા નહીં તો બીજું શું છે (અને) તેથી પણ વધારે ખરાબ, સીધી રાહથી ભટકેલા?'

અલ્લાહના વખાણ કે તેણે અમને પોતાની ઓળખાણ (મઅરેફત) શીખવી અને શુક્ર કરવાની તૌફીક અતા કરી, ઈલ્મના દરવાજા ઉઘાડા કર્યા અને (પોતાની) તૌહીદ તરફ

હિદાયત કરી, કુફ્ર કરવાથી બચાવ્યા અને તેના અહેકામોમાં શક કરવાથી પણ.

અલ્લાહના વખાણ, એવા કે અમે વખાણ કરનારાઓની સાથે રહી શકીએ અને અલ્લાહની ખુશી તથા મગફેરત માટે બીજાથી આગળ વધી જઈએ; જે વખાણ થકી અમારી બરઝખનો સમય (મૃત્યુથી લઇ કયામત સુધીનો સમય) ઉજ્જવળ અને નૂરાની બને તથા હશર (ફરી પાછા સજીવન થવું) સહેલાઈથી થાય; જેથી, તે સમયે અમલોના ગવાહોની હાજરીમાં અમારો દરજ્જો ઊંચો થાય જે સમયે 'સૌને પોતાના

કર્મોની સજા-જઝા અપાશે અને કોઈ સાથે પણ અન્યાય નહિં થાય;' 'એ દિવસે કોઈ દોસ્ત પોતાના દોસ્તને રાહત નહિં આપી શકે અને કોઈ મદદ પણ નહિં મળે.' એવા વખાણ, જે અમારા થકી સર્વોચ્ચ જન્નત સુધી પહોચે અને એવા કે જે ખાસ કિતાબમાં (પ્રકાશિત) છે અને તેના ગવાહ તેઓ છે જેઓ અલ્લાહની નજીક છે. એવા વખાણ, જેનાથી અમારી આંખને ઠંડક, પ્રાપ્ત થાય અને બીજાઓની આંખ અંજાઈ જાય. એવા વખાણ, જેના થકી અમે અલ્લાહની દુખ:દાયી આગની સજાથી નજાત પામીએ અને

તેની રહેમતમાં દાખલ થઈએ. એવા વખાણ, જેના થકી ફરિશ્તાઓ અલ્લાહની નજીક થઇ અમારા માટે રહેમતની ભલામણ કરે અને અમે અલ્લાહના પયગમ્બરો સાથે સ્થાન મેળવીએ, એવા મકામ ઉપર જે હંમેશા માટે છે અને તેનું પતન નથી તથા અલ્લાહની નજીક તેમાં ફેરફાર નથી.

અલ્લાહના વખાણ, તેણે અમારા માટે સુંદર મખ્લૂક ચૂંટીને ખલ્ક કરી, પાક-સાફ રોજી અતા કરી અને એમને કુલ મખ્લૂક ઉપર સર્વોપરીતા અર્પણ કરી જેથી અલ્લાહના હુકમથી તે અમારા

તાબેદાર બની અને અલ્લાહના હુકમથી તેણે અમને સેવા આપી. અલ્લાહના વખાણ, અલ્લાહ સિવાય અમે કોઈના મોહતાજ નથી થયા; તેથી, અમે સંપૂર્ણ રીતે અલ્લાહના વખાણ કરવા માટે અશક્ત છીએ અને કેમ કરીને સંપૂર્ણ રીતે શુક્ર પણ અદા કરી શકીએ? અમે અશક્ત છીએ.

અલ્લાહના વખાણ, તેણે અમને ફેલાઈ શકે એવા અને સંકુચિત થઇ શકે એવા અવયવો અતા કર્યા, જીવનના તત્વો ઈનાયત કર્યા અને કામ કરવા માટે હાથ-પગ અતા કર્યા. સંપૂર્ણ રોજી અતા કરી; અમને સ્વતંત્ર બનાવ્યા અને

પોતાની કૃપા તથા દયા થકી નેઅમતો અતા કરી. ત્યાર પછી અમારા માટે હુકમો મોકલાવ્યા કે અમને શું શું કરવું જોઈએ, જેથી પોતાના તરફથી 'ઈનાયત' અંગે અમારી પરીક્ષા થઇ શકે અને અમુક કાર્યોની મનાઈ ફરમાવી કે જેથી તેને શુક્રગુજારી કરનારા પરખી શકાય. પણ અમે અલ્લાહના હુકમોની નાફરમાની કરી ગુમરાહ થયા જે તેના ક્રોધને પાત્ર છે. છતાં તેણે પરિણામ નિર્ણીત કરી સજા આપવામાં ઉતાવળ ન કરતાં પોતાની કૃપાથી નિર્ણય મુલત્વી

રાખ્યો, અને પોતાની દયાથી તેણે અમારી રાહ જોઈ કે અમે આજ્ઞાંકિત થઇ જઈએ.

અલ્લાહના વખાણ, તેણે પોતાની કૃપાથી અમારી પશ્ચાતાપ તરફ હિદાયત કરી. જો તેની ફક્ત આ જ નેઅમતનો હિસાબ કરવા જઈએ તો તે પ્રશંસાપાત્ર છે અને તેનો સર્વોત્તમ ઉપકાર ગણાય કારણ કે અમારી પાછળનાઓ માટે પશ્ચાતાપની બાબતમાં આવો નિયમ ન હતો. હા, તેણે અમારા ઉપરથી એવી રીતે બોજ હલકો કર્યો કે જે માટે અમારી શક્તિ ન હતી. તેણે અમારા માટે એવા હુકમો નથી નીમ્યા કે જે માટે

અમારી શક્તિ ન હતી. તેણે અમારા માટે એવા હુકમો નથી નીમ્યા કે જે માટે અમારી શક્તિ ન હોય અને એવા જ હુકમો રહેવા દીધા કે જે અમારા માટે સહેલા હોય. આમ તેણે અમારા થકી (મોહમ્મદ-આલે મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ થકી) પોતાની નાફરમાનીનું કોઈ કારણ બાકી નથી રહેવા દીધું. આ પછી નિષ્ફળ છે એ લોકો જેઓ હુકમો બજાવી લાવવામાં નાફરમાની કરે છે અને સફળ છે એ લોકો જેઓ અલ્લાહની તરફ આગેકૂચ કરે છે.

અલ્લાહના વખાણ, તેની તસબીહની સાથે જે તેના માનીતા ફરિશ્તાઓ કરે છે, જે તેની ઇજ્જતદાર મખ્લૂક કરે છે અને એવા પણ કરે છે જે તેની કુદરતને નીરખવાવાળા છે તથા અલ્લાહના માનીતા પણ છે. અલ્લાહના વખાણ, જે સર્વોચ્ચ વખાણ હોય, જેવી રીતે તે પોતાની મખ્લૂકમાંથી અમૂકને સર્વોચ્ચ બનાવે છે.

ત્યારપછી અલ્લાહના વખાણ, તેની અમારા માટેની દરેક નેઅમતો માટે અને એ નેઅમતો માટે પણ જે તેણે અમારી પાછળનાઓ તથા આગળનાઓ માટે અતા કરી; અને એટલા

વખાણ જે તેના ઇલ્મમાં જેટલી મખ્લૂક હોય તેની બરાબર; અને દરેક નેઅમતો માટે એટલા વખાણ જે સર્વોચ્ચ થતા રહે, વધતા રહે, પ્રગતિ પામતા રહે અને કયામતના દિવસ સુધી સમાપ્ત ન થાય;

અને એટલા વખાણ, જે અપાર હોય અને જેનો હિસાબ ન થઇ શકે, તેનો છેડો ન હોય અને કોઈ પણ સમયે પૂર્ણ ન થઇ શકે.

અમે અલ્લાહના એવા વખાણ કરીએ છીએ જે અમારી ઇબાદતમાં મગફેરતનું કારણ બને, તેની ખુશીનો સબબ બને, તેના થકી મગફેરત

પ્રાપ્ત થાય, તેની જન્નતની રાહ બને, તેની સજાથી મુક્તિ મળે, તેના ક્રોધથી સલામત રહીએ, તેની ઇબાદતમાં મદદરૂપ થાય, તેની નાફરમાનીથી બચીએ અને અમારી ઉપરના તેના એહસાનોનો બદલો ચૂકવવામાં મદદરૂપ થાય. અલ્લાહના વખાણ એવા જે થકી અમે તેના ચૂંટાએલા બંદાઓની જેમ માનીતા થઈએ અને તેના એ શહીદોની કતારમાં સમાઈ જઈએ જેઓ અલ્લાહના દુશ્મનની તલવારથી શહાદતનો દરજ્જો પામ્યા. હા, નિ:શંક, અલ્લાહ

માલિક છે, વખાણને પાત્ર છે. તારી રહેમતની સાથે,

અય રહેમ કરનારાઓમાંથી સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …
www.hajinaji.com

• Like us on Facebook •

## ૨-અલ્લાહના વખાણ પછી રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ઉપર સલવાત માટે તેમની દુઆ

સર્વે વખાણ અલ્લાહના, જેણે આગલી ઉમ્મતો અને આગલા સમયની સરખામણીમાં અમારા સમયમાં અને અમારા માટે હઝરત મોહમ્મદ મુસ્તફા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ને નબી તરીકે ચૂંટીને મોકલ્યા. આમ તેણે પોતાની એવી કુદરતથી કર્યું જે કુદરત કોઈ દિવસ પણ કોઈ પણ કામમાં નિષ્ફળ નથી, ભલે પછી તે કામ કેટલું પણ

અધરૂં હોય અને તેની કુદરતથી કઈ પણ છૂપું નથી ભલે પછી તે જરાક એવું પણ હોય.

આમ તેણે અમને આખરી ઉમ્મત નીમી અને બીજા કુફ્ર કરવાવાળાઓ સમક્ષ અમને ગવાહ રાખ્યા, પોતાની મહેરબાનીથી કુલ સંખ્યામાં અમને સર્વોપરીતા અતા કરી.

અય અલ્લાહ ! તું હઝરત મોહમ્મદ મુસ્તુફા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) તથા તેમની પાક-તાહીર આલ ઉપર રહેમત નાઝિલ કર જેઓ તારી વહીના અમાનતદાર હતા, તારી મખ્લૂકમાં શ્રેષ્ઠ હતાં, તારા બંદાઓમાંથી

ચૂંટાયેલા હતાં, રહમથી ભરપુર હતાં, નમ્રતા માટે સરદાર હતાં, મહત્વના વસીલા અને તારા હુકમોનું પાલન કરનારા હતાં. તેમણે તારી રાહ ઉપર લોકોને બોલાવવામાં પોતાનું જીવન વિતાવી નાખ્યું; તારી ખુશનુદી પ્રાપ્ત કરવા પોતાની કોમ સાથે લડત કરી; મઝહબ સ્થાપવા માટે સગાસબંધીનો પક્ષપાત નથી રાખ્યો; કુફ્ર કરનારા સગાને ત્યજી દીધા અને મોમીનો સાથે અજાણ્યા હોવા છતાં સબંધ કાયમ કર્યા. તેમણે તારો પૈગામ પહોચાડવા માટે મુસીબતો વેઠી,

લોકોને સીધી રાહ ઉપર લાવવા માટે મહેનત કરી અને લાયક મોમીનોને આમંત્રિત કર્યા.

તેમણે અજાણ્યા શહેર તરફ હિજરત કરી જે પોતાના વતનથી દૂર હતું; એ વતન જ્યાં તેઓ વસેલા હતાં, ત્યાં જન્મ પામેલા હતાં અને પોતાના વતનથી મહોબ્બત ધરાવતા હતાં, ફક્ત એ જ ધ્યેય સાથે કે તારા મઝહબની સ્થાપના થઇ શકે. તેઓ મદદની શોધમાં રહ્યા, ત્યાં સુધી કે દુશ્મનો સામે પોતાનો ધ્યેય સફળ થયો અને પોતાના દોસ્તો માટેની તેમની ઈચ્છાઓ સફળતા પામી.

પછી તેઓ નબળા હોવા છતાં વિજયની આશા માટે તારી મદદથી દુશ્મનોનો સામનો કરી તેઓ સાથે તેમના વતનમાં તથા મેદાનમાં લડ્યા, ત્યાં સુધી કે તારો પૈગામ જાહેર થયો અને તારો કલામ સર્વોચ્ચ થયો, જો કે મુશરિકોએ તેનાથી અણગમો રાખ્યો.

તેથી, અય અલ્લાહ ! તારી રાહમાં અઘરો જેહાદ કરવા માટે એમનો દરજ્જો તારી જન્નતમાં એવો સર્વોચ્ચ કરાર આપ કે તેમની બરાબરનું કોઈ ન હોય, તેમની ઈજ્જતનો કોઈ હરીફ ન હોય અને તારા કોઈ માનીતા ફરિશ્તા

અથવા નબી પણ તેમનાથી વધારે તારી નજીક ન હોય.

અય વાયદાના પૂરા કરનાર ! તુએ તેમની પાક-તાહીર આલ તથા સાચા મોમીનો વિષે અસરકારક વસીલાની બાબત જે વાયદો કર્યો છે, તે વાયદો ઘણી જ સહેલાઈની સાથે પૂરો કર, અય વાયદાના વફા કરનાર !

અય બદીને નેકીઓમાં વધારો કરી બદલી આપનાર ! તું નેઅમતોનો અતા કરનાર છે, તું સખી છે, તું કરીમ છે. તારી રહેમતની સાથે.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …
www.hajinaji.com

• Like us on Facebook •

## 3-અર્શ ઉપાડનારા તથા બીજા બધા અલ્લાહ્‌ના માનીતા ફરિશ્તાઓ માટે તેમની દુઆ

અય અલ્લાહ્‌ ! તારા અર્શને ઝાલનારા ફરિશ્તા, ઇસરાફીલ સૂર ફૂંકનાર જે કબ્રવાસીઓને ચેતવણી આપવા માટે તત્પર છે અને તારા હુકમ પરવાનગીની રાહ્‌ જુએ છે, મીકાઈલ જે તારી બારગાહ્‌માં માનનીય છે અને તારા સેવકોમાં ઉચ્ચ હોદ્દો ધરાવે છે, જિબ્રઈલ જે તારી વહીના અમાનતાર છે, તારા આસમાનના રહેવાસીઓ તેના હુકમના તાબેદાર છે, તારી

સમક્ષ માનનીય છે તથા તારી નજીક છે, રૂહ જે ફરિશ્તાઓ હોજેબ ઉપર હુકમ સાથે ગોઠવાયેલા છે અને તે રૂહ જે તારા હુકમથી નાઝિલ થઇ આગળ વધે છે, કદી તારા નામની તસબીહથી થાકતા નથી, તારી પાકીઝગીના વખાણ કરવાથી કંટાળતા નથી, તારી ઇબાદતથી શ્રમનો અનુભવ નથી કરતાં અને તારી મોહબ્બતમાં હંમેશા તારા હુકમોનું પાલન કરવાની પૂરતી કોશિષમાં રહે છે તથા ગફલતથી બચે છે.

તેથી, તેઓ સૌ ઉપર તારી રહેમત નાઝિલ કર અને તેમના સિવાય બીજા ફરિશ્તાઓ ઉપર જેઓ તારા આસમાનના રહેવાસીઓ છે, તારા પૈગામના અમાનતદાર છે, જેઓ ઉપર થાક-કંટાળાની તોહમત નથી, જેઓ થાકતા નથી તથા શ્રમની તેમના ઉપર કોઈ માઠી અસર થતી નથી.

તેઓની કોઈ મનોકામના તેઓને તારા નામની તસબીહ કરવામાં અડચણરૂપ નથી, તેઓ તારી ઈબાદત કરવાનું ભૂલતા નથી અને એમ કરવામાં તેઓ બેદરકાર પણ નથી. તારી

બારગાહમાં તેઓ નજરો ઊંચી ન કરતા હંમેશા તેને ઝૂકાવેલી રાખે છે અને તેઓના ચેહરા નમેલા હોય છે. તેઓએ તારી નેઅમતોની લાગણીઓને લાંબા સમયથી મનમાં વસાવી છે અને તારા એહ્સાનોનો શુક્ર અદા કરવા માટે તેઓ હંમેશા આતુર છે.

તેઓ તારી મહાનતા અને જાહોજલાલીવાળી બારગાહમાં નમ્રતાની સાથે રજૂ થાય છે અને જ્યારે મુજરીમો માટે તૈયાર કરવામાં આવેલી ભડકતી જહન્નમને નિહાળે છે ત્યારે કહે છે, “તું મહાન છે ! અમે એવી ઈબાદત

નથી કરી શક્યા જેવી રીતે થવી જોઈએ; તેથી, તેમના ઉપર તથા તારા ફરિશ્તાઓમાંના રૂહાનીયુન ઉપર રહેમત નાઝિલ કર."

તારી નજીક હોવાની લાયકાત ધરાવવાળા, તારા તરફથી તારા રસૂલો (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) માટે ખુશખબરીઓ લઇ જનારા તથા તારી વહીના અમાનતદારો ઉપર રહેમત નાઝિલ કર.

અને એ ફરિશ્તાઓ ઉપર રહેમત નાઝિલ કર જેઓને તુંએ તારી માટે ખાસ નીમ્યા છે અને ખાવા-પીવાની બાબતમાં તેઓને સ્વતંત્ર

બનાવી (તારી ઈબાદત માટે) તારા આસમાનના રહેઠાણોમાં વસાવ્યા છે.

અને તેઓ ઉપર જેઓ તારો વાયદો પૂરો કરવા માટે તારા હુકમની રાહ જોવામાં સ્થાયી છે.

અને તેઓ ઉપર જેઓ વરસાદના સંગ્રહના રખેવાળ છે અને વાદળાઓને ચલાવે છે. અને તેઓ ઉપર જેના ક્રોધથી તોફાની તથા વીજળી ચમકાવનારા વાદળા ગર્જના કરી ઉઠે છે. અને તેમના ઉપર જેઓ બરફ તથા ઝાકળ સાથે છે અને તેઓ ઉપર જેઓ વરસાદના બિંદુઓ સાથે

જમીન ઉપર ટપકે છે. અને તેઓ ઉપર જેઓ પહાડો ઉપર નિયત છે તથા પોતાની જગાએથી ખસતા નથી. અને તેઓ ઉપર જેઓનું તુંએ વરસાદ વરસાવવાનું માપ-વજન સોપ્યું છે.

અને તેઓ ઉપર જેઓને તુંએ સંદેશાઓના અમાનતદાર નીમ્યા છે જે સંદેશાઓ અઝાબ-મુસીબતના હોય છે અથવા ખૈરો-બરકતના હોય છે. અને તેઓ ઉપર જેઓ ઇજ્જતદાર તથા નેક સંદેશવાહક છે. અને તેઓ ઉપર જેઓ માનનીય તથા હિસાબ લખનાર છે. અને તેઓ ઉપર જેઓ

મોતના ફરિશ્તા છે તથા તેમના સહકાર્યકરો ઉપર પણ.

કબ્રમાં મડદાઓનો હિસાબ લેનાર ફરિશ્તાઓ મુન્કર, નકીર અને રૂમાન ઉપર તથા તેઓ ઉપર જેઓ બૈતુલ-માઅમુરનો તવાફ કરતા રહે છે. મલિક ઉપર જે જહન્નમના ચોકીદાર છે, રિઝવાન ઉપર જે જન્નતમાં રખેવાળ છે અને તેઓ ઉપર જેઓ અલ્લાહનો હુકમ બજાવી લાવવામાં નાફરમાની નથી કરતાં તથા અલ્લાહના હુકમ મુજબ વર્તે છે. અને તેઓ ઉપર જેઓ કહે છે, "તમારી સબરના કારણે

તમારા ઉપર સલામ; જુઓ તમારી આખેરતની દુનિયાનું રહેઠાણ કેવું સુંદર છે !" ચોકીદાર ફરિશ્તાઓ ઉપર, જ્યારે તેમને કહેવામાં આવે છે, "પકડો, બાંધો અને નાખો તેને જહન્નમમાં" ત્યારે તેઓ મુજરિમ તરફ જલદીથી આગળ વધે છે અને છુટકારાની તક નથી આપતા.

તે ફરિશ્તાઓ ઉપર રહેમત નાઝિલ કર જેઓને અમે વર્ણવતા ચૂકી ગયા હોઈએ અને જેઓનો હોદ્દો અમે તારા તરફથી શીખ્યા નથી કે તુંએ તેઓને કઈ બાબત અંગે નીમ્યા છે.

હવા, જમીન અને પાણીના ફરિશ્તાઓ ઉપર રહેમત નાઝિલ કર અને તેઓ ઉપર જેઓ તારી દરેક જીવિત મખ્લૂક ઉપર નિમાયેલા છે.

બસ, તેઓ સર્વ ઉપર રહેમત નાઝિલ કર જે દિવસે બધા નફ્સને તેઓના દોરનારા અને ગવાહ સાથે તારી બારગાહમાં હાજર કરવામાં આવશે.

અય અલ્લાહ ! તું જ્યારે તારા ફરિશ્તાઓ ઉપર અને તારા રસૂલો ઉપર રહેમત નાઝિલ કરી ચૂકે અને તેમના ઉપર રહેમત નાઝિલ થવાની અમારી દુઆ કબૂલ ફરમાવે ત્યારે

અમને દુઆ કરવાની તૌફીક આપવાના પરિણામરૂપે તેમના ઉપર રહમતમાં વધારો કર.

બેશક ! તું જવાદુન કરીમ છે ! તારી રહેમતની સાથે.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

... Kitab Downloaded from ...
www.hajinaji.com

• Like us on Facebook •

## ૪-પયગમ્બર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના અનુયાયીઓ અને તેમના સાથીઓ માટે તેમની દુઆ.

અય અલ્લાહ ! તું પયગમ્બર, તેમના અનુયાયીઓ તથા તેમના સાથીઓ ઉપર જેઓ જમીનના રહેવાસી છે અને ગેબ ઉપર ઈમાન રાખે છે, ગેબથી રહેમત નાઝિલ કર; અને એ વખતે પણ જ્યારે તેમના વિરોધીઓ તેમને ન માને, તેમના દુશ્મનો તેમને જૂઠલાવે તુંએ હઝરત આદમ (અલય્હિસ્સલામ)થી હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી

વસલ્લમ) સુધી એક પછી એક પયગમ્બરો તથા રસૂલો ચૂંટીને મોકલ્યા અને ત્યારપછી ઈમામો (અલય્હિસ્સલામ)ને મોકલ્યા, જેઓ સાચા તથા પરહેઝગાર હતા, કે તેઓ લોકોની હિદાયત કરે, તો તું તેઓ સર્વેનો ઝીકર તારી મગફેરત તથા ખુશી સાથે બાકી તથા કાયમ રાખ.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના સાથીઓ ઉપર ખાસ કરીને રહેમત નાઝિલ કર જેઓ તેમના મોહસીન સાથીઓ હતા, જેઓ તેમના માટે લડાઈમાં લડ્યા તથા તેમની મદદ

કરી, તેમના હેતુમાં સહાયરૂપ બન્યા, તેમની દાવતના જવાબમાં આગળ આવ્યા તેમની દીની તબલીગની દલીલો તુરંત માન્ય રાખી, દીનની તબલીગ (પ્રચાર) માટે જેઓ પોતાની પત્નીઓ તથા ઓલાદથી છૂટા પડ્યા અને તેમનો સાથ આપ્યો, જેઓ તેમની સચ્ચાઈ સાબિત કરવા માટે પોતાના પિતા તથા પુત્રો સાથે જંગ કરી અને જેઓએ તેમની પૂરતી મદદ કરી.

તેઓ ઉપર રહેમત નાઝિલ કર જેઓ તેમની મોહબ્બત ધરાવતા હતા અને તેમના

પ્રેમ થકી એવો નફો ઇચ્છતા હતા કે જે કદી પણ બરબાદ નહિ થાય.

તેઓ ઉપર રહેમત નાઝિલ કર જેઓને તેમના પોતાના લોકોએ તેમને અનુસરવાના કારણે તરછોડી મૂક્યા.

તેઓ ઉપર રહેમત નાઝિલ કર જેઓને તેમના પોતાના કુટુંબીજનોએ તેમની સોબતમાં જોડાવાના કારણે ત્યજી દીધા.

અય અલ્લાહ ! તારી રાહમાં મારા દીન માટે તેઓની કુરબાનીઓને ન ભૂલ. તારી મખ્લૂકને તારા દીનની રાહ ઉપર સાથે લાવવા માટે અને

તારા રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના હેતુ સારૂ કાર્યગ્રસ્ત થવા માટે તેમને તારી પ્રસન્નતા થકી ખુશ કર. તારી રાહમાં વતન મૂકી હિજરત કરવા બદલ, એશ-આરામ ત્યજી તંગી વેઠવા બદલ અને તારા દીનની કામયાબી ખાતર જુલમ સહન કરવા બદલ તેઓને તું અજ્ર અતા કર.

અય અલ્લાહ ! જેઓ તેમને સચ્ચાઈની સાથે અનુસરનારા હતા તેમને પણ સર્વોત્તમ અજ્ર અતા કર જેઓ દુઆ કરતા હતા, "અય અમારા રબ્બ ! અમને મગફેરત અતા કર અને

અમારા બિરાદરોને પણ જેઓ ઈમાનમાં અમારા પહેલા હતાં.” અને તેઓ ઉપર રહેમત નાઝિલ કર જેઓ તેમની હિદાયત કબૂલ કરવા માટે મક્કમ થયા, તેમની રાહ તથા વર્તાવ અપનાવ્યા, તેમની સચ્ચાઈમાં ન તો કઈ શક કર્યો કે ન તો તેમની રાહ ઉપર તેઓ ડગ્યા, તેમની હિદાયત અનુસરવાથી પીઠ ન ફેરવી પણ તેમની હિંમત વધારી, તેમની મદદ કરી, ઈમાનની તાલિમ મુજબ વર્તાવ કર્યો, હિદાયત મુજબ આગળ વધ્યા અને તેમની વાતો શંકા-સંદેહ વગર શીખ્યા. અય અલ્લાહ ! આજના

દિવસથી હિસાબ-કિતાબના (આખેરતના) દિવસ સુધી અસ્હાબોના અનુયાયીઓ ઉપર રહેમત નાઝિલ કર અને તેમની પત્નીઓ તથા કુટુંબ ઉપર પણ જેઓ તારા હુકમના તાબેદાર હતા, એ રીતે કે તેઓ તારી નાફરમાનીથી સલામત રહે.

તેઓ માટે તારી જન્નતને વિશાળ બનાવ, તેઓને શૈતાનના શરથી (ખરાબીથી) હિફાઝત અતા કર, સારા કામોમાં તારી તારી બારગાહમાં તારી મદદ માટે તેઓની દુઆ કબૂલ કર, તેઓને રાત અને દિવસના (ખરાબ) સંજોગોથી સલામત રાખ સિવાય કે લાભદાયી સંજોગ હો,

તેઓને તારાથી ઉમેદો હોય તથા તારી પાસે જે કઈ છે તેની જ તેઓ આશા રાખે, તારી મખ્લૂકના કબજામાં જે કઈ છે તે માટે તારી મહોબ્બતમાં તથા તારા ખોફના કારણે તેઓને તોહમત ન આપે, તેઓને દુન્યવી મોહથી પરહેઝગારી અતા કર અને ભવિષ્ય માટે કામ કરવાની તૌફીક અતા કર જેથી તેઓ મૃત્યુ પછી કામમાં આવે એવું (આખેરતનું) ભાથું તૈયાર કરે.

તેઓની એ મુશ્કેલીને સહેલી કર જે દિવસે શરીરમાંથી જીવ નીકળવાનો હોય. તેઓને એ પરીક્ષામાં અમાન આપ જ્યારે આગની તકલીફ

તથા તેમાં હંમેશા રહેવાના ખોફમાંથી પસાર થવું પડે. તેઓને એ આરામની જગામાં સગવડ અતા કર જે કુકર્મોથી પરહેઝ કરનારાઓ માટે છે.

તારી રહમતની સાથે, અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …
www.hajinaji.com

• Like us on Facebook •

## પ-પોતાના માટે અને પોતાના અનુયાયીઓ માટે તેમની દુઆ

અય તું ! જેની જાહોજલાલીની અજાયબીઓ ખૂટતી નથી, હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર અને તારી મહાનતાના ઇન્કારથી અમને પનાહ અતા કર. અય તું ! જેની બાદશાહતની મુદ્દત ક્યારે પણ સમાપ્ત થવાની નથી, હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર અને અમને તારી

સજાથી મુક્તિ અતા કર. અય તું ! જેની રહમતના ભંડાર ક્યારે પણ ખૂટતા નથી, હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર અને તારી રહમતમાં દાખલ કર. અય તું ! જેને જોનારા જોવાથી અશક્ત છે, હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર અને તારી બારગાહમાં અમને તારી નજીક જગા અતા કર. અય તું ! જેની શાન સમક્ષ બીજાઓની શાન ધ્રુજી ઉઠે છે,

હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર અને તારી બારગાહમાં અમારો દરજ્જો ઉચ્ચ કર. અય તું ! જે છુપા ભેદોને જાણે છે, હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર અને અમારા ભેદો તથા ખામીઓ જાહેર ન કર.

અય રબ ! તારા કરમ થકી બીજા જરૂરત પૂરી કરવાવાળાઓથી અમને સ્વતંત્ર બનાવી દે, જેના સાથ વિના એકલતાનો અનુભવ થાય

એવા લોકોથી અમને બચાવ અને એવા લોકોથી પણ જેઓ કુફ્ર કરે છે, જેથી, અમે તારા કરમ થકી તારા સિવાય બીજા કોઈ તરફ રગબત ન કરીએ (આગળ ન વધીએ) અને તારા એહસાનો થકી બીજા કોઈનો ખોફ ન રાખીએ.

અય રબ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર; અમારા માટે સારી યોજનાઓ ઘડ, અમારી વિરૂધ્ધ ન ઘડ, અમારા માટે એવી વ્યવસ્થાઓ કર જે અમને હાનીકારક

ન હોય અને અમને બીજાઓ ઉપર સર્વોપરીતા અતા કર.

અય રબ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)અને તેની આલ ઉપર રહેમત નાઝિલ કર; તારા ક્રોધથી અમને પનાહ અતા કર અને તારી મહેરબાની થકી અમને હિફાઝત અતા કર; તારી તરફ રગબત અતા કર અને તારાથી અમને દૂર ન કર; નિ:શક, જેને તું બચાવે છે તે સુરક્ષિત (મહેફૂઝ) છે, જેની તું હિદાયત કરે તે સાચી હિદાયત

પામેલો છે અને જેને તું કુરબત (નજીકી) અતા કરે તે તારી રહમતમાં દાખલ થયેલો છે.

અય રબ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેની આલ ઉપર રહેમત નાઝિલ કર; સમયના નુકસાનકર્તા સંજોગોને અમારાથી દૂર કર અને શૈતાનના શર્રથી (ખરાબીથી) તથા જાલિમ હાકીમોના રૂઆબથી અમને બચાવ.

અય રબ ! સ્વતંત્ર લોકો તારી કુદરતના એહસાનોના કારણે સ્વતંત્રતા પામે છે અને નિ:શંક, સખીઓ સખાવત નથી કરી શક્યા

સિવાય કે તારા કરમથી તેઓને તુંએ જે કઈ અતા કર્યું છે તેમાંથી; તેથી, હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર અને અમારા ઉપર તારી રહેમત નાઝિલ કર.

અય રબ ! હિદાયત પામેલાઓ તારી રહેમતના નૂરથી હિદાયત પામે છે; તેથી, હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર.

અય રબ ! તુંએ જેઓની મદદ કરી તેઓ જાલીમોના જુલમથી મઝલૂમ નથી રહ્યા, જેના ઉપર તુંએ રહેમત નાઝિલ કરી તેઓએ બીજાઓ થકી નુકસાની નથી ભોગવી અને જેઓને તુંએ રાહ બતાવી તેઓ ગુમરાહ કરવાવાળાઓ થકી ગુમરાહ નથી થયા; તેથી હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર; તારી બાદશાહતમાં અમને બીજાના મોહતાજ ન કર અને તારી બતાવેલી રાહ (હિદાયત) થકી અમને સચ્ચાઈના માર્ગ ઉપર ચલાવ.

અય રબ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેની આલ ઉપર રહેમત નાઝિલ કર; તારી મહાનતાની યાદ થકી અમારા દિલોને હિફાઝત અતા કર, જેથી અમે તારી નેઅમતોનો શુક્ર અદા કરી સંતોષ પામીએ અને અમારી જીભ પર તારા એહસાનોના વખાણ હોય.

અય રબ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેની આલ ઉપર રહેમત નાઝિલ કર; લોકોને તારી તરફ દાવત આપનારાઓમાંથી અમને કરાર આપ,

લોકો સુધી તારી હિદાયત પહોચાડવાવાળા હાદી બનાવ અને તારી બારગાહમાં સર્વોચ્ચ લોકોમાં અમને માન્યતા અતા કર, અય સૌથી વધારે રહેમ કરનાર ! તારી રહેમત થકી.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …
www.hajinaji.com

• Like us on Facebook •

## ૬-રોજ સવાર અને સાંજની તેમની દુઆ

સર્વે વખાણ અલ્લાહ તઆલાના જેણે પોતાની કુદરતથી રાત અને દિવસ ખલ્ક કર્યા, પોતાની શક્તિથી બેઉમાં ફરક નીમ્યો અને બેઉ માટે હદ તથા સમયની મર્યાદાઓ નક્કી કરી. તે એકને બીજામાં દાખલ કરે છે અને પોતાની મખ્લૂકની વૃદ્ધિ તથા પુષ્ટિ માટે બેઉનો માપ સમય નક્કી કરે છે.

તેથી તેણે રાતને ખલ્ક કરી કે લોકો તેમાં પરિશ્રમ અને થાકના કારણે આરામ લઇ શકે. તેણે રાતને આરામ અને નીંદરનો પોશાક

બનાવ્યો જેથી તેઓનો થાક ઉતરે, તંદુરસ્ત બને, આનંદ પામે અને ફરી કામ કરવા શક્તિમાન બને.

તેણે તેઓ માટે દિવસ ખલ્ક કર્યો કે જે પ્રકાશિત હોય છે જેથી તેમાં તેઓ અલ્લાહ તઆલાની નેઅમતો શોધી શકે, તેણે અર્પેલી રોજી પામી શકે, જમીનમાં હરી ફરી શકે અને દુનિયાની ભલાઈ તથા મૃત્યુ પછીની જિંદગી અર્થે સફળતા માટે તૈયારી કરી શકે.

આમ તેણે મનુષ્ય જાતિની હાલત સુધારી જેથી તે તેઓના અમલોની પરીક્ષા લઇ શકે,

ઈબાદતગાહોમાં તેમની ઈબાદતનો વર્તાવ જૂએ, તેઓ થકી પોતાના હુકમોનું પાલન (ફરમાની-નાફરમાની) જુએ અને તેના પરિણામરૂપે ગુનેહગારોને તેમના ગુનાહોથી સજા કરે તથા નેક લોકોને ઉદારતાથી અજ્ર અતા કરે.

અય રબ ! તું જ સર્વે વખાણને લાયક છે કારણ કે તુંએ અમારા માટે પ્રભાત ફાડ્યું, અમને દિવસનું અજવાળું અતા કર્યું, રોજી પામવાની જગાઓ સુધી અમારી હિદાયત કરી અને મુસીબતોમાં મૂકાઈ જવાથી અમને બચાવ્યા.

અમારો અને બધી વસ્તુઓનો માલિક તું જ છે. જમીન અને આસમાનો તારા જ છે. જે કઈ પણ તેમાં છે તે તુંએ ફેલાવ્યું છે, સ્થિર વસ્તુઓ અને હરતી ફરતી વસ્તુઓ, જે કઈ પણ હવામાં ઊંચે ચડે છે અને જે કઈ પણ જમીનની અંદર છુપાયેલું છે. અમે તારી કુદરતના કબજામાં છીએ, તારી બાદશાહત તથા કુદરતથી અમે ઘેરાયેલા છીએ અને તારી બારગાહમાં ભરણપોષણના મોહતાજ છીએ, અમારૂ વર્તન તારા હુકમો મુજબ છે અને તારા આયોજન મુજબ અમારામાં ફેરબદલ થતી રહે છે. અમારી

સેવામાં કોઈ જ વસ્તુ નથી સિવાય કે જે તુંએ અતા કરી છે અને કોઈ સારી વસ્તુ (અમારા માટે) નથી પણ એ કે તુંએ તારી મહેરબાનીથી અર્પણ કરી છે.

આજનો આ નવો અને આનંદિત દિવસ અમારા કાર્યો માટે હાજર ગવાહ છે. જો અમે સારા કાર્યો કર્યા હશે તો તે વિદાય સમયે અમારી પ્રશંસા કરશે અને જો અમારા કુકર્મો હશે તો તે ધિક્કાર (ક્રોધ)ની સાથે છૂટો પડશે.

અય રબ ! હઝરત મોહમ્મદ મુસ્તફા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને

તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. અમને તેમની આલના સાથીઓમાંથી હોવાનો લાભ અતા કર, અને અમારા નાના અથવા મોટા ગુનાહોના કારણે તેમના સાથ માટે વંચિત રહી જવાથી બચાવ, તેમના થકી અમારી નેકીઓમાં વધારો કર, તેમના થકી અમને કુકર્મોથી બચાવ અને સમયના બે છેડા (શરૂઆત અને સમાપ્તિ) વચ્ચેની જગા અમારા માટે તારા વખાણ, શુક્ર ઇનામ, સારી વસ્તુઓ, મહેરબાની તથા તારા એહસાનોથી ભરી દે.

અય અલ્લાહ ! હિસાબ કિતાબ રાખનાર ફરિશ્તાઓ માટે અમારા અમલો નોંધવાનું કામ સહેલું કર અને અમારા અમલોના હિસાબની કિતાબ સદ્કર્મો (નેકીઓ)થી ભરી દે તથા તેમની સમક્ષ અમારા કુકર્મોના કારણે અમને ઝલીલ (બેઈજ્જત) ન કર (અને મગફેરત અતા કર).

અય અલ્લાહ ! દિવસની દરેક પળોમાં અમે તારી ઈબાદત કરનારાઓમાં હિસ્સેદાર બનાવ, તારો શુક્ર કરનારાઓમાં હિસ્સેદાર અને તારા ફરિશ્તાઓમાં સાચા ગવાહ. અય અલ્લાહ !

હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ ફરમાવ. સામેથી, પાછળથી, જમણી બાજુએથી તથા ડાબી બાજુએથી અમારી હિફાઝત કર, બધી બાજુએથી; અમને નુકસાન ન પહોચે એવી હિફાઝત અતા કર, જેથી અમે તારી નાફરમાનીથી બચીએ અને તારી ઈબાદત તરફ દોરવાઈએ તથા તારી મોહબ્બત (તથા પ્રસન્નતા) પામવા માટે કોશિશો કરીએ.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને

તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર અને આજના દિવસે, આજની રાતે તથા બધા દિવસોમાં અમારી હિદાયત કર, નેકીઓ બજાવી લાવવા માટે, ગુનાહોથી બચવા માટે, તારી નેઅમતોનો શુક્ર કરવા માટે, તારા હુકમોનું પાલન કરવા માટે, મઝહબમાં ફેરફાર નામંજૂર કરવા માટે, નેકીઓનો હુકમ (અમ્ર બીલ મઅરૂફ) કરવા માટે તથા ગુનાહોથી રોકવા (નહ્ય અનીલ મુન્કર) માટે, ઇસ્લામને બચાવવા માટે (જેહાદ), જૂઠનો સાથ ન આપવા માટે તથા જૂઠને હલકું સાબિત કરવા માટે, સચ્ચાઈનો સાથ આપી તેનું

માન જાળવવા માટે, ગુમરાહને રાહ બતાવવા માટે, નબળાની મદદ કરવા માટે અને મઝલૂમને તેનો હક આપવા માટે.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. આ દિવસને અમારી જિંદગીનો સૌથી વધારે બરકતવાળો દિવસ કરાર આપ જે અમારી જિંદગીનો સર્વોત્તમ સાથી હોય અને અમારા અસ્તિત્વનો સર્વોત્તમ સમય હોય. જેઓએ જમીન ઉપર દિવસો અને રાતો વિતાવી છે,

તારા એ બંદાઓમાંથી સૌથી વધારે અમને ખુશખુશાલ બનાવ અને જે તારી નેઅમતો અમને તુંએ અતા કરી છે તે માટે સૌથી વધારે શુક્રગુજાર, અમને તારા નિયમોનું (હુકમોનું) સખત રીતે પાલન કરનાર બનાવ અને તારી મનાઈ કરેલી વસ્તુઓથી (તથા કામોથી) સંભાળપૂર્વક પરહેઝ કરનાર.

અય અલ્લાહ ! હું તને સાક્ષી રાખું છું અને અને સાક્ષી તરીકે તું પૂરતો છે; હું સાક્ષી રાખું છું તારા આસમાનોને, તેમાં તુંએ જે ફરિશ્તાઓ સ્થાયી કર્યા છે તેમને, તારી જન્મસૃષ્ટિને

(મખ્લૂકને) અને મારા આજના દિવસે, મારી હમણાની ઘડીએ, મારી આ રાતમાં અને મારી આ જગાએ હું મારી માન્યતા જાહેર કરૂં છું કે તું અલ્લાહ છે જેના સિવાય બીજો કોઈ અલ્લાહ નથી, તારી મખ્લૂક તરફ ભલો, તારી બાદશાહતમાં ન્યાયપૂર્ણ, તારા બંદાઓ પ્રત્યે મહેરબાન, સૃષ્ટિનો (કાએનાતનો) માલિક અને કુલ મખ્લૂક ઉપર રહેમ કરનાર.

અને હું મારી માન્યતા જાહેર કરૂં છું કે હઝરત મોહમ્મદ મુસ્તફા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) તારા બંદા હતા અને

મનુષ્યજાતિમાંથી તુંએ તેમને ખાસ ચૂંટેલ હતા. તુંએ તારો પૈગામ મનુષ્યજાતિને પહોંચાડવાનો તેમને હુકમ કર્યો અને તેમને તેમ કર્યું. તારી સૂચનાઓ (એહકામો) તેમની ઉમ્મત સુધી પહોંચાડવાનું તુંએ તેમને ફરમાન કર્યું અને તેમણે તારા ફરમાન મુજબ અમલ કર્યો.

અય અલ્લાહ ! મનુષ્યજાતમાં હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર સૌથી વધારે રહેમત નાઝિલ કર અને મનુષ્યજાતિને તુંએ જે નેઅમતો અતા કરી છે તેમાં સૌથી વધારે તેમને

અતા કર. તારા નબીઓને તેમના અનુયાયીઓ વતી તુંએ જે અતા કર્યું છે તેનાથી વધારે અમારા વતી તું તેમને અતા કર  અને તેમને ઉચ્ચ કોટીના ઇનામ અર્પણ કર. નિ:શક, તું બેહતરીન નેઅમતોનો અતા કરનાર છે અને ગુનાહે કબીરાનો માફ કરનાર છે; મહેરબાની કરનારાઓમાં સૌથી વધારે તું મહેરબાની કરનાર છે.

તેથી, અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને

તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર જેઓ પાક, તાહીર, નેક અને ઇજ્જતદાર હતા.

તારી રહમતની સાથે, અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …
www.hajinaji.com

• Like us on Facebook •

## ૭-કોઈ અગત્યની બાબત માટે અથવા કોઈ અકસ્માતમાં ગિરફ્તાર થવા વખતે અત્યંત દુ:ખના સમયે તેમની દુઆ.

અય તું ! જેના થકી મુશ્કેલીઓના ઉપાય પ્રાપ્ત થાય છે !

અય તું ! જેના થકી મુસીબતોની સખતી ઓછી થાય છે !

અય તું ! અમે જેની બારગાહમાં મુશ્કેલીઓથી છુટકારો તથા દુ:ખના સમયમાં નજાત ઈચ્છીએ છીએ, જેની કુદરતથી દરેક બાબત સહેલી બને છે, જેની મહેરબાનીથી દરેક

ઈલાજ અસરકારક નીવડે છે, જેના હુકમથી ફેસલાઓ અપાય છે અને જેની ઇચ્છાથી મુશ્કેલ કામો પરિણામ પામે છે ! તું તેમને કઈ કહેતો નથી છતાં તેઓ તારી ઈચ્છા મુજબ વર્તે છે અને તું કઈ જાહેર નથી કરતો છતાં તારા ઈરાદા મુજબ તેઓ થંભી જાય છે. તું જ એક છે જેને અમે મુસીબતના સમયે પુકારીએ છીએ, અમારા દુ:ખના સમયમાં તું જ એક સહારો છે, તારા દૂર કર્યા વગર કોઈ મુશ્કેલી દૂર થતી નથી અને કોઈ કઈ છીનવી નથી શકતું સિવાય કે તું તેને પાછું લઇ લે.

નિ:શંક, અય રબ ! મારા ઉપર મુસીબત આવી પડી છે અને બોજ ઝીલવા માટે હું અશક્ત છું. અસહ્ય છે એવી હાલતમાં હું ગિરફ્તાર છું. તારી શક્તિથી તુંએ મારા ઉપર આ બોજ નાખ્યો છે. તારી સત્તાથી તુંએ તેને મારી તરફ દોર્યું છે. તુંએ જે કઈ કર્યું છે તેને કોઈ મિટાવી નથી શકતું, તુંએ જે કઈ પણ મુશ્કેલ બનાવ્યું છે તેને કોઈ સહેલું નથી કરી શકતું અને તું જેને ત્યજી દે તેની કોઈ મદદ નથી કરી શકતું.

તેથી, હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ

ઉપર રહેમત નાઝિલ કર અને તારી મહેરબાનીથી મારી નજાતના માર્ગ મોકળા કર. તારી શક્તિથી મારી માનસિક અસમતુલા દૂર કર અને મેં જે ફરિયાદો રજૂ કરી છે તેના ઉપર નિગાહે કરમ ફરમાવ. મેં જે કઈ પણ માંગ્યું છે તે બાબત અંગે તારા સદવર્તનની મીઠાશ મને અતા કર અને તારી મહેરબાનીથી મને મુસીબતોથી છૂટકારો અતા કર. તારી નીમેલી ફરજો બજાવવાથી તથા તારા હુકમોનું પાલન કરવાથી મને મારી માનસિક અસમતુલા ન રોકે એવી તૌફીક મને અતા કર.

નિ:શંક, હું મુશ્કેલીઓમાં બહુ જ પરેશાનહાલ છું અને જે આફત મારા ઉપર આવી પડી છે તેના કારણે હું બહુ જ દુ:ખી છું. હું જે મુસીબતમાં ગિરફ્તાર છું તેને દૂર કરવાની શક્તિ તથા મારો બોજ હલકો કરવાની કુદરત તું જ ધરાવે છે. તેથી, જો આ એહસાનને લાયક હું ન પણ હોઉં તો મારા ઉપર આ એહસાન કર, અય સર્વોત્તમ સિંહાસને બિરાજમાન !

તારી રહમતની સાથે, અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

## ૮-બદીઓથી, અનીતિથી અને સજાપાત્ર કાર્યોથી પનાહ માંગવા માટે તેમની દુઆ.

અય અલ્લાહ ! હું તારી પનાહ માંગુ છું લાલચની ઉશ્કેરણીથી, ક્રોધમાં કાર્યને પરિણામ આપવાથી, અધીરાઈથી, અસંતોષથી સભ્યતા ત્યજી દેવાથી, લાગણીના આગ્રહથી, વધારે પડતા ઉત્સાહથી, ઇચ્છાઓની તાબેદારીથી, હકના વિરોધથી, બેદરકારી તથા આળસથી, મુસીબતોમાં મૂકાઈ જવાથી, હકના બદલે નાહક પસંદ કરવાથી, ગુનાહોને હંમેશા કરતા રહેવાથી, ભૂલોને નજીવી સમજવાથી, પોતાના

કાર્યોને (ઈબાદતને) મહાન સમજવાથી, અમીરીના ઘમંડથી, ગરીબોને તરછોડી મૂકવાથી, હાથની નીચેનાઓ ઉપર હુકમ ચલાવવાથી, મઝલૂમને મદદહીન રાખવાથી, મારો અધિકાર નથી એ બાબત (અથવા વસ્તુ)ની ઈચ્છા કરવાથી અને મહત્વની બાબતમાં જ્ઞાન ન હોવા છતાં ડહાપણ કરવાથી.

અમે તારી પનાહ માંગીએ છીએ બીજાઓની નબળાઈઓને મહત્વ આપવાથી, અમારા સારા કામો માટે અભિમાની થવાથી અને મુશ્કેલ ઈચ્છાઓ પૂરી કરવાની કોશિશ કરવાથી.

અય અલ્લાહ ! અમે તારી બારગાહમાં હિફાઝત માટે હાજર થયા છીએ અમારી અંદરની ખરાબીથી, અમારા નાના ગુનાહોને નજીવા સમજવાથી, અમારા ઉપર શૈતાનની સત્તા વિજયી થઇ જવાથી (ગલબાથી), સંજોગ અનુસાર અમારા ઉપર આફત આવી પડવાથી અને સુલતાનના જુલમથી. અમે તારી બારગાહમાં હિફાઝત માટે હાજર થયા છીએ આદતો પડી જવાથી અને જીવનનિર્વાહની તંગીથી. અમે તારી બારગાહમાં સલામતી માંગીએ છીએ દુશ્મનોની મશ્કરીથી, અમારા

જેવા પાસે માંગવાથી, દુઃખી જિંદગીથી અને તૈયારી વગરના મૃત્યુથી. અમે તારી હિફાજતની ઈચ્છા કરીએ છીએ વધારે પડતી દિલગીરીથી, મોટી આફતોથી, ભયંકર કમનસીબીથી, બિનસલામત આશ્રયથી, સવાબના વંચિત રહી જવાથી અને સજા પામવાથી.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ(સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર અને મારૂં તથા ઓરતો અને

મર્દોમાંથી બધા મોમીનોનું, રહેમ ફરમાવીને રક્ષણ કર;

અય, સૌથી વધારે રહેમ કરનાર ! તારી રહમતની સાથે.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …
www.hajinaji.com

• Like us on Facebook •

## ૯-ઉત્સાહની સાથે અલ્લાહ તઆલાની મગફેરત માગવા માટે તેમની દુઆ.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર અને અમને એવી તૌબાની (ઇસ્તેગ્ફારની) તૌફીક અતા કર જે તને પસંદ હોય તથા અમને ગુનાહોથી એવી રીતે બચાવ કે અમે વારંવાર ગુનાહો ન કરતા રહીએ જે તારી નાખુશીનું કારણ છે.

અય અલ્લાહ ! જ્યારે અમે બે મુસીબતોમાં ગિરફ્તાર થઇ જઈએ, એક ઈમાન સબંધી અને બીજી દુન્યવી બાબત અંગેની, તો અમને એ મુસીબતમાંથી પસાર કર જે જલ્દીથી પસાર થઇ જાય અને એ મુસીબતથી બચાવ જેમાં અમે લાંબો સમય સપડાયેલા રહીએ. અને અમે જ્યારે બે વસ્તુઓ નક્કી કરી લઈએ, એક જેનાથી તું રાજી થઈશ તથા બીજી એ જેનાથી અમે તારા ક્રોધને પાત્ર બનશું, તો અમને એવું વલણ અપનાવવાની તૌફીક અતા કર જેનાથી તું રાજી થઈશ અને અમને એ બાબત અંગે

અશક્ત બનાવી દે જેના કારણે અમે તારા ક્રોધને પાત્ર ઠરશું.

અને અય અલ્લાહ ! અમારા નફસને પોતાની ઈચ્છા મુજબ પસંદગી કરવા ન આપ કારણ કે, નિ:શંક, તે ખરાબીને જ પસંદ કરશે સિવાય કે તું રહેમ કરે; તે બૂરાઈઓનો જ હુકમ કરશે સિવાય કે તું રહેમ ફરમાવે. અને અય અલ્લાહ ! નિ:શંક, તુંએ અમને નબળા ખલ્ક કર્યા છે, મક્કમ ન થઇ શકીએ એવી અમારી સ્થાપના થઇ છે અને તુચ્છ પ્રવાહીમાંથી તુંએ અમને ઉત્પન્ન કર્યા છે, જેથી અમારામાં શક્તિ નથી

સિવાય કે તારા તરફથી હોય અને અમે નબળા છીએ સિવાય કે તું મદદ કરે. તેથી, તારા ફઝલ થકી અમારી મદદ કર, તારી હિદાયત થકી અમારી હિદાયત કર, અમારી માનસિક દ્રષ્ટિને એ તરફ જોવાથી બંધ કરી દે જે તારી ખુશીની વિરૂધ્ધ હોય અને એવા કામોથી અમારા હાથપગને રોકી લે જેમાં તારી નાફરમાની હોય.

અને અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. અમારા દિલોની ખાનગી વાતો, અમારા શરીરના

અવયવોનું હલનચલન, અમારી આંખોનું જોવું અને અમારી જબાનથી નીકળતા ઉચ્ચાર, આ બધું એ દિશા તરફ હોય જેના પરિણામે અમે તારૂં ઇનામ પ્રાપ્ત કરી શકીએ, ત્યાં સુધી કે અમે તારા ઇનામને લાયક બની જઈએ અને અમારામાં કોઈ ખામી-ખરાબી ન રહે જેના કારણે અમને તારી સજાને પાત્ર ઠરવાનો ભય રહે. તારી રહેમતની સાથે.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

## ૧૦-અલ્લાહ તઆલાની બારગાહમાં રક્ષણ માંગવા માટે તેમની દુઆ.

અય અલ્લાહ ! તું ઈચ્છે તો તારા ફઝલ થકી અમારા ગુનાહોને તું માફ કરી શકે છે અને તું ઈચ્છે તો તારા ઇન્સાફ થકી અમને તું સજા કરી શકે છે. તેથી, તું તારી મહેરબાની થકી તારી મગફેરત અમારા માટે સહેલી બનાવી દે અને તારી મગફેરત થકી અમને તારી સજાથી નજાત અતા કર કારણ કે તારા ઇન્સાફ સમક્ષ અમે અશક્ત છીએ. અમને કોઈને પણ નજાત નથી સિવાય કે તારી મગફેરત થકી, અય ગની ! હા,

અમે તારા બંદાઓ તારી બારગાહમાં હાજર થયા છીએ અને, નિ:શંક, અમે તારી બારગાહમાં હાજતમંદ છીએ. તેથી, તારી વિશાળ (અપાર) રહેમત થકી તું અમારી હાજતો પૂરી કર અને તારી નામંજૂરી થકી અમને નિરાશ ન કર. જો તું એમ કરીશ તો જે તારી બારગાહમાં ખુશહાલીનો હાજતમંદ છે તે કમનસીબ નીવડશે અને જે તારી નેઅમતોનો ઇચ્છુક છે તે નિરાશ થઇ જશે તેથી, આવા સમયે તને મૂકીને અમે કોનાથી આશા કરી શકશું? તારૂં બારણું મૂકીને અમે કઈ રાહ અપનાવી શકશું?

અય પાક-ઝાત ! અમે નબળા છીએ તથા મદદહીન છીએ. ગુનેહગારોની દુઆ કબૂલ કરીને નજાત અતા કરવાનો તુંએ વાયદો કર્યો છે. અમે મુસીબતમાં છીએ અને મુસીબતથી છૂટકારો અતા કરવાનો તુંએ વાયદો કર્યો છે. જે તારી રહેમતનો તલબગાર હોય તેના ઉપર રહેમ કરવો તે તારી ઈચ્છા મુજબ જ છે અને તારી બાદશાહતમાં સર્વોત્તમ નેઅમત પણ એ જ છે. તારી બારગાહમાં જે દુઆગીર છે તેની દુઆ તું જરૂર કબૂલ કરે છે. તેથી, રહેમ ફરમાવીને તું અમારી દુઆ કબૂલ કર અને અમે

તારી બારગાહમાં હાજર થયા છીએ તો અમારી મુશ્કેલીઓ દૂર કર.

અય અલ્લાહ ! તારી નાફરમાની કરી અમે શૈતાનની બતાવેલી રાહ ઉપર ચાલ્યા તો તેણે અમને અપમાનિત કર્યા. તેથી, હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર તથા તારા માટે તેને ત્યજી દીધા પછી અને તેનાથી મોઢું ફેરવી તારી બારગાહમાં હાજર થયા પછી તું અમને તેના અપમાનથી મુક્તિ અતા કર. તારી રહમતની સાથે.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …
www.hajinaji.com

• Like us on Facebook •

## ૧૧-જીવનના સંતોષકારક અંત માટે તેમની દુઆ.

અય તું ! જેની યાદ, યાદ કરનારાઓ માટે ગર્વ છે !

અય તું ! જેનો શુક્ર કરવો, શુક્ર કરનારાઓ માટે પ્રતિષ્ઠાનું કારણ છે !

અય તું ! જેની તાબેદારી આજ્ઞાંકિતો માટે નજાત છે !

(અય અલ્લાહ !) હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર અને

અમારા દિલોને તારી યાદ સિવાય બીજી બધી વસ્તુઓ તરફથી ફેરવી લે, અમારી જબાનને તારો શુક્ર કરવા સિવાય બીજા બધાના એહસાનો માનવાથી રોકી લે તથા અમારા હાથપગ બીજું બધું કામ મૂકીને તારી ફરમાબરદારી કરે તેવી તૌફીક અતા કર. જો તું પરિશ્રમથી અમને મુક્તિ અતા કરે તો અમારો આરામ શાંતિપૂર્વક હોય, તેનું કોઈ ખરાબ પરિણામ ન આવે અને અમને કોઈ રંજ ન પહોંચે, ત્યાં સુધી કે જેઓ અમારા કાર્યોની નોંધ લે છે તેઓ અમારા તરફથી તારી બારગાહમાં પહોંચે તો અમારા કાર્યોનું લખાણ

ગુનાહોથી મુક્ત હોય અને જેઓ અમારા સારા કામોની નોંધ લે છે તેઓ સારા કામોના કારણે રાજી થઈને અમારાથી જુદા પડે.

જ્યારે અમારા જીવનનો અંત આવે, અમારૂં અસ્તિત્વ સમાપ્ત થાય અને તારું તેડું આવે જે અનિવાર્ય છે તથા તેની નાફરમાની અશક્ય છે,ત્યારે હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. અમારાથી થયેલા ગુનાહો જેને લખનારા નોંધે છે તેના (સલવાતના) પરિણામરૂપે અમારી તૌબા કબૂલ કર, જેથી તે

ગુનાહોના કારણે અથવા અમારી કોઈ ભૂલના કારણે તારી બારગાહમાં અમારી અટકાયત ન થાય. જે દિવસે તારા બંદાઓના અમલોનું દફતર ઉઘાડી તપાસવામાં આવશે એ દિવસે લોકોના સમૂહ સમક્ષ તુંએ ઢાંકેલા અમારા ભેદોને ખુલ્લા ન કર.

નિ:શંક, જે તારી બારગાહમાં દુઆ કરે છે તેના ઉપર તું રહેમ ફરમાવે છે અને જે તને પોકારે છે તેને તું સાંભળનાર છે.

તારી રહેમતની સાથે, અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

## ૧૨-અલ્લાહ તઆલાની બારગાહમાં ગુનાહોની કબૂલાત અને તૌબાની તલબ માટે તેમની દુઆ.

અય અલ્લાહ ! મને ત્રણ વસ્તુઓ તારી બારગાહમાં દુઆ કરવામાં અડચણરૂપ છે અને એક વસ્તુ મને દુઆ કરવાની પ્રેરણા આપે છે. તારા હુકમ મુજબ અમલ કરવામાં ઢીલ કરવાથી શરમના કારણે દુઆ કરતા હું અચકાઉં છું, એ વસ્તુ કે જેની તુંએ મનાઈ ફરમાવી છે અને તેની તરફ મેં ઉતાવળ કરી તેથી હું અચકાઉં છું તથા એ કારણથી પણ અચકાઉં છું કે

તુંએ મને નેઅમતો અતા કરી અને હું તેનો શુક્ર કરવામાં નિષ્ફળ રહ્યો; એ વસ્તુ જે મને તારી બારગાહમાં દુઆ કરવાની પ્રેરણા આપે છે તે તારી મહેરબાની છે જે તું એના ઉપર કરે છે જેણે તારી તરફ રજૂ થયો (જે તારી તરફ ફર્યો) અને તારી બારગાહમાં આશાવાદી થઈને હાજર થયો કારણ કે તારી નેઅમત તારી મહેરબાની છે એ તારી દરેક નેઅમત મારા ઉપર તારો એહસાન છે (નહિં કે મારા હકનો બદલો અથવા ઇનામ છે.)

તેથી, અય રબ્બ ! તું મારી તરફ નિગાહે કરમ કર કારણ કે  હું તારી બાદશાહતના દરવાજા ઉપર આવીને ઉભો છું, એવી રીતે કે જે આજ્ઞાધીન થઈને ધ્રુજે છે, તને આજીજી કરે છે, શર્મસાર છે, ગરીબી તથા મોહતાજીની લાગણી સાથ સ્વીકાર કરે છે કે તેણે કોઈ દિવસ તારી નેઅમતોનો ઉપકાર વ્યક્ત નથી કર્યો સિવાય કે તારી માઅસીયતો (નાફરમાની) જ શોધી શોધીને કરતો રહ્યો અને પોતાની દરેક હાલતમાં તારી નેઅમતોથી વંચિત ન હતો. તો શું અય અલ્લાહ ! હુંએ જે કઈ ખરાબીઓ

(નાફરમાનીઓ) કરી છે તે વિષેની મારી કબૂલાત તારી બારગાહમાં મને કઈ નફો પહોચાડશે ? હું જે કઈ ખરાબીઓ કરી છે એનો એકરાર કરવું શું મને તારા ક્રોધથી નજાત આપશે ? અથવા પછી મારી આ હાલતમાં તુંએ તારો ક્રોધ મારા ઉપર કોઇપણ ફેરબદલ વગર નિર્णીત કરી દીધો છે ? દુઆ કરતી વખતે શું હું તારી નારાજીથી ઘેરાયેલો જ છું?

અય પાક-ઝાત ! હું તારી રહેમતથી નાઉમેદ નથી થતો જ્યારે કે તુંએ મારા માટે તોબાના દ્વાર ઉઘાડા મૂક્યા છે. હા, હું એક તુચ્છ

બંદા તરીકે મારા શબ્દો ઉચ્ચારૂં છું જેણે પોતાના નફસ ઉપર જુલમ કર્યો છે, જેણે પોતાના રબની પૂરતી કદર કરી નથી, જેના ગુનાહો મોટા છે તથા વધતા જાય છે, જેના દિવસો વીતી ગયા છે તથા જીવન સમાપ્ત થયું છે ત્યાં સુધી કે તેની નેકીઓ કરવાની તકો ચાલી ગઈ છે અને તેના જીવનનું આયુષ્ય પૂરૂં થયું છે તથા તેણે ખાતરી થઇ છે કે તારી બારગાહમાં તેના માટે નથી કોઈ છૂટકારો કે નથી કોઈ બીજો સહારો. ત્યારે તે તારી બારગાહમાં હાજર થયો છે, પોતાને બદલી દઈને, શુદ્ધ ભાવનાઓ સાથે અને તારી

બારગાહમાં તોબા કરી, આમ તેણે તારી બારગાહમાં શુદ્ધ અને સાચા દિલથી, ધીમા અને અચકાતા અવાજ સાથે દુઆ કરી.

નિ:શંક, તે તારી બારગાહમાં નમી ગયો એટલે સુધી કે તે વાંકો વળી ગયો અને પોતાનું માથું ઝૂકાવી દીધું એટલે સુધી કે તે બેવડો વળી ગયો. નિ:શંક, (પોતાના ગુનાહોના કારણે) ડરથી તેના પગો ધ્રુજે છે અને તેના ગાલો ઉપર આંસુઓની ધારા વહે છે. તે તને પોકારે છે અને દુઆ કરે છે, (અય અલ્લાહ !) અય સૌથી વધારે રહેમ કરનાર ! અય સૌથી વધારે મહેરબાન !

જેની પાસે રહેમની આશા લઇને લોકો આવતાં જ રહે છે. અય સૌથી વધારે દયાળુ ! જેની બારગાહમાં મગફેરત તલબ કરનારા પહોંચે છે. અય તું ! જેની મગફેરત તેની સજા કરતા વધારે વ્યાપક છે. અય તું ! જેણે તારા બંદાઓની ભૂલોને જતી કરી અને તેમના ઉપર મહેરબાની કરી. અય તું ! જેણે જેણે તારા બંદાઓને શીખવ્યું કે તું તેમની તૌબા કબૂલ કરે છે (એવી રીતે કે તેઓ ફરી પાછા ગુનાહો ન કરે અને સારા કામો કરે). અય તું ! જેણે તેઓને તૌબા થકી સુધાર્યા. અય તું ! જે તેઓના થોડા એવા સારા કામોથી

રાજી થયો. અય તું ! જેણે તેઓના સામાન્ય કામોની ગણના કરી. અય તું ! જેણે દુઆ કબૂલ કરવાની તેઓને ખાતરી આપી. અય તું ! જેણે પોતાની મહેરબાની તથા વચન થકી સુંદર ઇનામો અર્પણ કરવાનો તેઓને વાયદો કર્યો.

હું એવા લોકોમાંથી સૌથી વધારે ગુનેહગાર નથી જેઓએ તારી નાફરમાની કરી અને તુંએ તેઓને માફ કર્યા. હું એવા લોકોમાંથી સૌથી વધારે દોષિત નથી જેઓએ તૌબા કરી અને તુંએ તેઓની તૌબા કબૂલ કરી. હું એવા લોકોમાંથી સૌથી વધારે અન્યાયી નથી જેઓએ

તારી બારગાહમાં તૌબા કરી અને તુંએ તેઓના ઉપર એહસાન કરી બતાવ્યું.

હું મારી આ હાલતમાં તારી બારગાહમાં તૌબા કરૂં છું જે પોતાની ફરજો બજાવવા તરફ બેદરકાર રહ્યો હોવાના કારણે શર્મસાર છે, ભયભીત છે એના કારણે જે કંઈ પણ તેણે પોતાની વિરૂધ્ધ જમા કર્યું છે, પ્રમાણિકપણે દિલગીર છે એ માટે જેમાં તે ગિરફ્તાર થયો છે, ખબરદાર થઈને કે ગુનાહોની મગફેરત કરવી તારા માટે કોઈ મોટું કામ નથી કે નથી બહુ મુશ્કેલ અને (લોકોની) અતિશય નાફરમાની

વેઠવી તારા માટે સખત નથી. તારો જે બંદો અભિમાન ત્યજી દે છે, ગુનાહોને ફરીવાર કરવાથી પરહેઝ કરે છે અને મગફેરત તલબ કરતો રહે છે, તે તારો સૌથી પ્રિય બંદો છે. હું તારી બારગાહમાં પોતાને અભિમાનથી મુક્ત કરૂં છું, ગુનાહોને ફરીવાર ન કરૂં એ માટે તારી પનાહ માંગુ છું, મારી નિષ્ફળતા માટે તારી મગફેરત ચાહું છું અને જે કંઈ કરવા માટે હું નબળો છું તે માટે તારી મદદ તલબ કરૂં છું.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને

તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર, તારા હુકમોની નાફરમાની માટે મારી મગફેરત કર, તારી બારગાહમાં હું જે સજાને લાયક છું તેનાથી મને નજાત અતા કર અને બદકારોને જેવી સજા મળવી જોઈએ તેવી સજાથી મને સલામતી અતા કર; નિ:શંક, તું બહુ જ માફ કરનાર છે. તારી બારગાહમાં મગફેરતની આશા સેવાય છે, ભૂલોને નજર અંદાજ કરવા માટે (જતી કરવા માટે) તું પ્રખ્યાત છે, તારા સિવાય બીજું કોઈ નથી જેની પાસે ઈચ્છાઓ પૂરી કરવાની દુઆ કરી શકાય છે અને તારા સિવાય ગુનાહોની

મગફેરત કરનાર બીજું કોઈ નથી. મને કોઈ ડર નથી કે મારા નફસને કઈ થઇ જશે સિવાય કે તારા તરફથી. નિ:શંક, તું જ લાયક છે જેનાથી ડરવું જોઈએ અને તું જ ગુનાહોની મગફેરત કરવા માટે શક્તિશાળી છે.

(અય અલ્લાહ !) હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર, મારી હાજત પૂરી કર, મારી દુઆ કબૂલ કર, મારા ગુનાહોની મગફેરત કર અને મારા નફસના

ભયને નાબૂદ કર; નિ:શંક, તું દરેક વસ્તુ ઉપર કુદરત ધરાવે છે અને આ તારા માટે સહેલું છે.

આમીન ! અય પૂરી ‘કાએનાત’ ના રબ ! તારી રહેમતની સાથે.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …
www.hajinaji.com

• Like us on Facebook •

## ૧૩-જરૂરતના સમયે અલ્લાહ તઆલાની બારગાહમાં તેમની દુઆ.

અય અલ્લાહ ! તું છે, છેવટે, જે અમારી જરૂરત પૂરી કરે છે. તું છે, જેની બારગાહમાં દુઆઓની સફળતા છે, જે પોતાની નેઅમતો કોઈ કિંમત લઇ વેચતો નથી અને જેની નેઅમતો સાથે અણગમો નથી હોતો; જેની થકી સ્વતંત્રતા પ્રાપ્ત કરી શકાય છે અને જેનાથી કોઈ સ્વાધીન નથી રહી શકતું, જેના તરફ લોકો પ્રયાણ કરે છે (રગબત કરે છે) અને તેનાથી કોઈ મોઢું ફેરવી નથી શકતું, અતા કરવાથી જેના

ખજાના ખૂટતા નથી અને કોઈ પણ રીતે તેની હીકમતમાં ફેર પડતો નથી તથા જરૂરતમંદોની હાજતો જેની બારગાહમાં નામંજૂર નથી રહેતી અને જે દુઆ કરનારાઓના માંગવાથી કદી થાકતો નથી. તારી મખ્લૂકથી તું સ્વાધીન છે તે તારૂં ગર્વ છે અને તું તેમનાથી સ્વાધીન હોવાને શક્તિશાળી છે તથા તુંએ તેમને હાજતમંદ કહ્યા છે અને તેઓ તારી બારગાહમાં હાજતમંદ છે.

તેથી, તારી બારગાહમાં જેણે પોતાની હાજત પૂરી કરવાની આશા કરી અને ઈચ્છયું કે તું જ તેની હાજત પૂરી કરે તો તેણે ખરી જગાએ

પોતાની હાજત તલબ કરી; નિશંક, તેણે પોતાની હાજત ખરી રીતે તલબ કરી. જેણે પોતાની હાજત તારા સિવાય બીજી કોઈ મખ્લૂક પાસે રજૂ કરી અથવા તેની પાસે હાજત પૂરી થવાની આશા રાખી તો તે નિરાશ જ થશે; નિ:શંક, તે તારા અહસાનોનો લાયક જ નથી.

અને અય અલ્લાહ ! તારી બારગાહમાં મારી એક હાજત છે.

મારી કોશિશો નિષ્ફળ રહી, મારી ઈચ્છાઓ નકામી નીવડી, મારા નફસે મારી હાજત પૂરી કરવા માટે મને તેની પાસે ઉત્સાહીત કર્યો જે

તારાથી સ્વતંત્ર નથી અને પોતાની હાજતો તારી બારગાહમાં રજૂ કરે છે. રાહથી ભટકેલાની આ એક ધ્યાનચૂક હતી અને ગુનેહગારોની ભૂલોમાંની એક ભૂલ હતી. ત્યારે તારી ચેતવણી મને મારી અજ્ઞાનતામાંથી જગાડ્યો અને તારી દયાથી હું મારા પછાટમાંથી ઊભો થયો તથા તારી બારગાહમાં પાછો ફર્યો. તારી મદદથી હુંએ મારા છબરડાને સુધાર્યો અને પોકાર કર્યો, પાક છે મારો રબ !

એક હાજતમંદ ઇન્સાન બીજા ઇન્સાન પાસે કેમ કરીને હાજત પૂરી થવાની તલબ કરે જયારે

કે તે પોતે જ બીજાનો મોહ્તાજ હોય ? એક નમાલો બીજા નમાલા પાસે કેમ કરીને આકર્ષાય ? તેથી, હું સદભાવ સાથે તથા તારા ઉપર પૂરો વિશ્વાસ કરીને તારી બારગાહમાં પાછો ફર્યો અને તારી સમક્ષ મારી હાજત રજૂ કરી. હું મકકમ હતો કે તારી બારગાહમાં હું જેટલું પણ માંગીશ તે તારા ખજાનાની સરખામણીમાં નજીવું છ, હું તારી બારગાહમાં જેટલી પણ આશા કરી તે તારી ગુણવતાની સામે તુચ્છ છે, કોઈની પણ દુઆ તારી નેઅમતોના વિસ્તારને ઘેરી

નથી શકતી અને અતા કરવામાં તારો હાથ (કુદરત) બીજાના હાથ કરતા સર્વોચ્ચ છે.

અય અલ્લાહ ! તેથી, હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર અને તારા રહેમ થકી મારી સાથે નમ્ર વર્તાવ કર; મારી લાયકાત મુજબ મને ઇન્સાફ થકી તારો ન્યાય (સજા) ન આપ કારણ કે હું પહેલો જ એવો દુઆગીર નથી જેણે તારી બારગાહમાં દુઆ કરી; તેથી, તું મારો દુઆ કબૂલ કર જો તે રદ કરી નાખવાને લાયક જ છે. હું એવો પહેલો જ

માંગનાર નથી જેણે તારી બારગાહમાં પોતાની હાજત તલબ કરી; તેથી, મારા ઉપર એહસાન કર જો કે હું તારી નામંજુરીને લાયક જ છું.

અય અલ્લાહ ! તેથી, હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર, મારી દોઆને મંજૂર અતા કર, મારો પોંકાર સાંભળ, મારી દુઆ સાંભળ, મારો અવાજ સાંભળ, તારી બારગાહમાં મને નિરાશ ન કર, તારા સાથે ના મારા સંબંધ રદ ન કર અને આ તથા મારી બીજી જરૂરતો માટે હું તારા સિવાય બીજા કોઈ

તરફ રૂજૂઅ ન કરૂં એવી તૌફીક અતા કર. મારી દુઆને સારૂં પરિણામ અતા કર, મારી જરૂરતો પૂરી કર તથા મારી દુઆ કબૂલ કર એ પહેલાં કે હું મારી આ જગાએથી ઊભો થાઉં અને એવી રીતે કે

મારા માટે જે મુશ્કેલ હોય તેને સહેલું કરી દે તથા દરેક બાબતમાં મને તારો શ્રેષ્ઠ ફેસલો અતા કર.

અને હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર, એવી રહેમત જે હંમેશા માટે

હોય, વધતી જતી હોય, સમયના અંતની (મર્યાદાની) પાબંદી વગરની હોય અને તેના વિસ્તારનો કોઈ છેડો ન હોય; તેને મારા માટે મદદરૂપ ફરમાવ અને મારી દુઆ કબૂલ થવાનું કારણ. નિ:શંક, તું મહેરબાન અને દયાળુ છે !

અને મારી દુઆ અય અલ્લાહ ! એ છે જે (સજદામાં દુઆ માગવી) તારી રહેમતથી મને સંતોષ અતા કર્યો અને તારી મહેરબાનીથી મને સીધી રાહ મળી.

હું દુઆ કરૂં છું કે તને તારા હકના તથા હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ

આલેહી વસલ્લમ) અને તેમની આલના વાસતા આપીને, જેમના ઉપર તારી રહેમત નાઝિલ થાય, કે મને તારી બારગાહમાં નિરાશ થયેલો ન કાઢી મૂક.

તારી રહેમતની સાથે, અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …
www.hajinaji.com

• Like us on Facebook •

## ૧૪-કોઈના ગેરવર્તન અથવા કોઈ જાલિમના જુલમ સમયે તેમની દુઆ.

અય તું ! જેનાથી ફરિયાદીઓની ખબરો છુપાયેલી નથી; અય તું જેને ! તેઓની ફરિયાદ માટે સાક્ષીઓનો પુરાવાની જરૂર નથી; અય તું ! જેની મદદ મઝલુમો માટે છે; અય તું ! જે જાલિમોની સહાય કરતો નથી; નિ:શંક, તું જાણે છે, અય મારા રબ ! ફુલાં ઇબ્ને ફુલાં (ફલાણા) થકી મારી ઉપર શું વીત્યું છે, એ જે કરવાની તુંએ મનાઈ કરી હતી; જે કાંઈ કરવાથી તુંએ તેને રોકયો હતો તે કરવાના કારણે તેણે મારા ઉપર

સત્તા મેળવી છે કારણ કે જે નેઅમતો તુંએ અતા કરી છે તેના ઉપર તે અભિમાનિ થયો અને તારા (મનાઈ કરેલા) હુકમોની ગણના ન કરી.

તેથી, હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર; તારી શક્તિથી મારા દુશ્મન તથા મારા ઉપર જુલમ કરનારને મારા ઉપર ફતેહ પામવાથી રોકી લે, તારી શક્તિથી તેણે સખતીથી મારાથી દૂર કરી દે, જે કંઈ બાબતો તેની નજીકમાં છે તેમાં તેમાં તેને રચ્યો-

પચ્યો રહેવા દે અને જુલમ કરવાની બાબતમાં તેને અશકત બનાવી દે.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર; મારા દુશ્મનનો જુલમ સાંખી ન લે, તેના ઉપર ફતેહ પામવામાં મને મદદ અતા કર, તેના અમલો જેવા અમલોથી મને હિફાઝત અતા કર અને તે જેવા સજોગોમાં મને ગિરફતાર ન થવા દે.

અય રબ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ

ઉપર રહેમત નાઝિલ કર; મારા દુશ્મન વિરૂધ્ધ મને તાત્કાલિક મદદ અતા કર જેથી તેની તરફથી મારી ધુણાનો અંત આવે અને તેના વિરરૂધ્ધ તિરસ્કારથી મને સંતોષ અતા કર,

અય અલ્લાહ ! તારો નિયમ (હુંકમ) છે કે મારા ઉપર જુલમ થવો હું કબૂલ ન કરૂં, તેથી, હું બીજા ઉપર જૂલમ ન કરૂં એવી તૌફીક મને અતા કર

અય અલ્લાહ ! તારા સિવાય બીજા કોઈ પાસે ફરિયાદ કરવાની મને રજા ન દે, તારા સિવાય બીજા કોઈ હાકિમથી મદદ માંગવા ન દે

અને તેમ કરવું મારા માટે અશકય હોય. તેથી, હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર; મારી દુઆ તારી મંજૂરી સાથે કબૂલ કર અને મારી ફરિયાદને મુશ્કેલી દૂર થવાનું રૂપ અતા કર.

અય અલ્લાહ ! તારા ઇન્સાફ થકી મારી નાકામયાબીની પરીક્ષા ન કર; તારા તરફથી તેને (જાલિમને) સજા આપવામાં ઢીલ ન કર જેના કારણે એ મારા ઉપર જુલમ કરતો જ રહે અને મારો હક મને ન પહોચાડે; તુંએ જાલિમોને

જે સજાથી ચેતવ્યા છે તેનાથી તેને જલદી ખબરદાર કર અને મઝલૂમોને તુંએ જે છુટકારાનો વાયદો કર્યો છે તે મને જલદીથી ઇનાયત કર.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર; તુંએ જે કાંઈ મારા માટે નિર્ણીત કર્યું છે તથા જે કંઈ મારા માટે નથી તે કબૂલ રાખવાની મને તૌફીક અતા કર, તુંએ મારી પાસેથી જે કંઈ લઈ લીધું છે તેનાથી મને રાજી રાખ અને સીધી રાહ તરફ

મારી હિદાયત કર તથા એવા કાર્યોમાં મને મગ્ન રાખ જે સલામત હોય.

અય અલ્લાહ ! મારા ઉપર જેણે જુલમ કર્યો છે તેની ધરપકડ કરવાનું અને તેને તેનો બદલો આપવાનું કયામતના દિવસ સુધી મુલત્વી રાખવું જયારે સર્વે દુશ્મનોને ભેગા કરી હાજર કરવામાં આવશે, તારા ફેસલા મુજબ જો મારા હિતમાં બેહતર હોય, તો હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર અને મને સાચી નિયત અને દાએમી સબર (ધીરજ) અતા

કરી મારી મદદ કર. લાલચુ લોકોના (લોભિયા લોકોના) અસંતોષથી અને તેઓની ખરાબ નિષ્ઠાઓથી મને સલામતી અતા કર. તુંએ તારી જે જઝા મારા માટે નિર્ણીત કર્યું છે તેની કલ્પના (તસવ્વુર) મારા દિલમાં નાખી દે; તેને મારા સંતોષનુ કારણ બનાવ જેથી તુંએ જે કંઈ ફેસલો કર્યો છે અને તુંએ જે કંઈ નક્કી કર્યું છે તેના ઉપર મને પૂરો વિશ્વાસ થઈ જાય.

આમીન, અય કાએનાતના રબ ! (મારી દુઆ કબૂલ કર) તું બહોળા ફઝલો કરમનો

માલિક છે, તું દરેક વસ્તુ ઉપર કુદરત ધરાવનાર છે !

તારી રહમતની સાથે, અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …
www.hajinaji.com

• Like us on Facebook •

## ૧૫-બીમારી, ઉદાસી અને મુસીબતના સમયે તેમની દુઆ.

**અય અલ્લાહ ! હું તંદુરસ્ત શરીર થકી હરૂ ફરૂં છું તો સર્વે વખાણને પાત્ર તું છે અને મારા શરીરમાં તુંએ બીમારી થવા દીધી તો પણ સર્વે વખાણને પાત્ર તું જ છે, કારણ કે હું નથી જાણતો, અય મારા માઅબૂદ ! કે આ બે હાલતોમાંથી મારી કઈ હાલત તારો શુક્ર કરવા માટે વધારે અનુકૂળ છે અને આ બે સમયોમાંથી કયો સમય તારા વખાણ કરવા માટે ઇચ્છનીય છે.**

એ તંદુરસ્તીનો સમય જેમાં પાક-સાફ રોજી થકી તુંએ મારી સહાય કરી જેથી તારી ખુશી તથા નેઅમત પામવામાં તુંએ મને સંતોષ અતા કર્યો અને તારી ઈબાદત કરવા માટે મને શક્તિશાળી બનાવ્યો તથા જે ઈબાદત કરવાની તુંએ મને તૌફીક અતા કરી ? અથવા એ બીમારીનો સમય જેના થકી તુંએ મારી હાલત સુધારી, હું જે અન્યાયમાં પડી ગયો હતો તેનાથી નજાત અતા કરવાના રૂપે, ગુનાહોની તાત્કાળિક તોબા કરવા માટેની ચેતવણી રૂપે અને હદ

ઓળંગી જવાના મારા અમલને નાબૂદ કરવાની કોશિશષ માટેની પ્રેરણા રૂપે ?

આ બધું તારી દાએમી નેઅમત થકી હતું અને મારા ઉપર તુંએ રહેમ ફરમાવ્યો હતો કારણ કે મારી પીઠ ઉપરનો મારા ગુનાહોનો બોજ હલકો થઈ જાય; જે કંઈ સારા અમલો મારા ખાતે નોધ્યા જેનો કોઈ વિચાર પણ ન કરી શકે, ન કોઈ વર્ણન કરી શકે અને ન કોઈના હાથ પગ એ કામો કરી શકે, તે તારા તરફથી મારા ઉપર એહસાન હતું અને મારા માટે તારી દયાળુ નેઅમત.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર; મારા માટે તુંએ જે કંઈ નિર્ણીત કર્યું છે તેનાથી રાજી રહેવાની મને તૌફીક અતા કર. મારા ઉપર જે કંઈ વીતી રહ્યું છે તેને સહેલું બનાવી દે. મને એ ગુનાહના ધબ્બાથી પાક કર જે મારાથી ઉતાવળમાં થઈ ગયો. હુંએ જે કંઈ કર્યું છે તેના ખરાબ પરિણામને નાબૂદ કરી દે. મને શરીરની સારી તંદુરસ્તી ઇનાયત ફરમાવ. મને સલામતી (મધુર) ઠંડકનો અનુભવ અતા કર.

મને બીમારીથી શફાઅતની સાથે તારી મગફેરત અતા કર. મારી ભૂલનો સુધારો તારી મગફેરત પામવા માટે હોય એવી તૌફીક અતા કર. મારી ઉદાસ હાલતથી છુટકારો અતા કરી મને શાંતિ ઇનાયત ફરમાવ. અને તારી નજાત થકી મને આ મુસીબતોથી પનાહ અતા કર.

નિ:શંક, તું ઘણો જ મહેરબાન, મહાન દયાળુ, વહ્હાબુલ કરીમ અને સર્વોચ્ચતા તથા ઉદારતા ધરાવનાર છે.

તારી રહેમતની સાથે, અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

## ૧૬-ગુનાહો તથા ખામીઓની (ભૂલોની) મગફેરત તલબ કરવા માટે તેમની (આજીજીભરી) દુઆ.

અય અલ્લાહ ! તું છે જેની રહેમત થકી ગુનેહગારો શફાઅત (મગફેરત)ની દુઆ કરે છે ! તું છે જેના એહસાનોની આશા રાખીને દુ:ખી પનાહ માંગે છે ! તું છે જેના ખૌફથી ગુનેહગારો ધ્રુસકે ધ્રુસકે રડે છે !

અય દરેક ઉદાસ અજાણ્યા માટે દિલાસો ! અય દરેક દુ:ખી દિલની આશાની કિરણ ! અય એકલા પડી ગયેલા તથા તરછોડાયેલાની

હાલત સુધારનાર ! અય જરૂરતમંદના તથા દૂર દેશ-પાર થયેલાના મદદગાર જેણે ઇલ્મ અને રહેમત થકી બધી વસ્તુઓને ઘેરી લીધી છે.

તું છે જેણે દરેક મખ્લૂકને તારી નેઅમતોમાંથી હિસ્સો અતા કર્યો છે ! તું છે જેની સજા કરતા મગફેરત સર્વોપરી છે ! તું છે જેના ક્રોધ કરતા રહેમત પહેલ કરે છે ! તું છે જેની ઉદારતા મનાઈ કરતા વધારે પ્રચલિત છે ! તું છે જેની શક્તિ તથા ગુણવતા કુલ મખ્લૂકને ઘેરી વળેલી છે ! તું છે જે કોઈને પોતાની નેઅમતો અતા કર્યા પછી તેનાથી એહસાનનો બદલો

નથી ઈચ્છતો ! તું છે જે તારા કોઈ બંદાને તારી નાફરમાની સજા આપવામાં વધારે પડતું નથી કરતો !

અને હું, અય અલ્લાહ ! તારો બંદો છુ જેને તુંએ દુઆ કરવાનો હુકમ કર્યો છે અને હું હાજર થયો છુ; હું તારા હુકમને માનવા માટે તત્પર છું, હું તારા હુકમ મુજબ અહી હાજર છું; મારી તરફ નિગાહે કરમ કર, અય અલ્લાહ ! હું તારી બારગાહમાં નમી ગયો છું, અને હું છું જેની પીઠનો બોજ ગુનાહોથી વધી ગયો છે, અને હું છું જેની જિંદગી ગુનાહોમાં વેડફાઈ ગઈ છે અને એ

હું છું જેણે અજ્ઞાનતાથી તારા હુકમની નાફરમાની કરી, જો કે મારાથી એમ થાય તેને લાયક તું ન હતો.

શું તું, અય અલ્લાહ ! એના ઉપર દયા નહિ કરે જે તારી બારગાહમાં દુઆ કરે ? તો હું તારી બારગાહમાં મારી હાજતો માટે દુઆ કરી શકું. અથવા શું તું, અય અલ્લાહ ! એની મગફેરત નહિં ફરમાવે જે તને પોકારે ? તો હું તને પોકારવામાં જલદી કરી શકું. અથવા શું તું , અય અલ્લાહ ! એ ઇન્સાન ઉપર રહેમ નહિં કરે જે તારી બારગાહમાં જમીન ઉપર કપાળ ટેકવીને

પૂરા એકરારની સાથે નમી ગયો હોય ? અથવા શું તું, અય અલ્લાહ ? એને ગની નહિં બનાવે જેણે ખાનગીમાં તારી બારગાહમાં દરિદ્રતાના કારણે ફરિયાદ કરી હોય ?

અય અલ્લાહ ! એને નારાજ ન કર જેણે સંતોષ આપનારો બીજો કોઈ નથી તથા એને ઉદાસ ન કર જેને તારા સિવાય બીજો કોઈ નથી તથા એને ઉદાસ ન કર જેને તારા સિવાય બીજો કોઈ નથી જડતો જેને તે મદદ માટે પોકારી શકે.

તેથી, અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને

તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. મારાથી મોઢું ન ફેરવ જયારે હું તારી બારગાહમાં હાજર થયો છું. મને નારાજ ન કર જયારે હું તારી બારગાહમાં આશાવાદી થઈને આવ્યો છું. મારા મુખની હાજતને રદયો ન આપ જયારે હું તારી બારગાહમાં આવી ગયો છું. એ તું છે જેણે રહમતનો પોતાનો ગુણ જાહેર કયો છે. તેથી હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. અને મારા ઉપર રહેમ ફરમાવ. તું છે જેણે પોતાને રહીમ (મગફેરત

કરનાર) તરીકે ઓળખાવ્યો છે, તેથી, તું મારી મગફેરત કર.

નિ:શંક, તારા ખોફના કારણે મારી આંસુઓની ધારા, તારી બીકના કારણે મારા હૃદયના ધબકારા અને હૈબતના કારણે મારા હાથ પગની ધ્રુજારી તું જોઈ રહ્યો છે. મારા ગુનાહોથી હું એટલો શરમિંદા છું જેનું આ પરિણામ આવ્યું છે. આજ કારણે મારો કંઠ શોષાઈ ગયો છે અને હું તને પોકારી નથી કરી શકતો. તેથી, સર્વે વખાણને લાયક તું છે, અય અલ્લાહ !

તુંએ મારી ઘણી ખામીઓ છુપાવી અને મને શરમિંદા ન થવા દીધો. મારાથી થયેલા ઘણા ગુનાહોને તુંએ છુપાવ્યા અને મને બદનામ ન થવા દીધો. મારી. ઘણી એવી ભૂલોને તુંએ છુપાવી જે માટે હું દોષિત હતો અને તેની ખરાબ અસરના પરિણામ પામવાથી તુંએ મને બચાવ્યો. તેને (મારી ભુલો તથા ખરાબ અસરનો) તુંએ મારા એવા સંબંધીઓ ઉપર જાહેર ન થવા દીધી જેઓ  મારો વાંકો શોધતા રહ્યા છે અને તારી એ નેઅમતોની ઈર્ષા કરે છે જે તુંએ મને અતા કરી છે. તારી આટલી મહેરબાની

હોવા છતાં હું ગુમરાહી તરફ દોડ્યો જેનાથી પરહેઝ કરવાનો તુંએ મારાથી અહ્દ લીધો હતો. તો અય અલ્લાહ ! પોતાના લાભ વિષે અજ્ઞાન મારાથી વધારે કોણ હશે અને પોતાની ભલાઈના હક વિષે બેદરકાર મારાથી વધારે કોણ હશે ? પોતાના નફસની પ્રગતિથી દૂર મારાથી વધારે કોણ હશે જયારે તુંએ મને અતા કરેલી રોજી હું ગુનાહોમાં વાપરી રહ્યો છું જેની તુંએ મનાઈ ફરમાવી છે ? અને ખોટું કરવામાં તલ્લીન તથા ગુનાહો કરવામાં પહેલ કરનારો મારાથી વધારે કોણ હશે જયારે તારી દાવત

અને શૈતાનની દાવત દરમિયાન હું ઊભો હતો તો હુંએ શૈતાનની દાવત કબૂલ કરી જો કે હું આંધળો નથી અને તેને પૂરી રીતે ઓળખું છું, તેના વિષે કંઈ પણ ભૂલી ગયા વગર અને સાથે એથી પણ માહિતગાર કે તારી દાવત જન્નત તરફ દોરે છે અને તેની દાવત જહન્નમ તરફ લઈ જનાર છે ?

તું પાક છે ! કેટલી ખુશીની વાત છે કે મારા નફસની વિરૂધ્ધ હું પોતે સાક્ષી છું અને તેને મારી અંગત ખાનગી બાબત સમજું છું. તેથી વધારે ખુશીની વાત છે મને સજાનું પરિણામ

આપવામાં તારી સહનશીલતા (તુંએ તેમ કરવામાં ઉદારતાથી ઢીલ કરી) અને આ એના કારણે નથી કે તારી બારગાહમાં હું કંઈ લાયકાત ધરાવું છું પણ એ કારણથી કે મારાથી થયેલી તારા હુકમની નાફરમાનીના પરિણામમાં તારો ક્રોધ હોવા છતાં તુંએ ઉદાર થઈને ઢીલ મૂકી તથા મારા ઉપર મોહબ્બતથી મહેરબાની કરી જેથી હું તારા ક્રોધથી નજાત પામી શકું, શર્મજનક ગુનાહોથી હું પરહેઝ કરૂં અને કારણ કે મને સજા કરવા કરતા મગફેરત અતા કરવી તને વધારે પસંદ છે.

નહિં, મારા રબ ! હું ગુનાહોથી એટલો બધો ખરડાયલો છું કે હું કઠોર બની ગયો હતો, બદકાર બની ગયો હતો, ખરાબ કામો હું નીડરતાથી કરતો હતો, તારી ઈબાદતની પાબંદી પ્રત્યે નબળો હતો અને તારી ચેતવણીઓ તથા ધમકીઓ પ્રત્યે બેદરકાર હતો. મારા આ બધા અપરાધોની હું ગણતરી મારા નફસને આ બાબતો અંગે હું દોષિત ગણું છું અને તારી મહેરબાનીની ઇચ્છા હું ન કરી શકું જો કે એમ કરવામાં જ ગુનેહગારોની ભલાઈ સમાયેલી છે, અથવા તારી રહેમતની આશા હું

ન કરી શકું જો કે એમ કરવામાં જ ગુનેહગારોની નજાત સમાયેલી છે.

અય અલ્લાહ ! મારી ગરદનમાં ગુનાહોની ભારે તોક લટકી રહી છે, તેથી, તુ મારા ઉપર નિગાહે કરમ કર અને હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) તથા તેમની આલ ઉપર રહેમત નાઝિલ કરી. તારી મગફેરત અતા કરી મને નજાત અતા કર. મારી પીઠ ઉપર બહુ જ વજનદાર ગુનાહોનો બોજ છે, તેથી હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર

રહેમત નાઝિલ કર અને તારા એહસાન થકી તે બોજને હળવો બનાવી દે.

અય અલ્લાહ ! જો હું તારી બારગાહમાં એટલો રડું કે મારી આંખની પાંપણો ખરી પડે, એટલા મોટા અવાજે રડું કે મારો અવાજ બંધ થઈ જાય, તારી ઈબાદત એવી રીતે ઊભો રહું કે મારા પગ સોજી જાય, એવી રીતે નમું કે મારી કેડ વાંકી વળી જાય, જમીન ઉપર કપાળ ટેકીને એટલા સજદા કરૂં કે મારી આંખના ડોળા લટકી પડે, આખી જિંદગી જમીનની મોટી ફાકતો રહું, મારી જિંદગીના અંતિમ દિવસો સુધી ડહોળું

પાણી પીતો રહું તથા તારો એટલો ઝિક્ર કરતો રહું કે મારી જબાન બંધ થઈ જાય અને પાછી તારી બારગાહમાં શરમના કારણે ક્ષિતિજ તરફ મારી આંખો પણ ઊંચી ન કરૂં, તો પણ મારા બધા ગુનાહોમાંથી એક ગુનાહની પણ મગફેરત પામવાને લાયક હું નહિ રહું. અને જો તું મને મગફેરત અતા કરીશ જયારે હું તારી મગફેરતને પાત્ર હોઉં અને મને માફ કરે જયારે હું માફ થવાને લાયક હોઉં, તો તે એ કારણે નહિં હશે કે હું મગફેરતને લાયક હતો અથવા મને મગફેરત મેળવવાનો હક હતો, કારણ કે તારા હુકમની

મારી નાફરમાની સજા તો પહેલેથી જ જહન્નમ છે અને જો તું મને સજા કરે તો જરૂર તુંએ મારી સાથે અન્યાય નહિં કર્યો હોય.

મારા રબ ! જયારે તુંએ મારા ગુનાહોને છુપાવ્યા અને મને નારાજ નથી કર્યો, તારી મહેરબાનીથી મારી પ્રત્યે નમ્ર રહ્યો અને મને સજા આપવમાં જલદી નથી કરી, તારી મહેરબાનીથી મારી પ્રત્યે સહનશીલ રહ્યો અને મારે માટેની તારી નેઅમતોમાં ફેરફાર નથી કર્યો તથા તારા એહસાન થકી મને તેનાથી નારાજ થવા નથી દીધો, તો મારી લાંબી દુઆ, મારી

જરૂરતની મહત્તા અને ખરાબ સંજોગો ઉપર રહેમ ફરમાવ.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. મને ગુનાહોથી પનાહ અતા કર, મને નેક બનાવ, મને સુંદર પરિવર્તન અતા કર, પ્રમાણિકતામાં મારી મદદ કર, મને સંતોષકારક પ્રગતિ ઇનાયત ફરમાવ, તારી મગફેરતનો સુંદર અનુભવ મને અતા કર, તારી મગફેરત થકી મને સ્વતંત્ર બનાવ, તારી રહેમત થકી મને

આઝાદ કર અને તારા ક્રોધથી મને નજાત અતા કર. એવી જ રીતે ભવિષ્યના સારા સમાચારની સાથે આ દુનિયામાં પણ મને બશારત (ખુશખબરી) ઇનાયત કર જેને હું ઓળખી શકું અને કોઈ એવી નિશાની અતા કર જે હું સમજી શકતું.

નિ:શંક તારી શક્તિ મુજબ આ જરા પણ મુશ્કેલ નથી અને તારી કુરદત માટે બિલકુલ અધરૂં નથી. નિ:શંક, તું દરેક વસ્તુ ઉપર કુદરત ધરાવનાર છે ! તારી રહેમતની સાથે, અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

## ૧૭-શૈતાનની અદાવત અને ફરેબથી પનાહ માંગવા માટે તેમની દુઆ.

અય અલ્લાહ ! એ શૈતાન ‘લઈન’થી અમે તારી પનાહ માંગીએ છીએ જેને તારી બારગાહમાંથી કાઢી મૂકવામાં આવ્યો હતો. અમે તારી પનાહ માંગીએ છીએ ફરેબ આપનાર તેની ગુસપુસથી, તેના જૂઠાણાં ઉપર ભરોસો કરવાથી, તેના ખોટા વચનોથી, તેના દગાઓથી, તેની ચાલાકીથી; તારી ઈબાદતથી ગુમરાહ કરવાની તથા તારી નાફરમાની કરાવી અમને અપમાનિત કરવાની તેના નફસની ઈચ્છાથી

અને તેને સારૂં સમજવાથી જેને તે સારૂં કરીને બતાવે તથા તેને મુશ્કેલ સમજવાથી જેને તે મુશ્કેલ કરીને અમને બતાવે.

અય અલ્લાહ ! અમે તારી જે ઈબાદત કરીએ છીએ તેના થકી તું તેને અમારાથી દૂર કરી દે અને અમે તારાથી જે મોહબ્બત કરીએ છીએ તેના થકી તું તેને દૂર ભગાવી દે. અમારા અને તેના દરમિયાન એક પડદો નાખી દે જેને તે ચીરી ન શકે તથા એક મજબૂત દીવાલ ઊભી કરી દે જેને તે તોડી ન શકે.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. અમારાથી દૂર તારા કોઈ દુશ્મનોમાં તેને (શૈતાનને) કાર્યગ્રસ્ત રાખ અને તારી સખત દેખરેખ થકી અમને તેનાથી સલામતી અતા કર. તેના ફરેબ વિરુદ્ધ અમારી મદદ કર, અમારી તરફ તેની પીઠ કરી દે અને અમારા ઉપર થઈ શકે એવી તેની દરેક અસરને દૂર કરી દે.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને

તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. શૈતાનના ફરેબ વિરૂધ્ધ અમારી હિદાયત કર, તેની ગુમરાહીથી પરેહઝ કરવામાં અમારી મદદ કર અને તબાહ કરનારી તેની ગુમરાહી વિરૂધ્ધ અમને નેકીની રાહ ઉપર ચલાવ.

અય અલ્લાહ ! તેને અમારા દિલોમાં દાખલ થવા ન દે તથા અમારી નજીક તેને વસવાટ ન કરવા દે, જે ખરાબી તરફ તે અમને લલચાવે છે તેમનાથી અમને ખબરદાર કર, જયારે તું અમને તેની જાણ કરે ત્યારે તેનાથી રક્ષણ અતા કરી અમારા ઉપર એહસાન ફરમાવ, તેની વિરૂધ્ધ

યોજના ઘડીએ એવી રાહ અમને બતાવ, તેના માટે જે તૈયારી કરવાની હોય તેની અમને સમજ અતા ફરમાવ, તેની (શૈતાનની) તરફ અમારૂં ધ્યાન કરવાના કારણે અમે જે ગફલતમાં પડી ગયા છીએ તે ગફલતમાં પડી ગયા છીએ તે ગફલતની ઊંઘમાંથી અમને જાગૃત કર અને તારા એહસાન થકી તેની વિરૂધ્ધ અમને મદદ અતા કર.

અય અલ્લાહ ! તેના અમલોને રદિયો આપવાની અમારા દિલોને તૌફીક અતા કર અને તેની મક્કારીઓ તથા અદાવતને નાબૂદ

કરવાની અમારા ઉપર મહેરબાની કર. શૈતાનની તાકતને અમારા તરફથી દૂર કરી દે, અમારાથી તેની ઉમેદને નાકામ કર અને અમને ગુમરાહ કરવાથી તેને રોકી લે.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. અમારા વાલેદૈનને, ઓલાદને, કુટુંબીજનોને, સગાસંબંધીઓને, પાડોશીઓને તથા કુલ મોઅમેનીન મોઅમેનાતને એક મજબૂત કિલ્લામાં, એક સુરક્ષિત મકામમાં અને એક

સુરક્ષિત ગુફામાં શૈતાનથી પનાહ અતા કર. તેઓ (મોઅમીનો)ને સુરક્ષિત ઢાલ થકી તેના (શૈતાન)થી બચાવ અને તેની વિરુધ્ધ તેઓની તીવ્ર હથિયારો અતા કર.

અય અલ્લાહ ! જેણે તારી રોબુબિય્યતની ગવાહી આપી છે, તારી વહદાનિય્યતને પ્રમાણિકતા સાથે સ્વીકારી છે, તારી ખરી ઇબાદતને પરિણામ આપવા માટે શૈતાનથી દુશ્મનાવટ કરી છે અને તેની વિરૂધ્ધ ઈલ્મે રબ્બાની શીખવામાં તારી મદદ માટે દુઆ કરી છે તેને પણ મારી આ દુઆનો લાભ અતા કર.

અય અલ્લાહ ! તેના લશ્કરને ઉથલાવી નાખ, તેના ફરેબને નાબૂદ કર, તેના કિલ્લાને તબાહ કરી નાખ અને તેને અપમાનિત કર.

અય અલ્લાહ ! અમને તેના દુશ્મનોના વર્ગમાં (ટોળામાં) દાખલ કર, તેના દોસ્તોથી અમને જુદા કરી દે, જયારે તે અમને લલચાવે ત્યારે તેનું કહ્યું અમે ન માનીએ અને જયારે તે અમને દાવત આપે ત્યારે તેને અમે જવાબ ન દઈએ (એવી તૌફીક અમને અતા કર), તથા તેને (શૈતાનને) ત્યજી દેવા માટે જેઓ અમારો હુકમ માને છે તેઓને અમે હુકમ કરી શકીએ

અને તેનું (શૈતાનનુ) કહ્યું ન માનવા માટે જેઓ અમારી સલાહ સાંભળે છે તેને અમે ચેતાવણી આપી શકીએ (એવી તૌફીક અમને અતા કર).

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. જેઓ સર્વે પયગંબરોથી છેલ્લા પયગમ્બર છે અને રસૂલોના સરદાર છે તથા એમની આલ ઉપર રહેમત નાઝિલ કર જેઓ પાક અને તાહીર છે. અમને, અમારા કુટુંબીજનોને, બિરાદરોને તથા કુલ મોઅમેનીન મોઅમેનાતને એ શૈતાનના

શર્રથી (ખરાબીથી) બચાવ જેનાથી અમે તારી પનાહ માંગીએ છીએ, અમને એવી વસ્તુઓથી નજાત અતા કર જેનાથી નજાત માટે અમે તારી બારગાહમાં દુઆ કરીએ છીએ, અમે તારી બારગાહમાં જે વસ્તુઓ માટે દુઆ કરી છે તે અમને અતા કર, જે વસ્તુ માંગવા માટે અમારી ગફલત થઈ છે તે પણ અને તે વસ્તુઓ પણ જે અમે ભૂલી ગયા છીએ.

આ દુઆ કબૂલ કરવાની સાથે, અમને તારા સાલેહ બંદાઓમાં અને મોઅમીનોમાં દાખલ કર.

અય ‘કાએનાત’ના રબ !

અમારી દુઆ કબૂલ ફરમાવ.

તારી રહેમતની સાથે,

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …

www.hajinaji.com

• Like us on Facebook •

## ૧૮-કોઈ સખત મુસીબત ટળી જવા સમયે અથવા દુઆ જલદી કબૂલ થઈ હોય તે સમયે તેમની દુઆ. (શુક ગુજારી માટે)

તારા વખાણ છે અય અલ્લાહ ! તારા સારા હુકમ માટે અને તુંએ મારા ઉપરથી ભારે આફત ટાળી નાખી તે માટે. તેથી, તારી હિફાઝત થકી તુંએ મને જે અતા કરવામાં જલદી કરી, તારી તે નેઅમત મારા માટે એવી જ હોય જે મારી પસંદગીથી પામવામાં હું કમનસીબ નીવડું અને બીજા કોઈ મારી નાપસંદગીથી તે પામવામાં નસીબદાર નીવડે.

અને જો કોઈ દિવસ અથવા રાતે તુંએ મને એવી હિફાઝત (ટૂંક સમય માટે) અતા કરી જે પછી મારા ઉપર કોઈ અપાર મુસીબતો આવવાની હોય અને તે અસીમિત સજા હોય તો મને તે હિફાઝત તું જલદી અતા કર જે તુંએ મારા માટે મુલતવી રાખી છે અને આ હિફાજતને મુલત્વી કરી રાખ જે અતા કરવામાં તુંએ જલદી કરી છે કારણ કે જે ફના થઈ જનાર છે તે અધિક નથી અને જે બાકી રહેનાર છે તે ઓછું નથી.

અને હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) તથા તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર તારી (અપાર) રહેમત થકી.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …
www.hajinaji.com

• Like us on Facebook •

## ૧૯-દુકાળ પછી વરસાદ માટે તેમની દુઆ.

અય અલ્લાહ ! વર્ષો થકી અમને સંતોષ અતા કર, વરસતા વાદળા થકી બધી જગાએ પુષ્કળ વરસાદ વરસાવી અમારા ઉપર તારી રહમતનો વરસાદ વરસાવ જેથી બધી જગાએ જમીન લીલીછમ થઈ જાય, બધા શહેરોમાં જમીન ફળદ્રુપ બને અને અંકુરો ફૂટી નીકળે તથા ફળફૂલ પાકવા માંડે એવું એહસાન તારા બંદાઓ ઉપર ઇનાયત ફરમાવ. તારા માનનીય ફરિશ્તાઓ નાઝિલ કર જેઓ વરસાદના વાદળા થકી હંમેશા પુષ્કળ તથા લાભદાયી વરસાદના

ઝાપટા જલદીથી વરસાવે જેથી મૃત જમીન સજીવન થાય, ખોવાયેલું પાછું મળે અને અનાજ ઊગવા માંડે, આમ અમારી રોજી બહોળી કર. એવા વાદળા (મોકલ) જે ઘેરા હોય, સંપૂર્ણ તથા મનગમતા હોય, એક ઉપર એક બાઝેલા હોય અને દૂર સુધી વિસ્તૃત હોય; તેમાં હાનિ વિનાની વીજળી ચમકતી હોય અને પુષ્કળ વરસાદના ઝાપટાઓથી ભરેલા હોય.

અય અલ્લાહ ! અમને એવો વરસાદ અતા કર જેથી જમીનમાં ફળફૂલ, અનાજ વગેરે ઊગી નીકળે જે સંતોષ પામનારૂં, લાભદાયી, પુષ્કળ

અને વિસ્તૃત હોય; લીલુંછમ ઘાસ ઊગી નીકળે અને સૂકી જમીન લીલીછમ બને.

અય અલ્લાહ ! અમને એવો વરસાદ ઈનાયત ફરમાવ જેથી પહાડોમાંથી ધોધમાર પાણી ઉતરે, કૂવાઓ છલકાય, નદીઓ વહે, વૃક્ષો ઊગે, દરેક દેશોમાં મોંઘવારી ઘટે અને પ્રાણીઓ તથા બીજી મખ્લૂક ફળીભૂત થાય. આમ અમને સાફ બહોળી રોજી અતા કર, ખેડેલા ખેતરો થકી અમને અનાજ અતા કર, આચળોને દૂધથી ભરી દે અને અમારી શક્તિમાં વધારો કર.

અય અલ્લાહ ! તેના (વરસાદના) ઝાપટાઓથી અમે હાનિ ન થવા દે, તેની ઠંડી અમને પાયમાલ કરનારી ન હોય, તેની વર્ષા અમારા ઉપર તોફાની ન હોય અને તેનું પાણી અમને કડવું પણ ન લાગે.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર અમારા ઉપર જમીન અને આસમાનોથી રહેમત નાઝિલ કર.

નિ:શંક તું દરેક વસ્તુ ઉપર કુદરત ધરાવનાર છે !

તારી રહેમત થકી.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …

www.hajinaji.com

• Like us on Facebook •

## ૨૦-શ્રેષ્ઠ અખ્લાક (સારા ચાલચલણ) માટે તેમની દુઆ.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર, મારી શ્રદ્ધા (ઈમાન)ને સંપૂર્ણતા તરફ પ્રગતિ અર્પણ કર, મારી માન્યતાને સર્વશ્રેષ્ઠ માન્યતા બનાવ, મારી નિયતને સારી નિયતોમાંથી શ્રેષ્ઠ અને બેહતરીન અમલોને મારૂં ચાલચલણ બનાવ.

અય અલ્લાહ ! મારી સારી નિયતોમાંથી વધારો અતા કર, તારા ઉપર મારી શ્રદ્ધાને દ્રઢ બનાવ અને મારામાં જે ખરાબીઓ (નબળાઈ) આવી ગઈ છે તેમાં તારી કુદરતથી સુધારો અતા કર.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. જે વસ્તુની (વાતની) મને સંભાળ લેતા રહેવી પડે છે તેમાં તેની સલામતી અતા કર, મને એ જ અમલ બજાવી લાવવાની તૌફીક અતા કર જેના

વિષે કાલે (આખેરતમાં) તું મને સવાલ પૂછીશ અને મારા દિવસો એવા જ કામોમાં પસાર થાય જેના માટે તુંએ મને ખલ્ક કર્યો છે (તારી ઈબાદત માટે). મને સ્વતંત્રતા અતા કર અને મારી રોજી બહોળી કર. (શ્રીમંતાઈના કારણે) અહંકારથી મને વંચિત રાખ અને હું લાલચુ ન બની જાઉં એવી તૌફીક અતા કર તથા મને આબરૂદાર બનાવ પણ મારામાં ઘમંડ ન આવે. મને તારી ઈબાદત કરવાની તૌફીક અતા કર અને મારી એ ઇબાદતને જૂઠા દેખાવથી (ઉજબથી) બચાવ.મારા અમલો લોકોની ભલાઈ

માટે હોય અને ભલાઈ સાથે (મૌખિક અથવા શારીરિક) ઈજા પહોચાડીને તે અમલ ઉપર પાણી ન ફરી વળે. મને સર્વશ્રેષ્ઠ વર્તન અતા કર અને અભિમાનીથી પનાહ અતા કર.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. સીધી રાહ ઉપર મારી હિદાયત કર જેને હું બદલી ન કરૂં, એ હક રાહ પર જેના ઉપર હું ગુમરાહ ન થઇ શકું અને એવી નિયત સાથે જેના વિષે મને શંકા ન ઉપજે. મારી પૂરી જિંદગી તારી

ઇબાદતમાં વિતાવવાની તૌફીક અતા કર. જયારે મારી જિંદગી શૈતાન કાર્યગ્રસ્ત બને ત્યારે મને તું તારી બારગાહમાં બોલાવી લે એ પહેલાં કે તું મારા ઉપર કોધાયમાન બને અથવા તારો ગઝબ મારા ઉપર ઉતરે. મારી કોઈ એવી કુટેવને સુધાર્યા વગરની ન રાખ જે દોષને પાત્ર હોય અને એવી ખામી પણ દૂર કર્યાં વગરની ન રાખ જે દોષને પાત્ર હોય. મારા સદગુણોવાળા આચરણની સંપૂર્ણતા તરફ દોરવણી કર.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને

તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. જાલિમોની દુશમનાવટને મારા માટે પ્રેમમાં, બળવાખોરોની ઈર્ષાને મિત્રતામાં, સજજનો પ્રત્યેના અવિશ્વવાસને શ્રદ્ધામાં અને સંબંધીઓ પ્રત્યેના તિરસ્કારને પ્રેમમાં, પરિવર્તન અતા કર. કુટુંબીજનોના અસહકાર તરફ નમ્રતા, મિત્રોની બેવફાઈ પ્રત્યે મદદરૂપ, થવું, નમ્રતા તથા વિવેકથી વર્તાવ કરનારાઓના પ્રેમ માટે લાગણી ભરેલો આદર, સહ કાર્યકરોના તુચ્છ વર્તન સમક્ષ સદવર્તન અને જાલિમના ભયની

કડવાશના બદલે શાંતિની મીઠાશ ઇનાયત ફરમાવ.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર.જેણે મારી સાથે ઝઘડો ન કર્યો હોય તેના કરતા વધારે શક્તિ મને અતા કર અને જે મારી નિષ્ફળતા ઈચ્છતો હોય તેના ઉપર મને સફળતા (વિજય) અતા કર. જેણે મારી સાથે દગો કર્યો હોય તેની વિરૂધ્ધ મને ચપળતા અતા કર અને જે મારી વિરૂધ્ધ દાવપેચ રચતો હોય

તેની વિરૂધ્ધ મને શક્તિશાળી બનાવ. જેણે મારા ઉપર તોહમત નાખી હોય તેને જૂઠો સાબિત કર અને જેણે મને ધમકી આપી હોય તેનાથી મને નજાત અતા કર. જેણે સીધી રાહ તરફ મારી દોરવણી કરી તેનું કહ્યું માનવાની મને તૌફીક અતા કર અને જેણે મને હકની નસીહત કરી તેના કહ્યા મુજબ અમલ કરવાની મને તૌફીક અતા કર.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. જેનો

વર્તાવ મારી પ્રત્યે અપ્રમાણિક હતો તેની પ્રત્યે સદવર્તન કરવાની મને તૌફીક અતા કર, જેણે મને ત્યજી દીધો હોય તેને નેકી ઇનાયત કર અને જેણે અમારામાં જુદાઈ નાખી છે તેને મિલન અતા કર. જે મારી ગીબત કરતો હોય તેના વિષે મને સારૂં બોલવાની તૌફીક અતા કર, કોઈએ મારા ઉપર કરેલી મહેરબાનીના બદલામાં તેનું એહસાન માનવાની મને તૌફીક અતા કર અને કોઈએ મારી પ્રત્યે કરેલી ખરાબી તરફ ધ્યાન ન આપવાની મને તૌફીક અતા કર.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. મને સાલેહ બંદાઓના ગુણો અતા કર અને ‘તકવા-પરહેઝગારી’ નો સુંદર પોશાક અતા કર જેથી હું ન્યાય સાથે વર્તી શકું, ક્રોધને કાબૂમાં રાખી શકું, નકારાત્મક ઇચ્છાઓને દાબી શકું, વિખૂટા પડી ગયેલાઓનો મેળાપ કરાવી શકું, લોકોમાંથી જુદાઈને નાબૂદ કરી શકું, વિનયથી વર્તી શકું, લોકો સાથે નમ્રતા તથા આદર કેળવી શકું, ચાલચલણ સુધારી શકું, (લોકોમાં) મનગમતા

વ્યવહાર થઈ શકે, સર્વોપરીતા તરફ પ્રગતિ થઇ શકે, ઉદારતાને અપનાવી શકું, અપમાન સહન કરી શકું, સામાન્ય મનુષ્ય પ્રત્યે પણ નેકી દાખવી શકું, મુશ્કેલીમાં પણ સચ્ચાઈને વળગી રહું, પોતાની નેકીને તુચ્છ સમજું ભલે પછી તે મહામૂલ્ય હોય, શબ્દોમાં કે અમલમાં, અને પોતાની ખરાબી ને (બદીને) અધિક સમજું ભલે પછી તે કેટલી પણ સમાન્ય હોય, શબ્દોમાં કે અમલમાં.

તારી ઈબાદત હંમેશા કરતો રહું એવી તૌફીકની દુઆ સાથે મારી આ હાજતોની દુઆ

કબૂલ ફરમાવી મને તે અતા કર, મોમીનોની કોમમાં મારી ગણતરી કર અને દીનમાં ફેરબદલ (બિદઅત) કરનારા તથા પોતાની ઈચ્છા (રાય) પ્રમાણે વર્તાવ કરનારાથી દૂર ખસી જવાની મને તૌફીક અતા કર.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલચ્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. મારા ઘડપણ વખતે મને રોજીમાં બરકતો વુસઅત અતા કર અને જયારે મને બહુ જ થાક હોય ત્યારે તારી બહોળી શક્તિ થકી તારી શક્તિમાં

વધારો કર, મને એવી તૌફીક અતા કર કે તારી ઈબાદત કરવામાં હું આળસ ન કરૂં તારી હક રાહ પ્રત્યે આંધળો ન બની જાઉં, તારી મોહબ્બતની વિરૂધ્ધ કોઈ કાર્યમાં મગ્ન ન બનું, જે તારી રાહથી ગુમરાહ હોય તેનો સાથી ન બનું, જે તારી હક રાહ ઉપર હોય તેનાથી વિમુખ ન રહું, જરૂરત સમયે મારી ઇચ્છાઓ તારી બારગાહમાં પૂરી થાય, હાજત સમયે તારી બારગાહમાં તલબ કરૂં અને દરિદ્રતા સમયે તારી બારગાહમાં દુઆ કરૂં, અય રબ !

મારા ઉપર મુસીબતના સમયે તારા સિવાય બીજા કોઈથી હું મદદ તલબ ન કરૂં એવી તૌફીક મને અતા કર, જરૂરતના સમયે તારા સિવાય બીજા કોઈથી હાજત તલબ ન કરૂં અને ખોફના સમયે પણ તારા સિવાય બીજ કોઈથી દુઆ ન કરૂં, જેથી તારી બારગાહમાં હું તારા રદિયા, તારી મનાઈ તથા તારી નારાજી (કરાહત)ને લાયક ન બનું, અય સૌથી વધારે રહેમ કરનાર !

અય અલ્લાહ ! મારા દિલમાં શૈતાન જે આશાઓ, શંકાઓ તથા ઈર્ષા નાખે છે તેને તારી અઝમતના ઝિક્રનું કારણ બનાવ જેથી તારી

અપાર કુદરત ઉપર વિચાર-વિમર્શ કરી શકું તથા તારા દુશ્મન વિરૂઘ્ધ યોજનાઓ ઘડી શકું. તે મને મારી જબાનથી જે અપશબ્દો, બણગાઓ, ખુશમતો, ઝઘડાખોરી, જૂઠી ગવાહીઓ, કોઈ સાચા મોમીનની ગીબતો અથવા કોઈનું અપમાન કરવું તથા એવા બીજા સંવાદો બોલવા માટે ઉપસાવે છે તેને તારી હમ્દોસના, તારી બાદશાહતના વખાણમાં ગરકાવ રહેવામાં, તારી નેઅમતની શુકગુજારીમાં, તારી મહેરબાનીઓનો આભાર

માનવામાં અને તારી નેઅમતો માણવામાં ફેરવી નાખવાની તૌફીક અતા કર.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. મારા ઉપર અત્યચાર ન થવા દે જયારે કે મારી મુસીબત દૂર કરવા માટે તું શક્તિ ધરાવે છે, મને એવી તૌફીક અતા કર કે હું જુલમગાર (જાલિમ) ન બનું જયારે કે મને એમ કરતા રોકી શકવા માટે તું શક્તિમાન છે, હું ગુમરાહ ન થઇ જાઉં જયારે કે મારી હિદાયત કરનાર તું છે, હું ગરીબ

ન થઈ જાઉં જયારે કે તું મને ગનિ બનાવી શકે છે અને હું બળવાખોર પણ ન બનું જયારે કે મારા અસ્તિત્વનો તું માલિક છે.

અય અલ્લાહ ! હું તારી બારગાહમાં મગફેરત તલબ કરતો હાજર થયો છું, તારી મગફેરત માટે પરિશ્રમ (કસ્દ) કરી રહ્યો છું, હું તારી સહનશીલતાની આશા રાખું છું અને તારી ઉદારતા ઉપર શ્રદ્ધા ધરાવું છું.મારી એવી કોઈ લાયકાત નથી જેથી હું તારી મગફેરતને લાયક બનું અને નથી મારા કોઈ એવા અમલો જેના થકી હું તારી મગફેરને લાયક બનું. જો હું પોતે

મારા નફસના પરિણામનો નિર્ણય લઉં તો મારી પાસે તારા ફઝલની આશા સિવાય બીજું કંઈ જ નથી. તેથી, અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર અને મને તારા ફઝલો-કરમ ઇનાયત ફરમાવ.

અય અલ્લાહ ! મને હક વાત કરવાની હિદાયત અતા કર, પરહેઝગારીની (તકવાની) પ્રેરણા અતા કર, પવિત્રતાની (તઝકીયાની) તૌફીક અતા કર અને તું જેવા અમલોથી રાજી

હોય તેવા અમલો બજાવી લાવવાની તૌફીક અતા કર.

અય અલ્લાહ ! મને એવી રાહ ઉપર ચલાવ જે એક શ્રેષ્ઠ નમૂનો બને અને મારા જીવનમાં તથા મૃત્યુ સમયે મને તારા દીન ઉપર મક્કમ (સાબિત કદમ) રહેવાની તૌફીક અતા કર.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. મને કરકસર (ઇકતેસાદ) કરવું ઇનાયત ફરમાવ. સજ્જનોમાં સમૂહમાં, નેકીની હિદાયત

કરનારાઓમાં અને સાલેહ બંદાઓમાં મને દાખલ કર. કયામતના દિવસે મને સફળતા ઇનાયત ફરમાવ અને અંતિમ પરિણામ સમયે મને સલામતી અતા કર.

અય અલ્લાહ ! જયારે હું ગમગીન થાઉં છું ત્યારે તું મારી પનાહ છે, જયારે હું જરૂરતમંદ હોઉં છું ત્યારે તું મારો મદદગાર છે અને જયારે હું સખત મુસીબતમાં હોઉં છું ત્યારે હું તને પોકારૂં છું. જે કંઈ ખોવાયેલું છે તે પ્રાપ્ય થવું, ફસાદ થયો હોય તો તેની સુલેહ થવી અને તું જે રદ કરે છે તેમાં ફેરબદલ થવી તારી બારગાહમાં

થઇ શકે છે. તેથી, તું મને આફત આવવા પહેલાં સલામતી, માંગવા પહેલાં તે નેઅમત અને ગુમરાહ થવા પહેલાં હિદાયત અતા કર. નિદાખોરોના અત્યાચારથી મને પનાહ અતા કર, કયામતના દિવસની અમાન અતા કર અને મને શ્રેષ્ઠ હિદાયત ઇનાયત ફરમાવ.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. તારી મહેરાબની થકી મારામાંથી ખરાબીઓ દૂર કર, તારી રહેમત થકી મને પુષ્ટિ અતા કર, તારા

એહ્સાન થકી મને સુધારો અતા કર, તારી ભલાઈ થકી મને શુદ્ધિ અતા કર, તારી રહેમતના કિલ્લામાં મને પનાહ અતા કર, તારી ખુશીનો પોશાક ઇનાયત ફરમાવ, નિર્ણય લેવા જયારે મારા માટે મુશ્કેલ થઇ પડે ત્યારે મારી નેક હિદાયત કર, કાર્યો પરિણામ આપવા જયારે મારા માટે શંકાસ્પદ બને ત્યારે તેમાંથી નેક (સારા) અમલો પરિણામ આપવાની મને તૌફીક અતા કર અને જયારે મુલકી ફસાદ થાય ત્યારે સત્યવાદીઓનો સાથ આપવાની મને તૌફીક અતા કર.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. મને કિફાયતી (સાદગી અને મધ્યમતા) નો તાજ પહેરાવ, તારી મોહબ્બતની મહેરબાનીઓનો શણગાર અતા કર, મારી નેક હિદાયત કર, ગુણવતા થકી મારી પરીક્ષા ન કર, મને આરામની ખૂબસૂરતી અતા કર તથા મારૂં જીવન ભરપૂર પરીક્ષાઓ વાળું ન બનાવ અને મારી દુઆને રદિયો આપી નામંજૂર ન કર કારણ કે હું બીજા કોઈને તારો હરીફ નથી સમજતો

તથા એમ પણ નથી જાણતો અથવા કહેતો કે તારી બરાબરીનો બીજો કોઈ છે.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. મને કુજ્લખર્ચીથી (ઇસરાફથી) બચાવ, મારી રોજી વેડફાઈ જવાથી બચાવ, મારી મિલકતમાં બરકત અતા કરી વધારો કર અને હું જે કંઈ પણ ખર્ચ કરૂં તે તારી નેક રાહમાં તથા ભલાઈની સાથે હોય એવી તૌફીક અતા કર.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. રોજી કમાવવાની સખત મહેનત મારા માટે સહેલી કર અને મને બેહિસાબ રોજી અતા કર જેથી રોજી કમાવવની લાલચ મને તારી ઇબાદતથી ગાફેલ ન કરી દે તથા અપ્રમાણિકતાથી ધન કમાવવાના સખત પરિણામ મને ભોગવવા ન પડે. અય રબ ! તારી કુદરતથી મારી હાજત પૂરી કર અને જે ડર છે તેનાથી તારી ઇજ્જત થકી મને પનાહ અતા કર.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. મને ગુણવતા અતા કરી મારી આબરૂની સંભાળ લે અને મારી ખ્યાતિને ગરીબી થકી ઉદાસ ન કર જેથી મને એ લોકો પાસે માંગવાની જરૂરત ન પડે જેઓને તું રોજી અતા કરે છે અથવા મને કોઈ દુર્જનનો ઉપકાર મેળવવો ન પડે નહિં તો મારા ઉપર એહસાન કરનારાના મને વખાણ કરવા પડશે તથા તેની વિરૂધ્ધ ખરાબ બોલવું પડશે જેણે મને મદદ માટે મનાઈ કરી હશે

જયારે કે તેઓ સૌ કરતા વધારે અતા કરનાર તથા મનાઈ ફરમાવનાર માલિક તું છે.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. મને મારી ખરી તથા સંપૂર્ણ ઈબાદત કરવાની તૌફીક અતા કર. પરહેઝગારીમાં આનંદ, ઇલ્મ સાથે ના અમલો અને પવિત્રતા સાથે ભલાઈ અતા કર. અય રબ ! મારા આયુષ્યને તારી મગફેરત સાથે સમાપ્ત કર તથા તારી રહેમત માટેની મારી આશાને સત્યનું (હકીકતનું) સ્વરૂપ અતા

કર.તારી ખુશી મેળવવી મારા માટે સહેલી બનાવ અને દરેક સંજોગોમાં અમલે-ખૈર બજાવી લાવવની તૌફીક ફરમાવ.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર.

મારી ગફલતના સમયે મને તારો ઝિક્ર કરવાની તૌફીક અતા કર, નવરાશના સમયે મને તારી ઇબાદતમાં મગ્ન રહેવાની તૌફીક અતા કર અને તારી મોહબ્બત પ્રત્યેની એવી

નેક રાહ ઉપર મારી હિદાયત કર કે હું દુનિયા તથા આખેરતની ભલાઈ પામી શકું.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. એવી રહેમત જે તેમનાથી પહેલાના તારા બંદાઓ ઉપરની રહેમત કરતા વધારે હોય અને એના કરતા પણ વધારે હોય જે તું તેમના પછી કોઈના ઉપર ભવિષ્યમાં નાઝિલ કરનાર છે.

અય મારા રબ્બ ! અમને આ દુનિયાની તથા અખેરતની નેકીઓ અતા કર અને તારી

રહેમત થકી જહન્નમની આગના પનાહ અતા કર.

તારી રહેમતની સાથે.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …

www.hajinaji.com

• Like us on Facebook •

## ૨૧-કોઈ રંજના સમયે અથવા કોઈ ભૂલના કારણે ઉદાસીના સમયે તેમની દુઆ.

અય અલ્લાહ ! અય અશક્ત મનુષ્યના રક્ષણહાર ! ભયંકર વસ્તુઓ વિરૂધ્ધ તું રક્ષણ અતા કરનાર છે. મને મારી ભૂલોએ એકલો કરી દીધો છે, મારો કોઈ સાથીદાર નથી, તારા ક્રોધથી હું નબળો થઈ ગયો છું અને મારો કોઈ મદદગાર નથી. તારી (નિશ્ચિત) મુલાકાતના ભયથી હું લાગણીવશ બની ગયો છું, મારી નબળાઈને સરભર કરનારૂં કોઈ નથી, (તારા સિવાય બીજું) નથી કોઈ જે મારા ભયને ટાળી

શકે જયારે તુંએ મને એકલો બનાવી દીધો છે અને જયારે મને અશક્ત બનાવી દીધો છે તો કોણ છે જે મને શક્તિશાળી બનાવી શકે ?

અય અલ્લાહ ! કોઈ નથી જે મખ્લૂકને પનાહ આપી શકે સિવાય ખાલિક, કોઈ નથી જે અશકતની રક્ષા કરી શકે સિવાય શક્તિશાળી અને કોઈ નથી જે મતલબ શોધનારની મદદ કરે સિવાય મતલબનો જાણનાર. તારા હાથમાં છે અય રબ ! આ સર્વે સહાયતા કરવાનો માર્ગ, તારી જ બારગાહમાં પનાહ અને રક્ષણ છે. તેથી, હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ

આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર, મારી નાસભાગમાંથી મને બચાવ અને મારી ઈચ્છાઓ પૂરી કર.

અય અલ્લાહ! જો તું મારાથી નિગાહે કરમ ફેરવી લઇશ અને તારી બહોળી રહેમતને મારાથી રોકી લઇશ અથવા તારી બહોળી રોજીથી મને વંચિત રાખીશ અથવા મારી સાથે નો તારો સંબંધ તોડી નાખીશ તો મારી ઈચ્છાઓ પૂરી કરવા માટે મને તારા સિવાય બીજું કોઈ નહિં જડે. તારી પાસે જે કંઈ છે તેના ઉપર હું બિલકુલ કુદરત નથી ધરાવતો અને બીજા

કોઈની મદદ થકી પણ નહિં સિવાય તું. બસ હું તારો બંદો છું અને તારા તાબામાં છું. મારી ગિરફતારી તારા હાથમાં છે, તારા હુકમની સામે મારો હુકમ નથી ચાલતો, મારા ઉપર તારો હુકમ ચાલે છે, મારા સંબંધી તારો ફેસલો ન્યાયપૂર્ણ છે, તારી બાદશાહતમાંથી નાસી જવાની મારામાં શક્તિ નથી અથવા નથી તારી સત્તાથી હું આગળ વધી શકતો, તારી મોહબ્બતને હું આકર્ષી નથી શકતો અથવા નથી તારી ખુશી મેળવી શકતો અથવા નથી તારી નેઅમતો

મેળવી શકતો સિવાય તારી ઈબાદત થકી તથા તારી બહોળો (વસીઅ) રહેમત થકી.

અય મારા રબ ! હું વહેલી સવારે ઊઠ્યો અને દિવસના અંત સુધી તારા નમણા બંદા તરીકે રહ્યો. મારા નફસને નફો-નુકસાન પહોચાડવાની મારામાં કોઈ શક્તિ નથી. અને તારા થકી મારા નફસ વિરૂધ્ધ હું આ ગવાહી આપું છું, મારી નબળાઈને કબૂલ કરૂં છું તથા મારી લાચારી વ્યક્ત કરૂં છું, તેથી, તુંએ મને જે વાયદો આપ્યો છે તે પૂરો કર, તુંએ મને જે અતા કર્યું છે તેને સંપૂણતા અતા કર કારણ કે હું તારો

મિસ્કીન (ગરીબ), નમણો, નબળો, હતાશ, ધિક્કારને પાત્ર, ત્યજી દેવાને પાત્ર, મૂલ્યહીન, જરૂરતમંદ, ભયભીત અને રક્ષણયાચક બંદો છું.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર, મને તૌફીક અતા કર કે તુંએ મને જે કંઈ નેઅમતો અતા કરી છે તેના કારણે તારો ઝિક્ર હું ભૂલી ન જાઉં અને તુંએ મારા ઉપર જે એહસાનો કર્યાં છે તેનાથી ગાફેલ ન થઈ જાઉં. મારી દોઆની મંજૂરીની બાબત અંગે મને નાઉમેદ ન કર ભલે

પછી મારી મદદ કરવામાં તું વિલંબ કરે અને ભલે પછી હું શ્રીમંત હોઉં કે ગરીબ, મુશકેલીઓમાં હોઉં કે આરામમાં, સલામતીમાં હોઉંકે મુસીબતમાં, ખાનગીમાં હોઉં કે જાહેરમાં, તવંગર હોઉં કે જરૂરતમંદ અથવા ઉદાસ હોઉં કે ખુશહાલ.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર, મને તૌફીક અતા કર કે દરેક સંજોગોમાં હું તારી પ્રશંસા કરૂં, તારા વખાણ કરૂં અને તારો શુક્ર કરૂં

જેથી જે કંઈ પણ તુંએ મને અતા કર્યું છે તેના કારણે મને ઘમંડ ન આવી જાય અને ન તો એનાથી હું ઉદાસ થઈ જાઉં જે તુંએ મને અતા નથી કર્યું. મારા દિલમાં તારા ખોફની લાગણી નાખ અને એવી તૌફીક અતા કર કે હું મારા શરીરનો ઉપયોગ એવા જ કાર્યોમાં કરૂં જે કાર્યોને તું કબૂલ કરે છે. મને જે કંઈ પણ થાય તેની તરફ ધ્યાન આપતાં મારા નફસને તારી ઈબાદતમાં મગ્ન રહેવાની તૌફીક અતા કર જેથી હું એવી કોઈ વસ્તુને પસંદ ન કરૂં જેને તું

પસંદ નથી કરતો અને એવી કોઈ વસ્તુને નાપસંદ ન કરૂં જેને તું પસંદ કરે છે.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. મારા દિલમાં તારી ભરપૂર મોહબ્બત અતા કર, તેને તારો ઝિક્ર કરવામાં મગ્ન રાખ, તેમાં તારો ખોફ વધારીને હંમેશા તેને મારાથી ભયભીત રાખ, તારી તરફ આગળ વધવાની (રગબત કરવાની) શક્તિ અતા કરી તેને મજબૂત કર, તેને તારી ઇતાઅત (હુકમોની ફરમાબરદારી)

ની પ્રેરણા અતા કર, તેને એવી રાહ ઉપર ચાલવાની તૌફીક અતા કર જેને તું બહુજ પસંદ કરે છે અને મારી સંપૂર્ણ જિંદગીમાં તેને એ માટે ઇચ્છુક રાખ જે તારી જ બારગાહમાં પ્રાપ્ત થઈ શકે છે.

આ દુનિયાથી સફર કરતી વખતે તારા ખોફને (તકવાને) મારૂં ભાથું કરાર આપ, મારી વિદાય તારી રહેમત તરફ હોય અને તારી ખુશીમાં મારૂં દાખલ થવાનું હોય. મને તારી જન્નતમાં રહેઠાણ અતા કર, મને શક્તિ અતા કર કે હું તારી સંપૂર્ણ ખુશીનો બોજ ઉપાડી શકું, મારી

નાસભાગ તારી તરફ હોય અને હું એનો જ ઇચ્છુક રહું જે તારી બારગાહમાં છે. દુર્જનોથી છેટે રહેવા માટેનો મારા દિલને પોશાક અતા કર અને મને તારી, તારા દોસ્તોની (અવલિયાઓની) તથા તારા નેક (ફરમાબરદાર) બંદાઓની મોહબ્બત અતા કર.

કોઈ બદકાર અથવા કાફરના ઉપકારના બોજ હેઠળ દબાઈ જવાથી મને પનાહ અતા કર; ન હું એવા કોઈ ઉપર ઉપકાર કરૂં અથવા ન તો મને તેની કોઈ જરૂરત પડે, બલકે મારા દિલની શાંતિ, મારા નફ્સને ચેન, મારી સ્વતંત્રતા અને

મારૂં સ્વાવલંબન તારા તરફથી હોય તથા તારા નેક બંદાઓના કારણે હોય.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર, તેમના સાથીઓમાં મારો શુમાર કર, મને તેમનો સહાયક બનાવ અને તારો જ ઈચ્છું રહું એવી તૌફીક અતા કર. મને એવા કાર્યો કરવાની તૌફીક અતા કર જે તને પસંદ છે અને જેને તું કબૂલ રાખે છે.

નિ:શંક, તું દરેક વસ્તુ ઉપર કુદરત ધરાવનાર છે અને આ તારા માટે સહેલું છે.

તારી રહેમતની સાથે.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …
www.hajinaji.com

• Like us on Facebook •

## ૨૨-દુ:ખ, મુસીબત અને સખત મુશ્કેલીના સમયે તેમની દુઆ.

અય અલ્લાહ ! તુંએ મારા ઉપર જે અમલ ફરજિયાત કર્યો છે તે માટે મારા નફસ કરતા તું વધારે કુદરત ધરાવે છે. તેના ઉપર તથા મારા ઉપર મારા કરતા વધારે તારી સત્તા છે. તેથી, મારા નફ્સને એવી તૌફીક અતા કર જેનાથી તું રાજી રહે. મારા નફસ થકી શાંતિ-સુરક્ષા સાથે એવા કામો પરિણામ આપ જેનાથી તને સંતોષ થાય (તું રાજી રહે).

અય અલ્લાહ ! મારામાં મુસીબતો વેઠવાની શક્તિ નથી અથવા દુ:ખના સમયે મારામાં ધીરજ અને ગરીબી સહન કરવાની તાકત પણ નથી, તેથી, મને રોજીથી તું વંચિત ન રાખ, તું મારા માટે કાફી થઈને મારા ઉપર નિગાહે-કરમ કર તથા દરેક બાબતમાં મારી સંભાળ લે કારણ કે જો તું મને મારા અંત:કરણ (નફસના) આધારે મૂકી દઇશ તો જરૂર મને તેનાથી નિરાશ જ પ્રાપ્ત થશે અને હું એ કામ કરવામાં નિષ્ફળ જઇશ જેમાં તેની ભલાઈ સમાયેલી હશે.

જો તું મને તારી મખ્લૂકના આધાર મૂકી દઇશ તો તેઓ મારી તરફ ધૃણાની નજરથી જોશે. જો તું મને મારા સંબંધીઓને આધારે મૂકી દઇશ તો તેઓ મને નિરાશ જ કરશે. જો તેઓ મને કંઈ આપશે તો તે થોડું જ (હશે) આપશે, અચકાઈને આપશે, મને દોષિત ગણશે અને લાંબા સમય મારી ટીકા કરશે. તેથી, તારા ફઝલો-કરમ થકી મને સ્વતંત્ર બનાવ, તારી બાદશાહત થકી મને પ્રગતિશીલ બનાવ, તારી શક્તિ થકી મને તવંગર બનાવ અને તારી

બારગાહમાં જે કંઈ છે તેના થકી મારી જરૂરતો પૂરી કર.

. અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. મને ઈર્ષાથી પનાહ અતા કર, મને ગુનાહોથી બચાવ અને મને હરામ કામોથી પરહેઝ કરવાની તૌફીક અતા કર; હું તારી નાફરમાની કરવામાં ઉતેજિત ન થાઉં, હું તારાથી જે આશા રાખું અને જે કંઈ પણ તુંએ મને અતા કર્યું છે. તેનાથી હું સંતોષ પામું. તું જે કંઈ રોજી અતા કર છે તેમાંથી જે કંઈ

મારા માટે નીમ્યું છે તેમાં અને જે કંઈ નેઅમતો મને અતા કર છે તેમાં બરકત (સંપૂર્ણ તથા સંતોષ) અતા કર. દરેક હાલતમાં મને સુરક્ષા, સલામતી, બચાવ, હિફાઝત, અમાન અને પનાહ અતા કર.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર તુંએ મારા ઉપર જે કંઈ ફરજિયાત કર્યું છે તે બજાવી લાવવામાં અને તારી ઇતાઅતમાં (હુકમની ફરમાબરદારીમાં) તથા તારી કોઈ મખ્લૂકને

મદદરૂપ થવામાં મારી મદદ કર. જો એમ કરવામાં શારીરિક રીતે હું અશક્ત હોઉં, તે માટે મારામાં તાકાત ન હોય, તે પૂરૂં કરવામાં મને નિષ્ફળતા મળતી હોય અને મારો માલ તથા મિલકત મને તેમાં ઓછા પડતા હોય, ચાહે તે મને યાદ હોય કે ભૂલી ગયો હોઉં અને એ એવું હોય જેને તુંએ મારા માટે ન જ નિમ્યું હોય તથા મારા નફ્સે તેમાં ગફલત કરી હોય, તો તારા બહોળા કરમ થકી અને અપાર શક્તિ થકી તે બજાવી લાવવાની મને શક્તિ તથા તૌફીક અતા કર. નિ:શંક, તારી બારગાહમાં જે છે તે પુષ્કળ છે

અને તું વસીઓ-કરીમ (વાસેઉન કરીમ) છે. જયારે હું કયામતના દિવસે તારી બારગાહમાં હાજર થાઉં ત્યારે મારામાં એવું કંઈ બાકી ન રહે જેના કારણે તું મારી નેકીઓમાં ઘટાડો કરે અથવા ગુનાહોમાં વધારો કરે, અય પાલનહાર !

અય અલ્લાહ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. તારી ખુશી માટે તથા મારી આખેરત (ના સારા પરિણામ) માટે મને સારો કામો કરવાની પ્રેરણા અતા કર, ત્યાં સુધી કે તેની સચ્ચાઈનો મારા

દિલને વિશ્વાસ થઇ જાય, મારી દુન્યવી જિંદગીમાં પરહેઝગારી (ઝોહ્દ) સ્થાપિત થઇ જાય, હું સ્વેછાથી સારા કામો કરૂં અને તારા ખોફ તથા ડરના કારણે ખરાબ કામોથી પરહેઝ કરૂં. અને મને ઈમાનની (શ્રદ્ધાની) રોશની અતા કર જેના થકી હું લોકોમાં વસી શકું, મુશ્કેલીના સમયે હિદાયત પામી શકું અને મારા કામોમાં આડે આવતી શંકા તથા અનિશ્ચિતતાને દૂર કરી શકું.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. જે

સજાની તુંએ ચેતવણી આપી છે તેનો ખોફ અતા કર, ત્યાં સુધી કે પહેલાથી જ મને તેની સચ્ચાઈ વિષે જાણ થઇ જાય અને તેમનાથી હું પનાહ માગું છું. અને તુંએ જે ઈનામનો વાયદો કર્યો છે તેની મને તીવ્ર ઈચ્છા અતા કર, ત્યાં સુધી કે પહેલેથી જ મને તેના લાભ વિષે જાણ થઇ જાય અને તે માટે હું તારી બારગાહમાં દુઆ કરૂં છું.

અય અલ્લાહ! નિ:શંક, આ દુનિયા તથા આખેરતના સંબંધમાં મારા માટે જે યોગ્ય છે તે તું જ જાણે છે. તેથી, મારી જરૂરતો પૂરી કર.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. તવંગરી, ગરીબી, બીમારી, અને તંદરસ્તીના સમયે. તુંએ મને જે નેઅમતો અતા કરી તેનો પૂરતો શુક્ર કરવામાં જો હું નિષ્ફળ થાઉં તો મને એ અતા કર જે તું યોગ્ય જાણે છે, ત્યા સુધી કે તારી ખુશી થકી મને શાંતિ મળે તથા ખોફ, શાંતિ, ખુશી, ક્રોધ અને દરેક લાભ-નુકસાનના સમયે તારા તરફથી મારી ફરજ (ઈબાદત) થકી

મારા નફસમાં મારી સદબુધ્ધિનો હું સંતોષ પામું.

અય અલ્લાહ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. મારા દિલને ઈર્ષાંથી સ્વતંત્રતા અતા કર, ત્યાં સુધી કે તારી મખ્લૂકને તુંએ અતા કરેલા કોઈ પણ ફઝલની હું ઈર્ષા ન કરૂં અને દુનિયા અથવા આખેરતની બાબતમાં તારી મખ્લૂકને તુંએ અતા કરેલી કોઇપણ નેઅમત તરફ હું નજર ન કરૂં, ભલે પછી તે નેઅમત ભલાઈની હોય કે

પવિત્રતાની, તવંગરી હોય કે આરામની. અને મારા માટે તેનાથી વધારે સારી નેઅમતોની શુભેચ્છા તારા થકી તથા તારી બારગાહમાં હું રાખું. તું એક છે તથા તારો કોઈ શરીક (ભાગીદાર) નથી.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. મને ખામીઓથી હિફાઝત અતા કર. આ દુનિયા અને આખરેતમાં તથા સુખ અને દુ:ખમાં મને ભૂલોથી રક્ષણ અતા કર, ત્યાં સુધી કે મને કંઈ પણ થાય

તો હું મારી સૂઝમાં રહું, તારી ફરમાબરદારી (ઇતાઅત) કરતો રહું, મારા દોસ્તો તથા દુશ્મનો સાથે વર્તાવમાં બધી જ બાબતો ઉપર તારી ખુશીને સર્વોપરી જાણું જેથી મારો દુશ્મન મારા જુલમ તથા અત્યાચારથી સુરક્ષિત રહે તથા મારા દોસ્તો મારાથી પક્ષપાત તથા મારા નફસની નબળાઇના ઈચ્છુક ન રહે.

જે રીતે મુસીબતોમાં સપડાયેલા તારી બારગાહમાં દુઆ કરે છે તે જ રીતે સુખના સમયમાં પણ તારી બારગાહમાં સુનિષ્ઠાથી

દુઆ કરનારા તારા નેક બંદાઓમાં મારો શુમાર કર. નિ:શંક, તું વખાણને લાયક અને મહાન છે !

તારી રહેમતની સાથે.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …

www.hajinaji.com

• Like us on Facebook •

## ૨૩-સુરક્ષા માગવા માટે અને શુક્ર અદા કરવા માટે તેમની દુઆ.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. મને તારી સુરક્ષાનો પોશાક અતા કર, મને તારી સુરક્ષા થકી સન્માનિત કર, તારી સુરક્ષા થકી મારી હિફાઝત કર, તારી સુરક્ષા થકી મને સ્વતંત્ર બનાવ, તારી સુરક્ષા મને સદકામાં અતા કર, મને તારી સુરક્ષા અતા કરી મારા ઉપર એહસાન કર, તારી સુરક્ષા મારા માટે વિસ્તૃત

કર, તારી સુરક્ષા મારા માટે યોગ્ય બનાવ અને તેની તથા મારી વચ્ચે કોઈ અંતર ન રાખ, આ દુનિયામાં અને આખેરતમાં પણ.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર.

મને એવી સુરક્ષા અતા કર જે પૂરતી હોય, શફાઅત આપનારી હોય, સર્વોચ્ચ હોય, વૃદ્ધિ પામનારી હોય અને એવી સુરક્ષા હોય જે મારા શરીરમાં પણ સુરક્ષા ઉત્પન્ન કરે, આ દુનિયાની સુરક્ષા અને આખેરતની પણ.

મને તંદુરસ્તી, ઈમાન, શરીરની સલામતી અને શાંતિ અતા કર. મને દિલમાં સાચી રાહ (બસીરત), મારી કારકિર્દીમાં સફળતા, તારો ખોફ તથા ડર, અને તુએ હુકમ કરેલ કામો પર અમલ કરવાની તોફીક અતા કર, તુંએ મનાઈ ફરમાવેલી વસ્તુઓ તથા કામોથી પરહેઝ કરવાની ઇસ્મત અતા કર.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર.

મને હજ તથા ઉમરા બજાવી લાવવાની તૌફીક અતા કર, તારા રસુલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની કબરે મુબારકની ઝિયારત કરવાની તૌફીક અતા કર, તેમના ઉપર તથા તેમની આલ ઉપર તારી રહેમતો-બરકત નાઝિલ કર અને તેમની આલ (અલય્હિસ્સલામ)ની કબરે મુબારકની ઝિયારત કરવાની તૌફીક અતા કર, આ વર્ષે ભવિષ્યના દરેક વર્ષોમાં, જયાં સુધી હું જીવિત રહું. અને મારાથી આ ઈબાદતને તારી બારગાહમાં કબૂલ કર, મંજૂરીને લાયક બનાવ અને તેને મારા

અમલનામાના હિસાબમાં તારી બારગાહમાં જમા કર તથા યાદીમાં સલામત રાખ.

મારી જીભને તારા વખાણ કરવાની, તારો શુક્ર અદા કરવાની, તારો ઝિક્ર કરવાની અને તારી હમ્દો-સના કરવાની તૌફીક અતા કર. તારી અતા કરેલી ઈમાનની હિદાયત થકી મારા દિલને બહોળું કર અને મને તથા મારી ઓલાદને એ શૈતાનથી પનાહ અતા કર જેને તારી બારગાહમાંથી પથ્થરો મારી હાંકી કાઢવામાં આવ્યો હતો. તારી ઝેરી તથા ડંખનારી, બીભત્સ તથા કપટી મખ્લૂકની

ખરાબીથી મને પનાહ અતા કર, દરેક માથા ભારે શૈતાનની ખરાબીથી પનાહ અતા કર, દરેક જુલમી બાદશાહની ખરાબીથી મને પનાહ અતા કર અને દરેક ઈર્ષાળુ તથા ઘંમડી શ્રીમંતોની ખરાબીથી મને પનાહ અતા કર.

દરેક નબળા તથા શક્તિશાળીની ખરાબીથી, દરેક ઉચ્ચ તથા નીચ લોકોની ખરાબીથી, દરેક નાના તથા મોટા લોકોની ખરાબીથી, દરેક નજીકના તથા દૂરના લોકોની ખરાબીથી અને દરેક મનુષ્ય તથા જિનોની ખરાબીથી મને પનાહ અતા કર જેઓ તારા

રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) તથા તેમની આલના દુશ્મન અને તેમની સાથે જંગ કરનારા હતા. પૃથ્વી ઉપર ચાલનારી દરેક મખ્લૂકની ખરાબીથી તથા જેઓની પકડ તારા કબજામાં છે તેઓની ખરાબીથી મને પનાહ અતા કર. નિ:શંક, તું સાચી રાહ ઉપર છે.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. જે કોઈ પણ મારા સંબંધી મારી ખરાબી ઈચ્છે છે તેને

મારાથી દૂર કર, મારા સંબંધી તેની લુચ્ચાઈને નાબૂદ કર, તેની ખરાબીને મારાથી દૂર કર, તેના ફરેબને તેના જ ગળા ફરતો નાખી દે, તેની સમક્ષ એક દીવાલ ઊભી કરી દે જેથી તે આંધળો બની જાય તથા મને જોઈ ન શકે, તેને બહેરો બનવી દે જેથી મારા વિષે તે કંઈ સાંભળી ન શકે, તેના દિલ ઉપર મોહર લગાવી દે જેથી મારા સંબંધી તે કંઈપણ વિચાર ન કરી શકે, તેને મૂંગો બનાવી દે જેથી તેની જીભ મારા વિષે કંઈપણ બોલી ન શકે, તેનું માથું પકડી તેને બે ઇજ્જત કરી દે, તેમાં ઘમંડને તોડી નાખ તથા

તેની ગરદન નમાવી દે, તેની બડાઈનો નાશ કર અને તેની દરેક ખરાબીઓથી, બદકારીઓથી, નિંદાઓથી, અફવાઓથી, મને બદનામ કરવાની કોશિશોથી, ફરેબોથી, હથિયારોથી, ફંદાઓથી અને તેના સિપાહીઓ તથા લશ્કરથી મને સુરક્ષા અતા કર.

નિ:શંક, તું શક્તિશાળી અને (દરેક વસ્તુ ઉપર) કુદરત ધરાવનાર છે !

તારી રહેમત થકી.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

## ૨૪-તેમના વાલેદૈન (અલય્હિસ્સલામ) માટે તેમની દુઆ.

અય અલ્લાહ ! તારા બંદા તથા રસૂલ હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમના કુટુંબીજનો ઉપર રહેમત નાઝિલ કર. તારા સર્વોતમ એહસાનો, રહેમત, બરકતો અને તારી સલામતી થકી તેમણે સન્માનિત કર. અય અલ્લાહ ! તારી બારગાહમાં મારા વાલેદૈનને શ્રેષ્ઠતા અને તારી ખાસ રહેમતથી સન્માનિત કર, અય સૌથી વધારે રહેમ કરનાર !

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. મને તારી પ્રેરણા થકી મારા વાલેદૈન પ્રત્યેની મારી ફરજો વિષે ઇલ્મ અતા કર; આ વિષે મને સંપૂર્ણ ઇલ્મ એકત્રિત રીતે અતા કર તથા મને તારી પ્રેરણા મુજબ અમલ કરવાની તૌફીક અતા કર અને મને એવી તૌફીક અતા કરે કે હું આ ઇલ્મ સંપૂર્ણ રીતે સમજી શકું તથા કોઈ પણ સંજોગોમાં તુંએ જે શીખવ્યું છે તે મુજબ અમલ કરવાનું હું ચૂકી ન જાઉં અથવા તુંએ મને જે

પ્રેરણા અતા કરી છે તે મુજબ અમલ કરવામાં મારા હાથપગ ભારે થઇ આળસ ન કરી જાય.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. જેમના કારણે તુંએ તારી મખ્લૂક ઉપર અમને અધિકાર અતા કર્યો છે. મારા વાલેદૈનનો મને એવો ખોફ અતા કર જેવી રીતે હું એક ક્રૂર બાદશાહથી ડરૂં અને તેમની એવી મોહબ્બત અતા કર જેવી રીતે એક રહેમદિલ માનો હેત. તેમની ફરમાબરદારી (ઇતાઅત) કરવી તથા તેમના સાથે ભલાઈ

(નેકી) કરવી મારા માટે આકર્ષક બનાવ જેવી રીતે એક નિદ્રાધીન માટે નિદ્રા હોય છે, અને એવી હૈયાધારણ બનાવ જેવી રીતે એક તરસ્યા માટે પાણી હોય છે, ત્યાં સુધી કે હું મારી ઈચ્છાઓ ઉપર તેમની ઈચ્છાઓ પહેલે પસંદગી આપું તથા મારી જરૂરતો પહેલા તેમની જરૂરતો પૂરી કરૂં. મારી સાથે તેમની થોડી એવી ભલાઈ પણ હું ઘણી સમજું અને તેમના સાથે મારી મોટી ભલાઈને પણ થોડી એવી સમજું.

અય અલ્લાહ ! અને મને તૌફીક અતા કર કે તેમની સમક્ષ મારો અવાજ હું ધીમો રાખું તથા

મારી વાણી તેમને યોગ્ય લાગે તેવી હોય, તેમની સાથે મારો વર્તાવ નમ્ર રાખવાની તૌફીક અતા કર તથા મારા દિલને તેમના માટે મહેરબાન બનાવ અને તેઓ બન્ને સાથે મને નમણો તથા વિનમ્ર બનવાની તૌફીક અતા કર.

અય અલ્લાહ ! મને ઉછેરીને મોટો કરવા બદલ તેઓને ઇનામ અતા કર, મને હેત કરવા બદલ તેમને તેનો બદલો અતા કર તેઓની હિફાઝત કર જેવી રીતે મારા બાળપણમાં તેઓએ મારી હિફાઝત કરી.

અય અલ્લાહ ! મારા તરફથી તેઓને જેટલી તકલીફો પહોચી હોય, મારા કારણે તેઓને જેટલી પણ નારાજી થઇ હોય અથવા તેમના પ્રત્યેની મારી કોઇ પણ ફરજમાં ખામી રહી ગઈ હોય તો તેના થકી તું તેમના ગુનાહોની મગફેરત કર, તારી બારગાહમાં તેમનો દરજ્જો વધાર અને તેમના અમલે ખૈરમાં વૃદ્ધિ કર, અય તું ! જે બદ અમલોને અમલે ખૈરમાં વધારો અર્પણ કરી ફેરવી નાખનાર છે.

અય અલ્લાહ ! અને તેઓ મને કંઈ વધારે પડતું બોલ્યા હોય અથવા મારે સાથે એવો

વર્તાવ હોય જે વધારે પડતો હોય અથવા મારો કોઈ અધિકાર આપવાનું તેઓ ચુકી ગયા હોય અથવા એવી કોઈ મારા પ્રત્યેની ફરજ જે તેઓ પૂરી ન કરી શક્યા હોય. તો, નિ:શંક હું તેઓને દરગુજર કરૂં છું અને  તેઓની તરફદારી માટે રાજી છું. હું તારી બારગાહમાં દુઆ કરૂં છું કે આવી કોઈ બાબત માટે તેઓને તું સજાપાત્ર ન કરાર ફરમાવ કારણ કે, નિ:શંક, તેઓએ જાણી જોઈને મને દુ:ખ પહોચાડયાનો દોષ હું તેમને નથી આપતો હું એમ પણ નથી માનતો કે તેઓએ મારી સાથે ભલાઈ કરવામાં કોઈ ખામી

રાખી હોય અને તેઓએ મારી જે સંભાળ લીધી છે તેને હું નજીવી પણ નથી સમજતો; અને કારણ કે, અય અલ્લાહ ! તેઓના મારા ઉપર મહત્વના હકો એટલા છે, મારી સાથે ની તેઓની ભલાઈઓ એટલી સર્વોચ્ચ છે અને હું તેઓનો એટલો એહસાનમંદ છું કે નથી હું તેને પહોંચી શકતો અને નથી તેનો પૂરી રીતે બદલો ચૂકવી શકતો.

અય મારા રબ ! મને ઉછેરવામાં તેઓએ જે દુ:ખ વેઠયા છે, મારી હિફાઝત માટે જે સખત મહેનતો કરી છે અને મને આરામ તથા સુખ

આપવા માટે તેઓએ પોતાનો જે આરામ ત્યજી દીધો છે, તે સર્વે એહસાનોનો બદલો હું કેવી રીતે ચૂકવી શકું ? અફસોસ ! અફસોસ ! (હું તેમ કરી શકું એ શક્ય જ નથી.) તેમના હક મારાથી અદા નથી થઈ શકતા, તેઓના મારા ઉપરના હકો હું પૂરી રીતે સમજી પણ નથી શકતો અને તેમની પૂરી સેવા કરવા માટે પણ હું અશકત છું.

તેથી, અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર અને મારી મદદ કર, અય જઓથી સહાયની વિનંતી

કરી શકાય તેઓમાં સર્વોતમ સહાય કરનાર ! મને તૌફીક અતા કર, અય હિદાયત કરનારાઓમાં સર્વશ્રેઠ, જેની તરફ લોકો (રૂજૂઅ થઈ) ધસીને આવે છે ! અને મારો શુમાર એ દિવસે મા-બાપે આક કરેલાઓમાં ન કર જે દિવસે દરેક નફસને એ જ બદલો આપવામાં આવશે જે એણે કમાવ્યું છે અને તેઓ સાથે અન્યાય કરવામાં નહિં આવે.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. તથા

તેમના વંશમાંથી તેમની ઓલાદો ઉપર રહેમત નાઝિલ કર. તારા મોમીન બંદાઓના મા-બાપને તુંએ જે ખાસ દરજ્જો અતા કરી સન્માનિત કર્યો છે તેવું જ ખાસ અને શ્રેષ્ઠ સન્માન મારા વાલેદૈનને પણ અતા કર, અય સૌથી વધારે રહેમ કરનાર ! અય અલ્લાહ ! મને એવી તૌફીક અતા કર કે મારી દરેક નમાઝ પછી, દરેક રાતના સમયોમાં તથા દરરોજ દરેક કલાકોમાં મારા વાલેદૈનનો ઝિક્ર કરવાનું હું ભૂલી ન જાઉં.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને

તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. મારા વાલેદૈન માટેની મારી દુઆ કબૂલ કર તથા તેમની મગફેરત કર, તેઓની મારા ઉપર રહેમદિલીના કારણે તેમને તું જરૂર મગફેરત અતા કર, તેઓ માટે મારી મધ્યસ્થીના કારણે તું તેઓથી પૂરી રીતે રાજી થવાનું અમારા ઉપર એહસાન કર અને તારી રહેમત થકી તેઓનો દરજજો ઉચ્ચ ફરમાવી તેઓને તારી બારગાહમાં સલામતીનું ઠેકાણું અતા કર.

અય અલ્લાહ ! મારી દોઆના પહેલા જો તેઓ તારી મગફેરત મેળવી ચુક્યા હોય તો

તેઓને મારી શફાઅત કરનાર (મારા માટે મધ્યસ્થી કરનાર) કરાર આપ અને જો તારી બારગાહમાં તેમના કરતા પહેલા મારી મગફેરત થઇ ગઈ હોય તો મને તેમના માટે મધ્યસ્થી કરવાની તક અતા કર, જેથી તારી રહેમત થકી તારી બારગાહમાં તારી મગફેરત અને રહમતથી ભરપુર હોય એવી જગાએ અમે ભેગા મળી જઈએ. નિ:શંક, તારી ઉદારતા મહાન છે, તારી મહેરબાનીઓ અપાર છે અને તું સૌથી વધારે રહેમ કરનાર છે.

તારી રહેમત થકી.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …
www.hajinaji.com

• Like us on Facebook •

## ૨૫-તેમની ઓલાદ માટે તેમની દુઆ.

અય અલ્લાહ ! મારી ઓલાદને મારી સાથે સુલેહ-શાંતિથી રહેવાની તૌફીક અતા કર, તારી રહેમત થકી મને તેમનો સાથ અતા કર અને તેઓને બાકી રાખવાનું મારા ઉપર એહસાન કર.

મારા રબ ! મારા માટે તેઓનું આયુષ્ય લાંબુ કર, તેઓની હયાતીની મુદ્દતમાં વધારો કર અને નાનપણના નાજુક વર્ષોમાં મારા માટે તેમનું પાલનપોષણ કર. તેઓમાંના નબળાઓને શક્તિ અતા કર અને તેઓના શરીર, ઈમાન-શ્રદ્ધા તથા નીતિ-નિયમોને

તંદુરસ્તી અતા કર; તેઓની આત્મા અને શરીરને તથા તેના સંબંધી દરેક એવી વસ્તુઓને સલામતી અતા કર જેના વિષે હું ચિંતાતુર છું અને તેઓનું ભરણપોષણ કરવા માટે મારા હાથોને શક્તિ અતા કર. તેઓને તૌફીક અતા કર કે તેઓ સદગુણી (નેક) બને, ધાર્મિક રહે, જોઈ શકે તથા સાંભળી શકે, તારી ફરમાબરદારી (ઇતાઅત) કરે, તને ચાહે, તારા દોસ્તોના શુભેચ્છક રહે અને તારા દુશ્મનોના પ્રતિકૂળ (વિરોધી) રહે તથા તેમના સાથે કઠોર બને; આમીન.

અય અલ્લાહ ! તેઓ થકી મારા હાથને મજબૂત બનાવ અને તેઓ થકી મારી કમર સીધી કર. તેઓ થકી મારો વંશ વધાર અને સમાજમાં તેઓને મારા વંશની શોભ બનાવ. તેઓ થકી મારી યાદશક્તિને પ્રગતિશીલ બનાવ અને મારી ગેરહાજરીમાં તેઓ મારા કામોની સંભાળ લઈ શકે તેવી તેઓને તૌફીક અતા કર.

તેઓ મારાથી મોહબ્બત રાખે, મારી સાથે ભલાઈ કરે, અનુકૂળ રહે (સાથ આપે), વફાદાર રહે, આજ્ઞાકિત રહે, નાફરમાની ન કરે, દુરાચારી

ન બને, પ્રતિકૂળ (વિરોધી) ન બને અને પાપી ન બને એવી તૌફીક અતા કર.

તેઓને ઉછેરવામાં, શિક્ષણ આપવામાં અને તેઓની સાથે ભલાઈ કરવામાં મારી મદદ કર, તારી બારગાહમાં તેઓની સાથે મને (બીજા) દીકરાઓ અતા કર અને એ મારા માટે લાભદાયી બનાવ. હું તારી બારગાહમાં જે કંઈપણ સવાલો કરૂં છું તેમાં મને મદદરૂપ થાય એવી તૌફીક અતા કર.

મને અને મારી ઓલાદને એ શૈતાનથી પનાહ અતા કર જેને તારી બારગાહમાંથી

પથ્થરો વરસાવી કાઢી મૂકવામાં આવ્યો હતો (કારણ કે, તેણે તારા હુકમની નાફરમાની કરી હતી તથા અભિમાની થયો હતો અને) કારણ કે તુંએ  અમને ખલ્ક કર્યાં, અમને હુકમ ફરમાવ્યો, અમારા માટે મનાઈની પાબંદીઓ ફરમાવી અને તારા હુકમોની ફરમાબરદારી (ઇતાઅત) માટે ઇનામોનો વાયદો કરી અમને આકર્ષ્યાં તથા અમારી નાફરમાની (અને શૈતાનના હુકમોની ફરબરદારી) અમારા માટે સજાપાત્ર નીવડશે એવી ચેતવણીથી માહિતગાર કર્યાં.

તુંએ તેને અમારો દુશ્મન કરાર આપ્યો કારણ કે તેણે અમને ફરેબમાં નાખ્યા, તુંએ તેને અમારામાંથી કેટલાય ઉપર સત્તા આપી છે અને અમને તેના લોકોમાંથી કેટલાક ઉપર સત્તા નથી આપી, તુંએ તેને અમારા દિલો અને લોહીની રગો સુધી પહોચવાની શક્તિ અતા કરી છે, અમે બેદરકાર (ગાફીલ) થઇ જઈએ છીએ પણ તે જરા પણ ગફલત નથી કરતો અને અમે ભૂલી જઈએ છીએ પણ તે જરા પણ નથી ભૂલતો. તે અમને તારી સજાથી (અઝાબથી) સલામત હોવાની ખોટી હૈયાધારણ આપે છે અને તારા

સિવાય બીજા કોઈની સજાથી અમને ડરાવે છે (ધમકીઓ આપે છે). જો અમે કોઈ સ્પષ્ટ ગુનાહનો ઈરાદો કરીએ છીએ તો તે માટે અમને તે ઉતેજન આપે છે અને જો અમે કોઈ નેકીનો ઈરાદો કરીએ છીએ તો તે અમને તેનાથી રોકે છે. તે અમારા દિલમાં તે ઘણી બધી શંકાઓ ઊભી કરે છે. જો તે અમને વાયદાઓ કરે છે તો તે જૂઠાં હોય છે અને જો આશાઓ બંધાવે છે તો તે અમને નિરાશ જ કરે છે. તેના ફરેબને જો તું અમારાથી દૂર નહિં કરે તો જરૂર તે અમારી ગેરદોરવણી જ કરશે અને તેની ખરાબીથી જો તું

અમને સલામતી નહિં અતા કરે તો તે જરૂર અમને ગુમરાહ જ કરશે.

અય અલ્લાહ ! તેથી, તારી બારગાહમાં અમારી ખંતીલી ઈબાદત અને દુઆના સબબથી અમારા ઉપરની તેની સત્તાને તારી શક્તિ વડે ફગાવી દે, ત્યાં સુધી કે તું તેને અમારા વતી સંપૂર્ણ અંકુશમાં લઈ લે, જેથી અમે તેના સખત ફરેબમાંથી નીકળી જઈ તારા પરહેઝગાર, સલામત તથા પવિત્ર બંદાઓના ટોળામાં દાખલ થઇ જઈએ.

અય અલ્લાહ ! મારા દરેક સવાલોને પૂરા કર, મારી દરેક જરૂરતો પૂરી કર અને મારી દુઆ રદ ન કર કારણ કે તુંએ દુઆ કબૂલ કરવાનો વાયદો કર્યો છે. અને જયારે તુંએ દુઆ કરવાનો હુકમ ફરમાવ્યો છે તો મારી દોઆને તારા સુધી પહોચાવાથી વંચિત ન ફરમાવ. તારી જે નેઅમતો આ દુનિયામાં મારી ભલાઈ માટે હોય અને આખેરતમમાં પણ, જે વસ્તુઓ માટે દુઆ કરવાનું મને યાદ રહ્યું હોય અને જે વસ્તુઓ (નેઅમતો) પણ જે માટે દુઆ કરવાનું હું ભૂલી ગયો હોઉં, જે મેં જાહેર કર્યું હોય અને જે મેં

છુપાવ્યું હોય ,જે વસ્તુઓ (નેઅમતો) માટે હુંએ દુઆ કરી હોય, અને જે વસ્તુઓ માટે હુંએ દુઆ ન કરી હોય, તે સર્વે (નેઅમતો) મને અતા કર.

મને એવી તૌફીક અતા કર કે (તારી બારગાહમાં ઈબાદત તથા દુઆઓ થકી) હું સદાચાર (નેક) લોકોમાં શુમાર થાઉં અને એ લોકોમાંથી જેઓને તારી બારગાહમાં દુઆઓની સફળતા પ્રાપ્ત થઇ છે; એ લોકોમાંથી જેઓ તારા ઉપર શ્રદ્ધા ધરાવનાર કારણે કોઈ પણ નેઅમતથી વંચિત નથી અને લોકોમાંથી જેઓ તારી સાથે તેજારત (વેપાર) કરવમાં લાભમાં

રહ્યા છે; એ લોકોમાંથી જેઓ તારી બારગાહમાં પનાહ લે છે અને એ લોકોમાંથી જે લોકો તારી ઘણી જ મહેરબાનીઓ થકી, દયા તથા ઉદારતા થકી અતા થયેલી અઢળક હલાલ રોજીના માલિક છે; એ લોકોમાંથી જેઓ તારા ન્યાય (અદલ) થકી થતી સજાથી (તારી બારગાહમાં) સંરક્ષણની યાચના કરે છે અને એ લોકોમાંથી જેઓ તારી પુષ્કળ દોલત થકી ગરીબીમાંથી નીકળી તવંગર થયા છે અને એ લોકોમાંથી જેઓ તારા ખોફ થકી ગુનાહોથી, ભૂલોથી તથા ગુમરાહીથી સુરક્ષિત છે; એ લોકોમાંથી જેઓ

તારી ફરમાબરદારી (ઈતાઅત) થકી ભલાઇ કરવા માટે નમ્ર છે, નેક તથા પ્રમાણિક છે અને એ લોકોમાંથી જેઓના તથા ગુનાહોના વચમાં તારી શક્તિ થકી એક દીવાલ છે; એ લોકોમાંથી જેઓ તમામ ગુનાહોથી પરહેઝ કરે છે અને એ લોકોમાંથી જેઓ તારી નજીક (કુરબત) ધરાવે છે. અય અલ્લાહ ! તારી મહેરબાની અને રહેમત થકી અમને આ બધું જ અતા કર. અમને જહન્નમની આગના અઝાબથી પનાહ અતા કર. આ દુનિયામાં તથા હવે પછી ભવિષ્યમાં (આખેરતમાં) દરેક મુસલમાન સ્ત્રી-પુરૂષોને,

દરેક મોમીન બિરાદરને તથા મોમીન ઓરતને આ બધી નેઅમતો અતા કર જેની દુઆ હુંએ મારા માટે અને મારી ઓલાદ માટે તારી બારગાહમાં ગુજારી છે.

નિ:શંક, તું નજીક (કરીબ) છે, જવાબ આપનાર છે, સાંભળનાર છે, જાણનાર છે, જતું કરનાર છે, ક્ષમા કરનાર છે (મગફેરત અતા કરનાર છે), કૃપાળુ તથા રહેમ કરનાર છે.

અમને આ દુનિયાની તથા આખેરતની નેકીઓ અતા કર અને જહન્નમની આગના અઝાબથી પનાહ અતા કર.

તારી રહેમત થકી.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર!

… Kitab Downloaded from …
www.hajinaji.com

• Like us on Facebook •

## ૨૬-તેમના પડોશીઓ તથા મિત્રો માટે તેમની દુઆ.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. મારા પાડોશીઓ તથા મિત્રો જેઓ મારા અધિકારોને જાણે છે તથા અમારા દુશ્મનોને ત્યજી દે છે તેઓ અને મારી વચ્ચે તારી સર્વોચ્ચ દેખરેખ થકી તુંએ મારો રક્ષક બનવાનું એહસાન કર.

તેઓની તારી સુન્નત કાયમ કરવાની અને તેઓમાં જેઓ નબળા છે તેઓની પ્રત્યે તારો

અનંત વર્તાવ અપનાવીને મહેરબાન રહેવાની તૌફીક અતા કર જેથી તેઓ તેમની જરૂરતો પૂરી કરે, તેઓમાંના બીમારોની ખબર-અંતર રાખે, તેઓમાંના જેઓ ઉપાયો શોધતા હોય તેમનું તેઓ માર્ગદર્શન કરે, મત પૂછનારાઓને તેઓ નસીહત આપે, તેઓમાંના મહેમાનોનું તેઓ સ્વાગત કરે, તેઓના ભેદો છુપાવે, તેઓની ભૂલો (તથા ખામીઓ) ઢાંકે, તેઓમાંના મઝલૂમોની તેઓ મદદ કરે, મદદ કરવામાં તેઓ પ્રત્યે ખરી સહાનુભૂતિ દર્શાવે, તેઓ સાથે મહેરબાની તથા

ઉદારતાથી ભલાઈ કરે અને તેઓની વિનંતિ પહેલા તેઓના અધિકારો તેમને પહોચતા કરે.

અય અલ્લાહ ! બૂરૂં (ખરાબ) કરનાર સાથે હું ભલાઈથી વર્તું, તેઓના અન્યાયને દરગુજર કરી જતો કરૂં, સામાન્ય રીતે તેઓ માટે મારો અભિપ્રાય સેવું, સામાન્ય રીતે તેમની ભલાઈ કરૂં, પવિત્ર રહી તેમની તરફ (ખરાબ) નજર ન કરૂં, તેઓ સાથે નમ્રતાથી વર્તું, તેઓમાંના દુખિયારાઓ પ્રત્યે રહેમદિલીની સાથે નમ્ર રહું (નમણો બનું), તેઓની ગેરહાજરીમાં તેઓ મારા મિત્રો હોવાનું જાહેર કરૂં, પ્રમાણિકતાથી તેઓની

પ્રગતિ (વૃદ્ધિ) ઈચ્છું, જે કામનો મારા કુટુંબીજનો માટે કરવું મારી ફરજ સમજું તેવા જ કામોને તેમના માટે પણ મારી ફરજ સમજું અને જે માન હું મારા અંગતનાઓનું જાળવું છું તેવું જ માન તેઓનું પણ જાળવું એવી તૌફીક મને અતા કર.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. તેમનાથી મને પણ આવું જ વર્તન પ્રાપ્ત થાય અને તેઓ પાસે જે કંઈ છે તેમાં મારો પણ ઘણો હિસ્સો હોય એવી (અમને) તૌફીક અતા કર.

મારા અધિકારો અને મારા આદર વિષે તેઓને વધારે ઇલ્મ અતા કર જેથી તેઓ મારા થકી ભાગ્યશાળી બને અને હું તેમના થકી., મારી દુઆ કબૂલ કર, અય આલમીનના રબ્બ ! તારી રહેમતની સાથે.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …

www.hajinaji.com

• Like us on Facebook •

# ૨૭-સરહદના ચોકીદાર સિપાહીઓ માટે તેમની દુઆ.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર.

તારી બાદશાહત થકી મુસલમાન દેશની સરહદોને (દુશ્મનોના આક્રમણ વિરુધ્ધ) મજબૂતી અતા કર, તારી શક્તિ થકી તેના રખેવાળોની મદદ કર અને તારી રહેમત થકી તેઓને તારી ભરપૂર નેઅમત અતા કર.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. તેઓની સંખ્યામાં વૃદ્ધિ અતા કર, તેઓના હથીયારોને તીક્ષ્ણ બનાવ, તેઓની ચોતરફ દેખરેખ કર, તેઓના વિસ્તારની સુરક્ષા ફરમાવ, તેઓના જૂથમાં સંપ અતા કર, તેઓના કારોબારને વ્યવસ્થિત કર તેઓની જરુરતો પૂરી થતી રહે તથા અડચણો વગેરે દૂર થતી રહે અને તું જ એકલો તેઓના કારોબારની દેખરેખ ફરમાવ. જીત થકી તેઓની શક્તિમાં વધારો કર, તેઓને

ધીરજ અતા કરીને તેમની મદદ કર અને યુક્તિઓ ઘડવામાં તેઓને હોશિયાર અતા કર.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. તેઓ જે નથી જાણતા તેની જાણકારી તેઓને અતા કર, જે ઇલ્મ તેઓ પાસે નથી તે ઇલ્મ તેઓને અતા કર અને તેઓ જે પારખી નથી શકતા તે પારખવાની શક્તિ તેઓને અતા કર.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને

તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. જયારે તેઓનો સામનો દુશ્મનોથી થાય ત્યારે ફરેબ આપનારી તથા નકામી દુનિયાદારી વિષેની યાદથી ગાફીલ થઈ જવાની તેઓને તૌફીક અતા કર, તેઓના દિલોમાંથી ધનદોલતની લાલસાનો નાશ કરી નજર સમક્ષ જન્નત રાખવાની તેઓને તૌફીક અતા કર અને તેમાં તુંએ જે કંઈ અતા કર્યું છે તેના દ્રશ્યો તેમની નજર સમક્ષ સુશોભિત કર જેમકે સુંદર આબાદ મહેલો, આબાદીવાળા રહેઠાણો, રૂપાળી હૂરો, નદીઓ જેમાં જાતજાતના સ્વાદિષ્ટ પીણાં

વહેતા હોય તથા જાતજાતના ફળોથી ભરપૂર વૃક્ષો, જેથી તેઓમાંથી કોઇપણ જંગમાંથી પાછા ફરવાની ઈચ્છા ન કરે અથવા ન તો તેઓના નફસ તેમને દુશ્મનથી પીઠ ફેરવવાનું ઉત્તેજન આપે.

અય અલ્લાહ ! આ થકી તેઓના દુશ્મનોને હાર નસીબ કર, તેઓના કાડાં કપાઈ જાય, તેઓ પોતાના હથિયાર ખોઈ બેસે, તેઓના દિલોમાંથી હિંમતનો નાશ થાય, તેઓની જરૂરતો પૂરી થવી તેમના માટે અઘરી બને, તેઓ રાહ ઉપર મૂંઝાઇ જાય, સીધી રાહથી ભટકી જાય, વધારાની મદદ

મળવાથી તેઓ વંચિત રહે, તેઓની સંખ્યામાં ઘટાડો થાય, તેઓના દિલ ડરપોક બની જાય, તેઓની પહોચ વિસ્તૃત થતા અટકે, તેઓ મૂંગા બની જાય, તેઓની (નબળી) હાલત થકી તેમની પાછળનાઓ વીખરાઈ જાય, તેઓ પછીના સજા પામે અને તેઓ પછીનાઓને તેમની નામોશી થકી નિરાશા સાંપડે.

અય અલ્લાહ ! તેઓની સ્ત્રીઓ વાંઝણી બની જાય, તેઓના પુરૂષો નિર્વંશ બની જાય, તેઓના પશુઓ તથા ઢોરોનો ઉછેર થોભી જાય

અને તેઓ માટે વરસાદ ન વરસે તથા ન તો તેઓની ધરતીમાં અનાજ પાકે.

અને અય અલ્લાહ ! આ થકી મુસલમાનો શક્તિવાન બને, તેઓના શહેરો આબાદ બને, તેઓની મિલકતમાં વધારો થાય, તારી ઈબાદતમાં તેઓને લડાઈથી નજાત મળે (જેથી તારી ઈબાદત કરી શકે, સંરક્ષણની ફરજોથી છુટકારો મળે જેથી એકલતામાં તારી બારગાહમાં દુઆઓ કરી શકે તથા ધરતી ઉપર તારી ઈબાદત સિવાય બીજા કોઈની ઈબાદત ન

થાય અને તારી બારગાહ સિવાય બીજા કોઈ સમક્ષ તેઓનું શિર ન નમે.

અય અલ્લાહ ! મુસ્લિમ પ્રદેશોની દરેક સરહદ ફરતે જેટલા પણ મૂર્તિપૂજકો (મુશરેકીન) વસે છે તેઓ સાથે જંગ કરવાની (મુસ્લિમોને) તૌફીક અતા કર અને ફરિશ્તાઓના જૂથથી તેમની શક્તિમાં વધારો કર જેથી કાફરોને (તથા મુશરીકોને) ધરતીના છેડા સુધી ફગાવી દઈ શકાય અથવા તેઓને કતલ કરી નાખવામાં આવે અથવા કેદી બનાવી લેવાય અથવા તેઓ ઈમાન કબૂલ કરે કે તું અલ્લાહ છે, ઈબાદતને

લાયક, તથા તારા સિવાય બીજો કોઈ ઇબાદતને લાયક નથી અને તારો કોઈ શરીક (ભાગીદાર) નથી.

અય અલ્લાહ ! આમાં (દુઆમાં) તારા એ દુશ્મનોનો પણ શુમાર કર જેઓ હિન્દુસ્તાન, રોમ, તુર્કસ્તાન, ખર્જ, એબેસીનિયા, નુબીયા, ઝંજીબાર, સિસીલી તથા દલાયમમાં વસેલા છે અને તેઓ પણ જે એવા કાફર દેશોમાં છે જેના નામો તથા વિગતોથી અમે અજાણ છીએ અને તારા વિસ્તૃત ઈલ્મમાં તેઓનો સમાવેશ છે તથા તારી શક્તિ થકી તું તેઓને જાણે છે.

અય અલ્લાહ ! મુશરેકીનોને મુશરેકીન સાથે જ મશગૂલ રાખ જેથી તેઓ મુસ્લિમ દેશોની સરહદો વટાવી તેઓના સંપર્કમાં ન આવી શકે, તેઓની સંખ્યામાં ઘટાડો કર જેથી તેઓ મુસ્લિમોને ઈજા ન પહોચાડી શકે અને કાફરોમાં પક્ષપાત થકી તેઓને મુસ્લિમ વિરૂધ્ધ એક થવાથી રોકી લે.

અય અલ્લાહ ! તેઓના દિલોને અસુરક્ષિત બનાવ તથા તેઓના શરીર નબળા કર, તેઓના દિલોને ચાલાકીઓથી ગાફિલ કર અને તેઓના હાથપગ અશકત કરી નાખ જેથી તેઓ

પગપાળા લશ્કરથી લડી ન શકે. તેઓને ડરપોક બનાવ જેથી તેઓ બહાદુર સિપાહીઓનો સામનો ન કરી શકે અને તેઓ ઉપર ફરિશ્તાઓનું એક જૂથ નાઝિલ કર જે તેમના ઉપર એમાંનો એક અઝાબ કરે જેવો અઝાબ તુંએ જંગે બદરમાં તેઓ થકી નાઝિલ કર્યો હતો. આ થકી તેઓના મૂળનો નાશ કર, તેઓની જાહોજલાલીને નાબૂદ કર અને તેઓની એકતાને વિખેરી નાખ.

અય અલ્લાહ ! તેઓના જળાશયોને જીવજંતુઓથી ભરી દે, તેઓના ખાણાને બીમારી

ફેલાવનાર બનાવ, તેઓના શહેરોની જમીનને પોચી બનાવ, તેઓ ઉપર મુસીબતોની વર્ષા વરસાવ, તેઓને દુકાળો થકી અઝાબ કર, તારી ધરતીના સૌથી ઉજ્જડ તથા વેરાન ભાગોમાં તેમની રોજી નિર્ણીત કર, ધરતીના સૌથી ઉજ્જડ તથા વેરાન ભાગોમાં તેમની રોજી નિર્ણીત કર,ધરતીના સૌથી દૂરના ભાગો તેમની સમક્ષ ધરી દે તથા ન પહોચી શકાય તેવા ધરતીના ભાગો તેમની સમક્ષ ધરી દે અને તેઓને હંમેશા ભૂખ થકી તંગ રાખ તથા દુ:ખદાયક બીમારીઓમાં તેઓને પીડિત કર.

અય અલ્લાહ ! અને જો કોઈ મોમીન સિપાહી (મુજાહીદ) તેમની સાથે લડે અથવા જો કોઈ મુજાહીદોમાંનો લડવૈયો તેમની સાથે જંગ કરે જેથી તારા દીનનો ઝંડો બુલંદ કરી શકે તો તારા લશ્કરને શક્તિવાન બનાવ, તારા હિસ્સામાં વધારો કર, તે પછી તેને સહેલાઈ અતા કરવાની મહેરબાની કર, તેને અસબાબ (નેઅમતો) અતા કર, તેને સફળતા અતા કર, તેને ચુનંદા સાથીઓ અતા કર, તેનું પીઠબળ મજબૂત બનાવ, તેને તારી નેઅમતોથી માલામાલ કર, તેને ખુશહાલી અતા કર, તેના

દિલમાંથી દુન્યવી લાલસાની આગને ઠારી નાખ, એકલવાયા જીવનની ઉદાસીથી તેને નજાત અતા કર, તેને પરિવાર તથા ઓલાદની યાદ (જંગ કરતી વખતે) ભુલાવી દે, તેને સાચી નિય્યત કરવાની તૌફીક અતા કર, શાંતિને તેનો સાથી બનાવ, ડરપોક બનવાથી તેને સુરક્ષિત રાખ, તેઓને હિંમત થકી પ્રેરણા અતા કર, તેને શક્તિ અતા કર, વિજય થકી તેની મદદ કર, તેને સીધી રાહ તથા સારી આદતોનું ઇલ્મ અતા કર, હુકમ કરતી વખતે તેને હિદાયત કર, તેના અમલો દેખાવ માટે ન હોય તથા પોતાના નેક

અમલો જાહેર કરવાની વૃતિથી તેને નજાત અતા કર અને તેના આચાર-વિચાર, તેના વેણ, તેનું હલનચલન તથા તેનું જીવન તારામાં તથા તારા માટે હોય એવી તેને તૌફીક અતા કર.

જયારે તે તારા પોતાના દુશ્મનો સમક્ષ આવે ત્યારે તેઓને તેની નજરમાં ઓછા દેખાડ, તેઓના પ્રભાવને તેની નજરમાં તુચ્છ કરી નાખ, તેઓ ઉપર તેને સત્તા અતા કર તથા તેઓ તેના ઉપર સત્તાવાન ન બને; તેનું ભવિષ્ય જો તુ ખુશહાલીમાં પરિણામ આપે તથા તેને શહાદતનો દરજજો અતા કરે તો તે ત્યારે હોય

જયારે તેણે તારા દુશ્મનોને કતલ કરી પરાજિત કર્યાં હોય, તેઓને કેદ કરવાની તેની કોશિશ્ સફળ થઇ હોય, મુસ્લિમ દેશોની સરહદો સુરક્ષિત થઇ ગઈ હોય અને તેના દુશ્મનો પીઠ ફેરવી નાસી ગયા હોય તથા હારી ગયા હોય.

અય અલ્લાહ ! અને જે કોઈ મુસ્લિમ એક સિપાહીનો તેની ગેરહાજરીમાં વલી બને, તેના ઘરનું સંરક્ષણ સંભાળે, તેના બીજા કુટુંબીજનોની દેખરેખ સંભાળે અને પોતાની મિલકતમાંથી તેઓની મદદ કરે અથવા જરૂરી ચીજવસ્તુઓથી તેમની સહાય કરે અથવા હક માટે લડત કરવા

તેમને ઉતેજન આપે અને તેમને અનુસરીને બીજાઓને પણ લડાઈમાં જોડાવા આમંત્રણ આપે અથવા તેની ગેરહાજરીમાં તેઓની હિફાઝત કરે તો તેને એ જ સિપાહી (મુજાહીદ) જેવો અજ્ર અતા કર, ભારોભાર, તેની જ સંખ્યા જેટલો; અને તેના અમલોને તેને તાત્કાલિક અજ્ર અતા કર જેથી તેણે જે ભાગે આપેલ છે તેનો તાત્કાલિક લાભ તે પામી શકે તથા તેણે જે અમલો બજાવ્યા છે તેનો આનંદ માણી શકે, ત્યાં સુધી કે તારી રહેમત થકી તુંએ તેના માટે જે તૈયાર રાખ્યું છે તથા તારો કરમ થકી તુંએ તેના

માટે જે નીમ્યું છે તેના સુધી સમય તેને પહોચતું કરે.

અય અલ્લાહ ! જે કોઈ મુસ્લિમ ઇસ્લામના આદર્શ તથા તેના અનુયાયીઓ માટે દિલગીર થયો હોય, તેમના વિરૂધ્ધ મુશારેકીનના (દુશ્મનના) મોરચાના કારણે તેને દુ:ખ થયું હોય તથા લડત કરવાની નિય્યત કરી હોય અથવા ધાર્મિક જંગ (જેહાદ) આદરવા માટે તૈયાર થયો હોય પણ તેની નબળાઇને તેણે બેસી જવા માટે મજબૂર કર્યો હોય અથવા ગરીબીએ તેને મોડું કરાવ્યું હોય અથવા કોઈ સંજોગો તેને તેમ

કરવાથી અટકાવ્યો હોય અથવા તેના નિર્ણયની સાથે તેને કોઈ અડચણ આવીને ઊભી હોય તો તેનું નામ તારા આબીદ (ઈબાદતગુજાર) બંદાઓમાં શુમાર કર, તેને તે જ અજરનો હકદાર કરાર આપ જે અજ્ર તુંએ તારા મુજાહીદોને અતા કર્યો છે અને તેને શહીદો તથા સાલેહ બંદાઓના જૂથમાં જગા અતા કર.

અય અલ્લાહ ! તારા બંદા અને તારા રસૂલ હઝરત મોહમ્મદ મુસ્તફા (સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ) તથા તેમની આલ ઉપર એવી રહેમત નાઝિલ કર જે બીજી રહેમતો

કરતા ઘણી જ ઉચ્ચ હોય, શુભેચ્છાઓ કરતા સર્વોપરી હોય જેના સમયની હદ ન હોય, જેની સંખ્યાનો અંત ન હોય અને તારા અવલીયા ઉપર તારા સંપૂર્ણ એહસાનો જેવી હોય.

નિ:શંક, તુ વખાણ લાયક, અતા કરનાર, પાછું ફેરવનાર (બદલો અતા કરનાર) અને તારી ઇચ્છા મુજબ સર્વોતમ અમલ કરનાર છે.

તારી રહેમત થકી.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

## ૨૮-અલ્લાહ અઝઝ વ જલ્લ (ઈજજત-જલાલવાળા)ની બારગાહમાં રૂદન કરી મદદ તલબ કરવા માટે તેમની દુઆ.

અય અલ્લાહ ! હું મારા પોતાને બીજાઓથી વિમુખ કરી તારી બારગાહમાં રૂજુઅ થયો છું (હાજર થયો છું), તારી બારગાહમાં તનમન સાથે (પ્રમાણીકતાથી) હાજર છું, જે તારી રહેમતને આધીન છે તેનાથી વિમુખ થયો છું, તેનાથી વિનંતી પાછી ખેંચી લીધી છે જે તારા એહસાન વગર સ્વતંત્ર નથી, હક મારી સમજમાં આવી ગયું છે કે એક જરૂરતમંદની બીજા જરૂરતમંદ

પાસે અરજ કરવી નરી મૂર્ખાઈ તથા સમજની ભૂલ છે કારણ કે હુંએ એવા માણસો જોયા છે અય અલ્લાહ ! જેણે તારા સિવાય બીજાથી ઇજ્જત તલબ કરી તો તેઓને નિરાશા જ સાંપડી, તારા સિવાય બીજાથી પ્રગતિની આશા રાખી તો તેઓ ફકીર જ (મોહ્તાજ) થયા અને (બીજાની મદદ થકી) ઊંચાઈએ ચઢવાની મહેનત કરી તો તેમનું પતન જ થયું, આમ, એક ચેતી ગયેલો (હોશિયાર) માણસ તેઓનું ઉદાહ્રણ લઈ પોતાને સુધારે છે અને ઉદાહ્રણ

લેવું તેને લાભદાયી પણ છે તથા તેની ચુંટણી તેને સીધી રાહ તરફ દોરે છે.

તું જ છે, અય મારા માલિક ! જેની બારગાહમાં એહસાન માટે હું વિનંતી કરૂં છું, બીજાની સરખામણીમાં જેની બારગાહમાં અરજો કરી શકાય છે અને જેઓ સમક્ષ લોકો દુઆ કરે છે તેમાંથી તું જ જરૂરત પૂરી કરે છે. બીજા બધા જેઓથી દુઆ કરી શકાય છે તેઓની સરખામણીમાં મારી હાજત તો હું ખાસ તારી બારગાહમાં જ તલબ કરૂં છું. મારી આશાઓ તારાથી જ રાખું છું અને તેમાં તારી સાથે કોઈને

શરીક નથી કરતો. મારી દુઆમાં તારી સાથે કોઈને પણ હું તારો જોડીદાર નથી બનાવતો અને ન તો મારી પોકારમાં તારા સિવાય બીજો કોઈ સમાયેલો છે.

તું જ એક છે, અય મારા રબ ! જે વહ્દાનિય્યનો માલિક છે, નિર્ણયાત્મક સત્તાનો કાબૂ ધરાવનાર છે અને કુદરતની સર્વોચ્ચતા, શક્તિ, સર્વોપરીતાનો દરજ્જો તથા મોભાનો માલિક છે. તારા સિવાય બીજા બધા પોતાના પૂરા જીવનમાં દયાને પાત્ર છે, કોઇપણ બાબતને આધીન છે, પોતાની હ્રાલત મુજબ

પ્રજાની શ્રેણીમાં છે, સંજોગ પ્રમાણે ફેરબદલને આધીન છે અને ગુણોમાં ફેરબદલ સાથે વર્તનારા છે. પણ તારી ઝાત એટલી સર્વોચ્ચ છે જેનું કોઈ ઉદાહરણ નથી, જેનો વિરોધી કોઈ નથી અને એટલી જાહોજલાલી વાળી ઝાત છે જેના માટે કોઈ ગોદી-લંગર નથી અથવા નથી કોઈ (તારી) બરાબર. તેથી, તું જ પાક છે ને તારા સિવાય બીજો કોઈ અલ્લાહ નથી જેની ઈબાદત થઈ શકે.

તારી રહેમત થકી.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …
www.hajinaji.com

• Like us on Facebook •

## ૨૯-રોજી તંગ થઇ જાય ત્યારે તેમની દુઆ

અય અલ્લાહ ! નિ:શંક, અમારા જીવનનિર્વાહની બાબતમાં તુંએ અમારી પરીક્ષા કરી જયારે અમારી મોટી ઈચ્છાઓ ભરેલી જિંદગીમાં તારા ઉપર વિશ્વાસ કરવામાં અમે નિષ્ફળ નીવડયા, ત્યાં સુધી કે અમે તારી રોજી, રોજીના મેળવનાર પાસે તલબ કરી અને અમારા અભિલાષાઓએ તેઓની ઉંમરની આશા કરી જેઓએ લાંબી ઉંમર અતા થઇ છે.

તેથી, હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ

ઉપર રહેમત નાઝિલ કર. અમને ખાલિસ (પ્રમાણિક) ઈમાન અતા કર જેથી રોજી કમાવવાની સખત મહેનતથી અમને નજાત મળે અને અમને સાચા (ઈમાનની તથા) વિશ્વાસની પ્રેરણા અતા કર જેથી થાકની મુસીબતથી અમે રક્ષણ પામીએ. તારી કસમ સાથે, તારી કિતાબમાં, તારી વહીઓ મારફતે તુંએ જે તારા વાયદાનું વર્ણન કર્યું છે કે રોજી અતા કરવાની જવાબદારી તારા શિરે છે તેના થકી રોજી માટેની અમારી ઉત્સુકતાને નષ્ટ કર. અમને એ મેળવતા રહેવાની તથા સંભાળ લેતા

રહેવાની જવાબદારીથી મુક્ત કર જે પૂરતી હોવાની તુંએ ખાતરી આપી છે, કારણ કે તુંએ ફરમાવ્યું છે, ‘અને આસમાનમાં તમારી રોજી છે અને એ, જેનો પણ તમને વાયદો કરવામાં આવ્યો છે,’ અને વધુમાં તુંએ ફરમાવ્યું છે, ‘અને આસમાન અને જમીનના રબ્બની કસમ; એ એટલું જ હક છે જેટલું કે તમે તમારા મોઢાથી બોલો છો; તારૂં ફરમાવવું હક છે તથા સાચી ક્સમની સાથે ફરમાવવામાં આવ્યું છે અને તારી કસમ સાચી તથા સંપૂર્ણ રીતે પૂરી થનાર છે. તારી રહેમતની સાથે.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …
www.hajinaji.com

• Like us on Facebook •

## 30-રૂણ ચૂકવવામાં મદદ માટે તેમની દુઆ.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. મને એ રૂણથી સલામતી અતા કર જેના કારણે મારા ચહેરાનો રંગ પડી ગયો છે, મારી મતિ મૂંઝાઇ ગઈ છે, મારી બુધ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ છે અને આ રીતે હંમેશા થતા રહેવાથી મને લાંબો સમય મહેનત કરવી પડે છે. હું તારી પનાહ તલબ કરૂં છું અય અલ્લાહ રૂણના કારણે થતી ઉદાસીથી તથા તેની ચિંતા કરવાથી અને રૂણના કારણે

થતી બેચેનેથી તથા તેના થકી થતા ઉજાગરાથી; તેથી હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. સર્વોતમ પ્રગતિ અને પૂરતી થઇ જાય એવી નેઅમતો થકી મને તેનાથી નજાત અતા કર. આ જિંદગીમાં રૂણના કારણે થતી બેઇજજતીથી અને મૃત્યુ પછી તેના કારણે થતી સજાથી હું તારી બારગાહમાં જ નજાત તલબ કરૂં છું; તેથી હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને

તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. મને તેનાથી સુરક્ષા અતા કર.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. મારી ફુજુલ ખર્ચી તથા વધારાને કાબૂમાં રાખવાની મને તૌફીક અતા કર, કરકસર અને ઉદારતા થકી મારી સુધારણા કર, મને સમાનતાનું ઇલ્મ અતા કર, વેડફી નાખવાથી મને અટકાવવાની મારા ઉપર મહેરબાની કર, હું મારી રોજી પ્રમાણિકપણે (હલાલ રીતે) મેળવું એવી તૌફીક

મને અતા કર, નેક રાહ ઉપર ખર્ચ કરવામાં મારી હિદાયત કર અને મને એવો દોલત ન અતા કર જેના કારણે મારામાં ઘંમડ આવી જાય અથવા હું કઠોર બની જઈ સત્તાને પડકારૂં અથવા જુલમી બની જાઉં.

અય અલ્લાહ ! મને ગરીબો પ્રત્યે મોહબ્બત અતા કર અને બહુ જ ધીરજથી તેમની સાથે ભળી જવામાં મારી મદદ કર. આ ફાની દુનિયાની જે કંઈ નેઅમતો તુંએ મારા માટે નિર્ણીત નથી કરી તેને તારા અખૂટ ખજાનામાં મારા માટે સંભાળી રાખવાનું મારા ઉપર

એહસાન કર અને દુનિયાની જે કંઈ નજીવી વસ્તુઓ તથા તેના માલમાંથી તુંએ મને જે અતા કર્યું છે તેને તારી નજીક થવા માટે (તારી કુરબત માટે) મદદરૂપ બનાવ, તારી દિશામાં આગળ વધવાનું પગલું બનાવ તથા તારી જન્નતમાં દાખલ થવા માટેનું કારણ બને એવી તૌફીક અતા કર.

નિ:શંક, તું મહાન 'કરમો'ની સત્તા ધરાવનાર છે, તું મહાન કૃપા કરનાર અને દયાળું છે.

તારી રહેમત થકી.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …

www.hajinaji.com

• Like us on Facebook •

## ૩૧-ગુનાહોથી તોબા અને મગફેરત માટે તેમની દુઆ.

અય અલ્લાહ ! અય તુ ! વખાણ કરનારાના વખાણ જેનું વર્ણન નથી કરી શકતા. અય તુ ! ઈચ્છા કરનારાઓની ઈચ્છાઓ જેનાથી દૂર નથી જઈ શકતી. અય તુ ! જેની બારગાહમાં નેકી કરનારાની જઝા વેડફાઈ નથી જતી. અય તુ ! જે નેક બંદાઓના ખોફનું કારણ છે. અય તુ ! જે મુત્તકી (પરહેઝગાર) બંદાઓ માટે સર્વોચ્ચ ભય છે.

આ હાલત એક એવા ઇન્સાનની છે જેને અચાનક ગુનાહોના હાથોએ જકડી લીધો છે, જે ભૂલોની લગામથી તણાઈ ગયો છે અને જેના ઉપર શૈતાન છવાઈ ગયો છે, તેથી, તેણે તારા હુકમની નાફરમાની કરી અને તારા હુકમ મુજબ અમલ કરવામાં તે નિષ્ફળ નીવડયો છે. જે પોતાના ઉપર તારી શક્તિથી અજાણ હોય તેની જેમ તુંએ મનાઈ ફરમાવેલી બાબતોમાં તે આનંદિત રહી મગ્ન રહ્યો અને એના જેમ રહ્યો જેણે પોતાના ઉપર તારી મહત્વની મહેરબાનીઓને જૂઠલાવી, ત્યાં સુધી કે તેના

માટે હિદાયતની આંખો ઉઘડી, તેની સામેથી અંધાપાના ઘનઘોર વાદળા વીખરાઈ ગયા અને તેને પૂરી રીતે સમજમાં આવ્યું કે તેણે પોતાના અંત:કરણ (નફસ) સાથે કેવો અન્યાય કર્યો છે તથા તે બાબતો ઉપર વિચાર કર્યો જેમાં તેણે પોતાના સર્જનહાર (ખાલિક) નો વિરોધ કર્યો છે. પછી તેણે પોતાના ગુનાહોની ગંભીરતાને ધ્રુણાથી જોઈ અને પોતાના વિરોધની સંપૂર્ણ મહત્તાને પૂરી રીતે જોઈ.

તેથી, તારા એહસાનની ઉમેદના તથા શર્મસાર બનીને, પોતાના વલણને તારી તરફ

દોરીને તથા પ્રમાણિકતાથી તારા ઉપર વિશ્વાસ રાખીને, તારાથી ઈચ્છાઓ રાખવાના હેતુ સાથે તથા તારી તરફ પાછા ફરવાના કારણે ભયભીત બનીને, તારી ઈચ્છા સિવાય બીજી બધી ઈચ્છાઓને ત્યજી દઈને તથા તારા સિવાય બીજી બધી વસ્તુઓના ભયથી મુક્ત થઈને તે તારી તરફ ફર્યા અને તારી બારગાહમાં દુઆ કરતા ઊભો રહ્યો. તેણે જમીન તરફ પોતાની આંખોને શરમથી ઝૂકાવી, તારી બાદશાહત સમક્ષ નમ્રતાથી પોતાનું માથું નમાવ્યું, શર્મસાર બની પોતાની ખાનગી બાબતોની તારી

બારગાહમાં (સાચા દિલથી) કબૂલાત કરી જે તેના કરતા વધારે સારી રીતે તુ જાણે છે અને નમ્રતાની સાથે પોતાના ગુનાહોની ગણતરી કરી જેનો હિસાબ તારી પાસે છે. તારા ઇલ્મ મુજબ જે મોટો ગુનાહો છે જેમાં તે ગિરફતાર રહ્યો અને તારા હુકમ મુજબ જે સૌથી ખરાબ ગુનાહો છે જેના કારણે તે બેઆબરૂ થયો, તેનાથી તેણે તારી મગફેરત તલબ કરી, જે ગુનાહોના આનંદનો તો અંત આવ્યો અને મજા ચાલી ગઈ પણ તેની સજા બાકી રહી અને હંમેશા માટેની થઇ ગઈ.

તારા ન્યાયને તે જૂઠલાવતો નથી. અય અલ્લાહ ! જો તું તેને સજા કરે, જો તું તેને માફ કરે અને તેના ઉપર રહેમ કરે તો તારૂં મગફેરત કરવું તારા માટે તે કોઈ મોટી વાત નથી ગણતો કારણ કે તું એવા કરમોનો માલિક છે જે મોટા ગુનાહોની મગફેરત કરવી કોઈ મુશ્કેલ વાત નથી જાણતો.

તેથી, મારી તરફ જો, અય અલ્લાહ ! હું અહી હાજર છું, તારા હુકમની ફરમાબરદારી કરીને હું તારી બારગાહમાં દુઆ કરતો હાજર થયો છું, તારા વાયદાની પૂરા થવાની ઇચ્છા લઈને જેવી

રીતે તુંએ દુઆનો જવાબ આપવાનો વાયદો કર્યો છે તથા ઈરશાદ ફરમાવ્યો છે, ‘મને પોકારો (મારાથી દુઆ કરો), હું તમારી દુઆનો જવાબ આપનાર છું.’ તેથી, હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. જયારે તારી બારગાહમાં હું મારા ગુનાહોની કબૂલાત કરી હાજર થયો છું તો મને તારી મગફેરત અતા કર. જયારે હું તારી બારગાહમાં મારા મનને લઇ નમ્રતા સાથે હાજર થયો છું તો મને ગુનાહોવાળી લપસણી જમીન ઉપરથી ઊઠાવી

લે. જયરે તુંએ મને સજા કરવામાં ઢીલ કરી છે તો તારી પરદાપોશી થકી મને છુપાવી લે.

અય અલ્લાહ ! તારા હુકમો માનવાની મારી નિય્યતને મજબૂત બનાવ, તારી ઈબાદત કરવામાં મારા અંત:કરણને શક્તિ અતા કર, મને એવા અમલો બજાવી લાવવાની તૌફીક અતા કર જેના થકી મારા પાછલા ગુનાહો માફ થઇ જાય અને જયારે મને મૃત્યુ અતા કર ત્યારે હું તારા દીન ઉપર (તારી મીલ્લત ઉપર) તથા તારા નબી હઝરત મોહમ્મદ મુસ્તફા

(સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ના દીન ઉપર હોઉં એવી તૌફીક અતા કર.

અય અલ્લાહ ! મારી આ હાલતમાં હું તારી બારગાહમાં મારા મોટા ગુનાહોની તથા નાના ગુનાહોની તોબા કરૂં છું, મારી ખુલ્લી (જાહેર) ખરાબીની અને ખાનગી ખરાબીની પણ તોબા તથા પાછલી ભૂલોની અને એ ગુનાહોની પણ તોબા જે મારાથી હાલમાં જ થઇ ગયા છે. હું એવા ઇન્સાનની તોબા જેવી તોબા કરૂં છું જે પોતાના નફસ સાથે તારી નાફરમાનીનો વાતો

જ ન કરતો હોય તથા ન તો ગુનાહો તરફ પાછા ફરવાનો વિચાર સુધ્ધા કરતો હોય.

નિ:શંક, તુંએ તારી મહાન કિતાબમાં ઈરશાદ ફરમાવ્યો છે, અય અલ્લાહ ! કે તું તારી મખ્લૂકની દુઆ કબૂલ ફરમાવે છે, ગુનાહની મગફેરત અતા કરે છે અને એ કે ગુનાહોની તોબા કરનારને તું પસંદ કરે છે. તેથી, તારા વાયદા મુજબ મારી તોબા કબૂલ કર, તારી ખાતરી મુજબ મને મારા ગુનાહોની મગફેરત અતા કર અને તારી મંજૂરી મુજબ મને તારી મોહબ્બત અતા કર. હું તને વાયદો કરૂં છું, અય

અલ્લાહ ! હું એ તરફ પાછો નહિં ફરૂં જેને તું નાપસંદ કરે છે, હું તને ખાતરી આપું છું કે હું એ તરફ પાછો નહિં જાઉં જેની તુંએ મનાઈ ફરમાવી છે અને હું તારી બારગાહમાં અહદ કરૂં છું કે તારી નાફરમાનીના બધા અમલોને હું ત્યજી દઈશ.

અય અલ્લાહ ! નિ:શંક, તું બેહતર જાણે છે કે મેં શું શું કર્યું છે. તેથી, જે કંઈ તું જાણે છે તેની મને મગફેરત અતા કર અને તારી શક્તિ થકી મને એ દિશામાં ફેરવી નાખ જેને તું પસંદ કરે છે.

અય અલ્લાહ ! હું ઘણા લોકોના ઉપકારોથી દબાયેલો છું જેમાંથી થોડા મને યાદ નથી અને થોડા હું ભૂલી ગયો છું, પણ એ બધાં તારી ન ઊંઘનારી નજર સમક્ષ છે અને તારા ન ભૂલનાર ઈલ્મમાં છે. તેથી, તું તેઓને મારા તરફથી ઉપકારનો બદલો અતા કર જેઓ તેને લાયક છે. આ ઉપકારોના બોજથી મને નજાત અતા કર, મારા ઉપરથી તેનું વજન ઓછું કર અને ફરી પાછા તેવા ઉપકારો મારા માથા ઉપર ન લઉં તેવી મને તૌફીક અતા કર.

અય અલ્લાહ ! નિ:શંક, હું મારી તોબાને વફાદાર નથી રહી શકતો સિવાય કે તારી પનાહ હોય અને નથી મારા પોતાને હું હદ ઓળગવાથી બચાવી શકતો સિવાય કે તું શક્તિ અતા કરે. તેથી, પૂરી શક્તિ અતા કરીને મને શક્તિવાન બનાવ અને અસરકારક પનાહ થકી મને બચાવ.

અય અલ્લાહ ! જે કોઈ તારી મખ્લૂક તારી બારગાહમાં તોબા કરે છે અને તારા ભેદી ઇલ્મ મુજબ નક્કી જ છે કે તે પોતાની તોબાને વફાદાર નથી રહેવાનો તથા ગુનાહ અને હદ

બહાર જવા તરફ પાછો ફરવાનો જ છે તો હું તેના જેવો થવાથી તારી પનાહ તલબ કરૂં છું. તેથી, મારી આ તોબાને એવી તોબા કરાર ફરમાવ કે તે પછી મને તોબા કરવાની જરૂરત ન રહે અને એવી તોબા કે જે ભૂતકાળને બુઝાવી નાખે તથા બાકી જિંદગી છે તેમાં સલામતી રહે.

અય અલ્લાહ ! તારી બારગાહમાં હું મારી અજ્ઞાનતાની ક્ષમા ઈચ્છું છું અને મારા કુકર્મોની મગફેરત તલબ કરૂં છું. તેથી, તારા એહસાન થકી તારી રહેમતની સુરક્ષામાં મને દાખલ કર અને તારી મહેરબાની થકી તારી સલામતીની

મને ચાદર ઓઢાડી દે. હું તારી બારગાહમાં એ સર્વે બાબતોની તોબા કરૂં છું જે તારી મરજી વિરૂધ્ધ છે અને મારા દિલના એ વિચારોની જે તારી મોહબ્બતને નાબૂદ કરતા હતા, મારી નજરના ઈશારાઓની અને મારી જીભના ઉચ્ચારોની, એવી તોબા જેના થકી મારા શરીરના દરેક અવયવો તારી સજાથી સલામત રહે અને હદ ઓળંગનારાઓ તારા જે દુ:ખદાયક ક્રોધથી ભયભીત રહે છે તે ક્રોધથી સુરક્ષિત રહે.

તેથી, અય અલ્લાહ ! તારી બારગાહમાં મારી તુચ્છતા ઉપર રહેમ કર,મારા દિલ ઉપર

રહેમ કર જે તારા ખોફના કારણે ઝડપી ધબકારા મારે છે અને હાથપગ ઉપર પણ જે તારા ભયથી ધ્રુજી રહ્યા છે, કારણ કે, નિ:શંક, અય મારા પાલનહાર ! તારી બારગાહમાં મારા ગુનાહોએ મને એવી પરિસ્થિતિમાં મૂકી દીધો છે કે જો હું ચૂપ રહું તો મારા વતી કોઈ બોલવાવાળું નથી અને જો હું કોઈની મધ્યસ્થી ઈચ્છું તો હું તેને લાયક નથી.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. તારા

કરમને મારી ભૂલો માટે મધ્યસ્થી કરાર ફરમાવ, મારી ખરાબીઓને તારી મગફેરતની નજરોથી જો, હું તારી જે સજાને લાયક છું તે પરિણામ મને ન આપ, મારા ઉપર તારી દયા ફેલાવી દે અને તારા પરદા થકી મને ઢાંકી દે. મારી સાથે અવો વર્તાવ કર જેવો એક આદરણીય માલિક દયાળુ બની એક તુચ્છ નોકર સાથે કરે છે જયારે તે નોકર દયાની ભીખ માંગે છે અથવા જેવો વર્તાવ એક શ્રીમંત માણસ એક જરૂરતમંદની જરૂરત પૂરી કરવા માટે કરે છે જયારે કે તે જરૂરતમંદ તેની પાસે જરૂરત લઈને આવે છે.

અય અલ્લાહ ! એવું કોઈ નથી જે મને તારાથી બચાવી શકે, તેથી, તારી બાદશાહતે મને સુરક્ષા આપવી જોઈએ અને એવું કોઈ નથી જે તારી બારગાહમાં મારા ,માટે મધ્યસ્થી કરે, તેથી, તારી મહેરબાનીએ મારા માટે મધ્યસ્થી કરવી જોઈએ. નિ:શંક, મારી ભૂલોએ મને ભયભીત કરી મૂકયો છે; તેથી, તારી મગફેરત મને ખાતરી આપવી જોઈએ કારણ કે હુંએ જે કંઈ પણ કહ્યું છે તે મારા કુકર્મો ભૂલી જઈને નહિં અથવા મારા દોષિત ચાલચલણને પણ ભૂલીને નહિં પણ એ આશા સાથે કે તારી જન્નત તથા

તેમાં જે લોકો છે તેઓ અને તારી જમીન તથા તેના ઉપર જે લોકો છે તેઓ તારી બારગાહમાં મારી તોબા જે હુંએ તારી પનાહ માંગવા માટે જાહેર કરી છે તે સાંભળે અને મારી મગફેરત માટે દુઆ કરે. અને, કદાચ, તેઓમાંથી કોઈને તારા એહસાન થકી તરસ આવે તથા તેઓ પાસેથી મને એવી દુઆ મળે જે મારી દુઆ કરતા વધારે જલદી કબૂલ થવાને લાયક હોય અથવા એવી મધ્યસ્થી મળે જે મારી મગફેરતની તલબ કરતા વધારે અસરકારક હોય અને તે મને તારા ક્રોધથી નજાત પામવાનું

તથા તારી મંજૂરી (ખુશી) પામવામાં મારા માટે સફળતાનું કારણ બને.

અય અલ્લાહ ! જો તોબા કરવી તારી નજરમાં ખરી તોબા છે તો, નિ:શંક, હું એ તોબા કરવાવાળામાંથી છું જેઓ ખરી તોબા કરે છે; જો તારી નાફરમાની ત્યજી દેવી પલટો છે તો બદલી જનારાઓમાંથી સૌથી પહેલો હું બદલી જનાર છું અને જો તારી મગફેરત તલબ કરવી ગુનાહોને ધોઈ નાખે છે તો, નિ:શંક, હું તેઓમાંથી છું જેઓ તારી બારગાહમાં તારી મગફેરત માટે દુઆ કરે છે.

અય અલ્લાહ ! તુંએ અમને તોબા કરવાનો હુકમ કર્યો છે, તોબા કબૂલ કરવાની ખાતરી આપી છે, દુઆ કરવા માટે ઉત્તેજન આપ્યું છે અને જવાબ દેવાનો વાયદો કર્યો છે; તેથી, હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. તારી રહમતથી ઉદાસ કરી પાછો ન ફેરવ; નિ:શંક, તું ગુનેહગારોની તોબાનો કબૂલ કરનાર છે અને તારી બારગાહમાં જેઓ પાછા ફરે છે તેઓના ઉપર તું દયા કરનાર છે.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર કારણ કે તેમના થકી તુંએ અમારી હિદાયત કરી છે; હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર કારણ કે તેમના થકી તુંએ અમને નજાત અતા કરી છે; હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર જે તારી બારગાહમાં કયામતના દિવસે તથા જરૂરતના

(ફાકાના) દિવસે અમારા માટે મધ્યસ્થી કરનાર હોય.

નિ:શંક, તું દરેક વસ્તુ ઉપર શક્તિ (કુદરત) ધરાવનાર છે અને તારા માટે દરેક વસ્તુ સહેલી છે.

તારી રહેમતની સાથે.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

## ૩૨-રાત્રિની ઈબાદત (જાગરણ) પછી અલ્લાહ તઆલાની બારગાહમાં ગુનાહોની કબૂલાત (તથા મગફેરત) માટે તેમની દુઆ.

અય અલ્લાહ ! અય અનંત બાદશાહતના માલિક ! લશ્કર અથવા બીજી કોઈ સહાયતા વગર સત્તાના માલિક ! યુગો વીતવા છતાં, પરંપરાઓથી, દિવસો તથા જમાના વીત્યા પાછી પણ ગૌરવના માલિક ! તારી સત્તા પ્રાબલ્ય (શક્તિ) સાથે છવાયેલી છે જેની શરૂઆતની કોઈ હદ નથી અને અંતનો કોઈ છેડો નથી. તારી બાદશાહત વખાણને પાત્ર તથા

એટલી ઉચ્ચ છે જેની સર્વોચ્ચ સુધી પહોચવા માટે બધી વસ્તુઓ અશક્ત છે અને જે તારી થોડી સર્વોચ્ચતા થકી તુંએ પોતાને ઓળખાવ્યો છે તેને વખાણ કરનારાના વખાણ પહોંચી નથી શકતા. તારા માટે ગુણો મૂંઝાય છે. તારૂં વર્ણન અશક્ય બને છે અને તારી બાદશાહત સમક્ષ વિચારશક્તિ અશક્ત બને છે એવો છે તું અય અલ્લાહ ! તારી સર્વે પ્રસિધ્ધિમાં તું પહેલાથી શ્રેષ્ઠ છે અને હંમેશા તું વિના પતન એમ જ રહીશ.

હું અમલે-ખૈરની દ્રષ્ટિએ નબળો તથા વધારે ઈચ્છાઓ ધરાવનાર તારો બંદો છું. તારી મહેરબાની થકી તુંએ જે કંઈ અતા કર્યું છે તે સિવાય મારી ઈચ્છાઓ પૂરી કરવા માટે મારી પાસે કોઈ સાધન નથી, મારી અશાઓની દોરી કપાઈ ગઈ છે સિવાય કે તારી મગફેરત ઉપર ભરોસો કરૂં, મારી પાસે બહુ જ થોડું છે જેને તારી ઈબાદતને લાયક સમજી શકું અને મારી વિરૂધ્ધ ઘણી બાબતો છે જેને હું તારી નાફરમાની તરીકે કબૂલ કરૂં છું. આમ છતાં તારો બંદો કેટલો તુચ્છ

હોય, તેને મગફેરત અતા કરવું તારા માટે મુશ્કેલ નથી. તેથી, મને મગફેરત અતા કર.

અય અલ્લાહ ! ખાનગી કાર્યોને પણ તારૂં ઇલ્મ જાણી શકે છે, છુપાયેલ વસ્તુ પણ તારી નજર સમક્ષ ઉઘાડી થઇ જાય છે, ઝીણી-ઝીણી બાબતો પણ તારાથી છૂપી નથી અને અતિશય છુપા ભેદોથી પણ તું અજાણ નથી. ‘નિ:શંક, તારા દુશ્મને મારા ઉપર કાબૂ મેળવી લીધો છે જેણે મને ગુમરાહ કરવા માટે તારી બારગાહમાં કયામત સુધીની મુદ્દત માંગી છે અને તેણે જે માંગ્યું તેની તુંએ પરવાનગી આપી એટલે મને

ગુમરાહ કરવા માટે કયામત સુધીની, મુદ્દત. તુંએ તેને મુદ્દત અતા કરી અને તેણે મને જકડી લીધો છે.નિ:શંક, હું મારા નાના ગુનાહોને કારણે જે હાનિકર્તા છે અને મોટા ગુનાહોના કારણે જે નાશકર્તા છે તારી બારગાહમાં નાસીને આવ્યો છું.

હુંએ જયારે તારી નાફરમાની કરી (અને હદ ઓળંગી ગયો) તથા મારા ખરાબ ચાલચલણના કારણે તારા ક્રોધને લાયક ઠર્યો ત્યારે તેણે (તારા દુશ્મન શૈતાન) તેની દગાખોર લગામ મારા ઉપરથી પાછી ખેચી લીધી, નાસ્તિક વચનો

બોલતો મારી સમક્ષ ઊભો રહ્યો, જુદા પડવાની નિષ્ઠા વ્યકત કરી અને મારાથી પોતાનું મોઢું ફેરવી લીધું. આમ તેણે મને તારા ક્રોધના વનમાં એકલો ત્યજી દીધો અને મારો અસ્વીકાર કરી તારી સજાના વિસ્તારમાં (રખડતો) ધકેલી દીધો જયાં ન કોઈ તારી બારગાહમાં મારા માટે મધ્યસ્થી કરનાર છે, ન તારી બારગાહમાં કોઈ રક્ષણ કરી મને બચાવનાર છે, ન કોઈ એવી કિલ્લો છે જેમાં હું તારાથી છુપાઈ શકું અથવા ન તો કોઈ પનાહ છે જેમાં તારા (ક્રોધ) થી પનાહ લઇ શકું.

એવી છે, તેથી એની હાલત જે તારા રક્ષણની તલાશ કરે છે અને એવી છે એની પરિસ્થિત જે તારી બારગાહમાં પોતાની કબૂલાત કરે છે. તો મારા ઉપરથી તારી મહેરબાની પાછી ન લઈ લે, મારી બાબતમાં તારી મગફેરતની હદ ન કરાર આપ, તારા ગુનેહગાર બંદાઓમાં મને સૌથી વધારે નિરાશ ન કર અને ન તો મને એ લોકોમાંથી સૌથી વધારે નાઉમેદ કર જે લોકો તારી બારગાહમાં (સફળતાની) રાહ જોઈ રહ્યા છે. મને મગફેરત

અતા કર કારણ કે મગફેરત અતા કરનારાઓમાં તું શ્રેષ્ઠ છે.

અય અલ્લાહ ! નિ:શંક, તુંએ મને હુકમ કર્યો અને હું (ફરમાબરદારી કરવામાં) નિષ્ફળ રહ્યો, તુંએ મને મનાઈ ફરમાવી અને હું આગળ વધ્યો તથા ખરાબ વિચારો મારી ભૂલોને શોભા આપતા હતા અને હું તેને આવકારતો હતો. કોઈ પણ દિવસને હુંએ મારા રોઝાનો સાક્ષી નથી બનાવ્યો, નથી કોઈ રાતને મારા જાગરણનો સાથી (પાડોશ) બનાવ્યો, કોઈ પણ સારી આદતોએ મારા વખાણ નથી કર્યાં કે પોતે મારા

કારણે સજીવન રહી અને તારા તરફથી ફરમાવવામાં આવેલી ફરજો વિષે તો કશું કહેવાપણું જ નથી જેને ત્યજી દેનાર તબાહીને જ વરે છે.

હું તારી બારગાહમાં મારી કોઈ નાફેલા ઇબાદતની શ્રેષ્ઠતા થકી વસીલો નથી તલાશ કરતો જયારે કે તારા તરફથી નિમાયેલી તથા નિર્ણીત કરવામાં આવેલી ફરજો પ્રત્યે હું બેદરકાર રહ્યો છું. તારા તરફથી નીમવામાં આવેલી હદો ઓળંગીને મનાઈ કરાયેલી વસ્તુઓમાં સંડોવાઈ ગયો છું અને જે ભયંકર

ગુનાહો હુંએ કર્યાં છે તેના થકી થતી બેઈજ્જતીથી મને બચવા માટે તારા રક્ષણ સિવાય કોઈ પડદો નથી.આ હાલત છે એની જે પોતાના નફસના કારણે તારી બારગાહમાં શરમિંદા છે, તેનાથી ક્રોધિત છે અને તારી સમક્ષ સંતુષ્ટ છે.

તેથી તે, નમ્ર આત્માની સાથે, ગરદન ઝૂકાવીને, તારાથી ઉમેદવાર થઈને તારાથી ડરીને તારી તરફ વળ્યો અને તેની પીઠ ભૂલોથી લદાયેલી છે. જેના ઉપર અમે ભરોસો કરીએ છીએ તેમાં સૌથી વધારે ભરોસાને પાત્ર તું જ છે

અને તેઓમાંથી સૌથી વધારે લાયક તું જ છે જેનાથી બીવું તથા ધ્રુજવું જોઈએ. તેથી, મને એ અતા કર, અય અલ્લાહ ! જે હું ઈચ્છું છું, જેનાથી ડરૂં છું તેનાથી મને રક્ષણ અતા કર અને તારી રહેમતનો તોહફો મને અતા કર. નિ:શંક, જેઓથી સવાલ કરવામાં આવે છે તેઓમાં તું સૌથી વધારે કરીમ (ઉદાર) છે.

અય અલ્લાહ ! જયારે તુંએ મને મારી મગફેરત થકી ઢાંકી દીધો છે અને આ ફાની દુનિયામાં મારી બરાબરનાઓની હાજરીમાં મને તારી મહેરબાનીની મ્યાનમાં સમાવી દીધો છે

તો તારા પ્રિય ફરિશ્તા, માનનીય પયગંબરો, શહીદો તથા મારા પાડોશીઓમાથી નેક બંદાઓની હાજરીમાં જેનાથી હું મારી ખરાબીઓ છુપાવતો હતો અને મારા નજીકનાઓમાંથી એની હાજરીમાં જેની સમક્ષ હું મારા ખાનગી કાર્યોને કારણ શરર્મિંદા હતો, મને હંમેશના રહેઠાણમાં બદનામીથી નજાત અતા કર. હુંએ તેમના ઉપર કદી વિશ્વાસ નથી કર્યો અય મારા પાલનહાર ! કે તેઓ મારા ભેદ છુપાવશે અને તારા ઉપર વિશ્વાસ કરી શકાય તેઓમાં સૌથી વધારે ભરોસાપાત્ર તું છે, જેઓથી દુઆ થઇ શકે

છે તેઓમાં સૌથી વધારે ભરોસાપાત્ર તું છે, જેઓથી દુઆ થઇ શકે છે તેઓમાં સૌથી વધારે નજીક તથા અતા કરનાર તું છે અને જેઓથી રહેમની આશા રખાય તેઓમાં સૌથી વધારે રહેમ કરનાર તું છે તેથી, મારા ઉપર રહેમ કર.

અય અલ્લાહ ! તુંએ મને કરોડરજ્જુ તથા બીજી સાંકડી નળીઓમાંથી વહેતા પ્રવાહી તરીકે વહાવીને સાંકડા ગર્ભાશયમાં આશ્રય આપ્યો, જયાં મારા ફરતે પડ ઉપર પડ ચઢાવીને મારી એક પછી એક હાલતો બદલી, એટલે સુધી કે તુંએ મને એક ખાસ ઘાટમાં ઘડીને તૈયાર કર્યો

અને મારા અંદર જુદા જુદા અવયવો ઉત્પન્ન કર્યાં, જેનું વર્ણન તુંએ તારી ખાસ કિતાબમાં (કુરઆને-મજીદમાં) કર્યું છે : એક વીર્યનું બીજ (નુતફો), પછી જથ્થો, પછી માંસનો લોદો, પછી હાડકાનું ચોકઠું, પછી તુંએ હાડકાં ઉપર માંસ ચઢાવ્યું પછી તુંએ તારી ઈચ્છા પ્રમાણે મને એક સંપૂર્ણ પ્રાણી તરીકે ખલ્ક કર્યો.

જયાં સુધી મને તારી અતા કરેલી પુષ્ટિની જરૂરત હતી અને સ્વતંત્ર રીતે હું તારી નેઅમતો મેળવવા માટે અશકત હતો, તુંએ મને પુષ્ટિ પૂરી પાડી, ઉત્તમ ખાણું-પીણું તારી એ કનીઝ(ના

સ્તન) દ્વારા તુંએ મારા માટે વહાવ્યું જેના પેટમાં તુંએ મારો સહવાસ નીમ્યો હતો તથા જેના ગર્ભાશયની અંદર તુંએ મને વસાવ્યો હતો. એ સજોગોમાં, અય મારા પાલનહાર ! જો તુંએ મને મારી શક્તિના આધારે મૂકી દીધો હોત અથવા મારા બળ ઉપર રહેવાની મારા ઉપર ફરજ પાડી હોત તો મારી શક્તિ મારો સાથ છોડી દેતે અને મારૂં બળ મારા માટે પુરૂં જ ન પડતે. તેથી, તારા એહસાન થકી તુંએ મને સંપૂર્ણ તથા કોમળ પુષ્ટિ (રોજી) પહોંચતી કરી. આ તારી મહેરબાની તું એક કરમ તરીકે આજ દિવસ

સુધી મારા ઉપર કરી રહ્યો છે તારી મહેરબાનીમાં ઓછપ નથી અને ન તો મારા ઉપર તારી રહમતમાં ઢીલ થાય છે.

આમ છતાં મારો વિશ્વાસ મક્કમ ન રહ્યો કે હું મારા પોતાને એ કામોમાં મગ્ન રાખવાની કોશિષ કરૂં જે તારી નજરમાં મને લાભદાયી છે અને નિ:શંક, મારી શંકાઓ તથા ઈમાનની નબળાઈના કારણે શૈતાને મારી લગામ ઉપર કાબૂ મેળવ્યો. હું તારી બારગાહમાં ફરિયાદ કરૂં છું તેના બૂરા સંગાથની તથા મારા નફસને તેના આજ્ઞાકિતપણાની અને તારૂં રક્ષણ માંગું છું તેની

સત્તા વિરુધ્ધ તથા તને નમ્ર વિનંતિ કરૂં છું કે મારી રોજી મેળવવા મારા માટે સહેલ ફરમાવ.

અને, બધાં વખાણ પાત્ર તું જ છે જેણે સૌથી પહેલે મને ભવ્ય નેઅમત અતા કરી અને પછી તારા રહેમો-કરમનો શુક્ર કરવાની પ્રેરણા અતા કરી. તેથી, હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. અને રોજી મેળવવું મારા માટે સહેલ ફરમાવ. મારા માટે તારો નિર્ણય જે પણ હોય તેના ઉપર મને સંતુષ્ટ રહેવાની તૌફીક અતા કર, તુંએ જે કંઈ મને

અતા કર્યું છે મારા તે હિસ્સાથી મને સંતોષ અતા કર અને જે પણ કામોમાં મારી ઉંમર વીતી છે તથા મારૂં શરીર વપરાયું છે તેને તારી ઇબાદતની રાહમાં શુમાર કર. નિ:શંક, તું સર્વશ્રેષ્ઠ રોજીનો અતા કરનાર છે.

અય અલ્લાહ ! હું તારી પનાહ લઉં છું એ આગથી જે તું તારા હુકમોને ન માનનારા ઉપર (અઝાબ તરીકે) વરસાવે છે અને જેના થકી તું એ લોકોને ડરાવે છે જેઓ તારી ઈચ્છા વિરૂધ્ધ ગુમરાહ બને છે; એ આગથી જેના ભડકાઓ અંધારિયા છે, જેનો હલકામાં હલકો હિસ્સો પણ

દુ:ખદાયી છે અને જેનું દૂરનું અંતર પણ નજીક છે; એ આગથી જેનો હિસ્સો બીજા હિસ્સા ઉપર હુમલો કરે છે અને કોઈ હિસ્સો બીજા હિસ્સાને પચાવી પાડે છે; એ આગથી જે હાડકાઓ બાળીને રાખ કરી નાખે છે અને તેના સહવાસીઓને ઉકળતું પાણી પાય છે; એ આગથી જે એને પણ નથી મૂકતી જેઓ તેની પાસે આજીજી કરે છે, એના ઉપર રહેમ નથી કરતો જે તેની સમક્ષ ભલાઈ માટે દુઆ કરે છે તેના ઉપર અઝાબ ઓછો કરવાની તેને સત્તા નથી. તે પોતાના સહવાસીઓને પોતાની સૌથી

ગરમ દુ:ખદાયી અઝાબ એને સખત પીડા આપીને વર્તે છે.

હું તારી પનાહ તલબ કરૂં છું તેમાં રહેનાર ખુલ્લા મોઢાવાળા વીછુઓથી, એ સાપોથી જે પોતાના ફેણ ફુલાવી ડંખવા માટે તૈયાર છે, એ પીણાથી જેના થકી તેમાં રહેનારાઓના આંતરડા તથા દિલ ચીરાઈ જાય છે એને તેઓના દિલોને જે ફાડી નાખે છે. હું તારી બારગાહમાં તે રાહની ભીખ માંગું છું જે મને આ આગથી દૂર રાખે એને મને તેનાથી બચાવે.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર અને તારા સર્વોતમ એહસાન થકી મને તેનાથી (તે આગથી) બચાવ. તારી ઉદાર મગફેરત થકી મારી ભૂલોને જતી કર એને મને બદનામ ન કર, અય રક્ષણ કરનારાઓમાં સર્વશ્રેષ્ઠ ! કારણ કે તું ખરાબીઓને દૂર કરે છે એને સારૂં અતા કરે છે, તું તારી ઈચ્છા મુજબ વર્તે છે અને તું દરેક વસ્તુ ઉપર કુદરત (સત્તા) ધરાવે છે.

અય અલ્લાહ ! જયારે પણ નેક લોકોને યાદ કરવામાં આવે છે ત્યારે અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. જયાં સુધી રાત અને દિવસ તારી રહેમત થકી બદલ્યા કરે છે ત્યાં સુધી હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર, એવી રહેમત જે નાઝિલ થતી અટકે નહિં તથા તેની ગણતરી પણ ન થઇ શકે, એવી રહેમત કે જે વાતાવરણમાં છવાઈ જાય તથા

જમીન અને આકાશ તેનાથી ભરપૂર થઇ જાય. ત્યાં સુધી અલ્લાહ તેમના ઉપર તથા તેમની આલ ઉપર રહેમત નાઝિલ કરે જયાં સુધી તેઓ સંતોષ ન પામે અને તેમના સંતોષ પછી અલ્લાહ તેમને અને તેમની આલને એવી નેઅમત અતા કરે જેનો કોઈ અંત અથવા છેડો ન હોય, અય સૌથી વધારે રહેમ કરનારા !

તારી રહેમતની સાથે.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

## 33-મહત્વની બાબતોમાં અલ્લાહ તઆલાની મદદ માટે તેમની દુઆ. (ઇસ્તેખારાહ જોવા પહેલા)

અય અલ્લાહ ! હું તારા ઇલ્મ થકી મારી ભલાઈ માટે તારી સલાહ (મદદ) ઈચ્છું છું. તેથી, હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર અને મને એવી આજ્ઞા આપ જે મારા માટે સારી હોય. અમને ચૂંટણી કરી શકવાની પ્રેરણા અતા કર, તુંએ અમારા માટે જે નિર્ણીત કર્યું છે તેને સ્વીકારવા માટેનું અને તુંએ

અમને જે હુકમ કર્યો છે તેની તાબેદારી માટેનું સાધન બનાવ અને એના થકી અમને શંકાઓની મૂંઝવણથી નજાત અતા કર. સત્યવાદીઓની મક્કમતા જેવી મક્કમતા થકી અમારી મદદ કર. તુંએ અમારા માટે જે ચૂંટ્યું છે તે સમજવા માટે અમે અશક્ત હોઈએ એવું બને, નહિં તો અમે તારા હુકમને હલકો (વિના મહત્વનો) સમજી બેસશું, તારી મંજૂરી (સંમતિ)ના પ્રસંગને નાપસંદ કરી બેસશું અને એ દિશામાં ફરી જશું જે નિર્ણયની ગુણવતા દૂર છે તથા અસલામતીની નજીક છે.

તારા હુકમ વિષે અમને જે નાપસંદ છે તે પસંદ કરવાની (માન્ય રાખવાની) તૌફીક અતા કર, તારા હુકમની જે બાબત અમે મુશ્કેલ સમજતા હોઈએ તેને અમારા માટે સહેલ બનાવ અને તારી ઈચ્છાથી તુંએ જે કંઈ અમને અતા કર્યું છે (અને કરે છે) તેને સ્વીકારી લેવાની પ્રેરણા અતા કર, જેથી, એ બાબતમાં અમે ઢીલ ન ઈચ્છીએ જેમાં તું જલદી કરે છે, એ બાબત જેમાં તું ઢીલ કરે છે તે જલદીથી પૂરી થવાની આશા ન કરીએ, તું જે પસંદ કરે છે તેને અમે

નાપસંદ ન કરીએ અને ન તો અમે ચૂંટીએ જે તું નાપસંદ કરે છે.

અમારા જીવનના અંતને પ્રશંસાપાત્ર બનાવ અને તારી તરફ પાછા ફરવાને માનનીય બનાવ, નિ:શંક, તું ભવ્ય ફાયદાઓ અતા કરે છે અને તારા તોહફા સર્વોતમ હોય છે. તું જે ઈચ્છે તે તું કરે છે અને દરેક વસ્તુ ઉપર તું કુદરત ધરાવે છે.

તારી રહેમતની સાથે.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

## ૩૪-ગુનાહોના કારણે દુ:ખ થવાના સમયે અથવા કોઈને દુ:ખી થતા જુએ તે સમયે તેમની દુઆ.

અય અલ્લાહ ! સર્વે વખાણ તારા માટે છે કે તુંએ અમારા ગુનાહોને જાણ્યા અને તેને છુપાવ્યા તથા તને ખબર થઇ અને તુંએ (ગુનેહગારોને) સલામતી અતા કરી, કારણ કે, નિ:શંક, અમારામાંથી બધાં જ ગુનાહોની ખરડાયેલા છે પણ તુંએ કોઈને પણ ઉઘાડો નથી પાડ્યા. તેણે ભયંકર ભુલો કરી પણ તુંએ તેને

(બદનામ) નથી થવા દીધા અને તેણે ખાનગીમાં ખરાબ કામો કર્યા પણ તુંએ તેણે કંઈ જ ન કહ્યું (કે કર્યું). તુંએ મનાઈ ફરમાવેલ કેટલાયે કામો અમે કર્યાં તથા તારા કેટલાય હુકમોની તુંએ અમને જાણ કરી અને અમે તેનું પાલન ન કર્યું; કેટલીય ભૂલો તથા કેટલાયે ગુનાહો અમે કરી નાખ્યા અને તેને જાણવાવાળું કોઈ ન હતું છતાં તું બધું જાણતો હતો તથા તું તેને જાહેર કરવાની સત્તા ધરાવતો હતો, બીજા સત્તાધારીઓથી ઉચ્ચ. તુંએ અમને જે સલામતી અતા કરી તે

અમારા માટે તેઓની નજર સમક્ષ એક પડદો હતો અને તેઓના કાનોને અડચણ હતી.

તેથી, તુંએ જે અમારા ખાનગી ભૂલો ઢાંકી છે અને ખામીઓ છુપાવી છે તેને અમારા માટે ચેતવણીનું રૂપ આપ, જેથી અમે ખરાબ ચાલચલણ તથા ગુનાહો કરવાથી બચીએ અને અમને તોબાની પ્રેરણા મળે જેના કારણે ગુનાહોની મગફેરત પ્રાપ્ત થાય છે તથા તારી બતાવેલી સીધી રાહ ઉપર ચાલી શકાય છે. આ નિર્ણય પરિણામ આપવામાં જલદી કરવાની મહેરબાની કર અને તારા તરફથી તેમાં ઢીલ ન

કર. નિ:શંક, અમે તારી તરફ પાછા ફરવાની ઈચ્છા ધરાવીએ છીએ અને અમારા ગુનાહોની તોબા કરીએ છીએ.

અને રહેમત નાઝિલ કર, અય અલ્લાહ ! તારી મખ્લૂકમાં તારા ચૂંટાયેલા બંદા હઝરત મોહમ્મદ અને તેમની આલ ઉપર જેઓ તારી મખ્લૂકમાંથી ખાસ નિમાયેલા અને પાક (તાહીર) છે. તેઓની હિદાયત સાંભળવાની અને તારા હુકમોની ઇતાઅત (પાલન) કરવાની અમને તૌફીક અતા કર.

તારી રહેમતની સાથે.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …
www.hajinaji.com

• Like us on Facebook •

## ૩૫-દુનિયાની લોકોની હાલત નિહાળીને પોતાના માટે અલ્લાહના હુકમનો સ્વીકાર અને શુક્ર માટે તેમની દુઆ.

અલ્લાહના હુકમની તાબેદારી થકી સર્વો વખાણ અલ્લાહ માટે છે. હું ગવાહી આપું છું કે અલ્લાહ એ પોતાના બંદાઓ માટે ઇન્સાફ સાથે રોજીની વહેચણી કરી છે અને પોતાની કુલ મખ્લૂક ઉપર તેની મહેરબાનીઓ (રહમત) છવાયેલી છે.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને

તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર અને તુંએ તેઓને (દુનિયાવાળાઓને) જે કંઈ અતા કર્યું છે તેની તરફ મને આકર્ષિત ન કર (મારી પરીક્ષા ન કર) તથા જે કંઈ નેઅમતોમાંથી તુંએ વંચિત રાખ્યા છે તેના થકી તેઓની પણ પરીક્ષા ન કર જેથી હું તારી મખ્લૂકની ઈર્ષા (હસદ) ન કરી બેસું અને તારા હુકમની અસંતુષ્ટ ન બની જાઉં.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલચ્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર અને

મારા નફસને તારા હુકમ ઉપર રાજી રાખ, તારા હુકમોના પ્રસંગો મારા હૈયાને વિસ્તૃત કર અને મને શ્રદ્ધા (ઈમાન) અતા કર જેથી હું સ્વીકાર કરૂં કે તારો હુકમ પસાર જ નથી થતા સિવાય કે તેમાં (અમારી) ભલાઈ જ હોય. મને એવી તૌફીક અતા કર કે તુંએ મને જે નેઅમતોમાંથી વંચિત રાખ્યા છે તેના માટે હું તારો વધારે શુક્ર ગુજાર બનું એના કરતા કે જે નઅમતો તુંએ મને અતા કરી છે તે માટે.

મને એવી વિચારસરણીથી સલામતી અતા કર કે હું ગરીબને તુચ્છ સમજું અને શ્રીમંતને

માનનીય સમજું કારણ કે, નિ:શંક, શ્રીમંત એ છે જે તારી ઈબાદત થકી શ્રીમંત બન્યો હોય અને માનનીય એ છે જેને તારી ઇબદતો થકી પ્રાપ્ત થયું હોય.

તેથી, હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર અને અમને એવી ગુણવતા અતા કરે જે બરબાદ ન થાય, અમને એવું માન મેળવવાની તૌફીક અતા કર જે કયારે ઘટે નહિં તથા અમને તારા અનહદ રાજયમાં મુકામ અતા કર.

નિ:શંક, તું એક છે, ફકત એક, સ્વાધીન (હમેશાથી છે તથા હંમેશા રહેનાર છે), જે કોઈને જન્મ નથી આપતો અને જેણે કોઈએ જન્મ નથી આપ્યો અને તેના જેવો બીજો કોઈ નથી (તેના બરાબરનું કોઈ નથી).

તારી રહમતની સાથે.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …
www.hajinaji.com

• Like us on Facebook •

## ૩૬-વાદળા દેખાય, વીજળી ચમકે અને ગર્જના સંભળાય ત્યારે તેમની દુઆ.

અય અલ્લાહ ! તારી નિશાનીઓમાંથી આ બે નિશાનીઓ છે (વાદળા અને વીજળી તથા ગર્જના).

તારા સહાયકોમાં (સેવકોમાં) આ બે તારી ઇતાઅતમાં નિયમિત છે જે (તારા હુકમ મુજબ) લાભદાયી થઇ મહેરબાન રહે છે અથવા સખત સજા કરે છે તેથી, તેઓ થકી અમારા ઉપર ખરાબ વર્ષા ન વરસાવ અને તેઓ થકી અમને આફતો-મુસીબતો પોશાક ન પહેરાવ.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર અને અમારા ઉપર આ વાદળોની તથા તેની બરકતોનો લાભ વરસાવ. તેના થકી નુકસાની તથા ઈજાને અમારાથી દૂર કર, તેના થકી અમારા ઉપર આફતો ન મોકલ અને તેના થકી અમારા જીવનનિર્વાહની વસ્તુઓનો નાશ ન કર.

અય અલ્લાહ ! જો તુંએ સજારૂપે વાદળા તૈયાર કર્યાં હોય અને તારી નારાજીના કારણે મોકલ્યા હોય તો, નિ:શંક, તારા ક્રોધથી અમે

તારૂં રક્ષણ તલબ કરીએ છીએ અને તારી મગફેરત તલબ કરવા માટે તારી બારગાહમાં દુઆ કરીએ છીએ. તેથી, તારા ક્રોધને મુશરિકો તરફ ફેરવી નાખ અને તારી સખત સજા કાફરો માટે કારગત બનાવ.

અય અલ્લાહ ! તારી વર્ષા થકી અમારા શહેરોની સૂક દૂર કર અને તારા તરફથી અમને રોજી પૂરી પાડીને અમારા હૈયાની શંકાઓને દૂર કર. અમને તારાથી દૂર ન કર જેથી અમે તારા સિવાય બીજા કોઈની નજીક ન થઇ જઈએ અને તારી મહેરબાનીઓના કારણે આ વાદળોને

અમારા ઉપરથી વરસ્યા વિના દૂર ન કર, કારણ કે નિ:શંક, શ્રીમંત (ગની) એ છે જેને તું શ્રીમંત બનાવે છે અને જેને તું સલામતી અતા કરે છે તે સુરક્ષિત છે. કોઈનો પણ રક્ષણહાર તારા સિવાય બીજા કોઈ નથી અને કોઈ તારા ક્રોધને રોકી નથી શકતું. તું તારી ઈચ્છા મુજબ જેને ચાહે છે તેને હુકમ કરે છે અને જનો માટે ચાહે છે તેના માટે નક્કી કરીને તું નિર્ણય પસાર કરે છે.

તેથી, જે કોઈ બલાથી તુંએ અમારૂં રક્ષણ કર્યું છે તે સારૂ સર્વે વખાણ તારા માટે જ છે તથા તારી નેઅમતોમાંથી અમને તુંએ જે કંઈ પણ

અતા કર્યું છે તે માટે તારો જ શુક્ર થવા લાયક છે, એવા વખાણ જે બીજા વખાણ કરનારાઓના વખાણથી વધી જાય તથા એવા વખાણ જેનાથી જમીન અને આકાશ ભરપુર ભરાઈ જાય.

નિ:શંક, તું અતિ સુંદર નેઅમતોનો અતા કરનાર છે, ઉતમ મહેરબાનીઓ કરનાર છે, થોડા વખાણ પણ કબૂલ કરનાર છે, ઓછા શુક્રનો પણ બદલો અતા કરનાર છે, ઉદાર પાલનહ્રાર છે, સખાવતનો માલિક છે, તારા સિવાય બીજો કોઈ ઈબાદતને લાયક નથી અને તારી તરફ અમારૂં પાછા ફરવાનું છે.

તારી રહેમતની સાથે.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …
www.hajinaji.com

• Like us on Facebook •

## ૩૭-અલ્લાહ તઆલાનો પૂરી રીતે શુક્ર અદા ન કરી શકયા હોવાની કબૂલાત માટે તેમની દુઆ.

અય અલ્લાહ ! નિ: શંક, કોઇપણ તારો શુક્ર અદા કરવાનું પૂરૂં નથી કરી શકતો એ પહેલા તો તારા એહસાન થકી તે બીજી નેઅમતો પામે છે જે માટે વધારે શુક્ર અદા કરવું તેના માટે ફરજિયાત થઇ જાય છે. તારી ઇતાઅત કોઈ પણ સંપૂર્ણ રીતે પરિણામ નથી આપી શકતો જો કે તે શ્રેષ્ઠ રીતે પૂરતી કોશિશ કરે છે અને છેવટે, તારા ફઝલના કારણે તારા અધિકારની

સરખામણી તે નબળી જ (ખામીઓ ભરેલી) પૂરવાર થાય છે.

તેથી, તારી બારગાહમાં તારા બંદાઓમાં સૌથી વધારે તારો શુક્રગુજાર બંદો એ છે જે (જાણે કે પોતે) તારો પૂરી રીતે શુક્ર અદા નથી કરી શકતો, તેઓમાં સૌથી વધારે ઈબાદતગુજાર બંદો એ છે કે જે સારી રીતે સમજે છે કે તારી ઇતાઅત પૂરી રીતે કરવામાં તે નબળો છે અને કોઈને એ અધિકાર નથી કે તેને તેના દરજ્જાના કારણે તું મગફેરત અતા કરે

તથા તેની લાયકાતના કારણે તું તેનાથી રાજી રહે.

તેથી, જે કોઈને પણ તું મગફેરત અતા કરે છે તે તારી ઉદારતા થકી છે અને જે કોઈથી પણ તું રાજી રહે છે તે તારી મહેરબાની થકી છે, તારો થોડામાં થોડો શુક્ર અદા કરવા માટે પણ તું તેમને ઇનામ અર્પણ કરે છે અને થોડી એવી પણ તારી ઇતાઅત કરનારને તું તેનો બદલો અતા કરે છે એટલે સુધી કે તારા બંદાઓને જે શુક્રગુજારી માટે તું તેમને ઇનામને પાત્ર બનાવે છે તથા જેના કારણે તુંએ તેઓનો બદલો વધારી

દીધો છે તે તો જાણે તેમની તારા પ્રત્યેની ફરજ જ ન હતી (અને જાણે તેઓએ વધારાની નેકીઓ કરી છે) અને તેઓને તું ઇનામ અતા કરે છે, અથવા તેઓનું તેમ કરવાના કારણો તારા કબજામાં ન હતા અને (તેમ કરવા માટે) તેમનું તુંએ બદલો અતા કર્યો છે.

નહિં, તારી ઈબાદત કરવા માટે તેઓ શક્તિવાન બન્યા તે પહેલાથી તું તેમની દરેક બાબતો ઉપર સત્તા (કુદરત) ધરાવતો હતો અને તેઓએ તારી ઇતાઅત કરવી શરૂ કરી તે પહેલાં તુંએ તેમનો બદલો અતા કરી દીધો છે (અને

વધારે અતા કરતો રહે છે). આનું કારણ એ છે કે તે તારી સુન્નત (તારો નિયમ) ફઝલ અતા કરવાની છે, તારી આદત એહસાન કરવાની છે અને તારી રાહ મગફેરત કરવાની છે.

તેથી, તારી મખ્લૂક સ્વીકાર કરે છે કે જેને તું સજા કરે છે તે તેની સાથે તારો અન્યાય નથી અને ગવાહી આપે છે કે જેને તું સલામતી અતા કરે છે તને તુંએ તારો ફઝલ અતા કર્યો છે. દરેક જણ પોતાની વિરૂધ્ધ પોતાની નિષ્ફળતા કબૂલ કરે છે કે તે એ નથી કરી શકયો જે તેને તારી પ્રત્યે કરવું જોઈતું હતું અને જો શૈતાન લોકોની

ગેરદોરવણી ન કરી હોત તો કોઈ ગુનાહગારે તારી નાફરમાની ન કરી હોત તથા જો તેમના ખોટા (ખરાબ) કામોને તેણે તેમને સાચા (સારા) જેવા કરીને જ ન દેખાડયા હોત તો કોઈ ગુમરાહ (નફસ) તારી રાહથી ગુમરાહ ન થયો હોત.

તેથી, તું પાક છે ! તારી ઇતાઅત કરનારા અથવા તારી નાફરમાની કરનારા ઉપર તારો જ કરમ છે તે કેટલો ખુલ્લી રીતે પુરવાર થયેલો છે ! તારી ઇતાઅત કરનારા ઉપર તારી સત્તા (અને તારી પ્રત્યે તેમની ફરઝ) હોવા છતાં તારી ઇતાઅત કરવા માટે તું તેમને ઇનામ અતા કરે

છે અને ગુનેહગારની સાથે સહનશીલ રહી તું તેને મુદ્દત અતા કરે છે, જો કે તેને તરત જ સજા કરવાની તું સત્તા ધરાવે છે આ બેઉને તું એ અતા કરે છે જેના લાયક તેઓ નથી અને દરેક તારા ફઝલ થકી તું એ અતા કરે છે જે માટે તેઓના કાર્યોમાં તો (એટલો બદલો મેળવવા માટે) ખામીઓ હતી જ. અને તારી ઇતાઅત કરનારનો જો તું એ રીતે બદલો ગણતે જે રીતે ગણતરી કરવાન તું સત્તા ધરાવે છે (અને જે રીતે તારા ન્યાય મુજબ ગણતરી થવી જોઈએ) તો, નિ:શંક,

તારૂં ઇનામ તો તે ખોઈ જ બેસે તથા તારી (બીજી) નેઅમતોથી પણ વંચિત જ રહે.

પણ તારા (ફઝલ અને) કરમ થકી તેની થોડી એવી ફાની મુદ્દત(ની ઇતાઅત) માટે તેને તુંએ અનહદ લાંબા સમયનું (ખુશહાલીનું) ઇનામ અર્પણ કર્યું અને નજીકની જલદી પસાર થઇ જનારી (જિંદગી)ના બદલામાં લાંબી મુદ્દતની (હમેશાની જિંદગી) અતા કરી. તેથી વધારે એ પણ કે તારી અતા કરેલી રોજીમાંથી તેણે જે કંઈ ખાધું તે માટે તુંએ તેને આભારી પણ ન ગણ્યો જેના થકી તેને તારી ઇતાઅત

કરવાની શક્તિ પ્રાપ્ત થઇ તથા તેના (શરીરના) અવયવોનો પણ હિસાબ ન પૂછયો જેના થકી તે તારી મગફેરત પામવાની કોશિશ કરતો રહ્યો. જો તું એમ કરતે તો, નિ:શંક, તેણે જે માટે આટલી બધી મહેનત કરી તે બધું જ ખોઈ બેસતે અને એ બધું પણ જે માટે તેની પૂરી કોશિષ હતી જેનો બદલો તારૂં થોડું એવું ઇનામ અથવા ઓછામાં ઓછી નેઅમત હોઈ શકે અને તારી બીજી બધી નેઅમતો માટે એ તારો આભારી બની જાય. તો પછી તારા ઇનામોમાંથી

કશાનો પણ તે હકદાર કેવી રીતે થઇ શકે ? નહિં, કયારેય નહિં !

આવી છે હાલત, અય અલ્લાહ ! એની જે તારી ઇતાઅત કરે છે અને એનું ભવિષ્ય જે તારી ઈબાદત કરે છે. પણ, તેના વિષે જે તારા હુકમની નાફરમાની કરે છે અને તારી મનાઈ ફરમાવેલી વસ્તુઓ પરિણામ આપે છે ? તું તેને તારી સજા કરવામાં જલદી નથી કરતો જેથી, કદાચ, તે પોતાની ગુનાહોની વૃતિ બદલીને તારી ઈતાઅત કરવાની વૃતિ અપનાવી લે.

નિ:શંક, તારી નાફરમાનીમાં તેણે જે કંઈ પણ પરિણામ આપ્યું તે માટે તે તારી એ પૂરી સજાને લાયક હતો જે સજા તુંએ તારી કુલ મખ્લૂક માટે પહેલેથી જ નિર્ણીત કરી છે. તેથી, તેને તારી સજા કરવામાં તુએ જે ઢીલ કરી છે અને તારી શિક્ષા તથા પીડા જે તુંએ તેનાથી દૂર રાખી છે તે તારા તરફથી સત્તાનો ઉપયોગ કરાયો ન હતો અને તુંએ એ વલણ અપનાવ્યું હતું જે વલણ અપનાવવું (તારા માટે) વાજિબ ન હતું.

તો તારાથી વધારે એહસાન કરનાર (કરીમ) કોણ હોઈ શકે, અય અલ્લાહ ! અને તેનાથી વધારે કમનસીબ કોણ હોઈ શકે જે (તારી ઈચ્છા વિરૂધ્ધ) હલાક (તબાહ) થાય ? કોઈ જ નહિં !

તેથી, તારી મહાનતાના (કીબ્રીયાઈ, અઝમતના) તો વખાણ થઇ જ નથી શકતા સિવાય તારા એહસાન થકી અને તારી ઉદારતાના કારણે કોઈ પણ વસ્તુથી ડરવાનું નથી સિવાય તારા ન્યાયથી. જે તારી નાફરમાની કરે તેના ઉપર જુલમ થશે એવી તો બીક જ  નથી અને જે તારી ખુશી મેળવશે તેને

ઇનામ અતા કરવાનું તું ચૂકી જઈશ એવો પણ કોઈ ભય નથી.

તેથી, હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર; અને મારી ઇચ્છા પૂરી કર. મારા માટે તારી હિદાયતમાં વધારો કર જેથી મને મારા (નેક) કાર્યો કરવાની નેક તૌફીક મળે અને હું તારી મહેરબાનીઓ (નેઅમતો) પ્રાપ્ત કરી શકું.

નિ:શંક, તું સૌથી વધારે મહેરબાન અને ઉદાર (કરીમ) છે.

તારી રહેમતની સાથે.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

... Kitab Downloaded from ...
www.hajinaji.com

• Like us on Facebook •

## ૩૮-કોઇપણ બંદા તરફ કંઈ ભૂલ થઇ હોય અથવા તેમનો હક અદા કરવામાં ખામી રહી ગઈ હોય તો તે માટે દિલગીરી વ્યક્ત કરવા અને જહન્નમની આગથી પનાહ માંગવા માટે તેમની દુઆ.

અય અલ્લાહ ! હું તારી બારગાહમાં માફી માંગું છું એની કે કોઈ મઝલૂમ ઉપર મારી હાજરીમાં જુલમ થયો હોય અને હુંએ તેની મદદ ન કરી હોય, મારી સાથે કોઈએ નેકી કરી હોય અને હુંએ તેનો આભાર ન માન્યો હોય, કોઈએ મારી સાથે ખરાબી કરીને માફી માંગી હોય અને

તેને હુંએ કબૂલ ન કરી હોય, કોઈ જરૂરતમંદને રાહત ન પહોચાડી શકયો હોઉં જયારે તેણે મદદ માંગી હોય, કોઈ લાયક મોમીનને તેનો હક પહોચાડવામાં નિષ્ફળ થયો હોઉં જે મારા ઉપર ફરજિયાત હતું, કોઈ સાચા મોમીનની ખામીની મને જાણ થઇ અને હુંએ તે છુપાવી નહિં તથા દરેક એ ગુનાહની માફી જે મને સૂઝયા અને હું તે કરી શકયો નહિં.

હું તારી બારગાહમાં માફી માંગું છું, અય અલ્લાહ ! તે (ગુનાહો) માટે તથા તેના જેવા બીજા (ગુનાહો) માટે પણ, સાચા દિલની માફી જે

મારી સમક્ષની એના જેવી બીજી વસ્તુઓથી બચવા માટે મને ચેતવણી આપે.

તેથી, હઝરત મોહમ્મદ અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર અને જે ભૂલો થઇ ચૂકી છે તેના પસ્તાવા થકી (અને તારી મગફેરત થકી) તથા મારી સમક્ષ જે પણ ખરાબી આવે તેનાથી બચવાની નિષ્ઠા થકી (પાકા નિર્ણય થકી) મને તારી મોહબ્બતનો હકદાર બનવાની તૌફીક અતા કર, અય માફી માંગનારાઓથી મોહબ્બત રાખનાર !

તારી રહેમતની સાથે.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …
www.hajinaji.com

• Like us on Facebook •

## ૩૯-અલ્લાહ તઆલાની રહેમત અને મગફેરત માટે તેમની દુઆ.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. દરેક મનાઈ ફરમાવવામાં આવેલી વસ્તુઓ માટેની મારી આશાને નાબૂદ કર, દરેક ગુનાહોની મારી ઈચ્છાને દૂર કર અને કોઇપણ મોમીન અથવા મોમેના, મુસ્લિમ અથવા મુસ્લેમાને હું ઈજા ન પહોંચાડું એવી મને તૌફીક અતા કર.

અય અલ્લાહ ! અને જે કોઈ તારો બંદો મારા ઉપર તોહમત નાખે (મને બદનામ કરે) જે તેના માટે તુંએ ગેરકાયદેસર (નાજાએઝ) કરાર આપ્યું છે, અથવા તે મારૂં અપમાન કરે જેથી તુંએ તેને મનાઈ ફરમાવેલી છે અને તે મૃત્યુ પામે અથવા તેના વિરૂધ્ધની મારી ફરિયાદ સાથે ગુજરી જાય અથવા તેની વિરૂધ્ધ મારી પાસે કોઈ ફરિયાદનું કારણ હોય જયારે તે જીવિત હોય, તો મારા કારણે તેને જે સજા ભોગવવાની છે તે તું તેને માફ કરી દેવાની મહેરબાની કર અને ઈજા પહોચાડવાના તેના

ગુનાહની તેને મગફેરત અતા કર. મારી વિરૂધ્ધ તેણે જે કંઈ કર્યું હોય તેને તેની જાણ ન થવા દે અને તેણે મારી પ્રત્યે જે કંઈ ખરાબી કરી છે તેને તેની સમક્ષ ઉઘાડી ન થવા દે. તેને માફ કરવાની મારી ભલમનસાઈ (નેકી) અને તેને ભેટ કરાયલું મારૂં સ્વૈછીક દાન મારૂં ચોખ્ખું (ખાલિસ) દાન હોય અને તારા માનનીય બંદાઓના સર્વોચ્ચ એહસાનોમાનું સર્વોતમ એહસાન (દાન) હોય એવી મને તૌફીક અતા કર. મારા તેઓને માફ કરી દેવાના બદલામાં મને તારી મગફેરત અતા કર અને તેઓ માટેની

મારી દુઆના બદલામાં મને તારી મહેરબાની અતા કર. ત્યાં સુધી કે અમારામાંના દરેક તારા એહસાન થકી નજાત પામે.

અય અલ્લાહ ! અને તારા બંદાઓમાંથી જે કોઈને પણ મારા તરફથી ઈજા પહોચી હોય અથવા મારા કારણે તેને કંઈ દુ:ખ પહોચ્યું હોય અથવા મારા થકી કે મારા કારણે તેનું કંઈ દુ:ખ પહોચ્યું હોય  અથવા મારા થકી કે મારા કારણે તેનું કંઈ નુકસાન થયું હોય અને તેનો હક અદા કરવામાં હું નિષ્ફળ થયો હોઉં અથવા તેની ફરિયાદ તરફ હુંએ ધ્યાન ન આપ્યું હોય, તો

હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર અને તારા એહસાન થકી તું તેને મારાથી રાજી કર તથા તું પોતે તેનો હક અદા કર. ત્યારપછી, મને એ બાબતની સલામતી અતા કર. જેના કારણે તને મારી વિરૂધ્ધ હુકમ પસાર કરવો પડે. તારા ન્યાય મુજબ જે ફેસલો થાય તેનાથી મને છુટકારો અતા કર કારણ કે તારી સજા સહન કરવા જેટલી શક્તિ મારામાં નથી અને તારો ક્રોધ વેઠવાની મારામાં તાકત નથી. અને, નિ:શંક, જો

તું મારી સાથે ન્યાયથી વર્તીશ તો તું મને હલાક (તબાહ) કરી નાખીશ અને જો તું મારા ઉપર રહેમ નહિં કરીશ તો તું મને બરબાદ કરી નાખીશ.

અય અલ્લાહ ! નિ:શંક, હું તારી બારગાહમાં તલબ કરૂં છું અય મારા પરવરદિગાર ! એ વસ્તુની જેના ખર્ચથી તારા ખજાનામાં ઓછું નહિં થાય અને હું તને એ સહન કરવાની વિનંતી કરૂં છું જે સહન કરવું તારા માટે બોજરૂપ નથી. મારા નફસને માફ કરી દેવાની હું તને વિનંતી કરૂં છું જેને તુંએ એ માટે ખલ્ક નથી કર્યો કે તે તારા

માટે કોઈ ખરાબીને રોકે અથવા તને લાભ પહોચાડવાનો કોઈ માર્ગ શોધી કાઢે પણ તુંએ તેને તે માટે ખલ્ક કર્યો છે કે તેના થકી તેના જેવા બીજા ઉપર તારી શક્તિ પુરવાર થાય અને તેના જેવી બીજી મખ્લૂક માટે તે હુજ્જત કરાર પામે.

હું તારી બારગાહમાં દુઆ કરૂં છું કે મારા ઉપરથી એ ગુનાહોનો બોજ હલકો કર જેનો બોજ સહન કરવું મારા માટે બહુ જ ભારે છે અને એ બોજ હટાવવામાં તારી મદદ ચાહું છું જેના હેઠળ હું દબાઈ ગયો છું.

તેથી, હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. મારા નફસે તેના પોતાના ઉપર જુલમ કર્યો છે છતાં તેને તું મગફેરત અતા કર અને મારા ઉપરથી ભારે બોજ ઉઠાવી લેવા સારૂ તારી રહેમત નાઝિલ કર, કારણ કે, નિ:શંક, ઘણી વખત ગુનેહગારને તારા એહસાનનો લાભ પ્રાપ્ત થયો છે અને ઘણી વખત બદકારને તારા મગફેરત થકી મદદ અતા થઇ છે.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. જે ગુમરાહ લોકોના ગબડતા ટોળાને તું તારી મગફેરત થકી બચાવી લે છે અને જેઓને ગુનેહગારોના વમળમાંથી તારી મહેરબાની થકી નજાત અતા કરે છે તેઓમાંથી સૌથી પહેલે મને તક અતા કર જેથી તારી મગફેરત થકી હું તારા ક્રોધના બંધનથી છુટી એક સ્વતંત્ર બંદો બની શકું અને તારી ભલાઈ થકી હું તારા ન્યાયની બેડીઓમાંથી છુટકારો મેળવી એક આઝાદ

થયેલો ગુલામ કરાર પામું. નિ:શંક, જો તું આમ કરીશ અય અલ્લાહ ! તો તારો આ વર્તાવ તેની સાથે હશે જે તારી સજાના ન્યાયનો અસ્વીકાર નથી કરતો અને તે પોતાને એમ પણ નથી સમજતો કે તે તારી શિક્ષાને (સજાને) લાયક નથી. તું આ વર્તાવ તેની સાથે કરીશ અય અલ્લાહ ! જેને તારાથી ઈચ્છાઓ જેટલી છે તેના કરતા વધારે તેને તારો ખોફ છે અને તેને તારી બારગાહમાં નજાત પામવાની આશા કરતા વધારે તારી મગફેરત પ્રાપ્ત કરવાની નાઉમેદી દ્રઢ છે, એમ નહિં કે તેની નાઉમેદીથી તે હતાશ

થઇ ગયો હોય અથવા તેની આશાઓ કોઈ ખોટી માન્યતા ગ્રહણ કરી હોય પણ કારણ કે તેના ગુનાહોથી ભરેલા અમલોમાં નેકીઓ બહુ જ ઓછી છે અને તેના બધા જ ગુનાહો માટેની હુજજત (દલીલો) બુહ જ નબળી છે.

પણ તું, અય અલ્લાહ ! એ છે જેની બારગાહમાં સાચા બંદાઓ નિરાશ થવા નથી પામતા અને ગુનેહગારો તારી બારગાહમાં નાઉમેદ નથી થતા કારણ કે તું એવા મહાન પાલનહાર છે જે પોતાની મહેરબાનીથી કોઈને

વંચિત નથી રાખતો અને કોઈથી પણ પૂરા બદલાનો ઇચ્છુક નથી થતો.

જેઓને યાદ કરવામાં આવે છે તેઓમાં તારો ઝિક્ર સર્વોચ્ચ છે અને જેઓના સદગુણોના વર્ણન થયા છે તેઓમાં તારા નામો સૌથી વધારે પાક છે. તારી નેઅમતો તારી કુલ મખ્લૂક વચ્ચે વહેચાયેલી છે અને એ માટે તું સર્વે વખાણને પાત્ર છે, અય દુનિયાઓના (આલમીનના) પાલનહાર !

તારી રહેમતની સાથે.

સઅય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …
www.hajinaji.com

• Like us on Facebook •

## ૪૦-કોઈની મૃત્યુની ખબર સાંભળે અથવા મોતનો ઝિક્ર થાય તે સમયે તેમની દુઆ.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. અમને લાંબી (મોટી) આશાઓથી બચાવ અને અમે જે નેકીઓ પ્રમાણિકતથી પરિણામ આપી છે તેના કારણે તેને ટુંકાવી નાખ, જેથી અમે એ કલાક પછીનો કલાક પણ પૂરો થવાની આશા ન કરીએ, એ દિવસ પછીના દિવસને પણ સંપૂર્ણ રીતે ગુજારવાની, એ શ્વાસ પછીના બીજા શ્વાસને

પણ સાથે જોડવાની અને એ કદમ પછી બીજો કદમ આગળ વધારવાની પણ આશા ન કરીએ. અમને તેના દંભથી (ભ્રમથી) બચાવ અને તેની ખરાબીઓથી અમને સુરક્ષા અતા કર.

અમારી નજર સમક્ષ મોતને કાયમ ફરમાવ. અમે તેને સમયનો અંતર રાખીને યાદ ન કરીએ (અને હંમેશા યાદ કરીએ), અમારી ઇબાદતમાં અમલે સાલેહ (નેકીઓ) હોય જેથી તારી તરફ જલદી પાછા ફરવાની અમે આશા કરીએ અને તેના કારણે તારી મુલાકાત તાત્કાલિક કરવાની અમે ઈચ્છા ધરાવીએ એવી

અમને તૌફીક અતા થાય, એટલે સુધી કે મોત અમારો સાથી બની જાય અને તેના થકી અમે રાહત અનુભવીએ તથા તે અમને ગમી જાય જેથી અમે તેની ઈચ્છા કરીએ અને તે અમારી સંબંધી બની જાય જેથી તેની નજીક રહેવું અમે પસંદ કરીએ.

જયારે તું તેને અમારા ઉપર મોકલે તથા તેને અમારી પાસે લઇ આવે ત્યારે તેને એક મહેમાન તરીકે અને એક ઓળખીતા મુલાકાત લેનાર તરીકે આવકારવાની અમને ખુશનસીબી અતા કર. તેની મહેમાની કરવામાં અમને

કમનસીબીની લાગણી ન હોય અને તેની મુલાકાત વખતે અમને નારાજ ન કર. અમારા માટે તારી મગફેરત પામવાની તેને એક પ્રવેશદ્વાર અને તારી રહેમતની ચાવીઓમાંથી એક ચાવી બનાવ.

અમને હિદાયત પામેલાઓની મોત અતા કર અને નહિં કે ગુમરાહ થયેલાઓની, આજ્ઞાકિતોની અને નહિં કે નાફરમાન બંદાઓની તથા તોબા કરનારાની અને નહિં કે ગુનેહગારોની અથવા ગુનાહોમાં વધારો કરનારાની, અય નેક બંદાઓને અજ્ર આપવા

માટેના જામીન, અય ફસાદીઓના અમલોની ઇસલાહ કરનાર (સુધારો ફરમાવનાર) !

તારી રહેમતની સાથે.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …
www.hajinaji.com

• Like us on Facebook •

## ૪૧-સંભાળ અને સુરક્ષા માટે તેમની દુઆ.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર; અને મારા માટે તારા કરમનું બિછાનું પાથર; અને તારી રહેમત(ની નદીના)ના કિનારા તરફ મારી દોરવણી કર; અને તારી જન્નતની વસ્તીમાં મને દાખલ કર; અને તારા તરફથી રદિયા થકી મને નિરાશ ન કર; અને તારા તરફથી કમનસીબી થકી મને ઉદાસ ન કર; અને હુંએ જે કંઈ પણ (ખરાબ) કર્યું છે તે માટે મને સજા ન આપ; અને

હુંએ જે કંઈ (મારા નબળા અમલો થકી) કમાણી કરી છે તેને મારા (પરિણામ) માટે દલીલ ન બનાવ; અને મારી ખાનગી વાતો જાહેર ન કર; અને મારો ભેદો (ખાનગી અમલો) ની કોઈને જાણ ન થવા દે; અને મારા અમલોને ન્યાયના ત્રાજવા ઉપર ન તોળ; અને લોકોની નજર સમક્ષ મારી સ્થિતિ ઉઘાડી ન થવા દે; અને લોકોથી મારી એ વસ્તુ (વાત) છૂપી રાખ જે ઉઘાડી પડવાથી મારી બદનામી થાય; અને લોકોથી મારી એ બાબત પણ ખાનગી રાખ જેના થકી તારી નજરમાં મારી નામોશી થાય.

તારી ખુશી થકી મારો દરજ્જો વધારી દે અને તારી મગફેરત થકી મારી આબરૂ સંપૂર્ણ ફરમાવ; અને તારા જમણા હાથની બાજુવાળા બંદાઓમાં મારો શુમાર કર; અને જે લોકીને તારી અમાન મળી છે તેઓ તરફ મારી દોરવણી કર; અને સફળતા પામેલાઓના ટોળામાં મારી ગણતરી કર; અને નેક બંદાઓના જૂથોનો મને એક સભ્ય બનાવ. મારી આ દુઆ કબૂલ ફરમાવ, અય દુનિયાઓના (આલમીનના) પાલનહાર ! તારી રહેમતની સાથે.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …
www.hajinaji.com

• Like us on Facebook •

## ૪૨-જયારે કુરઆને મજીદની તિલાવત પૂરી કરતા તે પછી તેમની દુઆ.

**અય અલ્લાહ ! નિ:શંક, તુંએ તારી કિતાબ (કુરઆને મજીદની તિલાવત) પૂરી કરવામાં અમારી મદદ ફરમાવી જેને તુંએ એક નૂર તરીકે નાઝિલ કરી છે, જેને તુંએ બીજી કિતાબો માટે, જે તુંએ (તે પહેલા) નાઝિલ કરી હતી, એક સાક્ષી તરીકે નીમેલી છે; જેને તુંએ તારી વર્ણન કરેલી સર્વે હદીસોમાં સર્વોપરીતા અર્પણ કરી છે તથા (અમારા માટે) એક નિયમપોથી અને જેના થકી તુંએ હલાલ તથા હરામ વચ્ચે ફરક બતાવ્યો છે.**

(આ) એક કુરઆન (છે) જેના થકી તારી શરીઅતના એહકામો (ની રીતની) તુંએ જાહેરાત કરી, જેમાં તુંએ તારા બંદાઓ માટે બધું વર્ણન ઊંડાણથી કર્યું અને (આ) એક વહી (છે) જે તુંએ તારા નબી હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ઉપર રહેમત નાઝિલ કરી જે રીતે નાઝિલ થવાનો હક હતો. તેને તુંએ એક નૂર (પ્રકાશ) તરીકે નીમી છે જેને અનુસરવાથી અમે ખરાબી અને અજ્ઞાનતાના અંધકારમાં હિદાયત પામી શકીએ છીએ; જે કોઈ તેને પ્રમાણિક સમજ સાથે સાંભળે તેના માટે

ખરો ઉપાય છે, એક સાચું ત્રાજવું છે જેની ભાષાનું પલ્લું સચ્ચાઈ (ના પલ્લા) સામે નમતું નથી, એક હિદાયતનું નૂર છે જે શોધ કરનારાઓથી છુપું નથી, એક નજાતનું અલમ (ઝંડો) છે જે સીધી રાહના તલબગારોની ગેરદોરવણી કરતું નથી અને જે કોઈ તેના હાથોને મજબૂતીથી પકડી રાખે છે તેને હલાકતના હાથો પહોંચી શકતા નથી.

અય અલ્લાહ ! જયારે તારા એહસાન થકી તેની તિલાવત કરવામાં તુંએ અમારી મદદ ફરમાવી છે અને અમારી જીભના ઉચ્ચારોમાં

અભાવ છતાં તેની તિલાવતની ખુબસૂરતી અમારા માટે સહેલી કરી દીધી છે, તો અમને એવી તૌફીક અતા કર કે અમે તેના નિયમોનું સંપૂર્ણ રીતે પાલન કરીએ, તેની આયતોને ઈમાનની સાથે તસલીમ કરી તારા દીન ઉપર કાયમ (સાબિત કદમ) રહીએ અને તેની મોતશાબેહ (ઊંડા અર્થવાળી) આયતોની માન્યતા તથા મોહકામ (ખુલ્લા-સ્પષ્ટ અર્થ વાળી) આયતોના અર્થ થકી તારી પનાહ તલબ કરીએ.

અય અલ્લાહ ! તુંએ તારા નબી હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ઉપર તે નાઝિલ કરી, તુંએ તેમને તેની સંપૂર્ણ અજાયબીના જ્ઞાનની પ્રેરણા અર્પણ કરી અને જેઓ તેના ઈલ્મથી અજ્ઞાન છે તેઓ ઉપર અમને (એહલેબૈત અલય્હિસ્સલામને) સર્વોપરી અર્પણ કરી તેમના વારસદાર બનાવ્યા; તુંએ તેના થકી અમને શક્તિ અર્પણ કરી કારણ કે તેથી અમારો એ લોકો ઉપર દરજ્જો વધે જે લોકો તેને સમજવા માટે શક્તિમાન નથી. તેથી, અય અલ્લાહ ! જયારે

તુંએ અમારા દિલોને તે સમજવાની શક્તિ અતા કરી તારા એહસાન થકી અમને તેની મહત્તાનું જ્ઞાન અતા કર્યું, તો તેના પ્રચારક હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ઉપર રહેમત નાઝિલ કરવાની મહેરબાની કરતથા તેમની આલ ઉપર પણ, જેઓ તેની હિફાઝત કરનારા હતા. અમને એવી તૌફીક અતા કર જેના થકી અમે એ લોકોમાંથી થઈએ જેઓ ઈમાન રાખતા હોય કે તે તારા તરફથીજ છે, ત્યાં સુધી કે તેની સચ્ચાઈ કબૂલ કરવામાં અમારા વિચારોમાં જરાપણ શંકા ન રહે

અને કોઇપણ આશંકા અમને તેની સીધી રાહ ઉપરથી ગુમરાહ ન કરી શકે.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. અમને તૌફીક અતા કર કે અમે એ લોકોમાંથી થઈએ જેઓ તે રસ્સીને મજબૂતીથી પકડી રાખે છે, તેની મોતશાબેહાતથી (ઊંડા અર્થ વાળી આયતોની મૂંઝવણથી) બચીને તેની ખુલ્લી બાબતોમાં (મોહકમ આયતોમાં) પનાહ લે છે, તેની પાંખોની છત્રછાયામાં શાંતિ શોધે છે, તેના

નૂરથી હિદાયતની રોશની મેળવે છે, તેના પ્રકાશની ચમકને (રોશનીને) અનુસરે છે, તેના પ્રકાશિત દીવા થકી પ્રકાશ મેળવે છે અને તેના સિવાય બીજી વસ્તુનું અનુસરણ કરતા નથી.

અય અલ્લાહ ! જયારે તુંએ હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ને તેના થકી હિદાયતનો ઝંડો (અલમ) બનાવ્યા છે જે તારી દિશામાં હિદાયત કરે છે અને તેમની (પાક) આલ થકી તારી ખુશીની દિશાના રસ્તા ખુલ્લા કર્યાં, તો હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી

વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. કુરઆને મજીદને અમારા માટે ઇજ્જતના સર્વોતમ દરજ્જા ઉપર પહોચવાનો વસીલો કરાર આપ, એક નિસરણી જેના થકી અમે શાંતિના રહેઠાણ તરફ ચઢી શકીએ, એક કારણ જેના થકી અમને કયામતના મેદાનમાં મગફેરત સાથે નજાત પ્રાપ્ત થઈ શકે અને એક સાધન જેના થકી અમે હંમેશાના ખુશહાલીવાળા મુકામ તરફ આગળ વધી શકીએ.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને

તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. કુરઆન-મજીદ થકી અમારા ગુનાહોના બોજને અમારા ઉપરથી ઉતારી નાખ, અમને નેક લોકોની સારી આદતો અતા કર અને અમને એ લોકોનો માર્ગ અનુસરવાની તૌફીક અતા કર જેઓ રાતના વખતમાં તારી ખુશી માટે તેની તિલાવત કરે છે તથા દિવસના ભાગોમાં પણ, ત્યાં સુધી કે તું અમને તેની તહારત થકી દરેક ધબ્બાથી પાક કર. અમને એવી તૌફીક અતા થાય કે અમે એ લોકોના માર્ગને અનુસરીએ જેઓએ તેના નુરથી પ્રકાશ પ્રાપ્ત કર્યો અને

જેઓ (પોતાની) ઈચ્છાઓ વિરૂધ્ધ સારા કામો કરવાથી રોકાયા નહિં, નહિં તો તેઓ ભ્રમમાં ફસાઈને સારા કામો કરવાથી વંચિત જ રહેતે.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. કુરઆન-મજીદ થકી અમારા જાહેરી વર્તાવમાં (ચાલચલણમાં) હંમેશા માટે સુધારો અતા કર, તેના થકી અમને અમારા અંત:કરણની તંદુરસ્તીમાં ખરાબ વિચારો ઉત્પન્ન થવાથી દૂર રાખ, તેના થકી અમારા દિલોની ગંદકી તથા

ગુનાહોના ડાઘ ધોઈ નાખ અને તેના થકી અમારા અવ્યવસ્થિત કારોબરને વ્યવસ્થિત કર. જયારે અમને તારી બારગાહમાં હાજર કરવામાં આવે ત્યારે તેના થકી અમારી કડક ધૂપની તરસને તૃપ્તિ અતા કર અને અમને કયામતના ભયાનક દિવસે તેના થકી સલામતીનો (અમનનો) પોશાક અતા કર.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. કુરઆન-મજીદ થકી અમારી મોહતાજીને નાબૂદ

ફરમાવી ગરીબી દૂર કર, તેના થકી અમને ખુશહાલીની સુંદરતા તથા ભરપૂર ગુણવત્તા અતા કર, તેના થકી અમને દોષપાત્ર આદતો તથા બદઅખલાકીને (ખરાબ ચાલચલણને) દાબમાં રાખવાની તૌફીક અતા કર અને તેના થકી અમને કુફ્રની ખાઈ તથા નિફાકના પ્રસંગોથી બચાવ, ત્યાં સુધી કે કયામતના દિવસે તે તારી ખુશી તથા તારી જન્નત તરફ દોરવા માટે અમારૂં હાદી (રેહબર) બની જાય, દુનિયામાં તારા ક્રોધને પાત્ર ન બનીએ તથા તારી હદો ઓળંગી જઈએ તે માટે ચેતવણી

આપનાર બની જાય અને તારી બારગાહમાં અમે હલાલ કામોની (તારા હુકમોની) ફરમાબરદારી કર્યાં હોવાનું તથા હરામથી બચ્યા હોવા માટેનું સાક્ષી બની જાય.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. કુરઆન-મજીદ થકી અમારા મૃત્યુ સમયે શરીરથી રૂહ જુદા થવાની મુશ્કેલી જયારે શ્વાસ ગળા સુધી પહોચીને અટકે છે, હાંફની મુશ્કેલી અને હીચકીઓની મુશ્કેલી સહેલ કર, જયારે એક

અવાજ ગુંજશે, કોણ છે શક્તિમાન જે તેને (આ મુસીબતથી) બચાવી શકે ? અને મોતનો ફરિશ્તો ભેદી પરદાની પાછળથી દેખાશે, તેને (રૂહને) કબ્જો કરશે, મોતના બાણમાંથી ભયાનક (રૂહને) જુદા કરનારા તીરો વિંઝશે અને તેના માટે જીવતરના વિષમાંની એક ઝેરીલા સ્વાદનો ભરપૂર પ્યાલો તૈયાર કરશે; તૈયાર થઈને બીજી દુનિયા માટે વિદાય થવાનો અમારો સમય આવો પહોચશે, અમારા અમલો અમારા ગળાની તોક બનેલા હશે અને હિસાબ કિતાબના દિવસ સુધી આરામ કરવાની અમારી જગા કબર હશે.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. એવા રહેઠાણમાં જયાં અમારૂં શરીર સડી જવાનું છે તથા લાંબો સમય માટીની થરમાં વસવાનું છે ત્યાં અમારા (હાલ) ઉપર રહેમત નાઝિલ કર; દુનિયાને છોડી દીધા પછી કબરને અમારૂં સર્વોતમ રહેઠાણ કરાર આપ, તારી રહેમત થકી અમારી કબરની સંકડાશને પહોળી કર અને કયામતના દિવસે જે લોકો હાજર હશે તેઓ વચ્ચે અમારા ભયંકર ગુનાહોના કારણે અમને

બેઈઝ્ઝત ન કર. જયારે અમને તારી બારગાહમાં હાજર કરવામાં આવે ત્યારે કુરઆન-મજીદના વસીલા થકી અમારી નામોશી ભરેલી હાલત ઉપર રહેમ કર, જહન્નમ ઉપરના પુલ ઉપર ચાલતા સમયે અમારા ધ્રુજતા પગલાઓને સ્થિરતા અતા કર અને અમને કયામતના દિવસની દરેક મુસીબત તથા હશરના (ફરી સજીવન થવાના) દિવસની ભયાનક સખતીથી નજાત અતા કર. જે દિવસે પસ્તાવા તથા શરમના કારણે ગુનેહગારના ચહેરા કાળા પડેલા હશે એ દિવસે અમારા ચહેરા

રોશન કર. સાચા મોમીનોના દિલોમાં અમારા માટે મોહબ્બત અતા કર. અમારી જિંદગી અમારા માટે દુ:ખદાયી ન બને એવી અમને તૌફીક અતા કર.

અય અલ્લાહ ! તારા બંદા તથા તારા રસૂલ હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ઉપર રહેમત નાઝિલ કર જેમણે તારો પૈગામ પહોચાડયો, તારા એહકામો જાહેર કર્યાં અને તારા બંદાઓને નસીહત ફરમાવી.

અય અલ્લાહ ! અમારા નબી (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને શફાઅતની બાબતમાં તારી બારગાહમાં સૌથી વધારે અસરકારક બનાવ જેમનો દરજ્જો તારી નજીક કયામતના દિવસે તારા બીજા નબીઓ કરતા સૌથી વધારે (નજીક) છે. જેઓ તારી નજીક છે તેઓમાં ઈજ્જતની દ્રષ્ટિએ તેમને સર્વોચ્ચ કરાર આપ અને જેઓ તારી નજરમાં ઈજ્જતદાર છે તેઓમાં મોભાની દ્રષ્ટિએ તેમને સૌથી વધારે ઈજ્જતદાર કરાર આપ.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. તેમના (ઇસ્લામના) પાયાનો દરજ્જો ઊંચો કર, તેમની સાબિતીને (કુરઆન-મજીદનો) સૂક્ષ્મદર્શક બનાવ, તેમના મીઝાનના (અમલે ખૈરના) પલ્લાને વજનદાર કર, તેમની શફાઅત (મધ્યસ્થા) કબૂલ કર, અને તારી નજીકના તેમના સંબંધમાં વધારો કર. તેમના ચહેરાને નૂરાની બનાવ, તેમના નૂરને સંપૂર્ણ ફરમાવ, તેમના દરજ્જામાં વધારો કર, તેમની સુન્નત

મુજબ જીવવાની અમને તૌફીક અતા કર, તેમની ઉમ્મત (ના ટોળા)માં અમારો અંત આવે તથા અમને તેમની બતાવેલી રાહ્ત ઉપર (સાબિત કદમ) રાખ, તેમની બતાવેલી રાહ ઉપર અમને ચલાવ, તેમની ઈતાઅત કરવાની અમને તૌફીક અતા કર, તેમની ઉમ્મત સાથે અમારો હશર (ફરી સજીવન થવું) કરાર આપ અને તેમના હોજ (હૌઝે-કૌસર) તરફ અમને લઈ ચાલ તથા તેમના પ્યાલામાંથી અમને પીણું અતા કર.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. અને તેમના ઉપર એવો એહસાન કર જે તારી ભલાઈ, રહેમ અને કરમ થકી શ્રેષ્ઠ હોય તથા જેની તેઓએ આશા કરી હોય. નિ:શંક, તું અપાર રહેમત અને ઉદાર ફઝલોકરમનો માલિક છે. અય અલ્લાહ ! તારા પૈગામો પહોચાડવા બદલ, તારી આયતો દોહરાવવા (વાંચી સંભળાવવા) બદલ, તારા બંદાઓને નસીહતો કરવા બદલ અને તારી રાહમાં જેહાદ (મહેનત-મશકકત)

કરવા બદલ તેમને એવું શ્રેષ્ઠ ઇનામ અતા કર જેવું ઇનામ તુંએ તારા કોઈ માનનીય ફરિશ્તાને અથવા તારા ચૂંટેલા નબીઓ કે રસૂલોમાંથી કોઈને પણ કયારે અતા ન કર્યું હોય. તેમના ઉપર અને તેમની પાક તથા તાહીર આલ ઉપર સલામ થાય અને અલ્લાહ તઆલાની રહેમતો બરકતો નાઝિલ થાય.

તારી રહમતની સાથે, અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

## ૪૩-જયારે તેઓ ચાંદ (બીજ) જોતા તે સમયે તેમની દુઆ.

અય તું ! જે આજ્ઞાકિત, મહેનતું અને ઝડપી મખ્લૂક છે, જે નિર્ધારિત તબક્કાઓમાંથી પસાર થાય છે અને નિર્મિત ચક્કરોમાં ફરતો રહે છે, હું તેના ઉપર (અલ્લાહ ઉપર) ઈમાન રાખું છું જેણે અંધારાને તારા થકી પ્રકાશિત કર્યાં, અસ્પષ્ટને તારા થકી તેજસ્વી કર્યું, તને તેની બાદશાહતની એક નિશાની બનાવી અને તને સત્તાનું એક પ્રતીક બનાવ્યું. તેણે તને વધવા-ઘટવા માટે,

ઊગવા-આથમવા માટે, પ્રકાશિત થવા માટે અને ગ્રહણ લાગવા માટે કાર્યગ્રસ્ત કર્યો. આ બધી બાબતોમાં તું તેનો આજ્ઞાકિત છે અને તેની ઈચ્છાનું પાલન કરનાર છે.

પાક છે તે (ઝાત) કેટલી આશ્ચર્યજનક વ્યવસ્થા કરી છે તેણે તારી બાબતમાં ! કેટલી ઉદાર વ્યવસ્થા છે જે તેણે તારા માટે કરી છે ! તેણે તને નવા મહિનાની શરૂઆત માટે ચાવી અને નવા મામલાઓ માટે નવી શરૂઆત તરીકે નીમ્યો છે.

તેથી, હું અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાની બારગાહમાં દુઆ કરૂં છું જે મારો પાલનહાર છે અને તારો, મારો માલિક (સર્જનહાર) છે અને તારો તથા મારી તકદીરનો માલિક છે અને તારી, મારી સૂરત બનાવનાર અને તારી, કે તે હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કરે. તને ગુણવત્તાનો ઉદય કરાર આપે જેને દિવસો ઓછી ન કરી શકે અને તહારતનો (પાકીઝગીનો) ઉદય કરાર આપે જેને ગુનાહોના ધબ્બા લાગવા ન પામે,

સલામતનો ઉદય જે મુસીબતોથી સલામત હોય અને સુરક્ષાનો ઉદય જે નુકસાનીથી (ખરાબીથી) બચેલો હોય, શુકનિયાળનો ઉદય જેમાં કમનસીબી ન હોય અને બરકતોનો ઉદય જેમાં ઉદાસી ન હોય, પ્રગતિનો ઉદય જેમાં ઢીલ ન હોય અને ભલાઈનો ઉદય જેમાં ખરાબી ન હોય તથા અમ્ન (સલામતી), ઈમાન, રહેમત, નેઅમતો, શાંતિ અને ઇસ્લામનો ઉદય.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)

અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. જે લોકો ઉપર તે ઉદય થયો છે તે લોકોમાંથી અમને સૌથી વધારે ખુશહાલ કરાર આપ, જે લોકોએ તેને જોયા હોય તે લોકોમાંથી સૌથી વધારે પાક અને તેના ઉદય વખતે જે લોકોએ તારી ઈબાદત કરી હોય તે લોકોમાંથી સૌથી વધારે નસીબદાર. તેના ઉદય વખતે અમને તોબા કરવાની તૌફીક અતા કર, ભૂલોથી બચાવી રાખ, તારી નાફરમાની કરવાથી અમને બચાવી રાખ, તારો શુક્ર કરવાની તૌફીક ઈનાયત કર, તેના થકી અમને

સલામતી (ની ઢીલ)નો પોશાક અતા કર, અને તારા હુકમોનું પાલન કરવાની અમને તૌફીક અતા ફરમાવીને (અમારી પ્રત્યે) તારી ભલાઈ પૂર્ણ ફરમાવ. નિ:શંક, તું સૌથી વધારે ઉદાર અને વખાણને પાત્ર છે.

હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની પાક અને તાહીર આલ ઉપર અલ્લાહ તઆલાની રહેમત નાઝિલ થાય. તારી રહેમતની સાથે.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …
www.hajinaji.com

• Like us on Facebook •

## ૪૪-માહે રમઝાન મુબારકની શરૂઆત સમયે તેમની દુઆ.

સર્વે વખાણ અલ્લાહના છે જેણે અમને તેના વખાણ કરવાની તૌફીક અતા કરી, અમને એ લાયક બનાવ્યા (કે અમે તેના વખાણ કરી શકીએ) જેથી અમે તેની આ ભલાઈ માટે તેના શુક્રગુજાર થઇએ અને જેથી અમને નેક લોકોના જેવો બદલો (ઇનામ) તે ઇનાયત ફરમાવે.

સર્વે વખાણ અલ્લાહના છે જેણે અમને તેનો દીન અર્પણ કર્યો, અમને તેની મીલ્લત (શરીઅત) થકી સર્વોપરીતાની ઓળખાણ અતા

કરી અને અમને તેની ભલાઈની રાહ ઉપર ચલાવ્યા જેથી અમે તેના એહસાન થકી તેની ખુશીની રાહ તરફ ચાલી શકીએ, એવા વખાણ જે અમારા તરફથી તે કબૂલ કરે તથા તેના કારણે તે અમારાથી રાજી રહે.

અને અલ્લાહના વખાણ છે જેણે તેના માહે રમઝાન મુબારક મહિનાને રોઝાનો મહિનો, ઇસ્લામનો મહિનો, પાકીઝગીનો મહિનો, શુદ્ધિકરણનો મહિનો અને ઈબાદતનો મહિનો કરાર આપ્યો જેમાં તેણે કુરઆન-મજીદ નાઝિલ કર્યું જે મનુષ્યજાતિ માટે હિદાયત (દોરવણી) છે

તથા જેમાં ખુલ્લી સૂચનાઓ (એહ્કામો) તથા (સારૂં અને ખરાબ વચ્ચે) તફાવત (સમજવામા આવ્યો) છે, અને ભરપૂર આદર (એહ્તેરામ) તથા પ્રખ્યાત ફઝીલતો (ખૂબીઓ) થકી બીજા મહિના ઉપર તેણે તેની શ્રેષ્ઠતા જાહેર કરી છે.

આમ તેણે બીજા મહિનાઓમાં જે પરવાનગીઓ આપી હતી (હલાલ કર્યું હતું) તેની માહે રમઝાન મુબરકમાં મનાઈ ફરમાવી (હરામ કર્યું) જેથી તેનો દરજ્જો વધે અને તેની ઈજ્જતમાં વધારો કરવા સારૂ તેના (દિવસો)માં ખાવા-પીવાની મનાઈ ફરમાવી. તેમાં તેણે ખાસ

સમય નક્કી કર્યો જે સમય પહેલાં (અલ્લાહ) સર્વોચ્ચ અને જલીલ ન તો ઈચ્છા કરવાની પરવાનગી આપે છે અને ન તો તેના સમયથી મોડું કરવું તે કબૂલ કરે છે. પછી, તેની એક રાત્રિને તેણે એક હજાર મહિના કરતા બેહતર કરાર આપી અને તેણે શબે-કદ્રનું નામ આપ્યું, જેમાં ફરિશ્તા તથા રૂહ નાઝિલ થાય છે તેમના પરવરદીગારની આજ્ઞા સાથે, દરેક બાબતો માટે, અને પ્રભાવ (વહેલી સવાર) સુધી તેના એ બંદાઓ ઉપર અપાર રહેમતભરી સલામતી

નાઝિલ કરે છે જેના ઉપર તે (અલ્લાહ) ચાહે છે અને જેના માટે તેણે નિર્ણીત કર્યું છે.

અય અલ્લાહ ! હઝરત મોહંમદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. અમને તેની (માહે મુબારક રમઝાન તથા શબે-કદ્રની) ફઝીલત (મહત્તા) જાણવાની અને તેનો મોભો મેળવવાની પ્રેરણા અતા કર અને અમારા હાથ પગોને તારી નાફરમાની કરવાથી અંકુશમા રાખી રોઝા રાખવામાં અમારી મદદ કર તથા તેને એવા કામોમાં ઉપયોગમાં લેવામાં આવે

જેનાથી તું રાજી રહે, જેથી નકામી વાતો સાંભળવામાં માટે અમે કાન ન દઈએ તથા ખેલ-તમાશા જોવા માટે અમારી આંખોને ન દોરીએ, હરામ તરફ અમે અમારા હાથ ન લંબાવીએ તથા મનાઈ ફરમાવેલી કોઈ પણ વસ્તુ તરફ અમારા કદમોને આગળ ન વધારીએ ,અમે કોઈ વસ્તુથી અમારૂં પેટ ન ભરીએ સિવાય જે તુંએ હલાલ કર્યું છે તેનાથી તથા અમારી જીભ બીજું કશું ન ઉચ્ચારે સિવાય જેની તુંએ આજ્ઞા આપી છે અને અમે પોતાને શ્રમ કરવાથી રોકીએ સિવાય તે જે અમને તારી જઝા (ઇનામ)

મેળવવા માટે કરવો પડે તથા બીજું બધું કરવાથી અમે પરહેઝ કરીએ સિવાય જે અમને તારી સજાથી બચાવે.

પછી, અમને આ બધું કરવાથી રિયાથી (લોકોને દેખાડવા માટેના ભપકાથી) પાક કર જેને દેખાવ (ભપકો) કરનારા પસંદ કરે છે અને જેની ઈચ્છા લોકોના વખાણ ઇચ્છનારા પ્રખ્યાતિની લાલચથી કરે છે, જેથી અમે તારી ઈબાદતમાં તારા સિવાય બીજા કોઈને શરીક ન કરીએ અને તેમાં તારા સિવાય બીજું કંઈ પણ ન ઇચ્છીએ.

અય અલ્લાહ ! હઝરત મોહંમદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર.

અમને તેમાં (માહે મુબરાકમાં) તૌફીક અતા કર કે અમે (દરરોજ) પાંચ વખતની નમાઝ કાયમ કરીએ, તેના નિયમોની હદ જાળવીએ જે તુંએ કરાર આપી છે, અમારી ફરજો બજાવી લાવીએ જે તુંએ ફરજિયાત કરી છે તથા જે રીતે તુંએ બજાવી લાવવાનું શીખવ્યું છે અને નિયમિત સમય પ્રમાણે અદા કરીએ જે તુંએ નક્કી કર્યો છે. આ બાબતમાં અમારો દરજ્જો એ

લોકો જેટલો ઉચ્ચ ફરમાવ જેઓ તેને (નમાઝ તથા ફરજો) સફળતાથી બજાવી લાવ્યા, જેઓએ તેની દરેક મહત્વની બાબતો ઉપર અમલ કર્યો અને જેઓ તેને તેના નિયમિત સમય મુજબ, પાકીઝગીની સાથે તથા સંપૂર્ણ રીતે, સ્વેચ્છા અને નમ્રતાની સાથે, તારા બંદા તથા રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) થકી નક્કી કરેલા સમય અનુસાર, રૂકુઓ તથા સજદાઓની બાબતમાં, બીજા બધાં અમલોની બાબતમાં, સર્વોચ્ચ તથા સંપૂર્ણ પાકીઝગી સાથે

અને ચોખ્ખી તથા શ્રેષ્ઠ મંજૂરી-પાત્ર નમ્રતા સાથે બજાવી લાવે છે.

અય અલ્લાહ ! આ મહિનામાં અમને તૌફીક અતા કરે કે અમે અમારા સગાસંબંધીઓ સાથે ભલાઈ કરીએ તથા તેમની સાથે સારી રીતે રહીએ, અમે ભલાઈ તથા ઉદારતાની સાથે અમારા પાડોશીની સંભાળ લીએ, અમે અમારા માલમાંથી વાજિબ હકો અદા કરીને તેને પાક કરીએ ,અને ફરજ જકાત અદા કરીને તેને શુદ્ધ બનાવીએ, જેણે અમને ત્યજી દીધા છે તેને અમે પાછા બોલાવીએ, જેણે અમારા સાથે અન્યાય

કર્યો છે તેની સાથે અમે ન્યાયનું વર્તન કરીએ અને જેણે અમારી સાથે ફસાદ (ઝઘડો) કર્યો છે તેની સાથે અમે સમાધાન (સુલેહ) કરીએ પણ તેની સાથે તો સંબંધ સુધારીએ જ નહિં જેની દુશ્મન તારા માટે અથવા તારા કારણે થઇ છે કારણ કે, નિ:શંક, તે (ખુલ્લો) દુશ્મન છે, તેને અમે કયારે પણ દોસ્ત નહિં બનાવીએ અને તે એ લોકોમાંનો છે જેઓની સાથે અમે કયારે પણ સારા સંબંધ નહિં રાખશું.

આ મહિનામાં (અમારા) નેક અમલો થકી અમને તારી બારગાહમાં હાજર થવાની તૌફીક

અતા કર તથા અમને ગુનાહોથી પાક કર અને આ મહિનામાં અમને ફરીથી ખરાબ વાતોમાં (ગુનાહોમાં) પડી જવાથી બચાવ, જેથી તારા કોઈ પણ ફરિશ્તાને તારી બારગાહમાં અમારો એવો કોઈ હિસાબ લઈને આવવાની તક ન મળે જે તારી ફરમાબરદારી તરીકે ન લેખાય અને જે તારી નજીક (કુરબત) પામવા માટે ન હોય.

અય અલ્લાહ ! હું તારી બારગાહમાં સવાલ કરૂં છું આ મહિનાનો વાસ્તો આપીને તથા તેનો વાસ્તો આપીને જેણે તેની શરૂઆતથી લઈને તેના અંત સુધી તારી ઇબાદતો કરી ભલે પછી

તે ફરિશ્તાની શ્રેણીમાંથી હોય જેઓને તુંએ તારી નજીક (કુરબત) અતા કરી છે અથવા તારા રસૂલોમાંથી હોય જેઓને તુંએ મોકલ્યા છે અથવા તારા નેક બંદાઓમાંથી હોય જેઓને તુંએ ખાસ નીમ્યા છે, કે હઝરત મોહંમદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર.

આ મહિનામાં અમને એના (ઇનામના) લાયક બનાવ જેનો તુંએ તારા કરમ થકી તારા દોસ્તોને વાયદો કર્યો છે, અમને એના (ઇનામના) હકદાર કરાર આપ જેના હકદાર

તુંએ એ લોકોને કરાર આપ્યા છે જેઓ તારી ઇતાઆતમાં (તથા ઇબાદતમાં) બહુ જ શ્રમ કરનારા છે અને અમને એ લોકોની શ્રેણીમાં શુમાર કે જે લોકો તારી રહેમત થકી ઉચ્ચ તથા માનનીય દરજ્જાને પાત્ર (બન્યા) છે.

અય અલ્લાહ ! હઝરત મોહંમદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. તારી વહ્દાનિય્યતમાં (તૌહીદમાં) ન માનવાથી, તારા વખાણ કરવામાં ઓછપથી, તારા દીનમાં શંકાઓને સ્થાન આપવાથી, તારી રાહ પ્રત્યે

આંધળા બની જવાથી, તારા એહકામોમાં ગફલત કરવાથી અને જે તારો દુશ્મન તથા તારી બારગાહમાંથી હાંકી કાઢવામાં આવેલો છે તે શૈતાનના ફરેબમાં આવી જવાથી અમને બચાવ.

અય અલ્લાહ ! હઝરત મોહંમદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. જયારે તું આ મહિનાની દરેક રાત્રિઓમાં થોડા લોકો (ની ગરદન) ને તારી મગફેરત થકી આઝાદ કરે છે અને થોડા લોકોને તારી સહનશીલતા થકી તું

માફ કરે છે, તો અમને પણ એ લોકોમાં શુમાર કર અને અમારા આ મહિના પ્રત્યે અમને સજજનતા તથા સાથ અતા કર.

અય અલ્લાહ ! હઝરત મોહંમદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. આ મહિનાની બીજ અસ્ત પામતાની સાથે અમારા ગુનાહોને છુપાવી (બુઝાવી) નાખ અને તેના દિવસો સમાપ્ત થતાની સાથે અમારા ઉપરથી અમારી સજા હટાવી લે જેથી આ મહિનો એવી રીતે પસાર થાય જેમાં તુંએ અમારી ભૂલો

સુધારી હોય તથા અમને ગુનાહોથી પાક કર્યા હોય.

અય અલ્લાહ ! હઝરત મોહંમદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. જો અમે આ મહિનામાં (રાહથી) ભટકી જઈએ તો અમને સીધી રાહ ઉપર લાવ, જો અમે મક્કમ ન રહી શકીએ તો તું અમને મક્કમ બનાવ અને જો તારો દુશ્મન શૈતાન અમને બેહકાવી (ફરેબમાં) નાખે તો તેનાથી નજાત અતા કર.

અય અલ્લાહ ! આ મહિનાને અમારા થકી ફકત તારી ઇબાદતોથી ભરપૂર ફરમાવ; તેની દરેક ક્ષણોને અમારા થકી તારી ઇતાઅતથી ભરી દે; દિવસના સમયમાં રોઝો રાખવામાં; રાતના સમયમાં તારી ઈબાદત કરવામાં તથા તારી બારગાહમાં દુઆ કરવામાં અને તારી બારગાહમાં નમ્ર થવામાં તથા તારી બારગાહમાં તુચ્છ બની હાજર થવામાં અમારી મદદ કર, જેથી ન તો તેના દિવસો અમારી વિરૂધ્ધ ગવાહી આપે કે અમે તેમાં ગાફિલ હતાં અને ન તો રાત્રિઓ પણ કે અમે કંઈ ચૂકી ગયા.

અય અલ્લાહ ! જયાં સુધી તું અમને જીવિત રાખે ત્યાં સુધી બધાં જ મહિનામાં અને બધા જ દિવસોમાં અમે આવી જ રીતે તેવી તૌફીક અમને અતા કર. અમને તારા એ બંદાઓમાંથી કરાર આપ જેઓ તારી જન્નતના વારસદાર બનશે જયાં તેઓ હંમેશા માટે રહેશે. અમને તેઓમાંથી કરાર આપ જેઓ જયારે કંઈ આપે છે (દાનમાં) ત્યારે ભયભીત દિલથી આપે છે કારણ કે, નિ: શંક, તેઓ પોતાના રબ્બની તરફ પાછા ફરવાના છે અને જેઓ નિયમિત ખૈરાત (દાન) કરે છે તથા તેમાં પ્રગતિ શોધે છે.

અય અલ્લાહ ! દરેક સમયે, દરેક ઘડીએ અને દરેક હાલમાં હઝરત મોહંમદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર, એટલી રહેમત કે જેટલી રહેમત અત્યાર સુધી તુંએ કોઈના ઉપર પણ (વધારેમાં વધારે) નાઝિલ કરી હોય અને તે સૌ કરતા પણ ઘણી ઘણી જ વધારે, જેનો હિસાબ તારા સિવાય કોઇપણ કષ્ટ કરનાર કરી જ શકે.

નિ:શંક, તું જે ચાહે છે તે કરવામાં તું જ શ્રેષ્ઠ કર્તાહર્તા છે.

તારી રહેમતની સાથે.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …
www.hajinaji.com

• Like us on Facebook •

## ૪૫-જયારે માહે મુબારક રમઝાનને વિદાય કરતા તે સમયે તેમની દુઆ.

અય અલ્લાહ ! અય તું, જે નેઅમતો અતા કરવા બદલ બદલો નથી ઈચ્છતો અને અતા કરીને પછી તું પસ્તાવો નથી કરતો. અય તું, જે તારા બંદાઓ પ્રત્યે ન્યાય બાબતમાં સખતી નથી કરતો તથા તારી ઉદારતા શરૂઆતથી જ છે, તારી મગફેરત ફઝલ (ઉદારતા) છે, તારી સજા ન્યાયપૂર્ણ છે અને તારો હુકમ સરળ (સહેલો અને ઉદાર) છે. જયારે તું અતા કરે છે તો તે નેઅમતોમાં ખામી નથી હોતી અને જયારે

(કોઈ નેઅમતથી) તુંએ વંચિત રાખ્યા તો તે અન્યાયના કારણે નહિં. જે તારો શુક્ર અદા કરે છે તેને તું જઝા (ઇનામ) અતા કરે છે જો કે તેને શુક્ર અદા કરવાની પ્રેરણા તુંએ જ અર્પણ કરી છે અને જે તારા વખાણ કરે છે તેને તું બદલો અતા કરે છે જયારે કે તુંએ જ તેને તારા વખાણ કરવાનું શીખવ્યું છે. તેના ઉપર પરદો ઢાંકે છે જેને તું ઈચ્છે તો બદનામ કરી શકે અને તેના ઉપર તું એહસાન કરે છે જેને તું ધારે તો મનાઈ ફરમાવી શકે છે જો કે આ બેઉ તારી બારગાહમાં તો બદનામી અને મનાઈને લાયક જ છે. પણ

તારા નિર્ણય હંમેશા ભલાઈ (ફઝલ)ની જ દ્રષ્ટિએ હોય છે, તારી સત્તાનો ઉપયોગ મગફેરતની દિશામાં જ હોય છે અને તારી નાફરમાની કરનારા સાથે તું નરમીથી જ વર્તે છે. જે પોતાના નફસ ઉપર જુલમ આદરે છે તેને તું (સુધારવની) મોહલત આપે છે, તારી સહનશીલતા થકી તું રાહ જુએ છે કે તેઓ રાહ ઉપર પાછા ફરે અને સજા આપવામાં જલદી કરવું તું ત્યજી દે છે કે તેઓ પસ્તાવો (તોબા) કરે કારણ કે જેઓ બરબાદ થવાને લાયક છે તેઓ તારી ઈચ્છા વિરૂધ્ધ બરબાદ ન થઇ જાય,

તેઓમાંથી કોઈ કમનસીબ (એહસનની) નેઅમત થકી લાંબી મોહલતથી વંચિત ન રહી જાય અને જેથી તેના માટે કોઈ હુજજત (દલીલ) બાકી ન રહે.

વારંવાર ચેતવણી પછી પણ અય મહેરબાન અને કરીમ માલિક ! તું જ છે જેણે તારી મગફેરતના એહસાન થકી અને તારૂં રહેમતની ઉદારતા થકી તારા બંદાઓ માટે તારી મગફેરતના દ્વાર ઉઘાડા મૂકયા છે અને તેને તોબનું નામ આપ્યું છે. તારી વહીઓમાંથી એક વહી (આયત) તુંએ આ દ્વારની દિશામાં

હિદાયત તરીકે નાઝિલ કરી છે જેથી તેઓ તેની રાહથી ભટકી ન જાય, અને તુંએ ઇરશાદ ફરમાવ્યો છે-તારૂં નામ બરકતો વાળું છે-: “અલ્લાહની બારગાહમાં તોબા કરો જે અંત:કરણથી હોય; થઇ શકે છે તમારો રબ તમારા કુકર્મો (બદઅમલોને) માફ કરે અને તમને જન્નતમાં દાખલ કરે જેના નીચે નદીઓ વહે છે; એ દિવસે અલ્લાહ નબીને હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને શરમિંદા નહિં કરે અને એ લોકોને પણ નહિં જેઓએ તેમની સાથે ઈમાન કબૂલ કર્યું

હતું; તેઓનું નૂર તેમની સામે અને જમણા હાથ તરફથી ચમકતું હશે; તેઓ કહેશે, અય અમારા રબ ! અમારા નૂરને સંપૂર્ણ ફરમાવ અને અમને મગફેરત અતા ફરમાવ; નિ:શંક, તું દરેક વસ્તુ ઉપર કુદરત ધરાવે છે.”

તેથી, તેમાં માટે શું દલીલ હોઈ શકે જે આ રહેઠાણમાં દાખલ થવાથી ગાફિલ રહ્યો જો કે તેના માટે દ્વાર ખુલ્લાં મૂકાયા હતાં અને ચોખ્ખી હિદાયત (દોરવણી) અપાઈ હતી ?

અને તું જ છે જેણે તારી પોતાની વિરૂધ્ધ તારા બંદાઓનો લાભ વધારી દીધો છે અને

ઈચ્છે છે કે તેઓ તારા સાથેની તેજારતમાં (બહોળો) નફો કરે, તારી બારગાહમાં સફળતા પામે અને તારી બારાગાહમાં પુષ્કળ (નફો) મેળવે, કારણ કે તુંએ ઈરશાદ ફરમાવ્યો છે-તારૂં નામ પાક, બરકતોવાળું અને સર્વોચ્ચ (આઅલા) છે-"જે કોઈ સારા અમલો લઈ (તારી બારગાહમાં) હાજર થશે તેનો દસો ગણો વધારે બદલો મળશે અને જે કોઈ પણ ખરાબ કામો લઈ (તારી બારગાહમાં) હાજર થશે તેને એટલી જ સજા મળશે, તેના સિવાય (ઓછું-વધારે) બીજું કંઈ જ નહિં." અને તુંએ ઈરશાદ ફરમાવ્યો

છે, “જે લોકો પોતાનો માલ અલ્લાહની રાહમાં ખર્ચ કરે છે તેનું ઉદાહરણ એવું છે કે જાણે એક દાણો હોય જેમાંથી સાત ડાળખીઓ ઊગી નીકળે છે અને દરેક ડાળખીમાં સો દાણા હોય છે અને અલ્લાહ જેને ઈચ્છે છે વધારે અતા ફરમાવે છે. “ અને તુંએ ઇરશાદ ફરમાવ્યો છે, :કોણ છે જે અલ્લાહને કરજે હસના આપે જેથી (અલ્લાહ) તેને બમણું કરીને વારંવાર પાછું વાળે.” અને સારા (નેક) અમલોના પુષ્કળ બદલા (ઇનામ) સંબંધી આવી બીજી આયતો તુંએ કુરઆન-મજીદમાં નાઝિલ કરી છે.

અને તું જ છે જેણે તારા ગેબી ઈલ્મના કહેણ થકી અને તારી અતા કરેલી પ્રેરણા થકી, જેમાં તારા બંદાઓની ભલાઈ સમાયેલી છે, તેઓની એ તરફ હિદાયત કરી જેને જો તુંએ એમનાથી છુપાવી હોત તો તેઓની આંખો તેમે શોધી ન શકતે, તેઓના કાનોએ તે કયારે સાંભળી ન હોત અને તેમના વિચારો તેના સુધી પહોચી ન શકયા હોત. તેથી, તુંએ ઈરશાદ ફરમાવ્યો છે, “મને યાદ કરો, હુ તમને યાદ કરીશ અને મારો શુક્ર અદા કરો તથા કુફ્ર (નાશુકી) ન કરો, અને તુંએ ઉમેર્યું છે, “જો તમે શુક્ર કરશો તો હું તમને

વધારે ને વધારે અતા ફરમાવીશ, પણ જો તમે કુફ્ર (નાશુકી) કરશો તો, નિ:શંક, મારી સજા બહુ જ સખત છે.” અને વધુમાં તુંએ ઉમેર્યું છે, “મને પોકારો (મારી બારગાહમાં દુઆ કરો) હું તમારી દુઆઓનો જવાબ આપીશ, પણ જેઓ મારી ઈબાદત વિરૂધ્ધ અભિમાની બને છે તેઓ અપમાનિત થઇ જહન્નમમાં દાખલ થશે.”

આમ તારી બારગાહમાં દુઆ કરવાનું નામ તુંએ ઈબાદત રાખ્યું છે, તેને ત્યજી દેવું ઘમંડ (તકબ્બુર) છે અને તેને ત્યજી દેવા બદલ તુંએ અપમાનિત કરી જહન્નમમાં દાખલ કરવાનો

વાયદો કર્યો છે (ચેતવણી આપી છે).તેથી, તારી ઉદારતા માટે તેઓએ તને યાદ કર્યો, તારા એહ્સાનો બદલ તારો શુક્ર અદા કર્યો, તારા હુકમની તાબેદારી કરીને તે મુજબ તારા હુકમનું પાલન કર્યું (તારી બારગાહ્માં દુઆ કરી) અને તારી રાહ્માં ખૈરાત કરી દાન આપ્યું (સદકા આપ્યા) જેથી તારી બારગાહ્માંથી તેઓ વધારે મેળવી શકે અને તેમા જ તારા ગઝબથી (ક્રોધથી) તેઓની નજાત હ્તી તથા તારી ખુશી પ્રાપ્ત કરવાની સફળતા. જો કોઈ મખ્લૂક પોતાની મેળે બીજી કોઈ મખ્લૂકની એવી

હિદાયત કરી હોત જેવી તુંએ તારા સંબંધી તારા બંદાઓની હિદાયત કરી છે તો જરૂર દરેક જબાનથી તેના વખાણ થયા હોત (તથા ગુણ ગવાયા હોત). તેથી, દરેક વખાણ તારા માટે છે જયાં સુધી વખાણ કરવાની કોઈ રીત બાકી છે, જયાં સુધી વખાણ કરવાના વેણ બાકી રહે છે જેના થકી તારા વખાણ થઇ શકે અથવા એવું કંઈ જાહેર કરવું (બાકી રહે) જેઓ અર્થ તારા વખાણ સંબંધી કરી શકાય.

અય તું ! જેણે પોતાની મહેરબાની અને ઉદારતા થકી પોતાના બંદાઓ ઉપર એહસાન

કર્યો અને તેમના ઉપર ભલાઈ તથા રહેમત ફેલાવી દીધી. તારી નેઅમતો અમારા વચ્ચે કેટલી સ્પષ્ટ છે ! અમારા ઉપર તારા એહસાનો કેટલા પૂર્ણ છે ! અને કેટલી હદ સુધી તુંએ અમારા ઉપર તારા ફઝલ (ઉદારતા) થકી એહસાન કર્યું છે !

જે દીનને તુંએ અમારા માટે ચૂંટેલા છે તારા એ દીન તરફ તુંએ અમારી હિદાયત કરી તથા તારી મીલ્લતની તરફ જેને તુંએ તારી ખુશી અતા કરી છે અને તારી રાહની તરફ જેણે તુંએ સરળ બનાવી છે. તારા સુધી પહોચવાની રાહ

અને તારો કરમ પ્રાપ્ત કરવાના વસીલા તુંએ અમને બતાવ્યો છે.

અય અલ્લાહ ! આ બધી ફરજો માહે રમઝાન મુબારકને (તેની ફરજને) તુંએ ખાસ ચૂંટેલા તરીકે કરાર આપ્યો છે અને બધી ઇબાદતોમાંથી તેની ઈબાદતને એક બહુજ મહત્વની ઈબાદત કરાર આપી છે. બીજા બધા મહિનાઓ કરતા તેને તુંએ જુદી પ્રતિષ્ઠા અર્પણ કરી છે, બીજી બધી મોસમોમાંથી તથા (બીજા બધા) સમયમાંથી તેને તુંએ ખાસ ચૂંટેલ છે અને વર્ષના બધા સમય કરતા વધારે તુંએ તેને

અગત્યતા અર્પણ કરી છે, કારણ કે તેમાં તુંએ કુરઆન-મજીદ તથા નૂર (હિદાયત) નાઝિલ કર્યાં છે, તેમાં ઈમાનનો વધારો (અતા) કર્યાં છે, તેમાં રોઝા રાખવાનું ફરજિયાત કર્યું છે, રાતના સમયોમાં અમને ઇબદતો માટે ઊભા રહેવાની પ્રેરણા અતા કરી છે અને તેમાં જ (બરકતવાળી) શબે કદ્ર પણ કરાર આપી છે જે એક હજાર મહિના કરતા બહેતર છે.

બીજું, આ મહિના થકી અમને તુંએ બીજી ઉમ્મતો ઉપર સર્વોપરીતા અતા કરી છે અને તેના ફઝલ થકી અમને તુંએ બીજી મિલ્લતો

ઉપર (બીજી કોમોમાંથી) ખાસ ચૂંટેલા છે. તેથી, તારા હુકમની ફરમાબરદારી રૂપે તેના દિવસોમાં અમે રોઝા રાખ્યા અને તારી મદદ થકી તેની રાતોમાં અમે તારી ઈબાદત માટે ઊભા રહ્યા, તેમાં રાખેલા રોઝા તથા તેમાં કરેલી ઇબાદતો થકી અમે તારી બારાગાહમા એ મેળવવા માટે હાજર થયા જે તુંએ તારી રહેમત થકી અતા કરવાનું કબૂલ ફરમાવ્યું હતું અને એ જઝા (ઇનામ) માટે જે અમે આ વસીલા થકી પ્રાપ્ત કરી શકીએ. તારી બારગાહમાં જેની ઈચ્છા જાહેર કરવામાં આવે તે છે તે અતા કરવા માટે

તું શક્તિશાળી છે, તારા ફઝલ થકી જે કંઈ પણ માંગવામાં આવે તે અતા કરવા માટે તું ઉદારતાથી અતા કરનાર છે અને જે તારી નજીક થવા ઈચ્છે તેના માટે તું નજીક છે.

નિ:શંક, આ મહિનો અમારી વચ્ચે એવો રહ્યો જે વખાણને પાત્ર છે. તેણે અમને સારો સાથ આપ્યો અને કાએનાતના સર્વોતમ લાભ પહોચાડયા. ત્યાર પછી નિ:શંક, તેનો સમય પૂરો થતાં, તેની મુદ્દત સમાપ્ત થતાં અને તેના દિવસો પૂરા કર્યાં પછી તે અમારાથી વિદાય થયો. તેથી, અમે તેને એવી રીતે વિદાય કરીએ

છીએ જેને વિદાય કરવું અમને બહુ જ અઘરૂં લાગે છે તથા (તેની જુદાઈ) અમને ઉદાસ કરી મૂકે છે, જેના અમારી વચ્ચેથી ચાલ્યા જવાથી અમને એકલતાની લાગણીનો અનુભવ થાય છે અને જેની પ્રત્યે અમારી કંઈક જવાબદારી છે જે અમને પૂરી કરવી જાઈએ તથા તેનો હક છે જે અમને અદા કરવો જોઈએ.

તેથી, અમે કહીએ છીએ, અય અલ્લાહના મહાન મહિના ! અય તેના (અલ્લાહ ના) દોસ્તોના મહાન તહેવાર (ઈદ)! તારા ઉપર સલામ ! તારા ઉપર સલામ ! અય (મુબારક)

મહિના. જેમાં આશાઓ પૂરી થવાની શકયતા વધી અને નેક અમલોમાં વધારો થયો. તારા ઉપર સલામ ! જેની હાજરી એક બહુજ આદરણીય સંગાથ હતો અને જેની વિદાય થયા પછી તેની ગેરહાજરી ઉપર શોક વ્યકત થયો. તારા ઉપર સલામ ! અય ઉમેદ (પૂરા થવા)ના સાધન, જેની જુદાઈથી રંજ થયો. તારા ઉપર સલામ ! અય દોસ્ત જે આગમન થતાં જ દોસ્ત બની ગયો તથા અમને ખુશી ઉપજાવી અને જેની વિદાય

વખત અમને એકલતાની લાગણીનો અનુભવ થતો તથા અમે દિલગીરી થયાં. તારા ઉપર સલામ ! અય પાડોશ, જેની નજીક દિલો નમ્ર બન્યા અને જેની નજીક ગુનાહો ઓછા થયા. તારા ઉપર સલામ ! અય મદદગાર, જેણે શૈતાન વિરૂધ્ધ (અમારી) મદદ કરી અને અય સાથી, જેણે નેકીની રાહો સરળ બનાવી. તારા ઉપર સલામ ! તારા સમય દરમિયાન અલ્લાહ તઆલા એ આઝાદ કરેલા બંદાઓ કેટલા બધા હતા ! તે કેટલો નસીબદાર છે જેણે તારૂં માન જાળવ્યું !

તારા ઉપર સલામ ! ગુનાહોને મિટાવનાર તું મહાન હતો અને કેટલીયે ખામીઓને તું છુપાવનાર હતો ! તારા ઉપર સલામ ! ગુનેહગારો માટે તો તું બહુ જ અનઇચ્છનીય (બોજરૂપ) હતો, પણ મોમિનોના દિલો માટે તું આશામય હતો ! તારા ઉપર સલામ ! અય (મુબારક) મહિના, જેની સરખામણીમાં બીજા દિવસો નથી આવી શકતા ! તારા ઉપર સલામ ! અય (મુબારક) મહિના, જેમાં દરેક બાબતમાં શાંતિ (સલામતી) હતી ! તારા ઉપર સલામ ! જેનો સાથ સંતોષજનક હતો અને સહવાસ

વખાણપાત્ર હતો ! તારા ઉપર સલામ ! તું અમારી પાસે બરકતો (રહમત) લઈને આવ્યો અને અમારી ભૂલોની ગંદકીને ધોઈ નાખી ! તારા ઉપર સલામ ! જેને અમે એ માટે વિદાય નથી કરતા કે તેનાથી અમે ધરાઈ ગયા છીએ અને એ માટે રોઝા રાખવાનું નથી છોડી દેતા કે તે બોજરૂપ (અનઈછનીય) ઈચ્છા છે ! તારા ઉપર સલામ ! તારા આગમનના સમય પહેલા (તારા આવવાની) ઈચ્છા કરાય છે અને તારી વિદાયના સમય પહેલા (તારી વિદાયનો) રંજ થાય છે ! તારા ઉપર સલામ ! તારા કારણે

કેટલી ખરાબીઓ અમારાથી દૂર કરવામાં આવી છે અને અમારા ઉપર કેટલી બરકતો (રહમત) નાઝિલ કરવામાં આવી છે ! તારા ઉપર સલામ ! અને શબે-કદ્ર ઉપર પણ જે એક હજાર મહિના કરતા બેહતર છે ! તારા ઉપર સલામ ! ગઈ કાલે અમે તારા (આગમન) માટે કેટલા ઉત્સુક હતા અને આવતી કાલ તારા (આવતા વર્ષના આગમન) માટે અમારી આતુરતા કેટલી તીવ્ર હશે ! તારા ઉપર સલામ ! અને તારા ફઝલ ઉપર જેનાથી અમે વંચિત થઇ રહ્યા છીએ અને

તારી ભૂતકાળની રહેમતો ઉપર જે અમે ખોઈ બેઠા છીએ !

અય અલ્લાહ ! અમે આ મહિનાના લોકો છીએ જેના થકી તુંએ અમારૂં સન્માન કર્યું છે અને જેના માટે તુંએ તારી ભલાઈ થકી અમને તૌફીક અતા કરી જયારે કમનસીબ લોકોએ તેના સમયની ગણના ન કરી અને તેમની કમનસીબીના કારણે તેઓ તેના ફઝલથી વંચિત રહ્યા. તું જ શક્તિશાળી છે કે તુંએ અમને તેનું (માહે મુબારક રમઝાનનું) ઇલ્મ અતા કર્યું, તેની સુન્નત (ઉપર આમળ કરવા) માટે અમારી

હિદાયત કરી અને, નિ:શંક, તારી અતા કરેલી તૌફીક થકી અમે તેના રોઝા રાખી શક્યા તથા (તેની રાત્રિઓમાં) ઈબાદત કરી શકયા જો કે સંપૂર્ણ રીતે તો નહિં જ (નથી કરી શક્યા) અને તેમાં ઘણું બધું બજાવી લાવવા જેવું હતું જેમાંથી અમે થોડું જ બજાવી શક્યા.

તેથી, તારી હમ્દો-સના અમે કરીએ છીએ, અય અલ્લાહ ! અમારા ખરાબ અમલોનો ઈકરાર કરીને અને એ કબૂલાત કરીને કે અમે તક વેડફી નાખી, તારી બારગાહમાં અમારો દિલથી સખત પસ્તાવો છે અને અમારી

જબાનથી પ્રમાણિક દિલગીરી છે. તેથી, તેમાં રહી ગયેલી અમારા અમલોની ખામીઓ માટે અમને અજ્ર અતા કર જે અજ્ર થકી અમે તારી બારગાહમાં ઈચ્છા કરેલા ફઝલ મેળવી શકીએ અને તારી અનેક જાતની રહેમતના ખજાનામાંથી બદલો (ઇનામ) પ્રાપ્ત કરી શકીએ.

તારા હકોની બજાવણીમાં અમારી નિષ્ફળતા માટે અમને તારી મગફેરત (ક્ષમા)ને લાયક કરાર આપ. અમારી બાકી જિંદગી જે અમારી સમક્ષ છે તેને આવતા (ભવિષ્યના) માહે

મુબારક રમઝાન કરતા વધારે (લાંબી) કરાર આપ અને જયારે તું અમને તે (સમય) સુધી પહોચાડે તો અમારી મદદ કર જેથી અમે તારી ઈબાદત એવી રીતે કરીએ જે રીતે થવી જોઈએ તથા તારી ઇતાઅત એવી રીતે કરવાની તૌફીક અતા કર જેવી રીતે (ઇતાઅત) કરવાનો તારો હક છે. અમારા થકી એવા અમલે-સાલેહ પરિણામ આપ જેના થકી આ સમયના બધા મહિનામાંથી આ બે મહિનાનો (આ વિદાય થયેલો અને આવતો માહે રમઝાન મુબારક) તારો હક પૂર્ણ રીતે અદા થઇ જાય.

અય અલ્લાહ ! જે કોઈ પણ નાના અથવા મોટા ગુનાહ અમે કર્યાં હોય અથવા જે કંઈ પણ બદકાર્યો અમારાથી થઈ ગયું હોય અથવા આ મહિનામાં અમારી પોતાની સ્વેચ્છાએ અથવા અજાણતામાં અમારાથી એવી કોઈ ભૂલ થઇ ગઈ હોય જેના થકી અમે અમારા નફસને ઈજા પહોચાડી હોય અથવા અમારામાંના લોકો સિવાય બીજા અપમાન કર્યું હોય તો હઝરત મોહંમદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. તારા પરદા થકી અમને ઢાંકી દે

અને તારી મગફેરત થકી અમારી મગફેરત કર. તેના કારણે

ઠપકો આપનારાઓની આંખો સમક્ષ અમને ઉઘાડા ન પાડ, કઠોર બદનામ કરનારાઓની જીભને અમારી વિરૂધ્ધ કશું પણ ઉચ્ચારવા ન આપ અને અમને એવા અમલો પરિણામ આપવાની તૌફીક અતા કર જેના કારણે અમારી એ બાબતો (ખામીઓ) તારી અપાર મહેરબાની તથા અખૂટ ઉદારતા થકી દૂર થઈ જાય અને એ બાબતો માટે કફ્ફારો બને જેને તુંએ તેમાં (આ મહિનામાં) નામંજૂર કરી હતી.

અય અલ્લાહ ! હઝરત મોહંમદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર.

આ મહિના થકી અમારા રંજ(ની મુસીબત)ને દૂર કર અને અમારા આ (ઇદના) તહેવારના અમારા આ ઇદુલ ફિત્રના દિવસે અમારા ઉપર બરકતો નાઝિલ કર. આ દિવસને અમારા માટે સર્વોતમ પસાર થયેલો દિવસ, મગફેરતનો મહાન આકર્ષનાર (દિવસ) અને ગુનાહોના મહાન નાબૂદ કરનાર (દિવસ) કરાર આપ. અમારા ખુલ્લા અને છુપાયેલા (જાણી જોઈને

કરેલા અને અજાણતાથી થયેલા) ગુનાહોની અમને મગફેરત અતા કર.

અય અલ્લાહ ! આ મહિનાની સમાપ્તિ સુધીમાં અમને અમારી ભૂલોનું શુદ્ધિકરણ અતા કર અને તેના અંત થવા સુધીમાં અમને અમારા કુકર્મોમાંથી બહાર કાઢી નજાત અતા કર. તેના (ઉપર ઈમાન રાખનારા) લોકોમાં અમને તેના થકી સૌથી વધારે નસીબદાર, તેમાં (રૂહાની) લાભની દ્રષ્ટિએ એ લોકોમાંથી સૌથી વધારે સુખી અને તેની બરકતોના હિસ્સાની દ્રષ્ટિએ એ લોકોમાં સૌથી વધારે શ્રીમંત કરાર આપ.

અય અલ્લાહ ! જે કોઈએ પણ આ મહિનો એવી રીતે (અલ્લાહની ઇબાદતો-ઇતાઆતમાં) પસાર કર્યો જેવી રીતે પસાર કરવો જોઈએ, તેનું માન જાળવ્યું જેવી રીતે જાળવવું જોઈએ, તેના નિયમો મુજબ ચાલ્યા જે પ્રમાણે ચાલવું જોઈએ, ગુનાહોથી બચ્યા જેવી રીતે બચવું જોઈએ અને યોગ્ય રીતે (વસીલા થકી) તારી બારગાહમાં હાજર થયાં તો તુંએ તેને તારી ખુશીનો (મંજૂરીનો) હકદાર બનાવ્યો અને તેના ઉપર તુંએ તારી રહેમત નાઝિલ કરી; તેથી, અમને તારા ખજાનામાંથી એવી જ જઝા અતા કરે અને

તારા ફઝલ થકી તેને બહોળી કરીને અતા કર, કારણ કે, નિ:શંક, તારો ફઝલ કયારે પણ ઘટતો નથી અને તારા ખજાનામાંથી કયારે પણ ઓછું અતુ નથી-નહિં, તેમાંથી અતા થતુ જ રહે છે. નિ: શંક , તારા એહસાનનોની ખાણો કયારે પણ ખૂટતી નથી અને, નિ:સંદેહ, તારી અતા કરેલી (નેઅમતો) સૌથી સારી (મનને) ગમે એવી નેઅમતો છે.

અય અલ્લાહ ! હઝરત મોહંમદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. અમારા

માટે તું એવો જ અજ્ર નોંધી લે જેવો અજ્ર કયામતના દિવસ સુધી એ લોકને મળશે જેઓએ માહે મુબારક રમઝાનમાં રોઝા રાખ્યા અને તેમાં તારી ઈબાદત પરિણામ આપી.

અય અલ્લાહ ! નિ:શંક, તારી બારગાહમાં અમે તોબા કરીએ છીએ, અમારા એ (ઇદુલ) ફિત્રના દિવસે જેને તુંએ મોમીન માટે ઈદ (તહેવાર) અને ખુશી (નો દિવસ) કરાર આપ્યો છે, તારી મિલ્લતના લોકો માટે ભેગા મળી એક જમાત થવાના (ઈબાદત કરવાના) દિવસે ,અમારા દરેક ગુનાહોની (તોબા) જે અમે કર્યા છે

અને કુકર્મોની (તોબા) જે અમે ભૂતકાળમાં પરિણામ આપ્યા છે અને અમારા ખરાબ વિચારોની (તોબા) જેને અમે સંતોષ્યા છે; અને એવા (મનુષ્ય)ની તોબા જે ગુનાહ કરવાની ખાનગી ઇચ્છા ધરાવતો નથી અને જે આજ પછી કોઇપણ ગુનાહ તરફ કયારે પણ પાછો નહિં ફરે-સાચી તોબા જે મક્કમ છે અને શંકારહિત છે. તેથી, અમારી આ તોબા કબૂલ કર, અમારાથી રાજી રહે અને આ (તોબા) ઉપર અમને મક્કમ રાખ

અય અલ્લાહ ! જે સજાની અમને ચેતવણી અપાઈ છે તેનો અમને ખોફ અતા કર અને તું એ જે જઝાની (સવાબનો) વાયદા કર્યો છે તેની ઈચ્છા કરવાની તૌફીક અતા કર, ત્યાં સુધી કે અમને તેનો પહેલેથી સ્વાદ ચાખવા મળે જેની અમે તારી બારગાહમાં દુઆ કરીએ છીએ અને તે સજાનો પણ જેનાથી અમે તારી પનાહ માંગીએ છીએ. અમે તારી નજરમાં એ લોકો જેવા થઈ જઈએ જેઓ (તારી બારગાહમાં) તોબા કરનારા છે અને જેઓને તું એ તારી મોહબ્બત અતા કરી તથા તારી ઇતાઅતમાં

તેઓનું પાછું ફરવું તુંએ કબૂલ કર્યું, અય શ્રેષ્ઠ ન્યાય કરનાર !

અય અલ્લાહ ! અમારા વાલેદૈન, અમારા દીનના સર્વે લોકો જેઓ ગુજરી ગયા છે અને કયામત સુધી જેટલા લોકો (દીની બિરાદરો) પણ આવનાર છે તે બધાને તું મગફેરત અતા કર.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ), અમારા નબી, અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર, જેવી રીતે તુંએ માનનીય

(નજીકના) ફરિશ્તાઓ ઉપર રહેમત નાઝિલ કરી હતી. તેના ઉપર અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર જેવી રીતે તુંએ તારા નબીઓ ઉપર રહેમત નાઝિલ કરી હતી જેઓને તુંએ દુનિયામાં મોકલ્યા હતા. તેમના ઉપર અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર જેવી રીતે તુંએ તારા નેક (અને ખાસ) બંદાઓ ઉપર રહેમત નાઝિલ કરી હતી. (તેમના ઉપર અને તેમની આલ ઉપર) આથી પણ વધારે રહેમત નાઝિલ કર, અય આલમીનના અમે પણ મેળવી શકીએ અને જેના કારણે અમારી દોઆઓ કબૂલ

થાય. નિ:શંક, તું એવો કરીમ છે જેનાથી દુઆ કરી શકાય છે અને એવો અતા કરનાર છે જેના ફઝલોકરમ થકી માંગી શકાય છે તથા તું દરેક વસ્તુ ઉપર કુદરત ધરાવે છે.

તારી રહેમતની સાથે.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …
www.hajinaji.com

• Like us on Facebook •

## ૪૬-ઈદુલ ફિત્રના દિવસે ઈબાદત પછી કિબલા તરફ ઊભા રહી તથા જુમાના દિવસે તેમની દુઆ.

અય તું ! જે તેના ઉપર પણ રહેમ કરે છે જેના ઉપર તારા બંદા દયા નથી કરતા.

અય તું ! જે તેને કબૂલ કરે છે જેને કોઇ ગામ (કે દેશ) કબૂલ કરવા તૈયાર નથી.

અય તું ! જે તેની બારગાહમાં હાજતમંદોને ધિક્કારતો નથી.

અય તું ! જે એ લોકોને નિરાશ નથી કરતો જેઓ તેને પોકારે છે.

અય તું ! તેના ઉપર વિશ્વાસ રાખનારને રદ નથી કરતો.

અય તું ! જે તેની બારગાહમાં ધરેલા નાના એવા તોહફાને પણ કબૂલ કરે છે અને તેની થોડી એવી ઇબાદત કરવાનો પણ અજ્ર અતા કરે છે.

અય તું ! જે તેની ઓછામાં ઓછી ફરમાબદારી માટે પણ શુક્રગુજાર છે અને બદલામાં મોટી જઝા (ઇનામ) અતા કરે છે.

અય તું ! જે તેનાથી નજીક થવાની કોશિશ કરનારની નજીક જરૂર જાય છે.

અય તું ! જે તેની રહેમત રોકતો નથી અને સજા કરવમાં જલદી કરતો નથી.

અય તું ! જે નેક અમલને ફળદાયી કરાર આપે છે જેથી તે ફળદ્રૂપ બને અને ખરાબ કામોને જતા કરે છે જેથી પોતાની મગફેરત અતા કરે.

તારી ઉદારતા (કરમ) ના હોજ પાસેથી ઉમેદો સંતોષ પામીને પાછી ફરે છે, તારી સખાવતના ફૈઝથી (ફુવારાથી) તલબોના (વિનંતિઓના) ઠામ છલકાઇ જાય છે અને ગુણો તારા વખાણ કરવામાં નિષ્ફળ નીવડે છે.

તેથી, દરેક ઊંચાઈઓ કરતા સર્વોચ્ચ દરજ્જાનો તું જ માલિક છે અને દરેક જાહોજલાલીથી વધારે સર્વોત્તમ જાહોજલાલીનો પણ. દરેક મહાન તારી સમક્ષ નાનો છે, દરેક મોભો ધરાવનાર તારા મોભાની પડખે તુચ્છ છે અને તારા સિવાય બીજાની બારગાહમાં જનારા નિરાશ થયા. તે લોકો જે બીજા કોઈની સમક્ષ (હાજત લઈને) હાજર થયા તેઓ નુકસાનીમાં રહ્યા સિવાય એ લોકો જેઓ તારી બરગાહમાં હાજર થયા. તારા મુલાકાતીઓ સિવાય બીજા મુલાકાતીઓ બધાં જ ભટકી ગયા. જે લોકો

લાભ શોધતા હતા તેઓ દુકાળમાં ફસાયા સિવાય કે જેણે તારા ફઝલથી લાભની આશા રાખી. જેઓ તારી બારગાહમાં ઉમેદ રાખે છે તેઓ માટે તારા દ્વાર ઉઘાડા જ છે અને માંગવાવાળા માટે તારી રહેમતના ખજાના ખુલ્લા છે. જેઓ (મુસીબતમાં) મદદ ઈચ્છે છે તેઓ માટે તારી મદદ નજીક છે, ઉમેદવારો તારી બારગાહમાં નિરાશ નથી થતાં અને તારી બારગાહમાં હાજત તલબ કરનારા તારી રહેમતથી નાઉમેદ નથી થતા. જે લોકો તારી મગફેરત તલબ કરે છે તેઓ તારી સજાથી

બચવામાં કમનસીબ નથી નીવડતા. જે તારી નાફરમાની કરે છે તેને પણ તારી રોજી અતા થાય છે અને તારી સહનશીલતા એના માટે પણ છે જે તારા હુકમોનું પાલન નથી કરતો. ખરાબ કાર્યો કરનારા સાથે ભલાઈથી વર્તવું એ તારી આદત છે અને હદ ઓળંગી જનારાને (ગુનાહગારોને) સહન કરવું અને તારી સુન્નત (રીત) છે એટલે સુધી કે તારી સહનશીલતા તેઓને તારી બારગાહમાં તોબા કરવાથી બેદરકાર બનાવી દે છે અને તારી સહનશીલતાના કારણે તેઓ ગુનાહ કરવા ત્યજી

પણ નથી દેતા. પણ, નિ:શંક તુંએ સહ્ન કર્યું છે અને તારી અનંત સતા થકી (સુધારવાની) મોહ્લત અતા કરી છે એ માટે કે તેઓ તારી ઈબાદત તરફ પાછા ફરે.

તેથી, જેઓ ખુશનસીબ હ્તા તેઓ (તારી રાહ્ તરફ પાછા ફરી) નેક થયા તથા તુંએ તેઓને કબૂલ કર્યા અને કમનસીબ હ્તા તેઓ જેઓ (તારી રાહ્ તરફ) પાછા ન ફરવાના કારણે તારી બારગાહ્માં ઝલીલ (નાઉમેદ) થયા. તેઓ બધાને તારા જ ફેસલા તરફ આગળ વધવાનું છે અને તેઓ બધાના જ મામલાઓ તારા હુકમ

(ન્યાય) માટે તારી બારગાહમાં જ પાછા ફરવાના છે. તેઓની સજાની મુદત લાંબી કરી આપવાથી તારી સતા નબળી નથી પડતી તથા તેઓની સજાની મુદતમાં ઢીલ કરવાથી તારી હુજ્જત બિનઅસરકારક નથી નીવડતી. તારી સાક્ષી એવી મક્કમ છે જે નકામી ન નીવડી શકે અને તારી સત્તા એટલી મજબૂત છે જેનું કયારે પણ પતન નથી તેથી, ધિક્કાર છે એના ઉપર જે તારી બારગાહથી વિમુખ થયો (મોઢું ફેરવ્યું) અને જેને તુંએ નામંજૂર કર્યા તેના માટે અપમાનભરી નિષ્ફળતા છે. જેણે તારી

બારગાહમાં અભિમાનથી વર્તાવ કર્યો તે અતિશય બદનસીબ છે.

કેટલી આકરી છે તારી સજાની વેદના અને કેટલી લાંબી છે તેની તે પીડાની મુદ્દત ! કેટલો દૂર છે તેનો (સજાથી) નજાત પામવાનો સમય અને બચવાની આશાઓ કેટલી ઓછી છે ! આ બધું તારા ન્યાયપૂર્ણ ફેસલાના કારણ છે જેમાં તું જુલમ નથી કરતો અને તારા ઇન્સાફના હુકમ મુજબ છે જેમાં તું અત્યાચાર નથી કરતો, કારણ કે તારી હુજ્જતો તુંએ ખુલ્લી જાહેર કરી દીધી છે અને ત્યાર પછી કોઈ કારણ બાકી નથી રહેતું,

નિ:શંક, તુંએ પહેલાથી ચેતવણીઓ ઉચ્ચારી દીધી છે, તારી મહેરબાનીઓ થકી પ્રેરણા પણ આપી છે, ઉદાહરણો પણ ટાંકયા છે અને મુદ્દતમાં વધારો પણ કર્યો છે. (સજા કરવામાં) તુંએ ઢીલ મૂકી છે જયારે જલદી કરવાને તું સત્તધીશ છે અને તુંએ મુદ્દતો પસાર કરી જયારે કે જલદી કરવાને તું શક્તિશાળી છે. ઢીલ કરવું તારી અશક્તિના કારણે ન હતું તથા તારૂં મુદ્દતમાં વધારો કરવું તારી નબળાઈના કારણે ન હતું. તારી સહનાશીલતા તારી બેદરકારીના કારણે ન હતી અને ન તો તારી ધીરજમાં (તારો)

કોઈ સ્વાર્થ હતો નહિ, આ બધું એટલા માટે હતું કે તારી હુજ્જત ખુલ્લી રીતે નિર્ણયાત્મક થઇ જાય, તારી ઉદારતા સંપૂર્ણ થઈ જાય, તારા એહસાન ભરપૂર રહે અને તારી નેઅમત પૂર્ણ થઈ જાય. આ બધું હતું જ અને કયારે પણ રોકાયું નહિં તથા એ બધું રહેશે અને ક્યારે પણ રોકાશે નહિં

તારી હુજ્જત એટલી ઉચ્ચ દરજ્જાની છે જેનું સંપૂર્ણ રીતે વર્ણન નથી થઈ શકતું, તારી બાદશાહત એટલી સર્વોચ્ચ છે જેનું વ્યાખ્યાન નથી થઈ શકતું, તારી નેઅમતો એટલી બધી છે

જનો પૂરી રીતે હિસાબ નથી થઈ શકતો અને તારા એહ્સાસન એટલા બધા છે કે તેમાંથી જે સૌથી ઓછામાં ઓછું છે તેનો પણ શુક્ર અદા નથી થઈ શકતો.

નિ:શંક, ચુપકીદીએ મને વખાણ કરવા માટે અશકત કરી દીધો છે તથા ધગશની ઓછપે મને તારા ગુણ ગાવાથી મૂક બનાવી દીધો છે. વધારેમાં વધારે હું એટલું જ કહી શકું છું કે મારી લાચારી અને દિલગીરી જાહેર કરી શકું છું, મારી સ્વેચ્છાએ નહિ, અય મારા રબ ! પણ મારી અશક્તિના કારણે.

તેથી, મારા ઉપર નિગાહે-કરમ કર જે તારી બારગાહમાં હાજર થવા ઈચ્છે છે અને હું તારી શ્રેષ્ઠ સહાયતા માંગું છું. તેથી, હઝરત મોહંમદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. મારી છૂપી વાત સાંભળ અને મારી દુઆ કબૂલ કર, મારા દિવસને નિરાશામાં સમાપ્ત ન થવા દે અને મારી વિનંતિને રદ કરી ઠુકરાવી ન દે તથા તારી બારગાહમાંથી મારૂં પાછું ફરવું અને ફરી પાછું તારી બરગાહમાં હાજર થવું મારા માટે સુખમય કરાર આપ.

નિ:શંક, જે કઈ તું ઈરાદો કરે છે તેને તું સીમિત નથી રાખતો, તારી બરગાહમાં જે કંઇ પણ સવાલ કરવામાં આવે છે તેને અતા કરવા માટે તું અશક્ત નથી અને દરેક વસ્તુ ઉપર તું કુદરત ધરાવે છે. કોઈ સત્તા નથી કે નથી કોઈ શક્તિ સિવાય અલ્લાહની, જે સર્વોચ્ચ અને મહાન છે.

તારી રહેમતની સાથે.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

## ૪૭-અરફાતના દિવસે તેમની દુઆ.

અલ્લાહના માટે વખાણ છે જે આલમીનનો પાલનહાર છે. અય અલ્લાહ ! અય જમીન અને આસમાનના સર્જનહાર ! તારી હમ્દો સના છે, ઈજ્જત અને જાહોજલાલીના માલિક ! જે મા'બૂદોની ઈબાદત કરવામાં આવે છે તેઓનો પણ મા'બૂદ, દરેક વસ્તુઓનો અલ્લાહ (મા'બૂદ), દરેક મખ્લૂકનો ખાલિક (સર્જનહાર) અને દરેક વસ્તુઓનો વારીસ ! તારા જેવું બીજું કોઈ નથી, તારાથી કોઈ ઇલ્મ છુપું નથી, દરેક

વસ્તુઓ તારા (ઇલ્મ)થી ઘેરાયેલી છે અને દરેક વસ્તુ ઉપર તારી દેખરેખ છે.

તું અલ્લાહ છે, નથી કોઈ અલ્લાહ તારા સિવાય; એક (અહદ), સ્વંય (મોતવહ્હેદ), એકલો (ફર્દ), અજોડ (મોતરફ્ફેદ) ! તું અલ્લાહ છે, તારા સિવાય કોઈ મા'બૂદ નથી; મહેરબાન (કબીર), પ્રશંસનીય (મોતકબ્બેર) ! તું અલ્લાહ છે, તારા સિવાય કોઈ મા'બૂદ નથી; સવોપરી (અલીય્યો), પ્રશસ્ય (મોતઆલ), સંપૂર્ણ સત્તાધીશ (શદીદુલ-મેહાલ) ! તું અલ્લાહ છે, તારા સિવાય કોઈ મા'બૂદ નથી; માયાળુ

(રહેમાન), દયાળુ (રહીમ), જ્ઞાની (અલીમ) તથા બુદ્ધિશાળી (હકીમ) ! તું અલ્લાહ છે, તારા સિવાય કોઈ મા'બૂદ નથી; સાંભાળનાર (સમીઅ), જોનાર (બસીર), શાશ્વત (કદીમ), સંપૂર્ણ માહિતગાર (ખબીર) ! તું અલ્લાહ છે, તારા સિવાય કોઈ મા'બૂદ નથી; સખીઓનો સખી (કરીમુલ-અકરમ), હંમેશા રહેનારાઓમાં અનંત (દાએમુલ-અદવમ) ! તું અલ્લાહ છે, તારા સિવાય કોઈ મા'બૂદ નથી; દરેક પહેલાથી પહેલો અને દરેક છેલ્લાથી છેલ્લો ! તું અલ્લાહ છે, તારા સિવાય કોઈ મા'બૂદ નથી; તારી

સર્વોચ્ચતામાં અદ્રશ્ય અને તારી નજીકમાં પણ તું અદ્રશ્ય ! તું અલ્લાહ છે, તારા સિવાય કોઈ મા’બૂદ નથી; બધી સુંદરતાનો મહાનતાનો અને જાહોજલાલીનો માલિક તથા પ્રશંસાપાત્ર ! તું અલ્લાહ છે, તારા સિવાય કોઈ મા’બૂદ નથી; જેણે દરેક વસ્તુઓને મૂળ વગર ખલ્ક કરી, જેના માટે તુંએ ધાટ ઘડ્યા તે  નમૂના વગર ઘડયા અને જે પણ નવી વસ્તુઓની શરૂઆત કરી (શોધ કરી) તે  કોઈપણ ઉદાહરણની અનુસરીને નહિં !

તે તું છે જેણે દરેક વસ્તુને માપતોલથી નિર્માણ કરી, દરેક વસ્તુને સહેલાઈ પ્રમાણે આસાન બનાવી અને દરેક વસ્તુની તુંએ પોતે તેને લગતી સંભાળ લીધી ! તે તું છે જેનો ખલ્ક કરવામાં કોઈ જોડીદાર ન હતો અથવા તારા મામલામાં તારો કોઈ મદદગાર ન હતો તથા ન તો કોઈ તારી સમક્ષ ગવાહ કે જોનારો હતો ! તે તું છે જેણે ઈરાદો કર્યો અને તુંએ જે કંઇ પણ ઈરાદો કર્યો તે મક્કમ હતો ! તુંએ નિર્ણય પસાર કર્યો અને જે કંઈ પણ હુકમ કર્યો તે ન્યાયપૂર્ણ હતો ! તુંએ હુંકમ કર્યો અને જે કંઈ પણ હુકમ

કયો તે ઇન્સાફ ઉપર હતો ! તે તું છે જેને જગાની આવશ્યકતા નથી, તારી બાદશાહતને કોઈ બાદશાહ પડકારી નથી શકતો અને નથી કોઈ દલીલ અથવા વર્ણન તારી સમક્ષ ટકી શકતું ! તે તું છે જેની ગણતરીમાં દરેક વસ્તુ છે, તુંએ દરેક વસ્તુની મુદ્દત નક્કી કરેલ છે અને તુંએ દરેક વસ્તુઓનો પૂરતા પ્રમાણમાં માપ નક્કી કર્યા છે ! તે તું છે જેની ઝાતને ઓળખવામાં વિચારો નિષ્ફળ છે, જેના ગુણો તપાસવામાં સમજ નિષ્ફળ છે અને આંખો તારા અસ્તિત્વને કયારે ગ્રહણ નથી કરી શકી ! તે તું છે જેની

વ્યાખ્યાનું પૂર્ણ રીતે વર્ણન નથી અપાઈ શકતું, નહિં તો તું સીમિત થઇ જાય; તારો કોઈ દાખલો નથી અપાઈ શકતો, નહિં તો તે ગ્રહણ કરી શકાતે; તુંએ કોઈને જન્મ નથી આપ્યો, નહિં તો તને પણ કોઈ જન્મ આપનાર હોત ! તે તું છે જેનો કોઈ વિરોધી નથી જે તને હરાવી શકે અને તારા જેવો કોઈ શક્તિશાળી નથી જે તને પડકારી કરી શકે ! તે તું છે જેણે શરૂઆત કરી, શોધ કરી, સર્જન કર્યું અસ્તિત્વમાં લાવ્યું અને જે કંઈ પણ તુંએ ખલ્ક કર્યું તે સુંદર (શ્રેષ્ઠ) રીતે ખલ્ક કર્યું !

તારી ઝાત (અસ્તિત્વ) પાક છે, તારો મોભો (દરજજો) કેટલો બુલંદ છે ! બધી જગ્યાઓમાં તારૂં સ્થાન કેટલું સર્વોચ્ચ છે ! તારો જાહેર કરેલો તફાવત (ફુરકાન –કુરઆને મજીદ) સચ્ચાઈની કેટલી (અને કેવી) ચોખ્ખી જાહેરાત છે !

તારી ઝાત પાક છે, અય મહેરબાન, તું કેટલો ઉદાર છે ! અય કૃપાળું, તું કેટલો કૃપાળુ છે ! અય હકીમ, તું કેટલો જ્ઞાની છે !

તારી ઝાત પાક છે, અય બાદશાહ (માલિક), તું કેટલો શક્તિશાળી છે ! અય સખી, તારી સખાવત કેટલી બધી છે ! અય સર્વોચ્ચ, તું

કેટલો પ્રશંસનીય છે ! સુંદરતા, મહાનતા, જાહોજલાલી અને વખાણના માલિક !

તારી ઝાત પાક છે, સખાવત માટે તુંએ તારા હાથ લંબાવી દીધા છે અને હિદાયત તારી બારગાહમાંથી પ્રાપ્ત થઇ શકે છે, તેથી, જે કોઈપણ પોતાની દીની અથવા દુન્યવી બાબત માટે તારી બારગાહમાં હાજર થયો તેણે પોતાની હાજત મેળવી !

તારી ઝાત પાક છે, તારા ઇલ્મમાં જે કંઈ પણ અસ્તિત્વ પામેલું છે તેણે તારી બારગાહમાં શિર ઝૂકાવ્યું, જે કંઇ પણ તારા અર્શ (સત્તા) તળે

છે તેણે તારી બાદશાહતમાં નમ્રતા ગ્રહણ કરી અને તારી કુલ મખ્લૂક તારી આજ્ઞાકિત બની !

તારી ઝાત પાક છે, તને, જોઈ અને સમજી નથી શકાતો (ગ્રહણ નથી કરી શકાતો), શોધી નથી શકાતો, અડી નથી શકાતો તું નજીક નથી લાવી શકાતો ખસેડી નથી શકાતો, દૂર નથી કરી શકાતો, તારાથી દલીલ નથી કરી શકાતી, તારા ઉપર જુલમ નથી કરી શકાતો, તારાથી લડી નથી શકાતું તારા ઉપર દબાણ નથી લાવી શકાતું કે નથી તારાથી દગો કરી શકાતો !

તારી ઝાત પાક છે, તારી રાહ સીધી છે, તારો હુકમ સચ્ચાઈ છે, તું જીવિત છે તથા સ્વાધીન છે !

તારી ઝાત પાક છે, અય ખુલ્લી નિશાનીઓના માલિક ! આસમાનો અને જીવતરના સર્જનહાર !

તારા વખાણ છે જયાં સુધી તારૂં અસ્તિત્વ છે ત્યાં સુધી. તારા વખાણ છે તારી અતા થતી નેઅમત જેટલા, તારી કળાને શોધે તેવા વખાણ. તારા વખાણ છે, એવા વખાણ જે તારી ખુશીમાં વધારો કરે. તારા વખાણ છે. એવા વખાણ જે

દરેક વખાણ કરનારાઓના વખાણને વધી જાય અને (તારો) એવો શુક્ર જે દરેક શુક્રગુજારના શુકથી વધી જાય. એવા વખાણ, જેવા વખાણને પાત્ર તું જ છે અને જેના થકી તારા સિવાય બીજા કોઈનો સંપર્ક સાધી નથી શકાતો. એવા વખાણ જેના થકી નેઅમતોનું અતા થવું ચાલુ જ રહે અને જેના થકી ભવિષ્યની નેઅમતો હંમેશાં મેળવતા રહીએ એવી દુઆ કરી શકાય. એવા વખાણ જે સમયના યુગો વીતવા સાથે વધતા જ રહે તથા વધારો થતો જ અને વધતા રહે. એવા વખાણ જેની હિસાબ રાખનારા ગણતરી ન

કરી શકે અને જે તારી કિતાબમાં હિસાબ લખનારાના હિસાબથી વધી જાય. એવા વખાણ જે તારા સર્વોચ્ચ સિંહાસનને લાયક હોય અને જે તારા પગરખા બની રહે. એવા વખાણ જેના માટે તારી જઝા સંપૂર્ણ હોય અને જેની જઝા બીજી જઝાથી બેહતર હય. એવા વખાણ જેનો જાહેરી દેખાવ તેના અંત:કરણ સાથેના ભાવ સાથે ભળેલો હોય અને તેના અંત:કરણનો ભાવ તેના પાછળ રહેલી તેની નિય્યતને અનુસરીને જ હોય. એવા વખાણ જેવા કોઈ મખ્લૂકે અત્યાર સુધી કર્યા ન હોય અને જેના ફઝલ (સુંદરતા

અને કિંમત)ની તારા સિવાય કોઈને જાણ નથી. એવા વખાણ જેને કોઈ જો ગણવાની કોશિશ્ કરે તો તેની મદદ થાય અને તેનો હિસાબ સમજવાની જો કોઈ બનતી કોશિષ કરે તો તેને સહાયતા મળે. એવા વખાણ જેમાં તુંએ ખલ્ક કરેલા બધા જ વખાણ સમાયેલા છે  અને જેમાં એ વખાણ પણ પરોવાઈ જશે જે તું (હવે પછી) ખલ્ક કરનારા છે. બીજી કોઈ જાતના વખાણથી જુદા, તારા કહેણ (કુરઆને મજીદ) મુજબના વખાણ અને તારા વખાણ કરનારથી મોટો બીજો કોઈ વખાણ કરનાર નથી. એવા વખાણ જેના

થકી વખાણ કરનારા તારા કામ થકી વધારે જઝાના હકદાર બને છે એમાં પણ તું તારી ઉદારતા થકી વધારો અતા કરે છે. એવા વખાણ જે તારા મોભાનું માન બને અને તારી બાદશાહતની જાહોજલાલીને યોગ્ય હોય.

અય અલ્લાહ !હઝરત મોહંમ્મદ અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર, જેઓ ખાસ છે, ચૂંટાએલા છે, તારી નજીક હોવાના કારણે માનનીય છે અને તારી સર્વોતમ નેઅમતો ધરાવવાવાળા છે. તેમની તારી સંપૂર્ણ

બરકતો (નેઅમતો) અતા કર અને બેહતરીન રહમતો તેમન ઉપર નાઝિલ કર.

અય અલ્લાહ ! હઝરત મોહંમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર, એવી પાક રહેમત જેનાથી વધારે પાક બીજી કોઈ પણ રહેમત ન હોય. તેમના ઉપર અને તેમની આલ ઉપર ફળદ્રુપ રહેમત નાઝિલ કર, એવી ફળદ્રુપ રહેમત જેનાથી વધારે કુશળ બીજી કોઈ રહેમત ન હોય. તેમના ઉપર અને તેમની આલ

ઉપર સંતોષજનક રહેમત નાઝિલ કર જેનાથી વધીને બીજી કોઈ રહેમત બેહ્તર ન હોય

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર, અવી રહેમત જેનાથી તેઓ રાજી થઈ જાય અને તેમની ખુશીમાં વધારો કર. તેમના ઉપર અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર જેનાથી તું રાજી રહે અને તેમાં માટે તારી ખુશીમાં પણ વધારો થાય. તેમના ઉપર અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર જેવી રહેમત  તેમના

સિવાય બીજા કોઈ ઉપર નાઝિલ ન કરી હોય અને તારી નજરમાં એવી રહેમતને લાયક તેમના સિવાય બીજું કોઈ ન હોય.

અય અલ્લાહ ! હઝરત મોહંમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર, એવી રહેમત જે તારી ખુશીના કારણથી વધીને હોય, જેનો પ્રવાહ તારા અનંત અસ્તિત્વના આધાર ઉપર હોય અને જે કયારે પણ નાશ ન પામે જેવી રીતે તારા કહેણ નાશ નથી પામતા.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર, એવી રહેમત જેવી તું તારા ફરિશ્તાઓ ઉપર, તારા નબીઓ ઉપર તારા રસૂલો ઉપર અને તારી ઇતાઅત કરનારા ઉપર નાઝિલ કરે છે; એવી રહેમત જે તું તારા એ બંદાઓ ઉપર નાઝિલ કરે છે જેઓ જિન્નો-ઇન્સમાંથી છે અને જેઓ તારા જવાબને લાયક છે; અને એવી રહેમત જે તું તારી એ મખ્લૂકની દરેક જાતિ ઉપર નાઝિલ કરે છે જેને તુંએ ખલ્ક કરી અસ્તિત્વમાં લાવી છે.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર, એવી રહેમત જે તુંએ પૂરા ભૂતકાળમાં નાઝિલ કરી છે અને ભવિષ્યમાં નાઝિલ કરનાર છે. તેમના ઉપર અને તેમની આલ ઉપર એવી રહેમત નાઝિલ કર જેનાથી તું તથા તારા સિવાય બીજા બધાં રાજી હોય. અને તારી વધારાની નેઅમતો અતા કરીને આ રહેમતમાં વૃદ્ધિ કર, આ જ સમયે તથા જેમ દિવસ વીતતા જાય અને તેમાં

વૃદ્ધિ કરીને એટલો વધારો કર જેની તારા સિવાય કોઈ ગણતરી ન કરી શકે.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર જેમને તુંએ તારા સંદેશા માટે ખાસ ચૂંટ્યા છે, જેમને તુંએ તારા ઈલ્મના ખજાનથી બનાવ્યા છે (અમાનતદાર બનાવ્યા છે), તારા દીનની સુરક્ષા કરનાર નીમ્યા છે, તારી જમીનના ખલીફા નીમ્યા છે અતે તારી મખ્લૂક સમક્ષ તારી હુજ્જત (દલીલ) તરીકે મોકલ્યા છે; તારી

ઇચ્છાથી તુંએ તેઓને દરેક નજાસત તથા ખામીઓથી સંપૂર્ણ રીતે પાક રાખ્યા છે અને તારા સુધી પહોચવા માટે તેઓને માધ્યમ કરાર આપ્યા છે તથા તારી જન્નત (મેળવવા) માટે હાદી (રેહબર) બનાવ્યા છે.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર, એવી રહેમત જેના થકી તેઓ માટે તું તારી જઝા તથા કરમમાં વધારો કરે; તારા તોહફાઓ તથા વધારાની નેઅમતો થકી તેમના માટે તારી

રહેમત સંપૂર્ણ રીતે અતા કર અને તેઓને ઇનામો તથા ફાયદાઓનો હિસ્સો બહોળો કર.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર, એવી રહેમત જેની શરૂઆતની હદ ન હોય, જેની મુદ્દતનો કોઈ મર્યાદિત સમય ન હોય અને તેના પ્રવાહનો કોઈ અંત ન હોય.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર જે તારા

અર્શ (સિંહાસન) તથા તેના નીચે જે કંઈ પણ છે તેની કિંમતની બરાબર હોય, આસમાનો તથા તેના ઉપર જે કંઇ પણ છે તે ભરાઈ જાય એટલી હોય, તારી જમીન તથા તેના નીચે જે કંઇ પણ છે તેના ભારોભાર હોય, એવી રહેમત જે તેઓની તારી નજીક લઈ આવે તથા તારા અને તેમના માટે સંતોષજનક હોય અને તે રહેમત સાથે બીજી રહેમતો જોડાયેલી હોય.

અય અલ્લાહ ! દરેક યુગમાં તુએ તારા દીનની એક ઈમામ થકી મદદ કરી છે જેને તુંએ તારા બંદાઓ માટે નિશાની (અલમ) તરીકે

નિમણુક કરી છે અને તારા મુલકમાં પ્રકાશના મિનારા કરાર આપ્યા છે. અને જયારે તુંએ તેમનાથી વાયદો (અહદ) નક્કી કરી લીધો તો તેમને તુંએ તારા ખુશી માટે વસીલો કરાર આપ્યો અને તેમની ઇતાઅત (લોકો ઉપર) ફરજિયાત (વાજિબ) કરાર આપી તથા તેમની નાફરમાની ન કરવાની લોકોને ચેતવણી આપી.તેમનો હુકમ માનવાની તુંએ (લોકોને) હુકમ કર્યો તથા તેમની મનાઈ ફરમાવેલી વસ્તુઓથી બચવાનો અને એ કે પ્રગતિ કરવામાં તેમની આગળ વધવાની કોઈ કોશિશ ન કરે

તથા આગળ વધનારા તેમની બહુ પાછળ ન રહી જાય. તેથી, છાંયો શોધનારા માટે તે છત્રછાયા છે, સાચા મોમીનોના તે રક્ષક છે, નેક બંદાઓના તે મદદગાર છે અને જગતના લોકો માટે નૂર (પ્રકાશ-હિદાયત) છે.

અય અલ્લાહ ! તેથી, તેમના થકી તુંએ અમને જે નેઅમતો અતા કરી છે તેના માટે તારા વલી (ઈમામ અલય્હિસ્સલામ) ઉપર શુક્રની તૌફીક નાઝિલ કર અને તેવો જ શુક્ર અદા કરવાની પ્રેરણા અમને પણ અતા કર, કારણ કે તેઓ અમારા ઈમામ છે. તારી બારગાહમાંથી

તેમની સત્તાને મદદ અતા કર, તેમના માટે વિજય મેળવવો સહેલ કરે, બહુ જ આદરણીય મદદથી તેમની સહાયતા કર, તેમની પીઠ મજબૂત બનાવ, તેમના બાવડાઓને શક્તિ અતા કર, તારી નજર થકી તેમની સંભાળ લે, તારી સુરક્ષા થકી તેમની દેખરેખ કર, તારા ફરિશ્તાઓ થકી તેમની મદદ કર અને તારા સર્વોતમ વિજયી લશ્કર થકી તેમની મદદ કર. તેમના થકી તારી કિતાબ, તારી શરીઅત, તારી હદો તથા તારા રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની સુન્નતો કાયમ કર.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર, તેમના થકી તારા દીનની નિશાનીઓને સજીવન કર જેને જુલમગારોએ નાબૂદ કરી નાખી હતી, તારી રાહ ઉપર ચડી ગયેલા કાટને તેમના થકી દૂર કર, તેમના થકી રાહ ઉપરની મુશ્કેલીઓ દૂર કર, તેમના થકી તારી રાહ ઉપરથી ગુમરાહ થઈ ગયેલાને દૂર કર, જે લોકો તારી રાહ ઉપર ચાલવામાં વિરોધ કરે છે તેઓને તેમના થકી નાશ કર; તારા દોસ્તો માટે તેમનું દિલ નમ્ર

બનાવ, તારા દુશ્મન વિરૂધ્ધ તેમને હાથ ઉગામવાની તૌફીક અતા કર અને અમારા ઉપર તેમને મહેરબાન, નમ્ર ખુશ અને દયાળુ થવાની તૌફીક અતા કર. અમને તેમની વાત સાંભળવાની તથા માનવાની (ઇતાઅત કરવાની) તૌફીક અતા કર, અમને તેમની ખુશી મેળવવા માટે કોશિશ કરવાની તૌફીક અતા કર જેથી તારી બારગાહમાં અમે પહોચી શકીએ અને તારા રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) સમક્ષ હાજર થઈ શકીએ.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલના દોસ્તો ઉપર રહેમત નાઝિલ કર જેઓ તેમના દરજજાને ઓળખે છે (માને છે), તેઓની રાહ ઉપર ચાલે છે, તેઓને માર્ગ ઉપર આગળ વધે છે, તેમને (ઈમામ અલય્હિસ્સલામ)ને વળગેલા છે, તેમની દોસ્તોથી બંધાઈ ગયા છે, તેમની ઈમામતને અનુસરે છે, તેમના હુકમોનું પાલન કરે છે, તેમની ઇતાઅત કરવાની કોશિશમાં (હંમેશા) રહે છે, તેમના હુકમની રાહ જોતા હોય છે અને

તેમની તરફ તેઓની આંખોની મીટ મંડાયેલી હોય છે,એવી રહેમત જે ફળદ્રુપ, પાક,વૃદ્ધિ પામનારી તથા સવાર-સાંજ એક પછી એક આવનારી હોય, અને તેમને તથા તેમની રૂહોને સલામતી અતા કર. તેઓના ઈરાદાઓને પરહેઝગારીમાં મક્કમ કરાર આપ, તેઓની હાલતમાં લાભદાયી સુધારો અતા કર અને તેઓની તોબા કબૂલ કર. નિ:શક, તું તૌબાનો મહાન કબૂલ કરનાર છે, રહીમ છે અને મગફેરતનો શ્રેષ્ઠ અતા કરનાર છે. તારી રહેમત થકી અમને તેમની સાથે સલામતીના રહેઠાણમાં

જગા ઇનાયત ફરમાવ, અય સૌથી વધારે રહેમ કરનાર !

અય અલ્લાહ ! આજ અરફાતનો દીવસ છે, એ દિવસ કે જેને તુંએ માનનીય, આદરણીય અને સર્વોચ્ચ કરાર આપ્યો છે જેમાં તુંએ તારી રહેમત ફેલાવી દીધી છે, જેમાં તું મગફેરત અતા કરે છે, જેમાં તું તારી સુંદર નેઅમતો અતા કરે છે અને તારા બંદાઓ ઉપર તારા ફઝલો-કરમ અતા કરે છે.

અય અલ્લાહ ! હું તારો એ બંદો છું જેને તુંએ ખલ્ક કર્યા પહેલા તારી નેઅમતો અતા કરી

અને ખલ્ક કર્યાં પછી પણ; આમ તુંએ તેને એવો બનાવ્યો જેની તુંએ તારા દીનની તરફ હિદાયત કરી, તારા હુકમની ફરમાબરદારી કરવાની તૌફીક અતા કરી, તારી સુરક્ષા થકી તેને તુંએ રક્ષણ અતા કર્યું, તારા લશ્કરમાં તેનો શુમાર કર્યો અને તારા દોસ્તોથી મોહબ્બત કરવાની તથા તારા દુશ્મનોથી નફરત કરવાની તૌફીક અતા કરી.

ત્યાર પાછી, તુંએ તેને હુકમ ફરમાવ્યો અને તેણે નાફરમાની કરી, તુંએ તેને મનાઈઓ ફરમાવી અને તે અટકયો નહીં, તારા હુકમની

નાફરમાની કરવાની તુંએ તેને મનાઈ ફરમાવી અને તે અટકયો નહિં, તારા હુકમની નાફરમાની કરવાની તુંએ તેને મનાઈ ફરમાવી અને તેણે તારા હુકમની નાફરમાની કરી તથા એ જ કર્યું જેની તુંએ મનાઈ ફરમાવી હતી, એ રીતે નહિં કે તેણે તને દુશ્મન જાણ્યો તથા એમ પણ નહિં કે એ તારી વિરૂધ્ધ હતો પણ કારણ કે તેને તુંએ જેનાથી રોકયો હતો તથા જેના વિષે તુંએ તેને ચેતવણી આપી હતી તે માટે તેની ઇચ્છાઓએ તેને આમંત્રિત કાર્યો તથા તારા અને તેના દુશ્મને (શેતાને) તેમાં તેની મદદ કરી અને તેણે

તે કરવાની કોશિશ કરી, જો કે તે તારી ચેતવણી (વાયદો) જાણતો હતો પણ તારી મગફેરતનો આશાવાદી હતો અને તારી મગફેરત ઉપર વિશ્વાસ કરી બેઠો. તુંએ તેને તારી જ નેઅમતો અતા કરી છે એ દ્રષ્ટિએ તેને એ જ છાજતું હતું કે તેણે તેમ ન કર્યું હોત.

મારી તરફ જો, હું અહી તારી બારગાહમાં હાજર છું, નમ્ર, તુચ્છ, દુઆગીર રૂદિત તથા ભયભીત અને મારા ભયંકર ગુનાહોની કબૂલાત કરતો જેનો મારા ઉપર બોજ છે તથા એ ભૂલોની જે મેં કરી છે; તારી બારગાહમાં મગફેરત

શોધતો, તારી રહેમતમાં શરણ માટે પોતાને હાજર કરવા, એજ વિશ્વાસ રાખીને કે તારાથી મને કોઈ બચાવનાર બચાવી નહિં શકે અને તારી બારગાહમાં (તારા સિવાય) કોઈ રક્ષણહાર મારૂં રક્ષણ નહિં કરી શકે. તેથી, મને એ રક્ષણ અતા કર જે રક્ષણ તું તારી બારગાહમાં હાથ ઊચા કરનારને અતા કરે છે. મને એવી મગફેરત અતા કર જેવી મગફેરત તારાથી આશા રાખનારા માટે અતા કરવી તું કંઇ જ અધરૂં નથી જાણતો.

આ દિવસે એ હિસ્સો અતા કર જેના થકી હું તારી ખુશીનો મારો હિસ્સો પ્રાપ્ત કરી શકું અને મને તારી બારગાહમાં એ અતા કર્યો વગર પાછો ન જવા દે જે તું તારા એવા બંદાઓને અતા કરે છે જેઓ તારા મુતીઓ-ફરમાબરદાર બંદાઓ છે. નિઃ શંક, હું તારી બારગાહમાં એવા સારા અમલો લઈને હાજર નથી થયો જેવા સારા અમલો તેઓ લઈ આવ્યા છે, છતાં  હું ફક્ત તારી તૌહીદ, તારો કોઈ વિરોધી નથી, તારી બરાબર અને તારા જેવો બીજો કોઈ નથી, એ માન્યતા લઈને હાજર થયો છું. તથા એ

માર્ગથી જે માર્ગ થકી તારી પાસે પહોચવાનો તુંએ હુકમ કર્યો છે. હું તારી બારગાહમાં એ લઈને હાજર થયો છું જેના વગર તારા સુધી પહોચી નથી શકાતું અને પછી એમાં તારી બારગાહમાં મારી તોબા, મારી નમ્રતા તથા તુચ્છતા અને તારા વિષે સારો મત તથા તારી પાસે જે કંઇ છે તેના ઉપર મારો વિશ્વાસ પણ છે. આ બધું હુંએ મારી આશામાં પરોવીને રાખ્યું છે અને જે કોઈ એમ કરે છે તે તારી બારગાહમાં કદાચિત જ નિરાશ થાય છે.

હું તારી બારગાહમાં એ (મનુષ્ય-બંદા)ના જેવી દુઆ કરૂં છું જે તિરસ્કારને લાયક છે, બદનામ છે, કંગાળ છે, મોહ્તાજ છે, ડરપોક છે અને આશ્રય શોધી રહ્યો છે; અને એવી રીતે દુઆ કરૂ છું કે હું ભયભીત છું, નમ્ર છું, સંરક્ષણની તલબ કરૂ છું અને આશ્રય માટે વિનંતી કરૂ છું; (મારી આ દોઆમાં) ધંમડીઓના અભિમાનનું મિશ્રણ નથી, મુતીઅ-ફરમાબરદારોનો ગર્વ સમાયેલો નથી અમે મધ્યસ્થી કરનારાઓની મધ્યસ્થીના કારણે દાવેદાર પણ નથી.

છેવટે, નાનાઓમાં હું સૌથી નાનો છું, તુચ્છ લોકોમાંથી સૌથી વધારે તુચ્છ અને એક અણુ જેવો અથવા તેનાથી પણ વધારે હલકો છું.

તેથી, અય તું ! જે બદકારોને સજા કરવામાં જલદી નથી કરતો અને જેઓ સંતોષિત છે તેને તારી નેઅમતો અતા કરવાનું રોકતો પણ નથી. અય તું ! જે ભૂલ કરનારને મગફેરત અતા કરે છે અને ગુનેહગારોને (સુધારવાની) મોહલત અતા કરે છે, હું કબૂલ કરૂ છુ કે હું એ બદકારી કરી છે, હુંએ ગુનાહ કર્યા છે, હુંએ ભૂલો કરી છે હું એ છું જેણે તારા હુકમની સાહસિક રીતે નાફરમાની

કરવાની કોશિશ કરી છે, હું એ છું જેણે જાણી જોઈને તારા હુકમનું પલાન નથી કર્યું. હું એ બંદો છું જેણે તારા બંદાઓથી (પોતાની ભૂલો તથા ગુનાહ) ખાનગી રાખ્યા તથા તારી નજર સમક્ષ પરિણામ આપ્યા, હું એ છું જેણે તારા બંદાઓની બીક રાખી તથા તારાથી પોતાને સુરક્ષિત સમજી બેઠો અને હું એ બંદો છું જેણે તારી શક્તિનો ડર ન રાખ્યો તથા તારા ક્રોધથી ભયભીત ન રહ્યો. મારા નફસ માટે હું જ દોષિત છું, મારી સજાનો જવાબદાર પણ હું જ છું, હું બહુ

જ થોડી શક્તિનો ધરાવનાર તથા અતિશય દુ:ખનો માર્યો છું.

હું તને તેમના વાસ્તા આપું છે જેને તુંએ તારી મખ્લૂકમાંથી ખાસ ચૂંટ્યા છે, તેમના વાસ્તા જેમને તુંએ તારા માટે ખાસ ચૂંટ્યા છે, તેમને વાસ્તા જેમને તુંએ તારી મખ્લૂકમાંથી ખાસ નીમ્યા છે અને જેમને તુંએ તારા સંદેશ માટે પસંદ કર્યો છે; તને હું તેમના વાસ્તા આપું છું જેમના હુકમની ફરમાબરદારી તુંએ તારી ફરમાબરદારીની બરાબર લેખી છે, તેમના વાસ્તા જેમની નાફરમાની તુંએ તારી

નાફરમાનીની બરાબર કરાર આપી છે, તેમના વાસ્તા જેમની મોહબ્બત થકી તારી નજીક (કુરબત) પામી શકાય છે અને તેમના વાસ્તા જેમની દુશ્મની તારાથી દુશ્મની કરવા બરાબર છે કે મારા જીવનના આ દિવસે મને સુરક્ષા અતા કર, એવી જ રીતે જેવી રીતે તું એને સુરક્ષા અતા કરે છે જે તને પોકારે છે, એમ કહીને કે હવે તે ગુનાહોથી પરહેઝ કરશે અને તોબા કરીને મગફેરતની તલબ થકી તારી સુરક્ષા ઈચ્છે છે.

મારી સાથે એવો વર્તાવ કર જેવો વર્તાવ તું તારા મુતીઓ-ફરમાબરદાર બંદાઓ સાથે કરે છે

તથા એ બંદાઓ સાથે જેઓ તારી નજીક છે અને જેઓ તારી નજરમાં ઉચ્ચ દરજ્જો ધરાવે છે.મને એવો દરજ્જો અતા કર જેવો દરજ્જો તું તારા એ બંદાઓને અતા કરે છે જેઓએ તારા હુકમનું પાલન કર્યું, ફકત તારી રાહમાં તારી જ ફરમાબરદારી કરી અને જાતે તારી ખુશી માટે જેહાદ કર્યાં.

તારી ઈબાદત કરવામાં મારી ખામીઓ માટે મારી પૂછપરછ ન કર, તારી હદો ઓળંગી જવા બદલ અને તારા હુકમોનું પાલન ન કરવા બદલ પણ. મને તારી ભરપૂર નેઅમતો અતા

કરીને મારી એ રીતે ધરપકડ ન કર જેવી રીતે તું એ બંદાની ધરપકડ કરે છે જેણે તારી અતા થયેલી નેઅમતોનો મને લાભ ન પહોચાડ્યો અને તારી નેઅમતો જયારે મારા ઉપર નાઝિલ થઈ ત્યારે તેણે પોતાની નેઅમતો થકી તારા કાર્યમાં મારી સાથે જોડાયો નહિં. મને ગાફિલોની નીંદરમાંથી જગાડ, ખર્ચાળની ઊંધમાંથી અને એવી બેશુદ્ધિમાંથી જે બેશુદ્ધિવાળાને તું તરછોડી મૂકે છે. મારા દિલની એ તરફ હિદાયત (દોરવણી) કર જે તરફ તુંએ તારી ઇબાદત કરવાવાળાઓની હિદાયત કરી અને એવી

ઈબાદત કરવાની તૌફીક અતા કર જેવી ઈબાદત તારા નેક બંદાઓ કરે છે તથા જેવી ઈબાદત થકી તું આળસુ (બેદરકાર) લોકોને બચાવી લે છે. મને એ (કર્યો)થી સુરક્ષા (પનાહ) અતા કર જેના થકી તારાથી દૂર થઈ જવાય છે.

તારી બારગાહમાંથી મારા માટે જે હિસ્સો નિર્માણ થયો છે તેના અને મારા વચ્ચે તું મધ્યસ્થી કર. મારી(મારા નફસની) નાજાએઝ ઈચ્છાઓ તારી બરગાહમાં તલબ કરવાથી મને રોકી લે. તારી બારગાહમાં નેક બનીને હાજર થવામાં અને તારા હુકમ પ્રમાણે નેકીઓમાં

ફરીફાઈ કરી આગળ થવામાં તથા તારી ઈચ્છા મુજબ તે બાબતમાં પૂરતી કોશિશ કરવામાં મારી મદદ કર. મને એવા લોકોની જેમ તબાહ ન કર જે લોકો તારી ચેતવણી કંઈ ગણના નથી કરતા અને તુંએ તેઓને તબાહ કરવાને હુકમ નિર્ણય કર્યો છે. મને એવા લોકો જેમ હલાક ન કર જેઓએ પોતાને તારા કોધમાં સપડાવ્યા અને તુંએ તેઓને હલાક કરવાનો નિર્ણય કર્યો.

મને તે લોકોની સાથે નાબૂદ ન કર જેઓ તારી રાહથી વિમુખ થયા અને તેઓએ તુંએ નાબૂદ કરવાનું ઠરાવ્યું, મને લાલચના (તથા

ફસાદના) પંજામાંથી નજાત અતા કર, મને મુસીબતના મોઢામાંથી છોડાવ અને ભરપૂર નેઅમતો અતા કરીને મારી ધરપકડ થવાથી મને બચાવ. મારા અને મારા એ દુશ્મન વચ્ચે મધ્યસ્થી કર જે મને ગુમરાહ કરી શકે છે, એ હવસ વચ્ચે જે મને તબાહ કરી શકે અને એ ખામી (ભૂલ) વચ્ચે જે મને નબળો કરી નાખે છે.

મારાથી તું એવી રીતે વિમુખ ન થઈ જાય જેવી રીતે તું તેનાથી વિમુખ થઈ જનાર છે જેના ઉપર તારા ક્રોધના કારણે તેનાથી તું રાજી થનાર નથી. મને તારી બરગાહમાં નાઉમેદ ન

કર જેથી તારી રહેમત મેળવવાની નાઉમેદી મને અશક્ત ન બનાવી દે (મારા ઉપર ગાલિબ ન થઈ જાય).મને તારી એવી નેઅમત ન અતા કર જેનો ભાર ઊપાડવાની મારામાં શક્તિ ન હોય કારણ કે નહિં તો તારી વધારે પડતી મોહબ્બત થકી તારી અતા થયેલી નેઅમતો તળે હું કચડાઈ જઇશ. મારાથી તારો હાથ એવી રીતે ન છોડાવી લે જેવી રીતે તું એનાથી હાથ છોડાવે છે જેનામાં કંઈ જ સારપ નથી, જેની તને જરૂર નથી અને જેના માટે તોબા છે જ નહિં. મને તું એવી રીતે રદ ન કર જેવી રીતે તું એને રદ

કરે છે. જે તારી નજરમાંથી પડી ગયો છે અને તુંએ તેને ઝલીલ (બદનામ) કર્યો છે. નહિં, તું મારો હાથ એવી રીતે ઝાલી લે જેથી હું તબાહ થનારાઓની જેમ તબાહ થતાં બચી જાઉં, ગુમરાહ લોકોની જેમ બેદરકાર ન બનું, ઘમંડીઓ જેવી ભૂલ ન કરૂ અને હલાક થનારાઓના નસીબ જેવા નસીબથી બચી જાઉં.

મને એ વસ્તુથી સુરક્ષા અતા કર જેના થકી તું તારા બંદાઓની તથા જુદી-જુદી જાતિઓમાં સ્ત્રી-પુરૂષોની પરીક્ષા કરે છે. મને એ લોકોની મંઝિલ સુધી પહોંચવાની તૌફીક અતા કર

જેઓને તુંએ ચૂંટ્યા છે, તેમને તારી નેઅમતો અતા કરી છે અને જેઓથી તું રાજી થયો છે જેથી તેઓ પ્રશંસાપાત્ર જીવન વિતાવી શકાય અને તેઓ ભાગ્યશાળી બનીને મુત્યુ પામ્યા. મારા ગળામાં પરહેઝગારીની તોક પહેરાવ જેના થકી સારા અમલો રદ થતા બચી શકે અને બરકતો છીનવી લેવામાં ન આવે. મારા દિલની હિદાયત કર જેથી તે બદકારીની ખરાબીથી તથા ગુનાહોની બદનામીથી પરહેઝ કરે. મને એવી સફળતા મેળવવામાં મગ્ન રહેવાથી પરહેઝગારી અતા કર જે તારી બારગાહ સિવાય

બીજા કોઈ પાસેથી મેળવવાની હોય જેથી કયારેક હું એ પણ ત્યજી ન દઉં જેના સિવાય બીજી કોઈ સફળતા થકી તને મારાથી રાજી નથી કરી શકાતું.

મારા દિલમાંથી આ તુચ્છ દુનિયાનો મોહ નાબૂદ કર જે મને એ પામવામાં રૂકાવટ બને છે જે તારી બરગાહમાં પ્રાપ્ત થઈ શકે છે અને તારી નજીક (કુરબત) પામવાથી દૂર રાખે છે તથા તારી નજીક થવાનું ભૂલાવી દે છે. મને એકલતામાં તારી બારગાહમાં મુનાજાત કરવાની હોંશ અતા કર, મને દિવસ અને રાતે

એવી પવિત્રતા ઇનાયત ફરમાવ જેના થકી તારો ક્રોધ હંમેશા ધ્યાનમાં રહે, મને મોટા ગુનાહોની પકડમાંથી મુક્તિ અતા કર, મને નાફરમાનીના ધબ્બાથી શુદ્ધિ અતા કર, મારામાંથી ભૂલોની ખરાબીઓને દૂર કર, તારી સુરક્ષાની ચાદરથી મને ઢાંકી દે, તારી અતિ સંપૂર્ણ નેઅમતોનો પોશાક મને પહેરાવ અને મને તારી ભલાઈ થકી શક્તિ અતા કર.

તારી રહેમત અને હિદાયત થકી મારી મદદ કર; સારી નિય્યતો રાખવામાં, સત્ય બોલવામાં અને સારા કાર્યો કરવામાં મારી મદદ કર. તારી

સત્તા તથા શક્તિના આધારના બદલે તું મને મારો પોતાની સત્તા તથ શક્તિના આધારે ન મૂકી દે. તારી બારગાહમાં જે દિવસે તું મને ફરી સજીવન કરે ત્યારે મને નામોશ ન કર, તારા દોસ્તો સમક્ષ મને શરમજનક પરિસ્થિતિમાં ન મૂક અને એવી તૌફીક અતા કર જેથી હું તને ભૂલી ન જાઉં તથા તારો શુક્ર અદા કરવાનું ત્યજી ન દઉં તથા ભૂલી ન જાઉં તથા તારો શુક્ર અદા કરૂં જયારે ક ગાફિલ રહેનાર અજ્ઞાની લોકો તારા એહસાનોને ભૂલી જાય છે. તુંએ મને જે કંઇ અતા કર્યું છે તેના માટે અને મારા ઉપર જે રહેમ

ફરમાવ્યો તે બદલ તારા વખાણ કરવાની મને પ્રેરણા અતા કર. તારી પ્રત્યે મારી મોહબ્બતને બીજા મોહબ્બત કરનારાની મોહબ્બત કરતા અને (મારા તરફથી) તારા વખાણ બીજા વખાણ કરનારના વખાણ કરતા ઉચ્ચ કરાર આપ.

જયારે મને તારી મદદની જરૂર હોય તે પ્રસંગે મને ત્યજી ન દે અને મેં જે કંઇ પણ તારી નાફરમાની કરી છે તે બદલ તારી બારગાહમાં મને હલાક ન કર; મને મારા મોઢા ઉપર થપ્પડ ન લગાવ જેવી રીતે તારી બારગાહમાં બળવાખોરોને થપ્પડ લાગે છે કારણ કે હું તારી

બારગાહમાં ઇસ્લામ તસલીમ કરૂં છું, હુંએ જાણી લીધું છે કે હુજજત તારી તરફેણમાં છે અને તું જ શ્રેષ્ઠ ફઝલ અતા કરનાર તથા વારંવાર એહસાનો કરનાર છે. તું એ શક્તિ છે જેનો ડર રાખવો જોઈએ અને તું જ મગફેરત અતા કરનાર છે. તું વધારે કરીને (ભૂલોને) છુપાવનાર છે એના કરતા કે તું તેની જાહેરાત કરે.

તેથી, મને એવી જ પવિત્ર જિંદગી જીવવાની તૌફીક અતા કર જેમાં મારી બધી ઈચ્છાઓ સમાયેલી હોય અને મને જે ગમે છે તે હું મેળવી શકું, એવી રીતે કે હું એવા કામો ન કરૂં

જેને તું નાપસંદ કરે છે એવા કામો પણ ન કરૂં જેની તુંએ મનાઈ કરી છે. મને એવા મનુષ્યની મૃત્યુ જેવી મૃત્યુ ઈનાયત ફરમાવ જેણે પ્રકાશ તેની આગળ અને તેના જમણા હાથ તરફ પ્રસરેલો હોય છે.

તારી બારગાહમાં મને નમ્રતા અતા કર, તારી મખ્લૂક સમક્ષ મને ઈજ્જત અતા કર, જયારે પણ તારી બારગાહ હું એકલો હોઉં ત્યારે મને તુચ્છ બનવાની તૌફીક અતા કર એ તારા બંદાઓ વચ્ચે મારો દરજ્જો ઉચ્ચ કરાર આપ.મને એનાથી નિરાધાર બનાવ જે મારાથી

નિરાધાર (પણ તારાથી નિરાધાર નથી) અને તારી બારગાહમાં મારી જરૂરતો તથા આવશ્યકતાઓમાં વધારો કર. મને દુશ્મનોની ધમકીઓથી, મુસીબતોમાં ગિરફતાર થવાથી, બદનામી અને દુ:ખથી પનાહ અતા કર. મારા ચાલચલણની બાબતમાં, જે તું જાણે છે,મને એવા પડદાથી છુપાવી દે જે પડદાની સાથે ધરપકડની પણ શકયતા છે જો હું સહનશીલ ન બનું અને ગુનાહ કરવામાં ઉતાવળ કરી હોય તો મારી ધરપકડ થઈ શકે છે (એવો ભય પણ રહે).

હું તારી પનાહ તલબ કરૂં છું કે જયારે તું કોઈ કોમની પરીક્ષા કરે અથવા સજા કરે ત્યારે મને બચાવ. જયારે તુંએ મને આ દુનિયામાં નામોશી ભરી પરિસ્થિતિમાં ગિરફતાર નથી કર્યો તો આખેરતમાં પણ મને તેવી પરિસ્થિતિમાં ન મૂક. મારી ઉપર તુંએ અત્યાર સુધી જે એહસાન કર્યો છે તેવાજ વારંવારના એહસાનો અને પહેલાની રહેમતો જેવી નવી રહેમતો મારા માટે બમણી કર.

મારા ઉપર ચિંતાનો બોજ એટલો ન વધાર કે મારૂં દિલ કઠોર બની જાય, મને એવી

મુસીબતમાં ગિરફ્તાર ન કર જેના થકી મારૂં માન ઘટી જાય, મને એવી બદનામીમાં ગિરફ્તાર ન કર જેના થકી મારી ઈજ્જત જતી રહે અને એવો કલંક ન લગાવ જેના કરણે મને (લોકો થકી) તરછોડવામાં આવે. મારા ઉપર તારો એવો ગઝબ (અઝાબ) નાઝિલ ન કર જે મને નાઉમેદ કરી મૂકે અને એવો ડર પણ નહિં જે મને (બેહદ) ભયભીત કરી મૂકે.

મને તારી ચેતવણીથી ભયભીત બનાવ, તારી હુજ્જતની સંપૂર્ણતા અને ચેતવણીની બીક અતા કર તથા તારી  આયતોની તિલાવત થકી

કર અતા કર, હું રાતના સમયોમાં જાગૃત રહીને તારી ઈબાદતમાં મગ્ન રહું તથા એકલો હોઉં ત્યારે તારી બારગાહમાં દુઆ કરૂં, મારી જરૂરતો તારી બારગાહમાં રજૂ કરૂં અને તારી આગથી મારી ગરદનને નજાત અતા કરવા માટે તારી બારગાહમાં દુઆ કરતો રહું એવી તૌફીક અતા કર તથા તારી એ સજાથી મને બચાવ જે સજા જહન્નમી લોકો ભોગવે છે.

મારી જવાબદારીમાં હું આંધળો ન બની જાઉં અને મરણ પામું ત્યાં સુધી (તારાથી અને લોકોથી) અળગો ન પડી જાઉં. જેઓ ચેતવા

ઈચ્છે છે તેઓ માટે મને ચેતવણીનો નમૂનો કરાર ન આપ, જેઓ (તારી સજાથી) સાવચેત રહે છે તેઓ માટે મને સજાઓનું ઉદાહરણ કરાર ન આપ તથા અભ્યાસ કરનારાઓ માટે મને આકર્ષણ કરાર ન આપ. તું જેઓને બેદરકાર છોડી મૂકે છે તેઓના જેવો બેદરકાર મને ન બનાવ, મારા સ્થાને બીજાની નિમણૂક ન કર, મારૂં નામ ન બદલ, મારા શરીરમાં (બીમારી થકી) ફેરબદલ ન કર, તારી મખ્લૂક સમક્ષ મારી મશ્કરી ન થવા પામે, તારી બારગાહમાં મને અપમાનિત ન કર, તારી ઈચ્છા વિરૂધ્ધ મને

કોઈપણ બીજી વસ્તુનું અનુસરણ કરનાર ન બનાવ તથા તારી રાહમાં બદલો લેવા સિવાય મને બીજા કોઈ પણ કામમાં કાર્યગ્રસ્ત ન બનાવ.

મને તારી મગફેરત લાગણી અંત:કરણથી ઠંડક અતા કર; તારી રહેમતની મીઠાશ, તારા તરફથી સુખ,તારો દિલાસો અને તારી નેઅમતોનો બાગ અતા કર તારા અખૂટ ખજાનામાંથી મને ચિંતાથી મૂક્તિનો સ્વાદ અતા કર જેથી હું એવા કામમાં મગ્ન રહું જે તને પસંદ છે અને મારી કોશિશો એવી હોય જે મને તારી

નજીક લઈ આવે તથા મને તારી બારગાહ સુધી પહોચાડે.

મને તારા તોહફાઓમાંથી તોહફો અતા કર, મારી તિજારતને નફાકારક બનાવ અને મારા નફાને નુકસાન વગરનું બનાવ. મને તારી સત્તાનો ડર અતા કર અને તારી મુલાકાત માટે ઉત્સુક બનાવ. મારી તોબને પ્રમાણિકતા અતા કર અને તારી બારગાહમાં તે કબૂલ કર જેથી તું મારા કોઈ નાના કે મોટા ગુનાહને માફ કર્યા વગરનો ન  રહેવા દે તથા જેના થકી તું મારી દરેક જાહેર તથા છૂપી ખરાબીઓને દૂર કરે.

મારા હૈયામાંથી સાચા મોમીનો પ્રત્યેની નફરતને નાબૂદ કર અને નમ્ર લોકો પ્રત્યે મારા દિલને કોમળ બનાવ તથા મારી સાથે એવો વર્તાવ કર જેવો વર્તાવ તું નેક લોકો સાથે કરે છે. મને સાલેહ બંદાઓનો શણગાર અતા કર, સત્યવાદી ગુજરી જનારાઓમાં મારો શુમાર કર અને આવતી પેઢી માટે મારી યાદ કાયમ કર તથા પાછળના નેક લોકોમાં મારો શુમાર કર. મારા ઉપર તારી નેઅમતો સંપૂર્ણ કર, તેના લાભો મને હંમેશા અતા કર, તારા તરફથી

ફાયદાઓ થકી મારા બંને હાથ ભરી દે અને તારી સુંદર ભેટોને મારી દિશામાં મોકલ.

મને એ જન્નતમાં તારા સૌથી પવિત્ર દોસ્તોનો પાડોશ બનાવ જેને તુંએ તારા ખાસ ચૂંટેલા બંદાઓ માટે શણગારી છે અને મને તારા દોસ્તો માટે ફાળવવામાં આવેલા રહેઠાણમાં માનનીય તોહફાઓનો પોશાક અતા કર. તારી નજીક મને એવો આરામગૃહ અતા કર જેમાં હું સંતોષ પામીને નિવૃત થઈ શકું અને એવો વિરામગૃહ (અતા કર) જેમાં હું આરામ કરી શકુ તથા મારી આંખોને ઠંડી કરી શકું. મારા મોટા

ગુનાહો થકી મારી ગણના ન કર અને મને એ દિવસે હલાક ન કર જયારે ખાનગી કાર્યો તપાસવામાં આવે, દરેક સંદેહ અને અનિશ્ચિતતાથી મને બચાવ (મારાથી દૂર કર) અને તારી રહેમત થકી દરેક દિશોઓથી સચ્ચાઈ તરફ મારો માર્ગ સહેલો બનાવ. તારી ભલાઈ (દયા) થકી મારા માટે નેઅમતોના હિસ્સામાં વધારો અતા કર અને તારી ઉદારતા થકી મારા માટે એહસાનોના ફાળાને કિંમતી બનાવ. તારી પાસે જે કંઇ છે તેના ઉપર જ મારૂં દિલ આધાર રાખે એવી તૌફીક અતા કર અને

તને જે પંસદ છે તે બજાવી લાવવાથી મને ચિંતા મુક્ત બનાવ તથા મને એ કાર્યોમાં મગ્ન રહેવાની તૌફીક અતા કર જેમાં તારા ચૂંટેલા બંદાઓ મગ્ન રહે છે. અમારી મગજશક્તિ જયારે ગફલત કરે ત્યારે મારા દિલને તારા હુકમોની યાદથી ભરી દે અને મને ગુણવતા, પવિત્રતા, આરામ, સલામતી, તંદુરસ્તી, તવંગરી, શાંતિ અને સુરક્ષા અતા કર. મારા નેક અમલોને તેની સાથે તારા હુકમોની નાફરમાની ભરેલા કૃત્યો હોવાને કારણે રદ ન કર. અને તારી પરીક્ષા તરીકે મારા એકાંતના સમયમાં

આવતા ખરાબ વિચારો થકી મારૂં નુકશાન ન કર.

દુનિયાના લોકોમાંથી કોઈ પાસે પણ માગવાથી મારા સ્વમાનને બચાવ અને દુર્જન લોકો પાસેથી મારી હાજત તલબ કરવાથી મને રોકી લે. તારી કિતાબને રદ કરવામાં હું જુલમગારોનો તરફદાર (મદદગાર) ન બનું, તેમનો સહાયક ન બનુ અને તેમની મદદ ન કરૂં (એવી મને તૌફીક અતા કર).

મને એવી હદોથી સાંકળી લે જે હું ન જાણતો હોઉં અને મને (તારા તરફથી) મારી સુરક્ષા

અતા થાય. તારી બરગાહમાં મારા માટે તોબના તથા તારી રહેમતના, તારા એહસાનના તથા ભરપૂર રોજીના દ્વાર ઉઘાડા કર મારા માટે તારી જઝા (ઇનામ) સંપૂર્ણ કર નિ:શંક, તું જઝાનો શ્રેષ્ઠ અતા કરનાર છે.

મને તારી ખુશી માટે મારી ભવિષ્યનિ જિંદગીમાં હજ અને ઉમરા બજાવી લાવવાની તૌફીક ઈનાયત ફરમાવ, અય કાએનાતના રબ (માલિક) ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર; તેમના ઉપર અને

તેમની આલ ઉપર હંમેશાં માટે સલામતી નાઝિલ થાય.તારી રહ્મતની સાથે,

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …

www.hajinaji.com

• Like us on Facebook •

## ૪૮-ઇદુઝઝોહા! અને જુમાના દિવસે તેમની દુઆ.

અય અલ્લાહ ! આ એક મુબારક દિવસ છે અને તારી જમીનના (જુદા જુદા) વિસ્તારોમાં મુસલમાનો ભેગા થાય છે, એવા કે જેઓને દુઆ કરવી છે, એવા કે જેઓને હાજત તલબ કરવી છે, એવા કે જેઓ (તારી બારગાહમાંથી) કંઇ પણ પસંદ કરશે અને એવા જેઓ ભયભીત છે; તેઓ બધા હાજર છે અને તું તેઓની જરૂરત જોનાર છે. તેથી તારી બારગાહમાં હું તારી ઉદારતા અને મહેરબાનીની અરજ કરૂં છું અને મારી

અરજ મંજૂર કરવી તારા માટે સહેલું હોવાને કારણે અરજ કરૂં છું કે હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર.

હું તારી બારગાહમાં અરજ કરૂં છું અય અલ્લાહ ! અય અમારા પાલન હર ! કે તુંએ તારા મોમીન બંદાઓને જે કંઈપણ અતા કર્યું છે, નેકીઓમાંથી,અથવા સુરક્ષામાંથી, અથવા બરકતમાંથી, અથવા હિદાયતમાંથી, અથવા તારી ઇતાઅત કરવાની તૌફીકમાંથી, અથવા તારી બારગાહમાં તેઓના દરજજાની દ્રષ્ટિએ

તેઓને જે બીજા કોઈ લાભ અતા કર્યો હોય કે તું કરે છે તેમાંથી અથવા તેના થકી દુનિયાની તથા આખેરતની કોઈ નેકી તું અતા કરે છે તેમાંથી મારા હિસ્સામાં વૃદ્ધિ કર કારણ કે પૂરી સત્તા તથા સંપૂર્ણ વખાણનો તું માલિક છે; બીજા કોઈ અલ્લાહ નથી તારા સિવાય, સહનશીલ, ઉદાર, મહેરબાન, અતા કરનાર, જાહોજલાલી તથા સખાવતવાળો; અને આસમાનોનો તથા જમીનને તું સર્જનહાર છે.

હું તારી બારગાહમાં અરજ કરૂં છું અય અલ્લાહ ! કારણ કે પૂરી સત્તા તથા વખાણ તારા

માટે છે તથા નથી કોઈ બીજો અલ્લાહ તારા સિવાય, કે હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર જેઓ તારા બંદા છે, તારા રસૂલ છે, તારા દોસ્ત છે, તારા નીમેલા છે તથા તારી મખ્લૂકમાંથી ખાસ તારા ચૂંટેલા છે; અને હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર જેઓ પરહેઝગાર, પાક તથા નેક છે; એવી રહેમત નાઝિલ કર જેનો હિસાબ તારા સિવાય કોઈ પણ ન કરી શકે. અમારો

શુમાર તારા પરહેઝગાર મોમીનોમાંથી એ સાલેહ બંદાઓમાં કર જેઓ આજના દિવસે તારી બારગાહમાં દુઆ કરે છે, અય આલમીનના પાલનહાર ! અને અમારી તથા તેઓની મગફેરત કર; નિ:શંક, તું દરેક વસ્તુ ઉપર કુદરત ધરાવનાર છે.

અય અલ્લાહ ! તારી બારગાહમાં અરજ કરવાનું હુંએ નક્કી કરી લીધું છે અને આજના દિવસે તારી સમક્ષ મારી હાજત, મારી જરૂરત અને મારી ગરીબી રજૂ કરી છે. નિ:શંક, મારા (નેક) અમલો કરતા વધારે મને તારી મગફેરત

અને તારી રહેમત ઉપર વિશ્વાસ છે. નિ:શંક મારા ગુનાહો કરતા તારી મગફેરત અને તારી રહેમત ઘણી વધારે છે. તેથી, હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની અલ ઉપર રહેમત નાઝિલ કર.

મારી દરેક હાજતોને પૂરી કર કારણ કે તેમ કરવાની તું કુદરત ધરાવે છે, અને મારી હાજતો પૂરી કરવી તારા માટે સહેલું છે કારણ કે મને તારી બારગાહમાં મારી હાજતની તલબ છે તથા તને મારાથી કોઈ હાજત નથી. નિ:શંક, મને કોઈ પણ નેકી કયારેય અતા નથી થઈ સિવાય

કે તારી બારગાહમાંથી, તારા સિવાય કોઈએ પણ ક્યારેય મારાથી કોઈ પણ ખરાબી દૂર નથી કરી અને આ દુનિયાની તથા આખેરતની કોઇપણ નેકીની મારા માટેની આશા હું તારા સિવાય બીજા કોઈ પાસેથી નથી ઈચ્છતો.

અય અલ્લાહ ! કોઈએ કંઈપણ નિર્ણય લીધો હોય, નક્કી કર્યું હોય, તૈયારી કરી હોય અને કોઈ મખ્લૂક પાસે તેની મહેરબાની, તેની દયા, તેના એહસાનની શોધમાં તથા તેનાથી જઝા (અજર) ની આશા રાખીને જવા માટે તૈયાર થયો હોય, પણ અય મારા રબ ! આજે

મારી મક્કમતા તથા મારી તૈયારી તારી મગફેરત અને તારા એહસાનની આશામાં આગળ વધવાની છે તથા મહેરબાની અને જઝા (અજર) ની મારી શોધ તારી બારગાહમાં છે.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. આજ દિવસે (તારી બારગાહમાં) મને તારી આશાથી નિરાશ ન કર, અય તું ! જેને કોઈપણ અરજ (અતા કરવાથી) રોકી નથી શકતી અને કોઇપણ એહસાન કરવાથી જેને ખોટ નથી જતી કારણ કે,

નિ:શંક, તારી બારગાહમાં મારા માટે હું કોઈપણ એવા સારા (નેક) કામો લઈને હાજર નથી થયો કે મે મારા ભૂતકાળમાં અંજામ આપ્યા હોય કે નથી કોઈ મખ્લૂકની (બંદાની) મધ્યસ્થીની આશા સાથે લઈને સિવાય હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમના એહલેબયત(અલય્હિસ્સલામ) ની, તેમના ઉપર તથા તેઓ ઉપર તારા તરફથી સલામતી નાઝિલ થાય.

હું તારી બારગાહમાં મારા ગુનાહોની કબૂલાત લઈને હાજર થયો છું અને કબૂલ કરૂં છું

કે હુંએ મારા નફસ સાથે ખરાબી કરી છે. હું તારી બારગાહમાં તારી મહાન મગફેરતની આશા સાથે હાજર થયો છું જેના થકી તું ખતાકારોને (મુજરીમોને) માફ કરે છે અને વધારેમાં, તેઓનું મોટા ગુનાહો કરતા રહેવું તેઓને ફરીથી તારી રહેમત તથા મગફેરત અતા કરવાથી તને રોકી નથી શક્યું.

તેથી અય તું ! રહેમત અપાર છે અને જેની મગફેરત મહાન છે, અય મહાન ! અય મહાન ! અય સખી ! અય સખી ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને

તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. ફરીથી મને તારી રહેમત અતા કર, તારી ઉદારતા થકી મારી સાથે ભલાઈ કર અને તારી મગફેરત મને અતા કર.

અય અલ્લાહ ! નિ:શંક, આ દરજ્જો તારા ખલીફાઓ અને તારા ખાસ ચૂંટેલા બંદાઓનો છે તથા આ સ્થાન તારા ખાસ અમીન (અમાનાદાર) બંદાઓનું છે જેઓ ઊચા દરજ્જા ઉપર (કામયાબ) છે જેના થકી તેઓને તુંએ ખાસ કરાર આપ્યા છે.લોકોએ તેમના આ દરજ્જો જાળવ્યો નહિં અને તુંએ પણ તારો

નિર્ણય આમ જ (થવા માટે) નક્કી કર્યો હતો. જે રીતે પણ તુંએ નિશ્ચિત કર્યું છે અને જે કંઈ પણ તુંએ નિશ્ચિત કર્યું છે, તારા હુકમને રદ નથી કરી શકાતો અને તારી નિર્ધારિત વ્યવસ્થાથી છુટકારો નથી મેળવી શકાતો.

આ બાબત તને સારી રીતે ઇલ્મ હતું પણ તારી (ચૂંટેલી) મખ્લૂક અને તારા ઈરાદાને તોહમત ન હતી જયારે તારા ખાસ ચૂંટેલા બંદાઓ અને તારા ખલીફાઓ કચડી નખયા, હરાવવામાં આવ્યા અને તેઓના અધિકારો છીનવી લેવાયા. તેઓએ તારા હુકમોમાં

ફેરબદલ થતા જોયા, તારી કિતાબને ત્યજી દેવાતી જોઈ, તારા તરફથી નિમાયેલી ફરજોના સ્વરૂપ બગાડી નખાયેલા જોયા અને તારા રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની સુન્નતને ત્યજી દેવાતી જોઈ (તેમાં ફેરફાર થતા જોયા).

અય અલ્લાહ ! ગુજરી ગયેલી તથા આવનારી પેઢીઓમાંથી તેઓના (એહલેબૈત અલય્હિસ્સલામના) દુશ્મનોને તારી રહમતથી વંચિત રાખ અને તેઓને પણ જેઓ દુશ્મનોના

કામથી રાજી હતા અને તેઓને પણ જેઓ દુશ્મનોને માનનારા તથા અનુસરનારા છે.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર; નિ:શંક, તું સર્વે વખાણ તથા જાહોજલાલીને લાયક (હકદાર) છે, એવી રહેમત જે તારી બીજી રહેમતો જેવી, તારા એહસાનો જેવી અને તારા ચૂંટેલા બંદાઓ માટે તારી શુભેચ્છાઓ જેવી, જે હઝરત ઈબ્રાહીમ આ.સ અને હઝરત ઈબ્રાહીમ અલય્હિસ્સલામ ની આલ ઉપર નાઝિલ કરી

હતી. તેઓને જલદીથી રાહત, આરામ, સહાયતા, શક્તિ અને મદદ અતા કર.

અય અલ્લાહ ! મને એક માબૂદની ગુજારીમાંથી કરાર આપ; તને માંનનારાઓમાંથી અને તેઓમાંથી જેઓ તારા રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) તથા ઈમામો (અલય્હિસ્સલામ)ની તસ્દીક કરે છે (હક માને છે) જેમની ઇતાઅત (ફરમાબરદારી) તુંએ ફરજિયાત કરાર આપી છે આ (ઈબાદતો) ચાલ્યા જ કરે છે; મારી આ દુઆ

કબૂલ કર, અય આલમીનના (કાએનાતના) પાલનહાર !

અય અલ્લાહ ! તારા ક્રોધને કોઇપણ અટકાવી નથી શકતું સિવાય તારી સહનશીલતા,તારી નારાજીને કોઈપણ દૂર નથી કરી શકતું સિવાય તારી મગફેરત, તારી સજાથી કોઈ બચાવી નથી શકતું સિવાય તારી રહેમત, તારી બારગાહમાં અઝાબથી નજાત પ્રાપ્ત નથી થઈ શકતી સિવાય તારી બારગાહમાં દુઆ ગુજારવાથી અને તે પણ તારી સમક્ષ (તારી બારગાહમાં) જ. તેથી, હઝરત મોહમ્મદ

(સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. અય અલ્લાહ ! તારી બારગાહમાં અમને તારી શક્તિ થકી રાહત અતા કર જેવી શક્તિ થકી તું મૃતને સજીવન કરે છે અને ઉજ્જડ શહેરોને આબાદ કરે છે.

અય અલ્લાહ ! તું મને દુ:ખી મૃત્યુ અતા ન કર સિવાય કે મારી દુઆ કબૂલ કર્યાં પછી તથા મને જાણ થયા પછી જ કે મારી દુઆ તારી બારગાહમાં કબૂલ થઈ છે. મારી જિંદગીના

અંતિમ સમય સુધી મને તારી સુરક્ષાની મજા માણવા દે; મારા દુશ્મન મારા ઉપર હસે એવો પ્રસંગ ન આવે, તેને મારી ગરદન ઉપર સત્તાવન ન બનાવ અને તેને મારા ઉપર સત્તાધારી ન થવા દે.

અય અલ્લાહ ! જો તું મારો દરજ્જો ઉચ્ચ કરે તો કોણ છે જે તેને નીચો પાડી શકે ? જો તું મારો દરજ્જો નીચે કરે તો કોણ છે જે તેણે ઉચ્ચ કરી શકે ? જો તું મને ઇજજત અતા કરે તો કોણ છે જે મને ઝલીલ કરી શકે ? જો તું મને ઝલીલ કર તો કોણ છે જે મને ઇજજત આપી શકે ? જો

તું મને સજા કરે તો કોણ છે જે મારા ઉપર દયા કરે ? જો તું મને હલાક કરે તો કોણ છે જે તારા બંદાની બાબતમાં તારો વિરોધ કરી શકે અથવા તેના મામલામાં કંઇપણ સવાલ કરી શકે ?

હું એ તો નક્કી જાણું છું કે તારા ફેસલામાં અન્યાય નથી અને સજા કરવામાં તારી ઉતાવળ નથી. ઉતાવળો એ હોય છે જેને નિષ્ફળતાની બીક હોય છે. નિ:શંક, નબળો એ છે જેને અન્યાયનો સહારો લેવો પડે છે, જયારે તારી ઝાત આથી ઘણી જ સર્વોચ્ચ (અને પાક) છે.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. મને મુસીબતોનો નિશાન ન બનાવ, મારાથી તારા બદલાની (અને સજા કરવાની) ભાવનાને દૂર કર, મને મોહલત અતા કર, મારૂં દુ:ખ દૂર કર અને મારી ભૂલ માફ કર.મને એક પછી એક મુસીબતોમાં ગિરફતાર ન કર કારણ કે તું મારી નબળાઇને, મારી જરૂરત અને તારી બારગાહમાં મારી તુચ્છતાને જાણે છે.

અય અલ્લાહ ! હું તારા ક્રોધથી પનાહ માગવા માટે આજે તારી બારગાહમાં હાજર થયો છું, તેથી, હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર.

હું આજે તારી નારાજીથી તારી પનાહ માંગું છું. તેથી, હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર, અને મને પનાહ અતા કર.

હું તારી સજાથી તારી બારગાહમાં તારી સલામતી માંગું છું તેથી, હઝરત મોહમ્મદ

(સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર, અને મને સલામતી અતા કર.

હું તારી બારગાહ હિદાયત તલબ કરૂં છું. તેથી, હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર, અને મારી હિંદાયત કર.

હું તારી બારગાહ મદદ માંગું છું, તેથી, હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર, અને મારી મદદ કર.

હું તારી રહમતનો તલબગાર છું, તેથી, હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર, અને મારા ઉપર રહેમ કર.

હું તારી બારગાહમાં રોજી તલબ કરૂં છું, તેથી, હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર, અને મને રોજી અતા કર.

હું તારી બારગાહમાં મદદ માટે દુઆ કરૂં છું. તેથી, હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર

રહેમત નાઝિલ કર, અને મારી દુઆ કબૂલ કરી મારી મદદ કર.

હું તારી બારગાહમાં મારાથી થઈ ગયેલા ગુનાહોની મગફેરત તલબ કરૂં છું. તેથી, હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર, અને મને મગફેરત અતા કર.

હું તારી બારગાહમાં પરહેઝગારી તલબ કરૂં છું, તેથી, હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર, અને મને ગુનાહોથી બચાવ

કારણ કે નિ:શંક, જો તું ચાહે તો હું કદાપિ એ તરફ પાછો નહિં ફરૂં જે તને મારાથી નારાજ કરે.

અય રબ ! અય રબ ! અય સખી ! અય સખી ! અય બાદશાહત તથા જાહોજલાલીના માલિક ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર. મને એ સર્વે અતા કર જે હુંએ તારી બારગાહમાં તલબ કર્યું છે, જે માટે હુંએ તારી બારગાહમાં દુઆ કરી છે અને તારી બારગાહમાં મેં જે ઉમેદો રાખી છે.તું નિર્ણીત કર, નિર્ણય પસાર કર, હુકમ કર અને અતા કર. તુંએ

જે કંઈપણ નિર્ણય પસાર કર્યો છે તેના થકી મારા ઉપર એહસાન કર અને તું મને જે કંઈપણ અતા કરે છે તેના થકી મને ખુશનસીબ બનાવ.

તારી રહેમત થકી તારા ખજાનામાં જે કંઈપણ છે તેમાંથી મને વધારે અતા કર અને તેને આખેરતની ભલાઈ તથા નેઅમતો માટે સાંકળી (જોડી) લે, કારણ કે, નિ:શંક, તું વસીઅ (અપાર) ખજાનાનો માલિક છે (અતા કરનાર છે), ઉદાર છે,અય સૌથી વધારે રહેમ કરનાર !

તારી રહમતની સાથે.

અય રહેમ કરનારોમાં સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …
www.hajinaji.com

• Like us on Facebook •

## ૪૯-દુશ્મનોના ફેરબદલ દૂર કરવા અને તેઓના ઝુલ્મને નાબૂદ કરવા માટે તેમની દુઆ.

અય અલ્લાહ ! તુંએ જરૂર મારી હિદાયત કરી પણ હું બેદરકાર રહ્યો,તુંએ જરૂર મને સારી સલાહ અતા કરી પણ મારૂં દિલ કઠોર બન્યું અને તુંએ જરૂર મને સુંદર નેઅમતો અતા કરી પણ હુંએ (તારી) નાફરમાની કરી. ત્યાર પછી જયારે તુંએ એ તરફ મારૂં ધ્યાન દોર્યું તો મને સમજમાં આવ્યું કે હું શું કરી બેઠો; તેથી હુંએ તારી બારગાહમાં મગફેરતની તલબ (દુઆ)

કરી અને તુંએ મને મગફેરત અતા કરી.પછી ફરી પાછો હું ભૂલ કરતો રહ્યો અને તુંએ તેણે છુપાવી; તેથી અય મારા રબ ! સર્વે વખાણ તારી માટે જ છે; હુંએ તબાહીની ખાઈમાં ઝંપલાવ્યું અને બરબાદીની ખાડામાં આગળ વધતો રહ્યો જયાં મને તારા ક્રોધનો સામનો કરવો પડ્યો અને તેમાં દાખલ થઈને હું તારી સજાને પાત્ર લેખાયો.

તારી બારગાહમાં મારી પાસે ભલામણ ફકત એ જ છે કે હું તને એક માનું છું (તારી તૌહીદમાં માનું છું) અને મારા સારૂં મધ્યસ્થી

માટે તારી સમક્ષ એ જ છે કે હુંએ બીજા કોઈને પણ તારી ભાગીદાર (શરીક,જોડીદાર) કરાર નથી આપ્યો તથા તારા સિવાય કોઈ બીજાને અલ્લાહ (મા’બુદ) નથી સમજ્યો. નિ:શંક, મારા નફસને મારી સાથે લઈ હું દોડીને તારી બારગાહમાં હાજર થયો છું. ગુનેહગારોનો છુટકારો તથા જેણે પોતાનું જીવન વેડફી નાખ્યું છે અને છત્રછાયાની શોધમાં છે તેના માટે પનાહ તારી બારગાહમાં જ છે.

આમ ઘણા દુશ્મનોએ પોતાની શત્રુતાની તલવાર મારી સામે ઉગામી, મારી વિરૂધ્ધ

પોતાની છરીને ધારદાર બનાવી,તેની ધાર મારી વિરૂધ્ધ તીક્ષ્ણ બનાવી, તેને કાતિલ (જીવલેણ) ઝેરમાં પલાળી રાખી, પોતાના અચૂક તીરનો મને નિશાન બનાવ્યો, તેની સજાગ આંખો મારી ચોકીદારી કરવાનું કયારે પણ ચુકી નહિં, તેણે મને ઈજા (તથા હાની) પહોચાડવાનું તથા તેનો ઝેરીલો પ્યાલો મને પાવાનું નક્કી કરી લીધું અને તુંએ, અય મારા રબ ! મારી આ ભારે મુસીબતોને વેઠવા માટેની નબળાઈ જોઈ, જેણે પોતાના જુલમનો મને નિશાન બનાવ્યો તેનાથી બદલો લેવાની મારી અશક્તિને જોઈ

અને તેનું લશ્કર જે મારા ઉપર જુલમ કરવાની વૃતિ ધરાવતું હતું તથા હુંએ ન ધરેલી એવી ઈજા (તથા હાનિ) મને પહોચાડવાની તાકમાં હતું તેના વિરૂધ્ધ મારી એકલતાને જોઈ. તેથી, તુંએ મારી મદદ કરવામાં પહેલ કરી અને તારી (અપાર) શક્તિ વડે મને મજબુતી અતા કરી. પછી, તેની મારા વિરૂધ્ધની તીવ્રતાને તુંએ ઝાખી પાડી દીધી, ઘણી બધી શક્તિ ધરાવતો હોવા છતા તેની શક્તિને તુંએ નબળી બનાવી દીધી, તેના ઉપર મને વિજયી બનાવ્યો અને જે ફરેબ તેણે મારી વિરૂધ્ધ તૈયાર કર્યો હતો તેને

તેની તરફ જ તુંએ પાછો ફેરવી દીધો. આમ, તુંએ તેને તેના વેરને સતોષ્યા વગર અને તેના પાછો અશાંતિની હાલતમાં જ દફે કર્યો. નિ:શંક, તે પોતાના આગળ કરડતે રહ્યો તથા પીછેહઠ સ્વીકારી જયારે તેનું લશ્કર તેને ત્યજીને જતું રહ્યું.

ઘણા દગાખોરોમાંથી કોઈએ મારી વિરૂધ્ધ ફરેબની યોજના ઘડી, મને ફસાવવા સારૂ જાળ બિછાવી, મારી તાકમાં ચોકસાઈભરી નજર રાખી અને જેવી રીતે જંગલી જનાવર પોતાના શિકારની તાકમાં હોય છે તેવી રીતે મારી

તાકમાં ઝાડીમાં સંતાઈ રહ્યો જેથી મને ઝડપવાની તક પ્રાપ્ત થાય અને તેણે મારી ખુશામત કરીને જૂઠો આનંદ વ્યક્ત કર્યો પણ તેની વૃતિ મારા માટે વેરથી ભેરલી હતી. અય મારા રબ ! તારી ઝાત પાક અને સર્વોચ્ચ છે ! જયારે તુંએ તેના સ્વભાવમાં દગો જોયો અને જે ફરેબ તેણે તૈયાર કર્યો હતો તે જોયો ત્યારે તુંએ તેને ઊંધે માથે તેના જ ખાડામાં પછાડ્યો અને તેની પોતાની જ ઊંડી ખીણમાં તેને ફગાવી દીધો આમ, પોતાની હઠ પછી તે પોતેજ એ જાળમાં ફસાયો જેમાં તે મને ફસાવવા ઈચ્છતો

હતો અને જો તું મારા ઉપર રહેમ ન કરતે તો જે મુસીબતોમાં તે ગિરફતાર થયો છે તે મુસીબતોમાં હું જ મૂકાઈ જવાની તૈયારીમાં હતો..

ઘણા ઈર્ષાળુઓમાંથી કોઈ મારા ઉપર એટલો ક્રોધિત હતો કે મારા ઉપર તેના ક્રોધના કારણે તેનું ગળુ રૂંધાઈ ગયું હતું, મારા ઉપર તેના ગુસ્સાના કારણે તેઓ શ્વાસ ગુંગળાઈ ગયો, તેની જીભની કડવાશે મને ઈજા પહોચાડી હતી, તેણે મારા ઉપર બદનામીની તોહમતો નાખી હતી મારી ઈજ્જતને પોતાના તીરોનો નિશાન

બનાવ્યો હતો, મારી ગરદન ઉપર એવા આક્ષેપો નાખ્યા હતા જે છેવટે તેને જ વળગયા હતા, પોતાના ફરેબથી મને જખમી કરી નાખ્યો હતો અને પોતાના દગાનો મને હેતુ બનાવ્યો હતો.ત્યારે તને પોકારી ઊઠ્યો, અય મારા રબ! તારી બારગાહમાં ફરિયાદ કરી અને તારી બારગાહમાં તેના તાત્કાળિક જવાબની આશા કરી, એ જાણીને કે જેણે તારી સુરક્ષાની પનાહ લીધે તેના ઉપર જુલમ ન થઈ શકે અને તારા કિલ્લામાં (સલામતી માટે) પનાહ લીધી તેને કશી પણ બીક ન હોય. તેથી, તારી શક્તિ થકી

તુંએ તેના જુલમ વિરૂધ્ધ મારૂં રક્ષણ કર્યું, મારા ઉપર તારી નેઅમતોના વાદળ વરસાવ્યા અને મારા માટે તારી રહમતની નદીઓ વહાવી દીધી.

તુંએ મને સલામતીનો પોશાક પહેરાવ્યો, અકસ્માતની આંખોને આંધળી બનાવી દીધી, દુ:ખનો પડદો હઠાવી દીધો, મારી ઘણી બધી ઉમેદો પૂરી કરી અને મારી ઘણી જરૂરતો પૂરી કરી જેના થકી તુંએ મારા જેવા એક કંગાળને રાહત અતા કરી અને મારી દરિદ્રતાને દૂર કરી. તુંએ આ બધું તારા એહસાનોના અને તારી

ઉદારતા રૂપે અતા કર્યું, નહિં તો આ પૂરા સમય દરમિયાન હું તો તારી નાફરમાનીનો જ આગ્રહ કરતો રહ્યો. તારા એહસાનો પૂરા કરવામાં તુંએ મારા દુરાચરણ તરફ જરા પણ ધ્યાન ન આપ્યું અને આટલું હોવા છતાં હું એ (કાર્યો)થી ન રોકાયો જેનાથી તને નફરત હતી.

તું જે કંઇ કરે છે તેના વિષે તને સવાલ નથી કરી શકાતો. નિ:શંક, તારી બારગાહમાં વિનંતી (દોઆ) કરવામાં આવે છે અને તું અતા કરે છે, જો તારી બારગાહમાં વિનંતિ (દુઆ) ન પણ થઈ હોય તો પણ તું અતા કરે છે અને તારા ફઝલ

થકી જયારે માંગવામાં આવ્યું ત્યારે તુંએ (અતા કરાવામાં) હદ ન બાંધી (અને વધારે જ અતા કર્યું). તુંએ, અય મારા રબ (મૌલા) ! એહસાનો તથા ઉદારતા અને ભલાઈ તથા નેઅમતો અતા કરવા સિવાય બીજું કશું કર્યું જ નથી, છતાં, હુંએ તારા મનાઈ ફરમાવેલ કાર્યો તરફ ઝંપલાવ્યા સિવાય બીજું કશું કર્યું જ નહિં. હું તારી નીમેલી હદો ઓળંગી ગયો અને તારા વાયદો (ચેતવણી) પ્રત્યે બેદરકાર રહ્યો.

તેથી, સર્વે વખાણ તારા માટે જ છે, અય શક્તિશાળી ! જેને માત નથી કરી શકાતો, અય

સબ્રના માલિક ! જે ઉતાવળ નથી કરતો. આ છે હાલત તારા એ બંદાની જે તારી નેઅમતો ભરપૂર હોવાનું કબૂલ કરે છે અને એ પણ કે તેણે બદલામાં તારી નાફરમાની જ અતા કરી તથા પોતાની વિરૂધ્ધ સાક્ષી બને છે કે તેણે તેનેણે (નેઅમતો) વેડફી નાખી.

તેથી, અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) જેવી ઉચ્ચ હસ્તીના વસીલા થકી ને મૌલા અલી ઇબ્ને અબી તાલીબ (અલય્હિસ્સલામ)ના પૂરનૂર ઈમાનના વસીલા થકી તારી બારગાહમાં હું

હાજર થયો છું. તેમના વસીલા થકી તારી બારગાહમાં ફલાણા (અહી દુશ્મનનું (જાલિમનું) નામ લેવું.) ની અધમતાથી પનાહ માટે દુઆ કરૂં છું કારણ કે તારી વિસાતમાં તારા માટે આ જ જરાય મુશ્કેલ નથી અને તારી શક્તિ પ્રમાણે આ તારા માટે જરાય અઘરૂં નથી તથા તું દરેક વસ્તુ ઉપર કુદરત ધરાવનાર છે.

તેથી, અય મારા અલ્લાહ ! (અય મારા મા'બૂદ !) તારી રહેમત થકી તથા તારી અનંત તૌફીક થકી મને આ (મારી દુઆ) અતા ફરમાવ જેને હું મજબૂત સીડી સમજી વળગેલો રહું, તારી

ખુશી પ્રાપ્ત કરવા માટે તેના ઉપર ચડતો રહું અને તેના થકી તારી સજાથી સલામત રહું, અય સૌથી વધાર રહેમ કરનાર !

તારી રહેમતની સાથે.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …
www.hajinaji.com

• Like us on Facebook •

## ૫૦-(તકવાની વૃદ્ધિ માટે) અલ્લાહ તઆલાનો ખોફ જાહેર કરવા માટે તેમની દુઆ

અય અલ્લાહ ! તુંએ મને સંપૂર્ણ ખલ્ક કર્યો અને મારા બાળપણમાં તુએ મારૂં પાલન પોષણ કર્યું તથા મને પૂરતી રોજી અતા કરી.

અય અલ્લાહ ! તુંએ જે કિતાબ નાઝિલ કરી છે તેમાં મને જાણવા મળ્યું અને જેના થકી તુંએ તારા બંદાઓને ખુશખબરી પાઠવી તથા તુંએ ફરમાવ્યું, “અય મારા બંદાઓ જેણે હદ ઓળંગીને પોતાના નફસ ઉપર જુલમ કર્યો છે,

અલ્લાહની રહેમતથી નાઉમેદ (નિરાશ) ન થાઓ કારણ કે અલ્લાહ બધા ગુનાહોને માફ ફરમાવે છે.”

નિ:શંક, આજ પહેલા હુંએ એવા કાર્યો કર્યા છે જે તું જાણે છે તથા તેની મારી કરતા વધારે સારી રીતે તને ખબર છે અને એ પણ કે જે તારી કિતાબમાં મારી વિરૂધ્ધ નોધેલું છે તેના કારણે હું બદનામ છું, જો તારી બારગાહમાં તારી મગફેરતની તકો મને આશાવાદી ન બનાવતે જે દરેક વસ્તુ માટે ઉપલબ્ધ છે તો હું જરૂર મારા હાથે તબાહીની ખાડીમાં ફેંકાઈ ગયો હતો. જો

કોઈ પોતાના ખાલિક (સર્જનહાર)થી દૂર ભાગી છુટી શકતો હોત તો સૌથી વધારે તારી બારગાહમાંથી ભાગી છુટવાને લાયક હું જ હોત.

તું તે હસ્તી છે જેનાથી કોઈ ભેદ છુપાયેલા નથી, નહિં જમીનમાં કે ન તો આસમાંનોમાં, પણ તું તે જાણી લે છે અને જઝા (અજર) અતા કરવા માટે તું કાફી છે તથા હિસાબ લેવા માટે પણ તું કાફી છે.

અય અલ્લાહ ! જો હું ભાગી છુટું તો તું મને શોધી કાઢે અને જો હું દોડવા માંડું તો મને ઝડપી લઈ શકે. તેથી, મારી તરફ જો, હુંએ અહી

તારી સમક્ષ (તારી બારગાહમાં) નમ્રતા અને તુચ્છતા સાથે હાજર થઈ સજદામાં મારૂં શિર ઝુકાવ્યું છે. જો તું મને સજા કરે તો હું જરૂર એ જ લાયક છું અને તારી સજા માટે ન્યાય જ લેખાશે. અય રબ ! જો તું મને મગફેરત અતા ફરમાવે તો જરૂર (અમારા માટે) તારી મગફેરતનો વાયદો તો હંમેશા માટે છે જ (ને હંમેશા વારંવાર મગફેરત અતા જ કરે છે જ). તુંએ મને તારી સુરક્ષાનો પોશાક હંમેશાં ઇનાયત ફરમાવ્યો છે.

તેથી, હું તારી બારગાહમાં દુઆ કરૂં છું અય અલ્લાહ ! તારે એ (પાક) નામોના વાસ્તાથી જે

તારા ખજાનામાં સંઘરેલા છે અને તારી એ જાહોજલાલીના વાસ્તાથી જે પડદા પાછળ સંતાયેલી છે, કે મારા અધીરા નફસ ઉપર રહેમ કર અને મારા નબળા પડી જતા તથા ધ્રુજતા હાડકા ઉપર પણ કારણ કે જે તારા સૂરજની ઉષ્ણતા સહન નથી શકતા તે તારી (જહન્નમની) આગની ઉષ્ણતા કેવી રીતે ખમી શકશે ? જે તારી ગર્જનાની ચીસ ખમી નથી શકતા તે તારો ક્રોધ કેવી રીતે સહન કરી શકશે ? તેથી, મારા (હાલ) ઉપર રહેમ કર અય અલ્લાહ ! કારણ કે હું એક મામૂલી ઇન્સાન છું જેની કિંમત નજીવી છે.

એમ પણ નથી કે મને સજા કરવું તારી બાદશાહતમાં જરા પણ વધારો કરશે; જો તારા તરફથી મને સજા થવાથી તારી બાદશાહતમાં વધારો થતો હોત તો જરૂર હું તારી બારગાહમાં તે ખમવા સારૂ ધીરજ માટે દુઆ કરતે અને જરૂર પસંદ કરતે તું મને સજાપાત્ર બનાવી સજા કર. પણ તારી સત્તા અય અલ્લાહ ! એટલી મહાન છે અને તારી બાદશાહત એટલી સહનશીલ છે કે ફરમાબરદાર બંદાઓની ઈબાદત થકી નથી તેમાં વધારો થતો કે ન તો ગુનેહગારોની નાફરમાનીથી તેમાં જરાપણ ઘટાડો થાય છે.

તેથી, મારા ઉપર રહેમ કર, અય સૌથી વધારે રહેમ કરનાર ! મને મગફેરત અતા કર, અય બાદશાહત અને જાહોજલાલીના માલિક ! મારી તોબા કબૂલ કર, નિ:શંક, તું તોબનો કબૂલ કરનાર 'તવ્વાબુર રહીમ' (વારંવાર મગફેરત અતા કરનાર) છે.

તારી રહેમત સાથે.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …
www.hajinaji.com

## ૫૧-અલ્લાહ તઆલાની બારગાહમાં ખોફ અને નમ્રતા જાહેર કરવા માટે તેમની દુઆ.

અય મારા મા’બૂદ ! હું તારી હમ્દોં-સના (વખાણ) કરૂં છું અને મારા ઉપર એહસાનો કરવા બદલ તું જ હમ્દો-સનાને લાયક છે, કારણ કે તુંએ મને તારી નેઅમતો અતા કરી છે તથા મારી પાસે જે કંઈ પણ છે તે બધું જ તુંએ અતા કર્યું છે; અને કારણે કે તારી રહેમત થકી તુંએ મારા ઉપર તારો ફઝલ ફરમાવ્યો છે; અને કારણ કે નિ: શંક, તુંએ મારા ઉપર જે એહ્સાસનો

કર્યાં છે તેના માટે હું તારો શુક્ર બજાવી લાવવા માટે અશકત છું.

જો મારા ઉપર તારા એહ્સાનો ન હોત અને તારી નેઅમતો મને સંપૂર્ણ રીતે અતા ન થઈ હોત તો હું મારા નસીબનો હિસ્સો ન મેળવી શકયો હોત અને મારી આત્મ-શુદ્ધિ ન કરી શકયો હોત, પણ તુંએ મારી સાથે ભલાઈથી વર્તવાની પહેલ કરી, મારા મામલાઓમાં મારી મદદ કરી, મારા ઉપરથી મુસીબતોની કડવાશ દૂર કરી અને મને ભયંકર પરિણામથી મુક્તિ અતા કરી.

અય મારા મા’બૂદ ! આમ તુંએ મારા ઉપરથી ઘણીએ ભારે મુસીબતો દૂર કરી તથા

મારા ઉપર તારી સપૂર્ણ નેઅમતો અતા કરી જેના થકી મારી આંખોને ઠંડક પ્રાપ્ત થઈ અને તેથી, હું તારા તરફથી અતા થયેલી ઘણી સુંદર નેઅમતો ધરાવનાર છું. અને તે તું છે જ મારી મજબૂરીના સમયે મારી દુઆ સાંભળે છે, જયારે મારી ભૂલ થઈ છે ત્યારે મારી ભૂલને માફ કરે છે અને મારા દુશ્મનોએ મારા ઉપર કરેલા જુલમનો (મારી વતી) બદલો લે.

અય મારા મા’બૂદ ! હુંએ જયારે પણ તારી બારગાહમાં સવાલ કર્યો છે ત્યારે કદી પણ તને કંજૂસ (બખીલ) નથી જોયો અને એ પણ કે જયારે પણ હુંએ તારી બારગાહમાં દુઆ કરવાનું નક્કી કર્યું છે ત્યારે તને નારાજ (અણગમો દર્શાવતો) નથી જોયો; નહિં, તને હુંએ હંમેશાં મારી દુઆઓનો સાંભળનાર જોયો છે અને મારી વિનંતિઓ અતા કરનાર જોયો છે. મારી દરેક પરિસ્થિતિમાં અને મારા જીવનની દરેક પળોમાં મને તારી નેઅમતો સંપૂર્ણ રીતે અતા થયેલી મળી છે. તેથી, મારી માન્યતા મુજબ તું હમ્દો-

સનાને લાયક છે અને મારા ઉપર તારા અગણિત એહસાનો છે(જેના  માટે અમે તારા વખાણ કરીએ છીએ)

મારી આત્મા, મારી જીભ અને મારી બુધ્ધિ (હુજજત) તારી હમ્દો-સના કરેલ છે, એવી હમ્દો-સના જે વફાદારી તથા હાર્દિક શુક્ર જાહેર કરે છે, એવી હમ્દો-સના જે મારા માટે ખુશી મેળવી શકવાને લાયક હોય. તેથી, મને તારા ક્રોધથી નજાત અતા કર અય મારા રક્ષણહાર ! જયારે હું રસ્તાઓ વચ્ચે ગૂંચવાઈ ગયો હોઉં. અય મારી ભૂલોને માફ કરનાર ! જો તું મારી બદનામીને ન

ઢાંકતે તો હું જરૂર બદકાર લોકોમાં શુમાર થઈ ગયો હોત. અય પોતાની મદદ વડે મારી મદદ કરનાર ! જો મારા માટે તારી મદદ ન હોત તો હું જરૂર નિષ્ફળ થયો હોત.

અય તું ! જેની બારગાહમાં રાજાઓ પણ પોતાના ગાળામાં નમ્રતાની તોક પહેરી શિર ઝૂકાવે છે તથા તેના ક્રોધથી ભયભીત થયેલા હોય છે. અય તકવાના કબૂલ કરનાર ! અય અતિ સુંદર નામોના માલિક ! હું તારી બારગાહમાં સવાલ કરૂં છું કે મને માફ ફરમાવ અને મને મગફેરત અતા કર, કારણ કે હું નિર્દોષ

નથી કે દલીલ (હુજ્જત) કરી શકું, નથી હું શક્તિશાળી કે મારી સુધારણા પોતે જ કરી શકું મારી પાસે બચવાની કોઈ રાસ્તો નથી કે હું ભાગી છૂટું.

હું તારી બારગાહમાં મારી એ ભૂલોની મગફેરત તલબ કરૂં છું અને હું તારી બારગાહમાં મારા એ ગુનાહોની માફી તલબ કરૂં છું જેના થકી મારી દુર્દશા થઈ છે, હું ઘેરાઈ ગયો છું અને હલાક્તની પરિસ્થિતિમાં મૂકાઈ ગયો છું. અય અલ્લાહ ! આ સર્વેથી ભાગી છૂટીને તથા તોબાનો સહારો લઈને હું તારી બારગાહમાં

હાજર થયો છું. તેથી મારી તોબા કબૂલ કર. હું તારી સુરક્ષા શોધું છું; તેથી, મને સુરક્ષા અતા કર. હું તારી પનાહ ઈચ્છું છું; તેથી, મને મૂકી ન દે હું તારી બારગાહમાં સવાલ કરૂં છું; તેથી, મને નિરાશ ન કર. હું તારી હિફાઝત શોધું છું; તેથી, મને ત્યજી ન દે. હું તારી બારગાહમાં દુઆ કરૂં છું; તેથી, મને નાઉમ્મેદ પાછો ન કર. હું તને પોકારૂં છું અય અલ્લાહ ! મારા ઉપર મુસીબતના સમયે અને નમ્રતાની સાથે; હું ભયભીત, બીકણ અને ડરપોક થઈ ગયો છું તથા ફકીરીની દશામાં છું.

મારી મજબૂર હાલતમાં તારી તરફ ફર્યો છું અને હું તારી બારગાહમાં. ફરિયાદ કરૂં છું અય મારા મા’બૂદ ! કે મારો નફસ બહુ જ નબળો છે એ પ્રાપ્ત કરવા માટે જેનો તુંએ તારા અવલિયાઓને (દોસ્તોને) વાયદો કર્યો છે અને તેનાથી બચવા માટે જેનાથી બચવા માટે તુંએ તારા દુશ્મનોને ચેતવ્યા છે. હું મારા નફસની ઘણી બધી આતુરતા અને ખામીઓની સાથે તારી બારગાહમાં ફરિયાદ કરૂં છું.

અય મારા મા’બૂદ ! મારી ખાનગી વિચારસરણીના કારણે તુંએ મને નિરાશ નથી

કર્યો અને મારા હદ ઓળંગી જવાના કારણે તુંએ મને હલાક નથી કર્યો. હું તારી બારગાહમાં દુઆ કરૂં છું અને તું જરૂર કબૂલ કરે છે જો કે હું બહુ જ ધીમેથી આગળ વધું  છું જયારે તું મને બોલાવે છે, પણ મારી બધી જ જરૂરતો માટે હું તારી બારગાહમાં જ સવાલ કરૂં છું. હું જ્યાં પણ હોઉં મારો ભેદ હું તારી સમક્ષ જ જાહેર કરૂં છું કારણ કે હું તારા સિવાય બીજા કોઈથી દુઆ નથી કરતો અને નથી તારા સિવાય બીજા કોઈથી આશા રાખતો.

હું હાજર છું, તારા બોલાવવા પ્રમાણે હું હાજર છુ ! તારી બારગાહમાં જે કોઈ પણ ફરિયાદ કરે છે તેને તું સાંભળે છે, જે તારા ઉપર વિશ્વાસ રાખે છે તેની તરફ તું નજર કરે છે, જે તારી બારગાહમાં હિફાઝત શોધે છે તેને તું સુરક્ષા અતા કરે છે અને જે તારી બારગાહમાં સંરક્ષણની દુઆ કરે છે તેનાથી તું ખરાબીઓ દૂર કરે છે. અય મારા રબ ! તેથી, તારો શુક્ર કરવામાં મારી નબળાઈના કારણે અમને આખેરતની તથા તે પહેલાની ભલાઈથી વંચિત

ન કર મારા જે ગુનાહોને તુંએ નોંધ્યા છે તેની મને મગફેરત અતા કર.

જો તું મને સજા (અઝાબ) કરે તો હું કબૂલ કરૂં છુ કે હુંએ અન્યાય કર્યો છે, ભૂલો કરી બેઠો છુ, હુંએ મારી શક્તિ વેડફી નાખી છે, હું ગુનેહગાર છુ, હુંએ નાફરમાની કરી છે, હું તારી ફરમાબરદારીમાં નબળો રહ્યો છુ અને મારા નફસના લાભ પ્રત્યે બેદરકાર રહ્યો છુ. અને જો તું મને મગફેરત અતા કરે તો નિ:શંક, તું સૌથી વધારે રહેમ કરનાર છે.

તારી રહેમતની સાથે.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …
www.hajinaji.com

• Like us on Facebook •

## પર-અલ્લાહ તઆલની બારગાહમાં દુઆ

## તાત્કાલિક કબૂલ થાય તે માટેની દુઆ

અય અલ્લાહ ! જેનાથી કોઈ વસ્તુ છૂપી નથી, ન જમીનમાં કે ન આસમાનમાં; અને તે તારાથી કેમ છૂપી રહી શકે અય મારા મા’બૂદ ! જયારે કે તુંએ જ તેણે ખલ્ક કરી છે ? અને તેનો હિસાબ તારી પાસે કેમ ન હોય જયારે કે તુંએ જ તેને બનાવી (સર્જી) છે ? અને તે તારી સામેથી ગાયબ કેમ થઈ શકે જયારે કે તું જ તેની સંભાળ લેનાર છે ? અને તે તારી બારગાહમાંથી કેવી

રીતે ભાગી છુટી શકે છે જયારે કે તેનામાં જીવ જ નથી સિવાય કે તું તેને રોજી અતા કરે ? અને તે તારાથી પોતાને કેમ બચાવી શકે જયારે કે તેની પાસે કોઈ માર્ગ જ નથી સિવાય કે તારી બાદશાહતમાં (મુલકમાં) જ હોય ?

પાક છે તું ! તારા મખ્લૂકમાંથી જે તારો સૌથી ખોફ રાખે છે તે તને સૌથી વધારે ઓળખે છે, તારી બારગાહમાં સૌથી વધારે નમ્ર એ છે જે સૌથી વધારે તારી ઇતાઅત (ફરમાબરદારી) કરે છે અને તારી બારગાહમાં સૌથી વધારે ધિક્કારેને

પાત્ર એ છે જેને રોજી તો તું અતા કરે છે પણ તે તારા સિવાય બીજાની ઈબાદત કરે છે.

પાક છે તું ! જે તારો શરીક (ભાગીદાર) ઠેરાવે છે અને તારા રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ને જૂઠલાવે છે તે તારી સત્તામાં ઘટાડો નથી કરી શકતો, જે તારી કઝા (ફેસલા) ઉપર નારાજ છે તે તારા અમ્ર (હુકમને) ને (બાજુએ) નથી હટાવી શકતો, જે તારી શક્તિને નથી માનતો (અને જૂઠલાવે છે) તે તારાથી બચી નથી શકતો, જે (તારા સિવાય) બીજાની ઈબાદત કરે છે તે તારાથી ભાગી

છૂટીને બચી નથી શકતો અને જે (આખેરતમાં) તારી મુલાકાતને જૂઠલાવે છે (અને નફરત કરે છે) તે હંમેશા માટે દુનિયામાં જીવી નથી શકતો.

પાક છે તું ! કેટલો મહાન છે તારો માભો ! કેટલી શક્તિશાળી છે તારી સત્તા ! કેટલી પ્રબળ છે તારી શક્તિ ! અને કેટલો અસરકારક છે તારો હુકમ !

પાક છે તું ! તુંએ તારી કુલ મખ્લૂક માટે મૃત્યુ નિર્માણ કર્યું છે, જે તારી તૌહીદમાં માને છે તેના માટે પણ અને જે તારા ઉપર ઈમાન નથી રાખતો તેના માટે પણ તથા દરેકને મૃત્યુનો

સ્વાદ ચાખવાની છે અને દરેકને તારી તરફ પાછા ફરવાનું છે. બસ તું બરકતવાળો છે તથા તું જ સર્વોચ્ચ છે અને કોઈ અલ્લાહ નથી સિવાય તું તથા તારો કોઈ શરીક નથી. હું તારા ઉપર ઈમાન રાખું છુ, તારા રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની તસદીક કરૂં છું (સાચા માનું છું) તારી કિતાબને માન્ય રાખું છું, તારી ઈબાદત સિવાય બીજી બધી ઇબાદતની રીતનો અસ્વીકાર કરૂં છું અને હું મારા પોતાને તેનાથી અલગ કરૂં છું જે તારા સિવાય બીજાની (બીજા મા'બૂદની) ઈબાદત કરે છે.

અય અલ્લાહ ! હું સવારના વહેલો ઊઠું છું અને જયારે દિવસ પૂરો કરૂં છું ત્યારે એવી લાગણીની કબૂલાત કરૂં છું કે હુંએ સંપૂર્ણ રીતે તારી ઈબાદત પરિણામ નથી કરી; બસ, હું મારા ગુનાહ કબૂલ કરૂં છું અને મારી ભૂલની પણ કબૂલાત કરૂં છું. હું મારા નફસ ઉપર પોતે જુલમ કરવાના કારણે બદનામ થયો છું, મારા કુકર્મોએ મને હલાક કર્યો છે, મારી વાસનાએ મને પાયમાલ કરી નાખ્યો છે અને મારી રૂચિએ મને લૂંટી લીધો છે.

તેથી, હું તારી બારગાહમાં સવાલ કરૂં છું અય મારા મૌલા ! એના જેમ જેનો નફસ પોતાની લાંબી ઈચ્છાઓના કારણે બેદરકાર થઈ ગયો હોય,જેનું શરીર તેની રગો સૂમ થઈ જવાના કારણે બેભાન થઈ ગયું હોય, જેના ઉપર ધણી બધી નેઅમતો અતા થઈ હોવાને કારણે તેનું દિલ તેમાં જ ગૂંથાઈ ગયું હોય તથા જે તેના ખરા આશય તરફ થોડું જ ધ્યાન આપે છે (જયાં તેને પાછા ફરવાનું છે). હું તારી બારગાહમાં એનો જેમ સવાલ કરૂં છું જેને ઇચ્છાઓએ ઘેરી લીધો છે, જે વાસનાથી આકર્ષાઈ ગયો છે, જેને

દુનિયાએ દબાવી દીધો છે તથા જેના માથા ઉપર મોત સવાર છે. હું તારી બારગાહમાં એના જેમ સવાલ કરૂં છું જેના ગુનાહો અગણિત છે અને જેણે પોતાની ભૂલોની કબૂલાત કરી છે. હું તારી બારગાહમાં એના જેમ સવાલ કરૂં છું જેનો રબ તારા સિવાય બીજો કોઈ નથી અને જેનો આશ્રયદાતા તારા સિવાય બીજો કોઈ નથી તથા તારાથી તેને બચાવનાર કોઈ નથી અને તેના માટે તારાથી ભાગી છૂટવાનો કોઈ માર્ગ નથી સિવાય કે તે તારી તરફ જ (પાછો) ફરે.

અય અલ્લાહ ! હું તારી બારગાહમાં સવાલ કરૂં છું, તારી મખ્લૂક ઉપર તુંએ વાજિબ ફરમાવેલા તારા હકોના વાસ્તા આપીને, તારા મહાન નામોના વાસ્તા આપીને જેના થકી તુંએ તને યાદ કરવાનો તારા રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને હુકમ ફરમાવેલ છે અને તારા પ્રશંસાપાત્ર અસ્તિત્વની ઇજ્જતના વાસ્તા આપીને જેનો ન તો ક્યારે અંત છે, ન તેમાં કોઈ ફેરબદલ છે, ન જેમાં કોઈ ફેરફાર છે તથા જે કદીપણ ફના થનાર નથી, કે હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ

આલેહી વસલ્લમ) અને હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ની આલ ઉપર રહેમત નાઝિલ કર, તારી ઈબાદત થકી મને દરેક વસ્તુની જરૂરતથી સ્વતંત્ર (બેપરવા) બનાવી દે અને મને તારો ખોફ અતા કરીને મારા દિલને દુનિયાના મોહથી દૂર કર.

તારી રહેમત થકી મારા ઉપર ભરપૂર કરમ કર કારણ કે હું તારી તરફ દોડીને (તારી બારગાહમાં) હાજર થયો છું; મને તારો ખોફ છે, તારાથી હું ઉપાય તલબ કરૂં છું, હું તારાથી ઉમેદ રાખું છું, તારી બારગાહમાં દુઆ કરૂં છું, તારી

બારગાહમાં પનાહ માટે દોડીને આવ્યો છું, તારા ઉપર વિશ્વાસ રાખું છું, હું તારાથી મદદ માંગું છું, તારા ઉપર ઈમાન રાખું છું, હુંએ તારા ઉપર ભરોસો કર્યો છે અને હું તારા રહેમો-કરમનો આધાર રાખું છું.

તારી રહેમતની સાથે.

અય રહેમ કરનારઓમા સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …
www.hajinaji.com

• Like us on Facebook •

## ૫૩-ઈજ્જત અને જલાલવાળા અલ્લાહની બારગાહમાં ઝલીલ (તુચ્છ) બનીને તેમની દુઆ.

અય મારા રબ ! મારા ગુનાહોએ મને ચૂપ કરી દીધો છે અને મારી પાસે કોઈ હુજ્જત (દલીલ) ન હોવાથી મારો અવાજ રૂંધાઈ ગયો છે, હું મારી મુસીબતમાં ગિરફતાર થઈ ગયો છું, હું મારા અમલોના કારણે ઝકડાઈ ગયો છું અને હું મારા અપરાધનો શિકાર બની ગયો છું, અને હું એ છું જે પોતાની સીધી રાહથી ભટકી ગયો છે અને (પોતાના ટોળાથી) પાછળ રહી ગયો છે.

નિ:શંક, હુંએ મારા પોતાને બદનામ ગુનેહગારોની સ્થિતિમાં અને એવા કમનસીબ લોકોની હરોળમાં મૂકી દીધો છે જેઓ તારો વિરૂધ્ધ વર્તનારા હતા અને તારા વાયદાની અવગણના કરતા હતા. પાક છે તું ! તારા (હુકમ) વિરૂધ્ધ હુંએ કેટલી અવગણના કરી છે ! હુંએ મારા નફસ સાથે કેટલી લુચ્ચાઈથી દગો કર્યો છે !

અય મારા મૌલા ! મારા ઊંધે મોઢે પડી જવા ઉપર તથા મારા પગ લપસી જવા ઉપર રહેમ કર, તારી સહનશીલતા થકી મારી

અજ્ઞાનતા ઉપર તથા તારી ભલાઈ થકી મારા કુકર્મો ઉપર રહેમ કર કારણ કે હું મારા ગુનાહ કબૂલ કરૂં છું અને મારી ભૂલોનો સ્વીકાર કરૂં છું.

હું મારા આ હાથ અને કપાળને તારી બારગાહમાં (જમીન ઉપર) ટેકું છું જેથી તું ચાહે તો મને સજા કરી શકે; (પણ) તું મારા ઘડપણ ઉપર, મારા દિવસો પૂરો થવા ઉપર, મૃત્યુ મારી નજીક પહોચી ગયા ઉપર, મારી નબળાઈ ઉપર, મારી દરિદ્રતા ઉપર અને મારી પાસે તકો ઓછી હોવા ઉપર રહેમ કર.

અય મારા મૌલા ! જયારે દુનિયામાંથી મારી નિશાની અદ્રશ્ય થઈ જાય, લોકો વચ્ચેથી મારી યાદ ભુલાઈ જાય અને હું એવી રીતે ભુલાઈ ગયો હોઉં જેમ કોઈ સંપૂર્ણ રીતે ભુલાઈ જાય છે ત્યારે મારા ઉપર રહેમ કર.

અય મારા મૌલા ! જયારે મારૂં (શરીરનું) ધડતર તથા હાલત બદલાય અને (મૃત્યુ પછી) મારૂં શરીર સડવા માંડે, મારા હાથપગ શરીરથી જુદા પડે અને (હાડકાના) સાંધાઓ છૂટા પડે ત્યારે મારા ઉપર રહેમ કર. અફસોસ ! મારી

ગફલત ઉપર જેની (સારા અમલોની) મને જરૂર પડવાની છે.

અય મારા મૌલા ! મારા ફરી પાછા સજીવન થવા સમયે અને (કબરમાંથી) ઊઠીને આગળ આવી હાજર થવા સમયે મારા ઉપર રહેમ કર; તે દિવસે મને તારા અવલિયાઓ (દોસ્તો)નો સાથ અતા કર. મારી વિદાય તારા અહિબ્બાઓ (જેઓથી તું મોહબ્બત કરે છે તેમની) સાથે ફરમાવ અને તારા પાડોશમા રહેઠાણ અતા કર, અય મારા આલમીન (કાએનાત)ના રબ !

તારી રહેમતની સાથે.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …

www.hajinaji.com

• Like us on Facebook •

## ૫૪-ચિંતા (બેચેની, રંજ, અજંપો અને અસ્વસ્થતા) દૂર કરવા માટે તેમની દુઆ.

અય ચિંતાના (બેચેની, રંજ, અજંપો અને અસ્વસ્થતા) દૂર કરનાર અને ઉદાસીથી શફાઅત અતા કરનાર ! અય રહ્માન આ દુનિયા તથા આખેરત માટે અને અય રહીમ બંને સમયે ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર, મારી ચિંતા (બેચેની, રંજ, અજંપો અને અસ્વસ્થતાને) દૂર કર અને મને ઉદાસીથી શફાઅત અતા કર.

અય એક (વાહેદ) ! અય એકલા (અહદ) ! અય બેનીયાઝ (સમદ) ! અય તું જે કોઈને જન્મ આપતો નથી અને જેને કોઈએ જન્મ નથી આપ્યો તથા તારી બરાબરનું કોઈ જ નથી ! મારી હિફાઝત કર, મને પવિત્ર બનાવ અને મારા દુ:ખને દૂર કર.

(આ પછી આયતુલ કુરસી તથા કુરઆને મજીદના છેલ્લા ત્રણ સૂરાની તિલાવત કરવી અને કહેવું...)

અય અલ્લાહ ! હું તો તારી બારગાહમાં એના જેમ સવાલ કરૂં છું જેની જરૂરત તીવ્ર બની

ગઈ છે, જેને શક્તિ ઘટી ગઈ છે અને જેના ગુનાહો અગણિત છે; હું તારી બારગાહમાં એના જેમ સવાલ કરૂં છું જેને પોતાની જરૂરત પૂરી કરનાર તારા સિવાય કોઈ જડતું નથી, જેની નબળાઈના સમયે હિંમત (તથા શક્તિ) અતા કરનાર તારા સિવાય કોઈ નથી અને જેના ગુનાહોની મગફેરત કરનાર તારા સિવાય કોઈ નથી. અય જાહોજલાલી અને કરમોના માલિક ! હું તારી બારગાહમાં સવાલ કરૂં છું કે મને એવું કામ  અતા કર જેને અમલ કરનારા પસંદ છે અને એવી શ્રધ્ધા અતા કર જેના થકી તારા

એહકામો જારી થયાની જેને શ્રધ્ધા પાપ્ત થઈ જાય.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર, મને હક (સચ્ચાઈ) સાથે મૃત્યુ પામવાની તૌફીક ઈનાયત ફરમાવ, મારા મનમાંથી આ દુનિયાના મોહને દૂર કર, તારા ઉપર પ્રમાણિકપણે આધાર રાખવાની તૌફીક ઇનાયત ફરમાવ અને તારી પાસે જે છે તેની મોહબ્બત (તથા રગબત) અતા કર જેથી તારી મુલાકાત માટે હું આતુર બનું, હું

તારી બારગાહમાં સવાલ કરૂં છું કે મારા પાછલા સારા અમલોની (મારા આમાલની) કિતાબમાં નોંધ લેવાય અને તેમાં મારા પાછલા કુકર્મોથી (ખરાબ કાર્યોથી તથા ગુનાહોથી) મને તારી સુરક્ષા પ્રાપ્ત થાય.

હું તારી બારગાહમાં સવાલ કરૂં છું કે મને એવો ખોફ અતા કર જેવો ખોફ તારા ઈબાદત ગુજાર બંદાઓ રાખે છે, એવી ઈબાદત તૌફીક અતા કર જેવી ઈબાદત તારો ખોફ રાખનાર બંદાઓ કરે છે, એવી શ્રધ્ધા અતા કર જેવી શ્રધ્ધા તારા ઉપર આધાર (તવક્કુલ) રાખનાર

રાખે છે અને એવો વિશ્વાસ અતા કર જેવો વિશ્વાસ તારા મોમીન બંદાઓ રાખે છે.

અય અલ્લાહ ! તારી બારગાહમાં મારા પ્રમાણિકપણે સવાલ કરવાનું તારા અવલિયાઓ (દોસ્તો) તારી બારગાહમાં પ્રમાણિકપણે સવાલ કરે છે તેવું કરાર આપ, મારા ખોફને તારા અવલિયાઓના ખોફ જેવો કરાર આપ અને તારી ખુશી માટે મને એવા અમલો કરવાની તૌફીક અતા કર જેમાં તારા દીનના કોઈપણ અમલને તારી કોઈપણ મખ્લૂકની ડરના કારણે હું ત્યજી ન દઉં.

અય અલ્લાહ ! આ મારી હાજત છે; તેથી તેમાં મારી પ્રમાણિકતામાં વૃદ્ધિ અતા કર અને તેમાં મારી માફી જાહેર કર; તેના થકી મને મારી દલીલ (હુજ્જત) નું જ્ઞાન અતા કર અને તેના થકી મને તંદુરસ્તી અતા કર.

અય અલ્લાહ ! ઘણા એવા છે જેઓ સવારમાં વહેલા ઊઠે છે તો તેઓને આધાર અને તેઓની ઉમેદો તારા સિવાય બીજા કોઈથી હોય છે પણ, નિ:શંક, હું સવારમાં વહેલો ઊઠું છું તો મારો આધાર અને મારા દરેક મામલામાં ઉમેદો તારાથી જ હોય છે, તેથી, મારા માટે એવા

મામલા નિર્ધારિત કર જે પરિણામની દ્રષ્ટિએ સારા હોય. મને ગેરદોરવણી કરનારી લાલચોથી નજાત અતા કર. અમારા સરદાર અને તારા ખાસ ચૂંટેલા બંદા હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ થાય.

તારી રહેમતની સાથે.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …
www.hajinaji.com

## પપ-અલ્લાહ તઆલાની તસબીહ માટે તેમની દુઆ.

પાક છે તું ! હું તારી બારગાહમાં દુઆ કરૂં છું અને તારા કરમની આશા રાખું છું.

પાક છે તું ! હું તારી બારગાહમાં દુઆ કરૂં છું અને તું સર્વોચ્ચ છે.

પાક છે તું ! હું તારી બારગાહમાં દુઆ કરૂં છું અને ઈજ્જત તારો પોશાક છે.

પાક છે તું ! હું તારી બારગાહમાં દુઆ કરૂં છું અને અને મહાનતા તારી ચાદર છે.

પાક છે તું ! હું તારી બારગાહમાં દુઆ કરૂં છું અને ગર્વ તારી જાહોજલાલી છે.

પાક છે તું ! તારી મહાનતા કેટલી મહાન છે !

પાક છે તું ! ઊંચાઇ ઉપર જેટલા છે તારી તસબીહ કરે છે અને જમીનની નીચે જે કંઈ પણ છે તે ને તું સાંભાળે છે અને જુએ છે.

પાક છે તું ! સર્વે ખાનગી વાતો ઉપર તું સાક્ષી છે.

પાક છે તું ! મારી બધી શંકાઓ તારા થકી જ દૂર થાય છે.

પાક છે તું ! સર્વે મામલાઓમાં તું (હંમેશાં) હાજર છે.

પાક છે તું ! (મોટી) આશાઓ ફક્ત તારાથી જ રાખી શકાય છે.

પાક છે તું ! પાણીના ઊંડાણમા જે કંઈ છે તે તું જુએ છે.

પાક છે તું ! દરિયાઓના ઊંડાણમાં માછલીઓના શ્વાસોચ્છવાસના અવાજને પણ તું સાંભળે છે.

પાક છે તું ! તું આસામનોના વજનને જાણે છે.

પાક છે તું ! તું જમીનના વજનને જાણે છે.

પાક છે તું ! તું સૂરજ અને ચાંદના વજનને જાણે છે.

પાક છે તું ! તું અંધારા અને અજવાળાના પ્રમાણ-વજનને જાણે છે.

પાક છે તું ! તું છાયા-મોસમના માપ-વજનને જાણે છે.

પાક છે તું ! તું હવાના વજનને જાણે છે એટલે સુધી કે તેના અણુમાત્ર વજનને પણ જાણે છે.

પાક છે તું ! પાક છે, પાક છે, પાક છે તું !

પાક છે તું ! કેટલું અજબ છે કે જે તને જાણતો હોવા છતાં તારો ખોફ નથી રાખતો ?

પાક છે તું ! હું તારી બારગાહમાં દુઆ કરૂં છું અને તારા વખાણની સાથે.

પાક છે તું ! તું અલ્લાહ છે, સર્વોચ્ચ છે, મહાન છે!

તારી રહેમતની સાથે.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …
www.hajinaji.com

## ૫૯-અલ્લાહ તઆલાની તસબીહ, હમ્દો-સના તથા તેમની દુઆ.

સર્વે વખાણ અલ્લાહ માટે છે જે (પોતાની) મહાનતા થકી દિલો માટે જાહેર થયો; અને(પોતાની) ઈજ્જત થકી આંખોથી અદ્રશ્ય રહ્યો; અને (પોતાની) શક્તિ થકી દરેક વસ્તુઓ ઉપર કુદરત (સત્તા) ધરાવે છે.

અને તેને જોવા માટે આંખો સ્થિર જ નથી રહી શક્તિ જો તેને આંખો જોઈ શકતી હોત; અને વિચારો (સમજ-શક્તિ) તેની મહાનતાના ઊંડાણ સુધી પહોચી જ નથી શકતા.

તું તારી મહાનતા અને ગર્વ થકી શક્તિશાળી છે; અને ઇજ્જત, ભલાઈ તથા જાહોજલાલી તારો પોશાક છે; અને તું સુંદરતા તથા કળા (હોશિયારી) સાથે પાક છે; અને તું મોભા તથા મહેરબાનીઓ થકી મહાન છે; અને તારી મહાનતા તથા નેઅમતો અતા કરવા થકી તારી જાહોજલાલી છે; અને પ્રકાશ તથ અજવાળાને તુંએ મારા માટે ખાસ કરાર આપ્યા છે.

તું એવો ખાલિક (સર્જનહાર) છે જેની બરાબરીનો કોઈ નથી; અને તું એવો એક છે

જેનો કોઈ સાથી નથી; અને તું એવો એકલો છે જેનો કોઈ વિરોધી નથી; અને તું એવો સ્વાધીન છે જેની કોઈ સાથે સરખામણી નથી થઈ શકતી; અને તું એવો સર્જનહાર છે જેનો કોઈ શરીક (ભાગીદાર) નથી; અને તું એવો પાલનહાર છે જેને કોઈની મદદની જરૂર નથી.

અને તું પહેલો છે, તને પતન નથી; તું નિત્ય (શાશ્વત) છે, ફના (નાશ) થનાર નથી; તું હંમેશા છે, તને દુ:ખ નથી; તું અપાર શ્રદ્ધાનો માલિક છે, તારા માટે હદ નથી; તું સર્જનહાર છે, કોઈ પણ આધાર (કે બંધન) વિના; તું અનહદ ભલાઈ

કરનાર છે; તું પાલનહાર છે, તારો કોઈ ભાગીદાર નથી; તું પીડા કરનાર છે, તને કોઈપણ અડચણ નથી (તથા તારામાં ફેરફાર નથી); અને તું દરેક વસ્તુને પરિણામ આપનાર છે, તું અશકત નથી.

તું એવો છે જેના માટે જગ્યા આવશ્યકતા નથી; અને (તારા માટે) જમાનાની હદ નથી; તું નાશ પામનાર નથી, તારો કોઈ નાશ કરનાર નથી અને તારો નાશ થઈ શકતો નથી; એમ તું હંમેશા છે જે માબુદ (ઈબાદતને લાયક) છે,

જીવિત છે, (હમેશાથી છે અને) હંમેશા રહેનાર છે, નિત્ય છે, શક્તિશાળી છે તથા સત્તાધીશ છે.

અય મારા રબ ! હું તારી બારગાહમાં (તારો તુચ્છ બંદો છું અને) દુઆ કરૂં છું અને તારા હુકમથી ફના થનાર છું; હું તારી બારગાહમાં સવાલ કરૂં છું અને તારા હુકમથી ફના થનાર છું અને ત્રીજું એ કે હું તારી બારગાહમાં ફકીર છું (હાજતોનો તલબગાર છું) અને તારા હુકમથી ફના થનાર છું.

અય મારા રબ ! જે લોકો ભયભીત છે તેઓ તારા ખોફ રાખે છે, જેઓ તારી ઈબાદત કરનારા

છે તેઓ તારા ખોફના કારણે તારી બારગાહમાં પ્રમાણિક છે અને મગફેરતની આશા (તથા દુઆ) કરનાર છે.

અય તું ! જે ખરો મા'બૂદ છે, તારી બારગાહમાં રૂદન સાથે દુઆ કરનારાઓ ઉપર રહેમ કર, ગાફિલોના (ગુનેહગારોના) ગુનાહોને તું માફ કર અને તોબા કરનારાઓ જે દિવસે તારી બારગાહમાં હાજર કરવામાં આવે (તે દિવસે) તેઓ ઉપર એહસાનો કરવામાં વૃદ્ધિ કર.

અય કરમ ફરમાવનાર ! તારી રહેમતની સાથે.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …
www.hajinaji.com

• Like us on Facebook •

## ૫૭-અલ્લાહ તઆલાની બારગાહમાં તુચ્છતા જાહેર કરવા માટે તમની દુઆ.

અય મારા માલિક ! અય મારા માલિક ! તું પાલનહાર છે અને હું એક બંદો છું; અને બંદા ઉપર કોણ રહેમ ફરમાવશે સિવાય પાલનહાર;

અય મારા માલિક ! અય મારા માલિક ! તું શક્તિશાળી છે અને હું તુચ્છ છું; અને તુચ્છ ઉપર કોણ રહેમ ફરમાવશે સિવાય શક્તિશાળી;

અય મારા માલિક ! અય મારા માલિક ! તું સર્જનહાર છે અને હું સર્જિત છું; અને સર્જિત ઉપર કોણ રહેમ ફરમાવશે સિવાય સર્જનહાર;

અય મારા માલિક ! અય મારા માલિક ! તું અતા કરનાર છે અને હું માંગનાર છું; અને માંગનાર ઉપર કોણ રહેમ ફરમાવશે સિવાય અતા કરનાર;

અય મારા માલિક ! અય મારા માલિક ! તું મદદગાર છે અને હું જરૂરતમંદ છું; અને જરૂરતમંદ ઉપર કોણ રહેમ ફરમાવશે સિવાય અતા કરનાર;

અય મારા માલિક ! અય મારા માલિક ! તું અનંત છે અને હું નાશવંત છું; (ફાની છું) અને

નાશવંત  ઉપર કોણ રહેમ ફરમાવશે સિવાય અનંત;

અય મારા માલિક ! અય મારા માલિક ! તું હમેશા છે અને હું ફના થનાર છું; અને ફના થનાર ઉપર કોણ રહેમ ફરમાવશે સિવાય એ જે હંમેશા છે;

અય મારા માલિક ! અય મારા માલિક ! તું જીવંત છે અને હું મૃત છું; અને મૃત ઉપર કોણ રહેમ ફરમાવશે સિવાય જીવંત;

અય મારા માલિક ! અય મારા માલિક ! તું તાકતવર છે અને હું નિર્બળ છું; અને નિર્બળ ઉપર કોણ રહેમ ફરમાવશે સિવાય તાકતવર;

અય મારા માલિક ! અય મારા માલિક ! તું તવંગર છે અને હું કંગાળ છું; અને કંગાળ ઉપર કોણ રહેમ ફરમાવશે સિવાય તવંગર;

અય મારા માલિક ! અય મારા માલિક ! તું મહાન છે અને હું તુચ્છ છું; અને તુચ્છ ઉપર કોણ રહેમ ફરમાવશે સિવાય મહાન;

અય મારા માલિક ! અય મારા માલિક ! તું માલિક છે અને હું સેવક છું; અને સેવક ઉપર કોણ રહેમ ફરમાવશે સિવાય માલિક;

તારી રહેમતની સાથે.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …
www.hajinaji.com

• Like us on Facebook •

## ૫૮-આલે મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના ઝાકિરની તેમની દુઆ.

અય અલ્લાહ ! જેણે હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલને શ્રેષ્ઠતા અતા કરીને ચૂંટયા, તેમને રિસાલતની જવાબદારી સોંપી, વસીલાના હક અતા કર્યાં, નબીઓના વારસદાર બનાવી મોકલ્યા અને તેમના ઉપર દીનની વીરાસત તથા સંભાળની જવાબદારી સંપૂર્ણ કરી; જેણે તેમને ભવિષ્યનું અને ભૂતકાળનું બધું

જ ઇલ્મ અતા કર્યું; જેણે મનુષ્યજાતિને તેમની તરફ આકર્ષિત કર્યાં !

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) તથા તેમની આલ ઉપર, જેઓ પાક છે, રહેમત નાઝિલ કર અને અમારી સાથે દુનિયા અને આખેરતમાં એવો વર્તાવ કર જેવો વર્તાવ તું જ કરી શકે. નિ:શંક, તું દરેક વસ્તુઓ ઉપર શક્તિ ધરવનાર છે !

તારી રહેમતની સાથે.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …
www.hajinaji.com

• Like us on Facebook •

## ૫૯-હઝરત આદમ અલય્હિસ્સલામ ઉપર રહેમત નાઝિલ કરવા માટે તેમની દુઆ.

અય અલ્લાહ ! હઝરત આદમ (અલય્હિસ્સલામ) તારી મખ્લૂકમાંથી એક મખ્લૂક છે; અને માટીમાંની મખ્લૂકમાંથી સૌથી પહેલા તારી રબ્બાનીય્યતને ઓળખવાવાળા (તથા માનવાવાળા) હતા; અને તારા બંદાઓ તથા તારી મખ્લૂક માટે પહેલી હુજ્જત (દલીલ) હતા; અને તારા મગફેરત થકી તારી (નાફરમાનીની) સજાથી સુરક્ષા મેળવવા માટે દોરવણી (હિદાયત) કરનાર હતા; અને તારી

બારગાહમાં સૌથી વધારે તોબા કરનારા હતા; અને તારી મખ્લૂક માટે તારી ઓળખાણ પ્રાપ્ત કરવા સારૂ વસીલો હતા.

અને તેઓ તે હતા જેમણે એ જાહેર કર્યું જેના કારણે તું તેમનાથી તારી ઉદારતા અને રહેમત થકી રાજી થયો.

અને તેઓ તારી તરફ એવી રીતે ધ્યાન કરનાર (રૂજૂઅ કરનાર) હતા કે તારો નાફરમાની કયારે પણ આગ્રહ નથી રાખ્યો, અને તેઓ તારા હરમમાં માથું મૂંડી પોતાને તુચ્છ જાહેર કરીને તારી બારગાહમાં હાજર

થનારાઓમાં સૌથી આગળ વધી જનાર હતા; અને (કોઈ થકી પણ) તારી નાફરમાની થઈ ગયા પછી તારી ફરમાબદારી થકી તારી મગફેરત પ્રાપ્ત કરવા માટે તેઓ વસીલો કરાર પામેલા હતા; અને તેઓ સર્વે નબીઓના પિતા હતા જેઓએ તારી રાહમાં જેહાદ માટે મુસીબતો વેઠી; અને જમીનના રહેવાસીઓમાંથી તારી ફરમાબદારી કરનારાઓમાં સૌથી મોખરે હતા.

તેથી, અય તું, જે રહેમાન છે ! તેમના ઉપર તથા તારા ફરિશ્તાઓ ઉપર અને આસમાનો તથા જમીનોના રહેવાસીઓ ઉપર રહેમત

નાઝિલ કર, જેવી રીતે તેઓએ તારી નિર્ધારિત કરેલી હદો જાળવી અને તારી ખુશી પ્રાપ્ત કરનારી રાહ ઉપર દોરવણી (હિદાયત) કરી, અય સૌથી વધારે રહેમ કરનાર !

તારી રહેમત સાથે.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …
www.hajinaji.com

• Like us on Facebook •

## ૬૦-દુ:ખ અને અસ્વસ્થતાના સમયે તેમની દુઆ.

અય મારા રબ ! મને મારા દુશ્મનો માટે મશ્કરીનું કારણ ન બનાવ; અને મારા કારણે મારા સાથીઓ તથા દોસ્તોની લાગણી ન દુભાવ.

અય મારા રબ ! તારી ભલાઈ થકી મારા ઉપર એહસાન કર જેથી મારા ઉપર જે કંઈ પણ દુ:ખ પડ્યું છે તે મારાથી દૂર થાય, ફરી મને તારી સુંદર છત્રછાયામા સમાવી દે જેનાથી હું ટેવાયેલો છું અને મારી દુઆ કબૂલ કર જે તારી

બારગાહમાં પ્રમાણિકપણે દુઆ કરનાર જેવી છે કારણ કે હવે તો મારી શક્તિ નબળી પડી ગઈ છે અને મારી પાસે સગવડો ઘટી ગઈ છે, મારી હાલત તંગ થઈ ચૂકી છે અને તારી મખ્લૂક પાસે જે કંઈ છે તેનાથી હું નાઉમેદ થઈ ગયો છું; તેથી, હવે ,મારી પાસે જે કંઈ બાકી છે તે ફક્ત એ જ છે કે હું મારા માટે તારાથી જ આશા રાખું છું.

અય મારા રબ ! હું જે (દુ:ખ) માં આવી પડ્યો છું તેને દૂર કરવા માટે, નિ:શંક, તું શક્તિશાળી છે જેવી રીતે તું મને તેમાં ઘેરી લેવા માટે શક્તિશાળી હતો; અને નિ:શંક, મારા ઉપર

તારા (પહેલાના) એહસાનોની યાદ મને પરવાનગી નથી આપતી કે હું તારાથી નાઉમેદ થઈ જાઉં; અને તારી નેઅમતો તથા ઉદારતાની ઉમેદ મારી હિંમતમાં વધારો કરે છે કારણ કે જ્યારથી તુંએ મને ખલ્ક કર્યો છે ત્યારથી હું ક્યારે પણ તારી નેઅમતોથી વંચિત નથી રહ્યો.

અને તું, અય મારા રબ ! તું મારી પનાહ અને તું મારો રક્ષક છે; તું મારી હિફાઝત કરનાર અને તું મારૂં દુ:ખ દૂર કરનાર છે;

તું મારી સાથે ભલાઈ કરનાર તથા તું મારા ઉપર રહેમ કરનાર છે; તું રોજીની જામીન (અતા

કરનાર) છે; જે કંઈ મારી હાલત થઈ ગઈ છે તે તારા હુકમ (નિર્ણય) મુજબ હતી; અને જયાં સુધી પણ હું પહોચ્યો છું તે બધું તારા ઇલ્મ થકી છે.

તેથી, અય મારા માલિક અને મારા સરદાર ! જે કંઈ તુંએ મારા માટે નિર્ધારિત અને નિશ્ચિત કર્યું છે તે મને અતા કર અને એવી મારી સલામતી હોય જે તુંએ નિશ્ચિત કરી હોય તથા જેમાં મારા મામલાઓનો સુધાર હોય અને જે કંઈ દુ:ખ મારા ઉપર પડ્યું છે તેનો અંત આવે;

કારણ કે, નિ:શંક, તેનો નાશ થવાની તારા સિવાય બીજા કોઈથી હું આશા નથી રાખતો અને

તે વિષે તારા સિવાય હું કોઈની ઉપર વિશ્વાસ નથી કરતો.

તેથી, અય જાહોજલાલી તથા ઉદારતાના માલિક ! હુંએ તારા વિષે જે સારા વિચારો રાખ્યા છે તેનો હુકમ કર અને મારી નબળાઈ તથા સગવડોનો ઓછપ ઉપર રહેમ કર; અને મારા દુ:ખને દૂર કર; અને મારી દુઆ કબૂલ કર; અને મારી ભૂલોને માફ કર; અને મને આ બધું અતા કર તથા તેઓને પણ જેઓ તારી બારગાહમાં દુઆ કરે છે. અય મારા સરદાર ! તુંએ મને દુઆ કરવાનો હુકમ ફરમાવ્યો છે અને તે કબૂલ થવા

માટે તું જામીન છે; અને તારો વાયદો સાચો છે જેમાં કોઈ વિરોધ નથી થઈ શકતો કે ન તો તેમાં કોઈ ફેરફાર થઈ (કરી) શકનાર છે;

તેથી, તારા નબી તથા તારા બંદા હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમના અહલેબૈત તથા પાક આલ પર રહેમત નાઝિલ કર અને મારી મદદ કર, કારણ કે, તું નિ:શંક, તું એવો મદદગાર છે જેને કોઈ મદદગારની જરૂરત નથી એ તું એવો રક્ષક છે જેને બીજાની સુરક્ષાની જરૂર નથી; અને હું તારો એવો બંદો છું જેની દુઆ કબૂલ કરવું

તથા તેનું જે કંઈ દુ:ખ છે તેને દૂર કરવું તુંએ તારા માટે વાજિબ કર્યું છે.

તેથી, મારી દુઆ કબૂલ કર તથા મારૂં દુ:ખ દૂર કર; અને મારી મુસીબતોનો નાશ કર; અને જે હાલતમાં હું છું તેમાંથી મને કાઢી મારી હાલતને સારી કર; અને મને લાયકાતના ધોરણે જઝા (બદલો) ન અતા કર પણ તારી રહેમત થકી (જઝા) અતા કર જે રહેમત સર્વે વસ્તુઓ ઉપર છવાયેલી છે, અય જાહોજલાલી અને ઉદારતાના માલિક ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને

હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની આલ ઉપર (અલ્લાહ તઆલાની) રહેમત નાઝિલ થાય; અને (મારી દુઆ) સાંભળ; અને (મારી દુઆ) કબૂલ કર, અય (તું !) શક્તિશાળી !

તારી રહેમત સાથે.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …

www.hajinaji.com

• Like us on Facebook •

## ૬૧-જયારે તેઓ કોઈ મુસીબતમાં આવી પડે અને બીક લાગતી હોય તે સમયે તેમની દુઆ.

અય મારા અલ્લાહ ! તારા ક્રોધને રોકી નથી શકતું સિવાય તારી સહનશીલતા; અને તારી સજાથી કોઈ નજાત અપાવી નથી શકતું સિવાય તારી મગફેરત; અને તારી બારગાહમાં કોઈ બચી નથી શકતું સિવાય તારી રહેમત થકી તથા તારી બારગાહમાં દુઆ કરવા થકી;

તેથી, અય મારા અલ્લાહ ! તારી એ કુદરત (શક્તિ) થકી મને રાહત અતા કર જેના થકી તું

ઉજ્જડ શહેરોને આબાદ કરે છે અને જેના થકી તું મૃત આત્માને ફરી સજીવન કરે છે; અને તું મને હલાક ન કર; અને અય રબ્બ ! મારી દુઆ કબૂલ થવાની મને જાણ કર; અને મારો દરજ્જો તું ઊંચો કર તથા મને ઝલીલ ન થવા દે; અને મારી મદદ કર; અને મને રોજી અતા કર તથા આફતો-બલાથી મને સલામતી અતા કર.

અય અલ્લાહ ! જો તું મારો દરજ્જો ઊંચો કરે તો કોણ છે જે મને નીચો પાડી શકે ? અને જો તું મને ઝલીલ કરી મૂકે તો કોણ છે જે મારો દરજ્જો ઊંચો કરી શકે ? અને હું એ તો નક્કી

જાણું છું કે તારા ફેસલામાં અન્યાય નથી તથા સજા કરવમાં તું જલદી નથી કરતો; અને જલદી એ જ કરે છે જેને નિષ્ફળતાનો ભય હોય તથા નબળો એ છે જેને અન્યાયની સહાયતા લેવી પડે; અને તારી ઝાત તો આથી ઘણી જ સર્વોચ્ચ છે (અને પાક છે)

અય મારા સરદાર !

રબ ! મને મુસીબતોનો નિશાન ન બનાવ, મને તારી સજાનો નિશાનો ન બનાવ અને મને મોહલત (મુદ્દત) અતા કર; અને મારૂં દુ:ખ દૂર કર; અને મારી ભૂલોને માફ કર; અને મને એક

પછી એક મુસીબતોમાં ગિરફ્તાર ન કર; કારણ કે તું મારી નબળાઈ તથા સગવડોની ઓછાપને જુએ છે; અને મને ધીરજ અતા કર, કારણ કે હું, અય અલ્લાહ ! ઘણો જ નબળો છું અને તારી બારગાહમાં તુચ્છ બની દુઆ કરૂં છું.

અય અલ્લાહ ! અને હું તારી બારગાહમાં તારી પનાહ ચાહું છું; તેથી મને પનાહ અતા કર.

અને દરેક આફતો-બલાથી તારી બારગાહમાં હું સલામતી માંગું છું; તેથી, મને સલામતી અતા કર.

અને હું તારા કિલ્લામાં પનાહ માંગુ છું તેથી, મને તારા કિલ્લામાં પનાહ અતા કર અય (રબ ! ) મારા સરદાર ! દરેક એ વસ્તુથી જેની મને બીક છે અને દરેક એ વસ્તુથી જે મને ભયભીત કરી મૂકે છે;

અને તું એવો મહાન છે જે સર્વે મહાનથી પણ મહાન છે !

તારા જ, તારા જ, તારા જ કિલ્લામાં હું પનાહ માંગું છું !

અય અલ્લાહ ! અય અલ્લાહ ! અય અલ્લાહ ! અય અલ્લાહ ! અય અલ્લાહ ! અય

અલ્લાહ ! અય અલ્લાહ ! અય અલ્લાહ ! અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ થાય.

તારી રહેમત સાથે.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …

www.hajinaji.com

• Like us on Facebook •

## ૬૨-રવિવારના દિવસે તેમની દુઆ.

શરૂ કરૂં છું અલ્લાહના નામથી જેના ફઝલ સિવાય હું કોઈથી ઉમેદ નથી રાખતો, જેના ન્યાય સિવાય હું કોઈનો ખોફ નથી રાખતો, જેના કહેણ (કૌલ) સિવાય હું કોઈના ઉપર વિશ્વાસ નથી કરતો અને જેની રસ્સી સિવાય હું કોઈને મજબૂત નથી પકડતો.

હું તારી જ બારગાહમાં મદદ તલબ કરૂં છું, અય મગફેરતના તથા ખુશીના માલિક ! જમાનાના, ખરાબીથી તથા તેની બદલાતી જતી અધમતાથી, વારંવાર મુસીબતો આવી

પડવાથી, અકસ્માતોના અંધકારથી અને સમયનો એ પહેલા અંત આવી જવાથી જે સમય દરમિયાન જરૂરી રોજી (ભાથું) પ્રાપ્ત કરી શકાય.

હું તારી બારગાહમાં એવા કાર્યોની પ્રેરણા માટે વિનંતિ કરૂં છું જેમાં ઉન્નતિ તથા સફળતા હોય; અને હું તારી બારગાહમાં એ બાબતની સહાયતા માંગું છું જેમાં સુધારો તથા પ્રગતિ થઈ શકે; અને હું તારી બારગાહમાં નમ્ર આજીજી કરૂં છું મને તારી સુરક્ષાનો સંપૂર્ણ પોશાક અતા કર તથા દરેક સમયે તારા તરફથી સલામતી અતા

કર; અને હું તારી બારગાહમાં દુઆ કરૂં છું કે મને શૈતાનોની લાલચ (આકર્ષણ) થી બચાવ તથા તારી બાદશાહત થકી મને રાજાઓના જુલમથી પનાહ અતા કર.

બસ, તું મારી ઈબાદત (નમાઝો) તથા રોઝાઓને કબૂલ કર અને મારી આવતી કાલ તથા તેના પછીના દિવસોને આ પળ તથા આજના દિવસ કરતા બેહતર કરાર આપ; મારા કુટુંબમાં તથા મારી કોમમાં મને ઈજ્જત અતા કર અને મારા જાગરણમાં તથા મારી ઊંઘમાં તું મને હિફાઝત અતા કર કારણ કે તું અલ્લાહ છે,

સર્વશ્રેષ્ઠ હિફાઝત અતા કરનાર છે અને તું મગફેરત અતા કરનાર રહીમ (દયાળુ) છે.

અય અલ્લાહ ! હું તારી તરફ રૂજૂઅ કરૂં છું આજના રવિવારના દિવસે તથા આવતા બીજા બધા રવિવારના દિવસોએ અને તારી પનાહ માંગું છું શિર્કથી તથા હદો ઓળંગી જવાથી; અને હું તારી બારગાહમાં પ્રમાણિકતાની સાથે તથા આશાઓ પૂરી થવાની ઈચ્છા સાથે દુઆ કરૂં છું.

તેથી, હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર જેઓ તારી

મખ્લૂકમાંથી સર્વશ્રેષ્ઠ છે તથા મને સચ્ચાઈ તરફ આમંત્રણ આપનારા હતા; મને તારી જાહોજલાલી થકી એવી ઈજ્જત અતા કર જેને કયારેય આંચ ન આવી શકે, તારી નિદ્રાહીન આંખો થકી મારી હિફાઝત કર, તારી દેખરેખ હેઠળ મારા મામલાને સંપૂર્ણતા તથા સારૂં પરિણામ અતા કર અને તારી મગફેરત સાથે મારા જીવનનો અંત કરાર આપ; નિ:શંક, તું મગફેરત અતા કરનાર રહીમ (દયાળુ) છે.

તારી રહેમત સાથે.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …
www.hajinaji.com

• Like us on Facebook •

## ૬૩-સોમવારના દિવસે તેમની દોઆ.

સર્વે વખાણ અલ્લાહ માટે છે જેણે જમીન અને આસમાન ખલ્ક કરતી વખતે કોઈને સાથી નથી બનાવ્યો અને જયારે પોતાની મખ્લૂક કરી ત્યારે તેને કોઈની મદદની જરૂર ન હતી; તેના સિવાય બીજો કોઈ મા'બૂદ નથી અને તેની એકલતામાં કોઈ ભાગીદાર નથી.

તેના ગુણોનું સંપૂર્ણ વર્ણન કરવામાં બધી જબાનો નિષ્ફળ છે અને સર્વે બુદ્ધિઓ તેની પૂરી રીતે ઓળખાણ પ્રાપ્ત નથી કરી શકતી તથા તેમ કરવા જતા થાકી જાય છે; દરેક શક્તિવાન

વ્યકિત તેની બારગાહમાં તેના ખોફથી નમ્ર બને છે અને તેની બીકથી ચહેરાઓ (નજરો) જમીનથી ઊંચા નથી થઈ શકતા; તથા દરેક મહાપુરૂષ તેની બાદશાહતનો આજ્ઞાકિત છે.

નિ:શંક, સર્વે વખાણ અલ્લાહ માટે છે, એક પછી એક, વારાફરતી તથા ક્રમથી, એકબીજા સાથે સંકળાયેલા; અને તેની રહેમત નાઝિલ થાય તેના રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ઉપર દરેક સમયે, તેની સલામતી રહે તેમના ઉપર દરેક સમયે તથા હંમેશા.

અય અલ્લાહ ! મારા આ દિવસની શરૂઆતના હિસ્સામાં મને શાંતિ અતા કર, તેના વચલા હિસ્સામાં સફળતા અને તેના છેલ્લા હિસ્સામાં મને સંતોષ (તથા તારી ખુશી) અતા કર, અને આ દિવસની શરૂઆતના હિસ્સામાં મને તેના ભયથી બચાવ, તેના વચલા હિસ્સામાં મને તેની અશાંતિથી બચાવ અને તેના અંતિમ હિસ્સામાં દુ:ખભર્યા પરિણામથી બચાવ.

અય અલ્લાહ ! હું તારી મગફેરત તલબ કરૂં છું મારી કુલ મન્નતો માટે જે મન્નતો (નઝર) હું એ માની છે, કુલ વચનો માટે જે વચનો હુંએ આપ્યા

છે તથા કુલ કસમો (સોગંદો) જે કસમો હુંએ લીધા છે અને હું તેને (તારી ખુશી માટે) પૂરા નથી કરી શક્યો.

અને હું તારી બારગાહમાં સવાલ કરૂં છું કે મારા સંપર્કમાં આવેલા તારા કોઈ બંદા ઉપર જો હુંએ જુલમ કર્યો હોય, અથવા તારા બંદાઓમાંથી કોઈ બંદા સાથે અથવા તારી કનીઝોમાંથી કોઈ કનીઝ સાથે હુંએ અન્યાય કર્યો હોય, અથવા તેઓમાંથી કોઈ સાથે પણ હુંએ ગેરવર્તણૂક કરી હોય, અથવા તેઓના માલનું (મારા હાથે) નુકસાન થયું હોય,અથવા

તેમના કોઈ સંબંધી કે તેમના દીકરા ઉપર હુંએ જુલમ કર્યો હોય, અથવા તેઓમાંથી કોઈની પણ હુંએ નિંદા કરી હોય, અથવા મારા નફસની ખરાબી, સ્વાર્થ, નફરત કે સ્વમાનના કારણે અથવા ભપકા કે ભેદભાવના કારણે હું તેમનામાંથી કોઈને પણ નુકસાન પહોચાડવાનું કારણ બન્યો હોઉં, તેમની હાજરીમાં કે તેમની ગેરહાજરીમાં, તેમના જીવન દરમિયાન કે તેમના મૃત્યુ પછી અને તેમનું તે નુકસાન ભરપાઈ કરવામાં મારા ટૂંકા હાથ તથા મારી નબળી શક્તિ નિષ્ફળ નીવડયાં હોય અને

તેમનાથી માફી માંગવાનું હું ચૂકી ગયો હોઉં, તો હું તારી બરગાહમા હાજત તલબ કરૂં છું કે હઝરત મોહમ્મદ અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર અને મારા ઉપર તું રહેમ કર કારણ કે તારા મગફેરત કરવાથી તને કંઈ ઓછું નથી થતું તથા તું અતા કરે તો તને કંઈ નુકસાન.નથી પહોચતું, અય તું જે હાજતોનો (અતા કરનાર) માલિક છે, જેની ઈચ્છા પ્રમાણે જ હાજતો પૂરી થાય છે અને દરેક હાજતો તેની મરજી તરફ સંપૂર્ણ થવા આગળ વધતી રહે છે,

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

અય અલ્લાહ ! દરેક અઠવાડિયાના બીજા દિવસે (સોમવાર) મને તું તારી બે નેઅમતો અતા કર. પહેલી એ કે દિવસની શરૂઆત હિસ્સામાં મને તું તારી ઇતાઅત સ્વેચ્છાથી કરવાની પ્રેરણા (નેક તૌફીક) અતા કર અને બીજી એ કે દિવસના અંતિમ હિસ્સામાં મને તારી મગફેરત નેઅમત અતા કર, અય તું ! ઈબાદત ફક્ત જેની કરવામાં આવે છે અને જેના સિવાય ગુનાહોની મગફેરત અતા કરનાર કોઈ નથી.

તારી રહેમત સાથે.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …
www.hajinaji.com

• Like us on Facebook •

## ૬૪-મંગળવારના દિવસે તેમની દુઆ.

સર્વે વખાણ અલ્લાહ માટે છે અને વખાણ ફક્ત અલ્લાહ માટે છે અને એટલા વખાણ જેટલા વખાણ થવાનો તેનો હક છે; અને હું મારા નફ્સની ખરાબીથી પનાહ માંગું છું કારણ કે, નિ:શંક, (ઇન્સાનનો) નફસ ખરાબીનો જ હુકમ કરે છે સિવાય કે મારો રબ રહેમ ફરમાવે; અને હું તેની પનાહ માગું છું શૈતાનની ખરાબીથી જે મારા ગુનાહોમાં ગુનાહો વધારતો જ રહે છે; અને દરેક શક્તિશાળી દુર્જનથી (ગુનેહગારથી), દરેક

બાદશાહથી તથા દરેક તાકતવર દુશ્મનીથી તેનું સંરક્ષણ ઈચ્છું છું.

અય અલ્લાહ ! મને તારા લશ્કરમાં શુમાર કર, કારણ કે, નિ:શંક, તારૂં લશ્કર સદા વિજયી છે; મને તારા ટોળામાં શુમાર કર, કારણ કે, નિ:શંક, તારૂં જ ટોળું સફળતાને વરે છે; અને મને તારા દોસ્તમાં શુમાર કર, કારણ કે, નિ:શંક, તારા દોસ્તો એ છે જેને કોઈ ખોફ નથી (તારા સિવાય) કે નથી તેમને કોઈ રંજ થનાર.

અય અલ્લાહ ! મારા દીનને (ધર્મને) મારા માટે સંપૂર્ણ ફરમાવ, કારણ કે નિ:શંક, તેના થકી

મારા દરેક મામલા સુરક્ષિત રહેશે; અને મારી આખેરતને મારા માટે સંપૂર્ણ ફરમાવ, કારણ કે નિ:શંક, તે મારૂં હંમેશાનું રહેઠાણ છે તથા ત્યાં જ મને દુર્જનોના ત્રાસથી રાહત પ્રાપ્ત થશે; અને મને એવી નેક તૌફીક અતા કર કે હું મારા નેક અમલોમાં વધારો કરતો રહું; અને મને એવું મૃત્યુ અતા કર  જે મારા માટે દરેક ખરાબીઓથી (છુટકારો તથા) રાહત બની જાય.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ ઉપર રહેમત નાઝિલ કે જેઓ તારા આખરી નબી હતા તથા તેમની થકી રસુલોની ગણતરી પૂરી થઈ;

અને તેમની પાક-તાહીર આલ ઉપર રહેમત નાઝિલ કર જેઓ તેમના વેણને અનુસારનારા હતા; અને દરેક અઠવાડિયાના ત્રીજા દિવસે (મંગળવાર) મને (તારી રહેમત થકી) ત્રણ વસ્તુઓ અતા કર.

મારા કોઈ ગુનાહને ‘મગફેરત’ અતા કર્યાં વગરનો ન રહેવા દે, મારા કોઈ દુ:ખને દૂર કર્યાં વગરનું ન રહેવા દે અને મારા કોઈ દુશ્મનને દૂર કરી નાશ કર્યાં વગરનો ન રહેવા દે.

હું એ અલ્લાહના નામથી દુઆ કરૂં છું કે જેના સુંદર નામો છે અને જે જમીન-આસમાનોનો

પાલનહાર છે કે હું દરેક ખરાબીને ત્યજી દઉં જેની શરૂઆત તેની ખુશી છે.

તેથી, મારો અંત (મૃત્યુ) તારી મગફેરત સાથે ફરમાવ,અય એહસાનોનું અતા કરવું પસંદ કરનાર!

તારી રહેમત સાથે.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …
www.hajinaji.com

• Like us on Facebook •

## ૬૫-બુધવારના દિવસે તેમની દુઆ

સર્વે વખાણ અલ્લાહના માટે છે જેણે રાતને પોશાક બનાવી, ઊંઘને આરામ માટે ખલ્ક કરી અને દિવસને રોજી ખોળવા માટે પ્રકાશિત કર્યો. તારા જ માટે સર્વે વખાણ છે જેણે મને ઊંઘમાંથી જગાડયો અને જો તું ચાહતે તો હું હંમેશા ઊંઘમાં જ પડ્યો રહેતે; એવા વખાણ જે હંમેશા માટે હોય તથા તેનો ક્યારે પણ અંત ન હોય અને કુલ મખ્લૂકમાંથી તેની કોઈ ગણતરી ન કરી શકે.

અય અલ્લાહ ! સર્વે વખાણ તારા માટે છે. તુંએ (મખ્લૂકને) ખલ્ક કર્યું, પછી તુંએ ઘાટ

ઘડ્યો, પછી તુંએ નિર્ણિત કર્યું, પછી તુંએ તેને રોજી નક્કી કરી, પછી તુંએ તેની મંજિલ નક્કી કરી, પછી તુંએ તેને સજીવન કરી, પછી તુંએ તેની અજલ (મૃત્યુ) નક્કી કરી, પછી તુંએ તેને બીમાર કરી, પછી તુંએ તેને સાજી કરી, પછી તુંએ તેને સલામતી અતા કરી, પછી તુંએ તેને કાર્યગ્રસ્ત બનાવી; અને પછી તું સિંહાસન ઉપર બિરાજમાન થયો અને મુલ્ક ઉપર સત્તા છવાયેલી છે.

હું તારી બારગાહમાં એના જેમ દુઆ કરૂં છું જેનો વસીલો નબળો થઈ ગયો છે, જેની હિંમત

તથા શક્તિ પડી ભાંગી છે, જેની અજલ (મૃત્યુ) નજીક આવી પહોચી છે, જેની દુન્યવી ઇચ્છાઓ વધી રહી છે, જે પોતાની જરૂરતોના કારણે તારી રહેમતનો સખત મોહતાજ થઈ ગયો છે, જેના સારા અમલો ઓછા હોવાના કારણે તેની ઉમેદો તીવ્ર બની ગઈ છે, જેની ગફલતો તથા ભૂલ અગણિત છે અને તે તારી બારગાહમાં પ્રમાણિકતાની સાથે તોબા કરે છે.

તેથી, હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ઉપર જેઓ તારા નબીઓમાંથી છેલ્લા નબી છે તથા તેમની પાક-

તાહીર આલ ઉપર રહેમત નાઝિલ કર અને હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની મને શફાઅત (મધ્યસ્થી) અતા કર તથા (આખેરતમાં) તેમના સાથથી મને વંચિત ન કર; નિ:શંક, રહેમ કરનારાઓમાં તું સૌથી વધારે રહેમ કરનાર છે.

અય અલ્લાહ! દરેક અઠવાડિયાના ચોથા દિવસે (બુધવાર) મારા માટે ચાર વસ્તુઓ નિર્ધારિત ફરમાવ. તારી ઇતાઅત માટે મને શક્તિ અતા કર, મને તારી ઇબાદતમાં મશગૂલ ફરમાવ, તારી જઝા (ઇનામ) તરફ આગળ

વધવાની નેક તૌફીક અતા કર અને દરેક એ વસ્તુથી બચાવ જેના કારણે તારો ભયંકર અઝાબ ભોગવવો પડે; નિ:શંક, તું જેના સાથે ચાહે તેના સાથે ભલાઈ કરનાર છે.

તારી રહેમત સાથે.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …
www.hajinaji.com

• LIKE US ON FACEBOOK •

## ૬૬-ગુરૂવારના દિવસે તેમની દુઆ

સર્વે વખાણ અલ્લાહ માટે છે જેણે પોતાની કુદરતથી રાતને ખસેડી અને પોતાની રહેમતરૂપે દિવસને પ્રકાશિત કર્યો જેથી તેમાં બધું જોઈ શકાય તથા તેનો પ્રકાશ મને ઓઢાડયો અને મને પોતાનો નેઅમતો અતા કરી.

અય અલ્લાહ ! જેવી રીતે તુંએ મને આજના દિવસે મને બાકી (સલામત) રાખ્યો છે તેવી મારા બાકીના (બીજા) દિવસો માટે પણ મને બાકી (સલામત) રાખ; અને હઝરત મોહમ્મદ

(સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ થાય; અને આ દિવસમાં અને બીજા દિવસોમાં તથા રાતોમાં મને હરામ કામો અને ગુનાહો કરી દુ:ખી થવાથી બચાવ; અને મને આજના દિવસની દરેક સારી વસ્તુઓ અતા કર, જે કંઈ પણ તેમાં સારૂં છે અને તેના પછીના દિવસોમાં જે કંઈ પણ સારૂં છે તે અતા કર અને આજના દિવસની ખરાબી અને જે કાંઈ પણ તેમાં ખરાબ છે અને જે કંઈ પણ ખરાબી તેના પછીના દિવસોમાં છે તેનાથી બચાવ.

અય અલ્લાહ ! (મઝહબે) ઇસ્લામી જવાબદારી સાથે હું તારી બારગાહમાં તવસ્સુલ કરૂં છું અને કુરઆન-મજીદની પાકીઝગી (હુરમત) થકી તારા ઉપર વિશ્વાસ કરૂં છું; અને હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) થકી, જેઓ તારા ચૂંટેલા બંદા અને તેના ઉપર તથા તેમની આલ ઉપર અલ્લાહની રહેમત નાઝિલ થાય, શફાઅત ઈચ્છું છું; અને બસ, તું મને મારી જવાબદારીઓની પૂરી જાણકારી (ઇલ્મ) અતા કર જેને બજાવી લાવવાના કારણે તારી બારગાહમાં હાજત પૂરી

થવાની આશા રાખું છું. અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

અય અલ્લાહ ! દરેક અઠવાડિયાના પાંચમા દિવસે (ગુરુવારે) તું મને પાંચ વસ્તુઓ અતા કર જે તારા કરમ સિવાય કયાંયથી પણ અતા નથી થઈ શકતી અને જે તારી નેઅમતો સિવાય અતા નથી થઈ શકતી. તારી સલામતી સાથે મને શક્તિ અતા કર જેથી હું તારી ઇતાઅત કરી શકું; અને એવી ઈબાદત કરવાની તૌફીક અતા કર જેથી હું તારી સુંદર જઝાને (સવાબને) લાયક બનું; અને મને હલાલ રોજી અતા કરીને મારી

હાલતમાં પ્રગતિ (સુધાર) અતા કર; અને તારી સુરક્ષા થકી મને દરેક ભયના પ્રસંગો તારી અમાન (સલામતી) અતા કર; અને  મને દરેક મુસીબત અને દુ:ખના (રજના) અંધારામાંથી બહાર કાઢી તારા સુરક્ષિત કિલ્લામાં પનાહ અતા કર અને હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર તથા તેના (સલવાતના) થકી કયામતના દિવસે મારી શફાઅત કરીને લાભ પહોચાડે નિ:શંક, રહેમ કરનારાઓમાં તું સૌથી વધારે રહેમ કરનાર છે.

તારી રહેમત સાથે.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …
www.hajinaji.com

• Like us on Facebook •

## ૬૭-શુક્રવારના દિવસે તેમની દુઆ

સર્વે વખાણ અલ્લાહ માટે છે જે દરેક વસ્તુને ખલ્ક કરવા અને દરેક જીવતરને સજીવન કરવા પહેલાં પણ અસ્તિત્વમાં હતો; અને દરેક મખ્લૂક ફના (નાશ) થયા પછી પણ તેનું અસ્તિત્વ બાકી રહેશે; જે એવો જ્ઞાની છે કે કયારે પણ એને નથી ભૂલતો જે તેને યાદ કરે છે, એને નુકસાનમાં નથી રહેવા દેતો જે તેના શુક્ર અદા કરે છે, એને અતા કરવામાં કંઈ ઓછપ નથી રાખતો જે તેની બારગાહમાં દુઆ

કરે છે અને એ આશા કરનારને નિરાશ નથી કરતો જે તેનાથી આશાઓ રાખે છે.

અય અલ્લાહ ! હું તને ગવાહ બનાવું અને ગવાહી માટે, નિ:શંક તું જ કાફી છે; અને હું ગવાહ બનાવું છું બધા ફરિશ્તાઓને, બધા આસમાનના રહેવાસીઓને, તારા સિંહાસનનો ભાર ઝાલનાર બધા ફરિશ્તાઓને અને જેટલા પણ નબીઓને તથા રસૂલોને તુંએ (જમીન ઉપર) મોકલ્યા છે તેઓને તથા તારી મખ્લૂકમાંથી જેટલાને પણ તુંએ જીવન અર્પણ કરી ખલ્ક કર્યાં છે તેઓને અને હું ગવાહી આપું

છું કે તું અલ્લાહ છે, તારા સિવાય કોઈ મા’બૂદ નથી (ઈબાદતને લાયક નથી), તું એક છે, તારો કોઈ શરીક નથી (ભાગીદાર નથી), તારા જેવો બીજો કોઈ નથી અને તારા કહેણમાં કોઈ વિરૂઘ્ધતા નથી કે નથી તેમાં કોઈ ફેરબદલ, અને હઝરત મોહમ્મદ, તેમના ઉપર તથા તેમની આલ ઉપર અલ્લાહની રહેમત નાઝિલ થાય, જેઓ તારા બંદા અને તારા રસૂલ છે, તેમણે તારા બંદાઓ સુધી તે પૂરૂં પહોચાડયું જે પહોચાડવાનું તુંએ તેમને સોપ્યું હતું; અને તેમણે અલ્લાહની રાહમાં પૂરતો જેહાદ કર્યો જેવી રીતે

જેહાદ થવો જોઈએ; અને તેમણે લોકોને બશારત (ખુશખબરી) આપી સવાબની (સારા અમલોના સારા બદલાની) જે સત્ય છે અને લોકોને ખરાબ કામોની સજા માટે (અઝાબની) ચેતવણી આપીને ડરાવ્યા, જે પણ સત્ય છે.

અય અલ્લાહ ! મારી જિંદગી જેટલી તુંએ બાકી રાખી છે તેમાં મને તારા દીન ઉપર મક્કમ રહેવાની તૌફીક અતા કર; તુંએ મારી હિદાયત કર્યાં પછી મારા દિલને ફેરવી ન નાખ; અને તારી રહેમત થકી મારા ઉપર રહેમ કર; નિ:શંક, તું ઘણું અતા કરનાર છે !

અને હઝરત મોહમ્મદ અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર અને મને તેમના સાથીઓ તથા તેમના દોસ્તોમાં શુમાર ફરમાવ અને આખેરતમાં મારો હશ્ર (ફરી સજીવન થવું) તેમના ટોળામાં ફરમાવ; અને મને તૌફીક અતા કર કે હું મારી જુમાના દિવસની ફરજોને અદા કરી શકું, મારી વાજિબ ફરજોની ફરમાબરદારી કરી શકું અને હું એ જઝાને (ઇનામને) લાયક બની શકું જે જઝા તું કયામતના દિવસે તેમ કરનારાઓને અતા કરનાર છે, નિ:શંક, તું

**શક્તિશાળી, હિકમતવાળો (બાદશાહ, માલિક) છે!**

**તારી રહેમતની સાથે અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !**

… Kitab Downloaded from …

www.hajinaji.com

• Like us on Facebook •

## ૬૮-શનિવારના દિવસે તેમની દુઆ.

બિસ્મીલ્લાહિર રહ્‌માનિર રહીમ. આ કલેમાત (મુબારક શબ્દો) તેઓના છે જેઓ સલામતીની દુઆ કરનાર છે અને અને તેમની ચર્ચાના વિષય છે જેઓ સુરક્ષાની ઈચ્છા કરે છે; અને હું અલ્લાહ તઆલાની પનાહ ચાહું છું શક્તિવાનોની બળજબરીથી, ઈર્ષાળુઓના દાવપેચથી અને જુલમગારોની ખરાબીથી; અને સર્વે વખાણ કરનારાઓના વખાણથી વધારે (અને પહેલે) હું તેના ઘણા વખાણ કરૂં છું.

અય અલ્લાહ ! તું કોઈ શરીક (ભાગીદાર) વગરનો એક છે, કોઈએ ચૂંટેલા વગરનો (બાદશાહ) છે અને તારા હુકમની વિરૂધ્ધતા નથી કે નથી તારી સત્તા કોઈ તારો સામનો કરનાર; હું તારી બારગાહમાં સવાલ કરૂં છું કે હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર, જેઓ તારા બંદા અને રસૂલ છે; અને મને તારી નેઅમતો અતા થવા ઉપર તારો શુક્ર કરવાની નેક તૌફીક અતા કર જેના થકી હું તારી ખુશી પ્રાપ્ત કરી શકું; તારી

ઇતાઅત કરવામાં તથા તારી ખંતીલી ઈબાદત કરવામાં મારી મદદ કર; અને તારી કોમળ દેખરેખ હેઠળ મને તારા સવાબને (ઇનામને) લાયક બનાવ; અને મારા ઉપર રહેમ કર તથા જયાં સુધી તુંએ મારી મારી જિંદગી બાકી રાખી છે ત્યાં સુધી મને તારી નાફરમાની કરવાથી બચાવ; અને મારી જિંદગીનો જેટલો સમય બાકી છે તેમાં મને એવી નેક તૌફીક અતા કર કે તેનાથી મને લાભ પહોચે; અને મને તારી કિતાબ (કુરઆન-મજીદ) થકી માનસિક રાહત અતા કર; અને તેની તિલાવત થકી મારા

(ગુનાહોના) બોજને હલકો કર; અને મને મારા દીનમાં તથા મારા નફ્સમાં સલામતી અતા કર; અને મારા સંબંધીઓને મારાથી ભયભીત ન કર; અને મારી જિંદગી જેટલી બાકી છે તેમાં મારા ઉપર એહસાનો સંપૂર્ણ કર જેવી રીતે જિંદગીના વીતેલા વખતમાં તુંએ મારા ઉપર એહસાનો ફરમાવ્યા છે, અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર ! તારી રહેમતની સાથે.

અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

… Kitab Downloaded from …
www.hajinaji.com

## ૬૯-મુનાજાત પહેલી :
## તોબા કરવાવાળાઓની મુનાજાત

અય મઅબૂદ ! ગુનાહોએ મને અપમાન વસ્ત્રો પહેરાવી દીધા. તારાથી દૂર હોવાના કારણે લાચારીએ મને ઢાંકી દીધો. મોટા મોટા ગુનાહોએ મારા દિલને મૃત બનાવી દીધું. એટલે પ્રાયશ્ચિતની સદબુધ્ધિ આપી તેને સજીવન કરી દે.

અય મારી આશા ! અય મારી માગ ! અય મારી ચાહના ! અય મારી આરઝુ ! મને તારી ઈજ્જતની કસમ કે તારા સિવાય કોઈ મારા

ગુનાહો માફ કરનાર નથી, અને તારા સિવાય કોઈને મારી ખોડ પૂરી કરનાર જોતો નથી. હું તારી સમીપ નમીને તૌબા અને ઇસ્તેગ્ફાર કરૂં છું. અને લોથપોથ થઈને તારી સમક્ષ આવી પડયો છું. જો તું મને તારા દરબારમાંથી કાઢી મૂકે તો હું કોનો આશરો લઇશ ? અને જો તે મને તારી ચોખટેથી ધુત્કારી દીધો તો કોનાથી આશ્રય લઇશ ? એટલે તૂફ છે મારી શરમસારી અને રૂસ્વાઈ પર, અને ઘણો અફસોસ મારી આ કુકર્મી દુષણતા પર.

હું સવાલ કરૂં છું તારાથી, અય મોટા ગુનાહોને માફ કરનાર અને તૂટેલા હાડકાં જોડનાર, કે મારા સખ્ત ગુનાહોને બક્ષી દે અને હડધૂત કરનાર ભેદોને ઢાંકી દે. કયામતના મેંદાનમાં મને તારી ક્ષમા અને માફીથી વંચિત ન રાખજે. અને તારા શ્રેષ્ઠ ઢાંકપિછોડા અને ઉપેક્ષાથી વંચિત ન કરજે.

અય મઅબૂદ ! મારા ગુનાહો પર તારા રહેમતના વાદળનો છાંયો નાખી દે. અને મારી ખામીઓ પર તારી મહેરબાનીના વર્ષા કર. અય માઅબૂદ ! ભાગેલો ગુલામ પોતાના આકા

સિવાય કોણી પાસે પાછો ફરે છે ? અથવા એ કે આકાના નારાજ થવા પર તેના સિવાય કોઈ અન્ય તેને આશરો આપી શકે છે ?

મારા માઅબૂદ ! જો ગુનાહના પ્રાયશ્ચિતનો અર્થ તૌબા છે તો મને તારી ઈજ્જતની કસમ કે હું પસ્તાવો કરનારમાંથી છું. અને જો ખતાની માફી માંગવાથી ખતા માફ થઈ જાય તો બેશક હું તારાથી માફી માગનારાઓમાંથી છું. તારો ચોખટ પર છું ત્યાં સુધી કે તું રાજી થઈ જાય.

અય માઅબૂદ ! તારી કુદરતથી મારી તૌબા કબૂલ કરી લે. અને તારા માયાપણાથી મને માફ

કરી દે. અને મારા સંબંધમાં તારા ઈલ્મથી મારા પર મહેરબાની કર.

અય માઅબૂદ ! તું એ છે કે જેણે પોતાના બંદાઓ માટે માફી દેવાના દરવાજા ખોલ્યા છે જેને તેં તૌબાનું નામ આપ્યું તે જ ફરમાવ્યું કે ખુદાની સામે તૌબા કરો શુધ્ધ અંતરની તૌબા. એટલે તેના માટે શું બચાવ છે જે ઉઘાડા દરવાજેથી દાખલ થવામાં પાછી પાની કરે.

અય માઅબૂદ ! જો તારા બંદાથી ગુનાહ થઈ જવા બૂરી વાત છે તો તારા તરફથી માફી મળી જવી તો સારી વાત છે ને ! અય માઅબૂદ

! હું એ જ પહેલો નાફરમાન છું જેની તૌબા તે કબૂલ કરી હોય અને તે તારા ઉપકારનો વાંચ્છુ થયો તો તેના પર તેં અતા કરી હોય. એ ચિંતાતૂરની દુઆ કબૂલ કરવાવાળા. એ સખ્તી ટાળવાવાળા અય ઘણા ઉપકારો કરનાર, અય ગુપ્ત વાતોનો જાણકાર, અય શ્રેષ્ઠ ઢાંકપિછોડો કરનાર, હું તારી સમીપ તારી બક્ષિશ અને તારા એહસાનને ભલામણકાર બનવું છું. અને તારી સામે તારી ઝાત અને તારી દયાને વસીલો બનાવું છું એટલે મારી દુઆ કબૂલ ફરમાવ અને તારાથી મને જે આશા છે તેને ન તોડ. મારી

તૌબા કબૂલ કરી લે અને તારી કૃપા અને દયાથી મારી ભૂલો માફ કરી દે.

અય સૌથી વધારે રહેમ કરવાવાળા.

… Kitab Downloaded from …

www.hajinaji.com

• Like us on Facebook •

## ૭૦-બીજી મુનાજાત :
## શિકાયત કરવાવાળાઓની મુનાજાત

શરૂ અલ્લાહના નામથી જે ઘણો જ મહેરબાન અત્યંત રહેમવાળો છે.

અય માઅબૂદ ! હું તને મારા આત્મા (નફસ)ની શિકાયત કરૂં છું, જે બુરાઈ પર ઉત્તેજનાર અને તારી ખતા કરવા પર ઝડપથી આગળ વધનાર છે, તે તારી નાફરમાનીનો શોખીન અને તારી નારાજીથી ટક્કર લે છે. તે મને તબાહીના પંથે લઈ જાય છે અને તેણે મને તારી સામે હડધૂત અને તબાહ હાલ કરી દીધો

છે. આ મોટો બહાનાબાજ અને લાંબી આશાઓવાળો છે. જો તેને પિડા થાય છે તો ચીખે છે અને જો આરામ મળે તો ચૂપ રહે છે. તે ખેલકૂદ તરફ વધારે વળેલો છે અને ભૂલચૂકથી ભરેલો પડયો છે. મને ઝડપથી ગુનાહો તરફ લઈ જાય છે અને તૌબા કરવામાં ઢીલ કરે છે.

મારા માઅબૂદ ! તારાથી શિકાયત કરૂં છું એ દુશ્મનની જે ગુમરાહ કરે છે અને શયતાનની જે બહેકાવે છે તેણે મારી છાતીને બૂરા વિચારોથી ભરી દીધી છે. તેની ઈચ્છાઓએ મારા દિલને ઘેરી લીધું છે. બૂરી ઈચ્છાઓમાં મદદ કરે છે,

અને દુનિયાના મોહને સારો કરી દેખાડે છે. તે મારી અને તારી બંદગી વચ્ચે રૂકાવટ બની ગયો છે.

અય માઅબૂદ ! હું તારાથી કાળા દિલની શિકાયત કરૂં છું અને બદલતા વિચારોની શિકાયત કરૂં છું. જે રંગ અને તિમિરતાથી કલુષિત છે. આ આંખની શિકાયત કરૂં છું, જે તારા ખોફમાં રડતી નથી. અને જે વસ્તુ સારી લાગે તેનાથી ખુશ છે.

અય માઅબૂદ ! ન મારૂં હલન ચલન ન શક્તિ છે પણ તારી કુદરતથી મળે મળે છે. હું

બચી નથી શકતો દુનિયાના દૂષણોથી પણ માત્ર તારી રખે-વાળાથી. એટલે તારાથી સવાલ કરૂં છું. તારી ગૂઢ હિકમત અને તારી પૂર થનારી મરજીના વાસ્તાથી કે મને તારી બક્ષિશ સિવાય કોઈ બાજૂ ન જવા દે. અને મને ફિત્નાઓનું લક્ષ્ય ન બનવા દે. અને દુશ્મનોની સામે મારો મદદગાર બની જા.મારી ખામીઓ અને રૂસ્વાઇઓને ઢાંકી દે. મારાથી સંકટો દૂર કર અને ગુનાહોથી બચાવી રાખ, તારી રહેમત અને નવાજિશથી

અય સૌથી વધારે રહેમ કરવાવાળા.

## ૭૧-ત્રીજી મુનાજાત :
## ડરનારાઓની મુનાજાત

શરૂ અલ્લાહના નામથી જે ઘણો જ મહેરબાન અત્યંત રહેમવાળો છે

મારા માઅબૂદ ! શું તને એવો સમજું કે ઈમાન રાખવા છતાં મારા પર અઝાબ કરશે ? અથવા તને મહોબ્બત કરૂં તો પણ મને દૂર કરશે ? અથવા તારી દયા અને ઢાંકપિ છોડાની આશા રાખું તો પણ મને વંચિત કરી દેશે. અથવા તારી માફીનો આશરો લઉં તો પણ મૂકી દેશે ? નહીં તારી કૃપાળુ ઝાતથી એ અસંભિવત

છે કે મને નિરાશ કરે. કાશ હું જાણી શકત કે મારી માએ મને દુર્ભાગી જણ્યો અથવા દૂ:ખ માટે પાળ્યો કાશ એ મને ન જણત અને મને ન પાળત અને કાશ મને એ ઇલ્મ હોત કે શું તે મને સદભાગી બનાવ્યો છે અને નિકટતા તથા સમીપતા માટે વિશેષ કર્યાં છે તો તેનાથી મારી આંખો રોશન અને દિલ સંતુષ્ઠ થઈ જાત.

મારા માઅબૂદ ! શું તું એ વદનોને કાળા કરી દેશે, જે તારી મોટાઈને સિજદા કરે છે, અથવા એ જીભોને મૂંગી બનાવશે જે તારી ઊંચી કીર્તિ અને માનના વખાણ કરનાર છે. અથવા એ

દિલો પર સીલ લગાવી દેશે જે પોતાની અંદર તારી મોહબ્બત ધરાવે છે અથવા એ કાનોને બહેરા કરી દેશે જે તારો ઝિક્ર સાંભળવાનું માને મેળવે છે. અથવા એ હાથોને બાંધી દેશે, જેને તારી રહેમતની આશાઓએ તારી સમક્ષ ફેલાવ્યા છે. અથવા એ શરીરોને અઝાબ આપશે ? જેણે તારી તાબેદારી કરી ત્યાં સુધી કે આ પ્રયત્નોમાં દૂબળા થઈ ગયા. અથવા આ પગોને અઝાબ કરશે જે ઈબાદત કરવા દોડે છે.

મારા માઅબૂદ ! જે તારી તવહીદના પરસ્તાર છે તેઓ પર રહેમતના દરવાજા બંધ

ન કરજે. અને તારા દર્શનની આશા રાખે છે તેઓને તારી તજલ્લીઓ પર નજર કરવાથી વંચિત ન રાખજે.

મારા માઅબૂદ ! જે જાનને તેં પોતાની તવહીદ પર ઇમાનનું માન આપ્યું, તેને કઈ રીતે દૂરીના અપમાનથી હડધૂત કરશે. અને જે દિલમાં તારો પ્રેમ સમાએલો છે, તેને તારી આગના તાપમાં કેવી રીતે બળશે.

મારા માઅબૂદ ! મને દર્દનાક કોપ અને સખ્ત નારાજીથી બચાવજે. અય મહોબ્બતવાળા, અય એહસાનવાળા, અય

મહેરબાન, અય રહેમવાળા, અય જબરદસ્ત, અય સર્વોપરી, અય બક્ષનાર, અય ઢાંકપિછોડો કરનાર, મને તારી રહેમતથી જહન્નમના અઝાબથી નજાત આપ. રૂસ્વાઇની શરમિંદગીથી બચાવ, જયારે નેક લોકો અલગ હશે બૂરા લોકોથી, જયારે પરિસ્થિતિ પલટાએલી હશે અને ભય અને ખતરા ઘેરી લેશે. સારા લોકોને નિકટ કરવામાં આવશે અને બૂરા લોકોને દૂર કરવામાં આવશે અને દરેક જીવે જે કંઈ કર્યું છે તે ભોગવશે અને તે તેઓ પર જુલ્મ નહીં કરે.

## ૭૨-ચોથી મુનાજાત :
## આશાવાદીઓની મુનાજાત

શરૂ અલ્લાહના નામથી જે ઘણો મહેરબાન અત્યંત રહેમવાળો છે

અય તે જે બંદો સવાલ કરે તો તેને આપે છે. અને જયારે તે કોઈ ચીઝની આશા રાખે તો તેની આરઝૂ પૂરી કરે છે. જયારે તે તેની તરફ આગળ વધે તો તેને નિકટ કરી લે છે. જયારે તે ખૂલ્લી નાફરમાની કરે તો તેના ગુનાહ પર પર્દો નાખી ઢાંકી દે છે. અને જયારે તે તેના પર વિશ્વાસ કરે તો તેની જરૂરત પૂરી કરે છે.

મારા માઅબૂદ ! કોણ છે જે તારી બારગાહમાં મહેમાન થવા માંગતો હોય તો તું તેની મહેમાની નથી કરતો ? કોણ છે જે બક્ષિશની આશા લઈ તારા દરવાજા પર આવે તો તું તેના પર ઉપકાર નથી કરતો ? શું એ ઉચિત છે કે ? હું તારા દરવાજેથી નિરાશ પાછો ફરૂં ? જયારે કે તારા સિવાય કોઈ મવલા નથી જોતો, જે ઉપકાર અને મહેરબાની કરવાવાળા હોય, પછી શા માટે તારા સિવાય કોઈ બીજાથી આશા રાખું ? જયારે દરેક ભલાઈ તારા હાથમાં છે તો શા માટે તારા સિવાય કોઈથી આરઝૂ કરૂં.

જયારે તું સર્જન અને હુકમનો માલિક છે તો શું તારાથી આશા છોડી દઉં. જયારે તું મને વગર માંગે જ પોતાની કૃપાથી દરેક વસ્તુ અર્પણ કરે છે તો શું તું મારા જેવા શખ્સને મોહ્તાજ કરશે. જયારે કે મેં તારો પાલવ પકડ્યો છે.

અય તે જેણે પોતાની રહેમતથી ઈરાદો કરનારાઓ ભલાઈ આપી અને જે માફી માગનારાઓને પોતાના વેરથી તંગ નથી કરતો. તને કેમ ભૂલી જાઉં, જયારે તારી યાદમાં રચ્યોપચ્યો રહું છું. કેમ તારાથી ગાફિલ રહું ? કેમકે તું મારો રખેવાળ છે.

મારા માઅબૂદ ! મેં પોતાના હાથ તારી કૃપાના પાલવથી લગાડી રાખ્યા છે અને તારી અતાઓની આશા રાખેલ છું, તો મને તારી તવહીદ સાચી માનવાવાળાઓમાં શામિલ કરી લે. અને મને તારા ચુંટેલા બંદાઓમાં ગણી લે.

અય તે દરેક ભાગનાર તેનો આશરો લે છે અને દરેક માંગનાર જેનાથી આશા રાખે છે. અય શ્રેષ્ઠ આશાઓ પૂરી કરનાર, અય શ્રેષ્ઠ પુકારવામાં આવનાર, અય જે માંગનારને ધૂત્કારતો નથી, અને જે આશાવાનને નિરાશ નથી કરતો.

અય તે જેનો દરવાજો પોકારનારાના માટે ઉઘાડો છે, અને ઉમ્મીદવાર માટે પરદો ઊંચકેલો છે. હું તારી કૃપાના વાસ્તાથી સવાલ કરૂં છું કે મારા પર તારી અતાથી એવા એહસાન કર જેનાથી મારી આંખો ઠંડી થઈ જાય અને એવી આશા આપ જેનાથી મને ચેન આવી જાય. એવું યકીન આપ કે જેનાથી દુનિયાની મુસીબતો મારા માટે હળવી થઈ જાય. અને મારી સમજબૂજ પરથી મૂર્ખાઈ પડદા દૂર થઈ જાય, તારી રહેમતના સાથે,

અય સૌથી વધારે રહેમ કરવાવાળા.

## ૭૩-પાંચમી મુનાજાત :
## ધ્યાનીઓની મુનાજાત

શરૂ અલ્લાહના નામથી જે ઘણો જ મહેરબાન અત્યંત રહેમવાળો છે

મારા માઅબૂદ ! જો તારા માર્ગ પર પ્રવાસ કરવામાં મારી વાટખર્ચી ઓછી છે તો પણ મને તારા પર જે ભરોસો છે તેના કારણે હું આશાવંત છું. અને જો મારો ગુનો મને તારી તરફથી સજાનો ડર દેખાડે છે તો પણ તારાથી મારી આશા મને તારા ઇન્તેકામથી બચી જવાની ખુશખબરી આપે છે. અને જો મારો ગુનો મને

તારી તરફના અઝાબની સામે લઈ આવ્યો છે, પરંતુ તારા પર મારો ભરોસો તારા સવાબથી આગાહ કરે છે. જો ગફલતે મને તારી મુલાકાત લાયક નથી રહેવા દીધો, પરંતુ તારી ઉદારતા અને તારી નેઅમતોથી જાણકારીએ મને જાગૃત કરી દીધો છે. અને જો મારા અને તારા વચ્ચે મારા ગુનાહો અને નાફરમાનીઓને અંતર નાખી દીધું છે, તો પણ તારી બક્ષિશ અને મહેરબાનીની ખુશખબરીએ મને તારાથી હેવાયો કરી દીધો છે.

હું સવાલ કરૂં છું તારાથી, તારી ઝાતની પવિત્રતાઓને અને તારા નૂરોના પ્રકાશોના વાસ્તાથી અને તારી સમીપ કલ્પાંત કરૂં છું, તારી રહેમતની નમ્રતાઓ, એહસાનની બારીકીઓના વડે કે મારા વિચારોને સ્થિર કરી દે, એ પર જેની આરઝૂ કરૂં છું તારા મોટા ઉપકારો અને પંસદ કરેલા ઇનામોમાંથી કે હું તારી નિકટ થઈ જાઉં અને તારી પાસે થઈ જાઉં અને તારા આસ્તાના પર નજર નાખું.

અને હા, હવે હું તારી રાહતની ઠંડી લહેરો અને તારી મહેરબાનીનો તાલિબ છું. અને તારી

બક્ષિશો અને મહેરબાનીની વર્ષાનો તલબગાર છું. હું તારી નારાજીથી તારી રજા તરફ દોડનારો છું. તારાથી તારા તરફ જ ભાગનાર છું, જે તારે ત્યાં શ્રેષ્ઠ છે તે ચીઝની. મને તારા આપવા પર ભરોસો છે અને હું તારી રિઆયતનો મોહ્તાજ છું.

મારા માઅબૂદ ! તેં જે મહેરબાનીનો આરંભ કર્યો છે તેને પૂરી કરી દે. અને તેં ઉદારતાથી મને જેં કંઈ આપ્યું છે તેને છીનવી ન લે. અને તારી મહેરબાનીથી જે ઢાંકપિછોડો કર્યો છે તેને

ઉઘાડા ન કર. મારા જે બૂરા કામોને તું જાણે છે, તેઓને માફ કરી દે.

મારા માઅબૂદ ! હું તારી સમીપ તારાથીજ શફાઅત કરવું છું અને તારાથી તારીજ ઝાતનો આશરો લઉં છું હું તારા એહસાનની ઈચ્છામાં તારી પાસે આવ્યો છું, તારી બક્ષિશની આશા રાખું છું. હું તારા વિશેષદાનના વાદળોથી તારા દાનના વરસાદનો તલબગાર છું. તારો રાજીપો ચાહું છું. તારી તરફ ફરનારો છું. તારા સ્વીકારના ઘાટ પર આવ્યો છું તારાથી રોશન ભલાઈઓ માગવા હાજર છું. તારી સમક્ષ તારી સુંદરતામાં

તારી ઝાતના માટે હાજર થયો છું. તારા દ્વાર ખટખટાવું છું, તારી મોટાઈ અને બુઝુર્ગીના સામે વિનમ્ર છું. એટલે મારા પર એ વર્તાવ કર જે તને શોભે છે તે છે બક્ષિશ અને મહેરબાની. અને મારા સાથે એ વર્તાવ ન કર જેને પાત્ર હું છું. જે અઝાબ અને ગુનાહોની સઝા છે.

તારી રહેમતનો વાસ્તો એ સૌથી વધારે રહેમ કરનાર.

… Kitab Downloaded from …
www.hajinaji.com

• Like us on Facebook •

## ૭૪-છઠી મુનાજાત :

## શાકેરીન (કૃતજ્ઞ)ની મુનાજાત

શરૂ અલ્લાહના નામથી જે ઘણો જ મહેરબાન અત્યંત રહેમવાળો છે

મારા માઅબૂદ ! તારી નિરંતર બક્ષિશોએ મને તારો આભાર માનવાથી ગાફિલ કરી દીધો છે. અને તારા ઉપરાઉપરી વિશેષ ઉપકારે મને તારા વખાણનું અનુમાન કરવાથી લાચાર કરી દીધો છે. અને તારી એક પછી એક થવાવાળી મહેરબાનીઓને મને તારી તાઅરીફોના બયાનથી બેધ્યાન કરી દીધો અને તારી ક્રમશ

નેઅમતોએ મને તારા એહસાનોના ઝિક્રથી થકવી દીધો છે.

અને સ્થાન છે એ શખ્સનું જે તારી નેઅમતોને સ્વીકારે છે. અને તેનો શુક્ર અદા કરવાથી અધૂરો રહ્યો. તે પોતાની આ બેધ્યાની અને બેફિકરીનો પોતેજ સાક્ષી છે. અને તું જ એ શરીફ, મહેરબાન, નેકનામ સખી છે, જે તારી બારગાહનો ઈરાદો કરનારને નિરાશ નથી કરતો. અને આરઝૂવાળાઓને તારી ચોખટથી દૂર નથી કરતો. તારા જ દ્વારે ઉમ્મીદવારોના સામાન ઊતરે છે અને તારા જ મયદાનમાં

નેઅમતના ઈચ્છુકોની આશાઓને સ્થાન મળે છે. એટલે અમારી ચાહતોના સામે નિરાશા અને હતાશ ન દે. અને અમને નિરાશા અને પશેમાનીનું વસ્ત્ર ન પહેરાવ.

મારા માઅબૂદ ! તારી મહાનતર નેઅમતોની સામે મારૂં આભાર પ્રદર્શન અને સ્તુતિ તુચ્છ છે. તારી મોટાઈઓની સામે મારી જીભ તારી પ્રશંસા અને ઝિક્રની શું વિસાત. તારી નેઅમતોને મને ઈમાનના નૂરાની વસ્ત્રોમાંથી ઢાંકી દીધો. અને તારી આવકારદાયક ભલાઈએ મને ઈજ્જતનો તાજ પહેરાવ્યો છે. તેં મને

ગૌરવના એ હાર પહેરાવ્યા છે જે ઉતરતા નથી. અને ગળામાં એ તોક નાખ્યા છે જે તૂટતો નથી. તારી મહેરબાનીઓ વધારે છે મારી જીભ તેની ગણત્રી કરવાથી લાચાર છે. અને તારી નેઅમતો અસંખ્ય છે. મારી સમજબુધ્ધિ તેને સમજી નથી શકતી, તેની ગણત્રી તો એક કોર. તો પછી હું ક્યાંથી ખરો આભાર વ્યકત કરી શકું. કેમકે મારો આભાર માનવો પણ તારા ઉપકારનોજ મોહતાજ છે. તો જયારે હું કહું કે તારા માટે હમ્દ (તમામ પ્રશંસા) છે એના માટે મારા પર વાજિબ છે કે હું કહું તારા માટે હમ્દ છે.

તો જેવી રીતે તેં અમને તારી મહેરબાનીથી ખોરાક આપ્યો, અને તારા  એહસાનથી પાલન કર્યું, તો અમારા પર તારી અપૂર્વ નેઅમતો પણ સંપૂર્ણ કર. અને  અઝાબની સખ્તીઓ પણ અમારાથી દૂર કરી દે.અને અમને દુનિયામાં અને આખેરતમાં બેહતર અને વધારે હિસ્સો અતા કર. અત્યારે પણ અને ત્યારે પણ, તારા માટે હમ્દ છે. તારી શ્રેષ્ઠ કસોટી અને અસંખ્ય નેઅમતો પર એવી હમ્દ જે તારી મરજી પ્રમાણે હોય. અને તારા મહાન એહસાન અને બક્ષિશને

મેળવે. અય મહાન, અય કૃપાળું તારી રહેમતનો વાસ્તો.

અય સૌથી વધારે રહેમ કરવાવાળા.

… Kitab Downloaded from …
www.hajinaji.com

• Like us on Facebook •

## ૭૫-સાતવી મુનાજાત :
## તાબેદારોની મુનાજાત

અય માઅબૂદ ! અમને તારી ફરમાંબરદારીની તાલીમ આપ. અને તારી નાફરમાંનીથી બચાવી રાખ. અમારા માટે એ અભિલાષાઓ સુધી પહોચવું સરળ કરી દે જે તારી રઝા મેળવવાનું સાધન હોય. અમને તારી જન્નતના મધ્યમાં જગ્યા દે. અમારી આંખો પરથી શંકાના વાદળો હઠાવી દે. અમારા અંતરોમાંથી વહેમો સંદેહોની રૂકાવટો હઠાવી દે, અને અમારા મનમાં બાતિલને મિટાવી દે.

અમારા અંતરમાં હકને સ્થાપિ કરી દે કેમકે શંકા અને સંદેહો ફિત્નો ઊભો કરે છે. અને બક્ષિશ તથા એહસાનોનો ચટકાળ પર ધબ્બો લગાવે છે.

અય માઅબૂદ ! અમને નજાતના વહાણોમાં જગ્યા દે. તારી સમીપ કરગરવાની મીઠાશ નસીબ કર. અમને તારી દોસ્તીના કુંડોમાં દાખલ કર. અને તારી મહોબ્બત અને નિકટતાની મીઠાશ ચખાડ. અમારો જેહાદ (યત્નો) તારી રાહમાં ઠેરવ. અને તારી તાબેદારીની હીમ્મત આપ. તારી સાથેના

મામલાઓમાં અમારી નિય્યતોને ખાલિસ કરી દે. કેમકે અમે તારી સાથે અને તારા માટે છીએ. તારી બારગાહમાં અમારી ભલામણ કરનાર કોઈ નથી, પણ માત્ર તું જ છે.

અય માઅબૂદ ! મને વરાએલા થોડા નેક લોકમાં ગણી લે. અને મને નેકૂકાર, પવિત્ર હૃદયી, લોકોમાં શામિલ કરી દે. જેઓ ખૂબીઓમાં આગળ વધનાર, અને નેકીઓમાં ઉતાવળ કરનાર છે. જેઓ સારા આસાર પર અમલ કરવાવાળા, ઊંચા સ્થાનો પર પહોચવાના

પ્રયત્નો કરી રહ્યા છે. બેશક તું હર ચીઝ પર કુદરત રાખે છે. અને કબૂલ કરવાવાળો છે.

તારી રહેમતનો વાસ્તો અય સૌથી વધારે રહેમ કરનાર.


… Kitab Downloaded from …

www.hajinaji.com

• Like us on Facebook •

## ૭૯-આઠવી મુનાજાત :
## મુરીદોની મુનાજાત

શરૂ અલ્લાહના નામથી જે ઘણો જ મહેરબાન અત્યંત રહેમવાળો છે

તું પવિત્ર છે ! કેટલા સંકુચિત છે એ લોકોના માર્ગો જેના માર્ગ દર્શક તું ન હોય. અને તેઓ માટે હક કેટલું રોશન છે જેને તું માર્ગ બતાવે.

મારા માઅબૂદ ! અમને તારા દરબાર સુધી પહોચાડનારા માર્ગો પર ચલાવ. અને અમને તારી તરફ લઈ જાવાવાળા સૌથી નિકટ માર્ગો પર ચલાવે રાખ. જે દૂર છે તેને અમારી નજીક

લઈ આવ અને જે કઠણ અને ધરા છે તેને અમારા માટે સરળ બનાવી દે. અમને તારા એ બંદોઓમાં ભેળવી લે જે તારી તરફ આગળ વધવામાં ઉતાવળા છે. અને તારી રહેમતના દરવાજાને સદા ખટખટાવતા રહે છે. રાત દિવસ તારી પ્રાર્થનામાં પ્રવૃત રહે છે અને તારા પ્રભાવથી ભયભીત અને ડરતા રહે છે તેઓ એજ છે જેઓના ઘાટોને તેં સ્વચ્છ કર્યાં. અને તેઓને તેઓની ચાહતો સુધી પહોચાડયા. તેઓના ઉદ્દેશોમાં સફળ બનાવ્યા. અને પોતાની કૃપાથી તેઓની હાજતો પૂરી કરી. તેઓના દિલોને

પોતાની મહોબ્બતથી સભર કરી દીધા. અને તેઓને સ્વચ્છ ઘાટથી તૃપ્ત કર્યાં. તેઓ તારાથી કરગરવાની મજાથી તારી બારગાહ સુધી પહોચ્યા છે. અને તારાથી તેઓએ પોતાના બધા હેતુઓ સિધ્ધ કર્યાં છે.

એટલે અય તે જે તારી તરફ રૂખ કરે તેની પ્રતિ ધ્યાન આપે છે. અને પોતાની કૃપાથી તેને નિરંતર નેઅમતો આપનાર અને બક્ષવાવાળો છે. અને તારા ઝિક્રમાં ચૂક કરનારાઓ પર નમ્ર અને માયાળું છે.

હું તારાથી સવળા કરૂં છું કે મને એ લોકોમાં રાખ જેઓ તારે ત્યાં વધારે ભાગ રાખે છે. તારી સમક્ષ તેઓનું સ્થાન ઊચ્ચ છે અને તેઓએ તારી રહેમતનો વધારે ભાગ મેળવ્યો છે. અને તે તારી મઅરેફતમાં વધારે ભાગ્યવાન છે. એટલે મારી હિમ્મત તારા સુધી આવી તૂટી ચૂકી છે અને મેં મારૂં વલણ તારી તરફ ફેરવી દીધું છે. તું જ છે કે તારા સિવાય મારો કોઈ આશય નથી. મારૂં સૂવું અને જાગવું તારા માટે છે, કોઈ અન્ય માટે નહી. તારી મુલાકાત મારી આંખોની ઠંડક અને તને મળવું મારી અંતરેચ્છા છે. મને તારો

જ શોખ છે અને તારા જ પ્યારનું મને ઘેલું લાગ્યું છે. તારી ચાહત મારો ઈશ્ક છે. અને તારો રાજીપો મારો ઉદ્દેશ. તારા દીદાર જ મારી જરૂરત છે અને તારો સાથ મારી માંગ છે. તારી નિકટતા મારી અંતિમ ઈચ્છા છે અને તારાથી રાઝો નિયાઝ મારો આનંદ અને પ્રમોદ છે. તું જ મારી બીમારી અને રોગની દવા, મારા દિલના ઝખ્મનો ઈલાજ અને કલેજાની ઠંડક છે. અને મારા આ કારણોનું દૂર થવું.

એટલે તું મારા એંકાતનો સાથી બની જા. મારી ભૂલોને માફ કરી દેનારો, ઉણપોને

દરગુજર કરનારો, મારી તૌબા કબૂલ કરનનારો, મારી દુઆ સ્વીકારનારો, મારી રખેવાળીનો ઝિમ્મેદાર, અને ખોડને દૂર કરનારો બની જા. મને પોતાથી અલગ ન કે અને ન તારાથી દૂર હટાવ. અય મારા માટે નેઅમત, અય મારી જન્નત, અય મારી દુનિયા અને આખેરત, અય સૌથી વધુ રહેમ કરવાવાળા.

… Kitab Downloaded from …
www.hajinaji.com

• Like us on Facebook •

## ૭૭-નવમી મુનાજાત : દોસ્તોની મુનાજાત

શરૂ અલ્લાહના નામથી જે ઘણો જ મહેરબાન અત્યંત રહેમવાળો છે

મારા મઅબૂદ ! કોણ છે જે તારી મોહબ્બતની મીઠાશ ચાખે અને પછી તેમાં ફેરફારની ઈચ્છા કરે ! અને કોણ છે જે તારી નિકટતાનો હેવાયો થઈ જાય અને પછી તેનાથી દૂરી શોધે !

મારા મઅબૂદ ! મને એ લોકોમાં ગણી લે, જેને તેં નિકટતા અને દોસ્તી માટે પસંદ કર્યાં છે. અને જેને માટે પોતાની ચાહના અને પ્યારમાં

નિખાલસ કર્યાં છે. જેને પોતાની મુલાકાતનો શોખ અપાવ્યો છે. અને જેને તારા નિર્માણ પર રાજી કર્યાં છે. અને તારી જાતના દર્શન કરવાનો શરફ બક્ષયો છે. જેને પોતાની રજાથી નવાજયા છે. પોતાથી દૂરી અને વિખૂટપણાથી પનાહમાં રાખ્યા છે, અને પોતાના રાજીપાના સ્થાનથી નિકટ રાખ્યા છે. અને તેઓને પોતાની માઅરેફ્ત માટે ખાસ કર્યાં છે, પોતાની ઇબાદતને લાયક બનાવ્યા છે. તેઓના દિલોમાં પોતાની અકીદત પેદા કરી. અને તેઓને પોતાના જલ્વાઓના અવલોકન માટે ચૂંટી

લીધા. તેઓના વદનોને પોતાની સામે નમાવ્યા. તેઓના દિલોને પોતાની મહોબ્બત માટે ખાલી કર્યાં, અને જે કંઈ તારી પાસે છે એની ચાહના આપી. તેઓને પોતાનો ઝિક્ર શિખવાડયો, તેઓને પોતાનો શુક્રની સદબુધ્ધિ આપી અને પોતાની ફરમાંબરદારીમાં પ્રવુત કર્યાં, તેઓને નેક લોકોમાં ગણાવ્યા, અને તેઓને પોતાની સામે કરગરવા માટે ચૂંટ્યા, તેં તેઓથી એ બધી વસ્તુ અલગ કરી દીધી જે તેઓને તારાથી જુદા કરી શકતી હતી.

અય માઅબૂદ ! અમારી એ લોકોમાં ગણત્રી કર, જેઓ તારા દરબારમાં શોખ અને ખુશદિલી રાખે છે. જેની ઝિંદગી રોકકળ છે. તેઓના લલાટ તારી મોટાઈ આગળ ઝૂકેલા છે. તેઓની આંખો તારા સમક્ષ જાગૃત રહે છે, તારા ખોફમાં તેઓના આંસુ વહી રહ્યા છે. તેઓના દિલ તારી મહોબ્બતમાં રચ્યા પચ્યા છે. તેઓના ભીતર તારા રોબથી પીગળી ગયા છે.

અય તે જેની પવિત્રતાના પ્રકાશો મોહિબ્બોને સારા લાગે છે. અને તેની ઝાતના જલ્વા આરિફોના દિલોને ખોલનાર છે. અય

શોખ રાખવાવાળા દિલોની આરઝૂ, અય મોહિબ્બોના અરમાનોની સીમા, હું તારાથી તારી મોહબ્બત અને તારાથી મહોબ્બત રાખવાવાળાઓની મહોબ્બત માગું છું. અને દરેક એ અમલની મહોબ્બત જે મને તારી નિકટ કરવાવાળી છે. હું ચાહું છું કે બીજાઓથી વધારે તારી ઝાતને મારી પ્યારી બનાવ. અને એ કે હું જે તારાથી પ્યાર કરૂં છું તેને મારા માટે જન્નતમાં પ્રવેશવાનું સાધન બનાવ. અને તારા માટે જે મારો શોખ છે તેને નાફરમાનીઓ માટે રૂકાવટ બનાવી દે. અને તારી કૃપા દ્રષ્ટિથી મારા પર

એહસાન કર, મને નરમી અને મોહબ્બતની નજરે જો અને મારા પરથી તારૂં ધ્યાન હટાવી ન લે. મને તારી સમક્ષ ભાગ્યશાળી અને લાભવંતાઓમાં ગણ. અય દુઆ કબૂલ કરવાવાળા. અય સૌથી વધારે રહેમ કરનાર.

… Kitab Downloaded from …
www.hajinaji.com

• Like us on Facebook •

## ૭૮-દસમી મુનાજાત :
## વસીલાવાળાઓની મુનાજાત

શરૂ અલ્લાહના નામથી જે ઘણો જ મહેરબાન અત્યંત રહેમવાળો છે

મારા માઅબૂદ ! તારા દરબાર સુધી મારો કોઈ વસીલો નથી, પણ તારી કૃપા અને મહેરબાની, અને તારા સુધી પહોચવાનો મારો કોઈ ઝરીઓ નથી, પણ તારી રહેમત અને એહસાન, અને તારા રહેમતવાળા નબીની શફાઅત. જેઓ ઉમ્મતને ગુમરાહીથી નજાત આપનાર છે. એ બંને મારા માટે બક્ષિશ પ્રાપ્ત

કરવાનો ઝરીઓ બનાવ અને એ જ બંનને મારા માટે તારી રઝા સુધી પહોચવાનું સાધન ઠરાવ. મારી ઉમ્મીદો તારી કૃપાળુ બારગાહથી લાગેલી છે. અને મારી ઈચ્છા મને દાનની ચોખટે લાવી છે. તો મારી ઉમ્મીદો પૂરી કર. મારા અમલનો સારો અંત લાવ. મને ચૂંટેલા બંદાઓમાં ગણી લે જેને તેં જન્નતની વચ્ચો વચ્ચે જગ્યા આપી છે. અને તેઓને પોતાના કૃપા વાળા ઘરમાં રાખ્યા. તેં મુલાકાતના દિવસે પોતાની બારગાહની તરફ દ્રષ્ટિ કરવાથી તેઓની આંખોની પ્રકાશિત

કરી અને તેઓને પોતાના સાંનિધ્યમાં સચ્ચાઇની મંઝિલોના વારસદાર બનાવ્યા.

અય તે કે ઊતારનારા તેનાથી વધારે કૃપાળુને ત્યાં ઊતરતા નથી. અને ન ઈરાદો કરનાર તેનાથી વધારે દયાળુ કોઈને જુએ છે. અય એ બધાથી શ્રેષ્ઠ જેનાથી એકાંત મળવામાં આવે. અય ઘણો મહેરબાન કે દરેક દૂર કરેલો તારા જ વિશાળ પાલવમાં રક્ષણ મેળવે છે. મેં મારો હાથ ફેલાવ્યો અને તારી ઉદારતાના પાલવને મારી હથેળીમાં પકડી લીધો. એટલે

મને નિરાશ ન કર. અને મને રૂસ્વાઈ અને ખોટમાં ન નાખ.

અય દુઆ સાંભળનારા, અય સૌથી વધારે રહેમત કરનાર.

… Kitab Downloaded from …
www.hajinaji.com

• LIKE US ON FACEBOOK •

## ૭૯-અગિયારમી મુનાજાત :
## નિરાધારોની મુનાજાત

શરૂ અલ્લાહના નામથી જે ઘણો જ મહેરબાન અત્યંત રહેમવાળો છે

મારા માઅબૂદ ! કોઈ મારી ખોટ પૂરી નથી શકતો પણ તારી કૃપા અને મહેરબાની. અને મને મોહતાજીમાંથી કોઈ નથી કાઢી શકતું પણ તારી નવાજિશ અને એહસાન. કોઈ મારા ભયને શાંતિમાં નથી ફેરવી શકતો પણ તારો આશરો. મારા અપમાન તે માનમાં નથી બદલી શકતો પણ તારી શક્તિ. મારા અભિલાષ પૂરી નથી

થઈ શકતી પણ તારી અતીકૃપાથી. મારી હ્રાજતો પૂરી નથી થતી પણ તારી બક્ષિશથી. તારી સિવાય કોઈ મારી જરૂરત પૂરી નથી કરતું. તું જયાં સુધી દયા ન દાખવે મારા સંકટો દૂર નથી થતા. તારી મહેરબાની વગર મારૂં બિચારાપણું દૂર નથી થતું. મારા દિલની બળતરાને તારો જ મિલાપ ઠંડો કરી શકે છે.

મારા દિલના ઝખમને તારી મુલાકાત જ ઠારી શકે છે. મારા શોખને તારા જલ્વા જ પૂરો કરી શકે છે. તારા સાંનિધ્ય વિના મને શાતા નથી વળી શકતી. મારા દુ:ખ દર્દને તારી

ખુશનૂદી જ મિટાવી શકે છે. અને મારી બીમારી તારી દવા વિના દૂર નથી થાતી. મારો ગમ તારી નિકટતા વિના જાતો નથી. તારા આંખ મીચામણા મારા ઝખમને સારા કરી શકે છે, તારો દરગુઝર જ મારા દિલના મેલને સાફ કરી શકે છે. તારા જ હુકમથી મારા મનનો વહેમ દૂર થઈ શકે છે.

તો અય ઉમ્મીદ કરવાવાળાઓની ઉમ્મીદનું છેવટ, અય સવાલીઓના સવાલની છેવટ, એ તલબગારોની અંતિમ તલબ, અય આસકતોની આસકિતથી ઉચ્ચતર, અય નેક લોકોના

સરપરસ્ત, અય ભયભીતોનો આશરો, અય વ્યાકુળોની યાચના કબૂલ કરવાવાળા, અય નાદારોની મૂડી, અય પીડિતોના ખજાના, અય ન્યાય માંગનારાઓને ન્યાય આપનાર. અય ફકીરો અને નિરાશ્રિતોની હાજતો પૂરી કરનારા, અય ઇઝઝતદારોમાં મોટા ઇઝઝતદાર, અય સૌથી વધારે રહેમ કરનારા, તારી આગળ કરગરૂં છું અને તારાથી જ માંગું છું તારી જ સામે શિકાયત અને કલ્પાંત કરૂં છું.

હું માંગણી કરૂં છું તારી રઝાની લહેરની મારા સુધી પહોચાડી દે. અને સદા મારા પર

ઉપકાર અને કૃપા કર. હા, હવે તારી ઉદારતા ના દ્વારે આવી ઊભો છું. અને તારી શ્રેષ્ઠ ભેટોની આશા રાખું છું અને તારી મજબૂત રસ્સીને પકડી ઊભો છું. અને તારી અતૂટ દોરી થામી લીધી છે. મારા માઅબૂદ ! તારા આ પતિત બંદા પર દયા કર, જેની જીભ મૂંગી અને અમલ થોડા છે. તેના પર તારી વિશાળ સખાવતથી એહસાન કર, અને તારા ઊચ્ચતર છાંયામાં આશરો દે. અય કરીમ, અય જમીલ, અય સૌથી વધારે રહેમ કરનાર.

… Kitab Downloaded from …
www.hajinaji.com

## ૮૦-બારમી મુનાજાત : આરિફોની મુનાજાત

શરૂ અલ્લાહના નામથી જે ઘણો જ મહેરબાન અત્યંત રહેમવાળો છે

મારા માઅબૂદ ! તારી કીર્તિવંત શાનને લાયક તારી પ્રશંસા કરવાથી જીભો અવાચક છે. અને તારા સૌંદર્યની હકીકતને સમજવામાં લોકોની બુધ્ધિઓ બહેર મારી ગઈ છે. તારી ઝાતની તેજસ્વિતા તરફ દ્રષ્ટિ કરવાથી આંખો અશકત છે લોકો માટે તારી માઅરેફતની પ્રાપ્તિ માત્ર એટલી જ છે કે તે મઅરેફતમાં અધૂરી છે.

મારા માઅબૂદ ! મારી ગણત્રી એ લોકોમાં કર જેઓની હૃદય વાટિકામાં શોખના વૃક્ષો જડ પકડી ચૂકયા છે. અને તારી મોહબ્બતના દર્દોએ તેઓના દિલોને ઘેરી લીધા છે, હવે તેઓએ યાદોના માળાઓમાં આશરો લીધેલ છે, અને તારા સાંનિધ્ય અને જલ્વાના બાગોમાં સેર કરી રહ્યા છે. અને તારા પ્યારના ઝરણાઓમાંથી પ્રેમના જામોના ઘૂંટ પી રહ્યો. અને સ્વચ્છ, નિર્મળ ઘાટો પર ઊતર્યા છે, તેઓની આંખોથી પરદા ઊંચકાઈ ગયા છે. અને શંકાની કાલિમ તેઓની આસ્થાઓ અને દિમાગોમાંથી ધોવાઈ

ગઈ છે, તેઓના દિલો અને અંતરોથી સંદેહોની અસરો ભૂંસાઈ ચૂકી છે.

સાચી મઅરેફત પ્રાપ્ત થવાથી તેઓની છાતી ખૂલી ગઈ છે. સદભાગ્ય માટે પરહેઝગારીમાં તેઓની હિમ્મતો ઊંચી થઈ ગઈ છે. ચારિત્ર્યના ઝરણામાં તેઓનું પીણું મધૂરૂં છે. લાગણી અને વહાલની મહેફિલોમાં અંતર શુધ્ધ છે, ભયજનક જગ્યાઓ પર તેઓને વર્ગ નચિંત છે, અને પાળવાવાળાઓના પાળવાવાળા તરફ પરાવર્તનમાં તેઓના આત્માં સંતોષી છે. તેઓની રૂહોને બક્ષિશ અને સફળતાનું યકીન છે.

તેઓની આંખો મહેબૂબના દિદારથી ઠંડક અનભુવે છે. તેઓને હાજતો પૂરી થવા અને આશાઓ પૂરી થવાથી ધરપત છે.

આખેરતના માટે દુનિયા વેચવામાં તેઓના સોદો નફો આપનાર છે.

મારા માઅબૂદ ! એ કલ્પનાઓમાં કેવી મજા છે જે તારા ઝિકથી દિલમાં આવે છે. અને કેટલો મધુરો છે એ પ્રવાસ જે ખુદના વિચારે ગુપ્ત માર્ગો પર ચાલુ છે. અને કેટલો સરસ છે તારા પ્રેમનો સ્વાદ અને કેટલું મીઠું છે તારા સાંનિધ્યનું શરબત તો અમને તારા પાસેથી

હાંકી કાઢવાથી બચાવી લે. અને તારાથી દૂર ન કર. અમને ગણી લે પોતાના ખાસ આરિફો અને સૌથી વધારે નેક બંદાઓમાં અને પોતાના સાચા ફરમાંબરદારો અને ખરા ઈબાદત કરનારાઓમાં રાખ. અય મહાનતા વાળા, અય પ્રભાવશાળી, અય મહેરબાન, અય અર્પણ કરનારા તને તારી રહેમત અને એહસાનનો વાસ્તો અય સૌથી વધારે રહેમ કરનાર.

## ૮૧-મુનાજાત તેરમી :
## ઝિક્ર કરવાવાળાઓની મુનાજાત

શરૂ અલ્લાહના નામથી જે ઘણો જ મહેરબાન અત્યંત રહેમવાળો છે

મારા માઅબૂદ ! જો તારો હુકમ માનવો વાજિબ ન હોત તો હું તારો ઝિક્ર પોતાની જીભે ન લાવત. કેમકે હું તારો જે ઝિક્ક કરૂં છું તે મારા અનુમાન પ્રમાણે છે, ન તો તારી શાનને લાયક, અને મારૂં શું ગજું કે, હું તારી પવિત્રતા અને પાકીઝગી ગાવાને લાયક બની શકું. આ વાત તારી અમારા પર મહાન નેઅમતોમાંથી છે કે

તારો ઝિક્ર અમારે જીભે થઈ રહ્યો છે. અને અમને તારાથી દુઆ માંગવા અને તારી પવિત્રતા બયાન કરવાની છૂટ છે.

મારા માઅબૂદ ! અમને તારો ઝિક્ર કરવાની સદબુધ્ધિ દે, કે અમે છાના અને છતાં, રાત અને દિવસ, આશકાર અને ગુપ્ત અને ખુશી અને ગમમાં તારો ઝિક કરતા રહીએ. અમને તારા છુપા ઝિક્રથી હેવાયા કરી દે. અને પવિત્ર કામ અને ગમતી કોશિશમાં લગાવ. અને પૂરા માપથી અમને વળતર આપ.

મારા માઅબૂદ ! પ્યાર ભર્યા અંતર તારાથી લગાવ રાખેલ છે. તારી મઅરેફતમાં વિવિધ અકલો એકમત ધરાવે છે એટલે દિલને શાતા નથી વળતી તારા ઝિક વિના. અને તારી ઝાત પર શ્રધ્ધા રાખવાથી આત્માઓને શાંતિ મળે છે. તારી તસ્બીહ હર જગા થઈ રહી છે. અને દરેક યુગમાં તારી ઈબાદત થઈ રહી છે. અને તું હર વખત હર જગ્યાએ મોજૂદ હોય છે અને દરેક ભાષામાં તને પોકારવામાં આવે છે, અને દરેક દિલમાં તારી મહત્તા સ્થાપિત છે. હું માફી માંગું છું તારાથી તારા ઝિક્ર સિવાય દરેક લિજ્જતથી,

તારી મહોબ્બત સિવાય દરેક રાહતથી, તારા સાંનિધ્ય સિવાય દરેક આંનદ પર, અને માફી ચાહું છું, તારાથી તારી પયરવી સિવાય દરેક કામથી.

મારા માઅબૂદ ! તેં જ કહ્યું છે અને તારૂં કહેવું સાચું છે કે અય ઈમાન લાવવાવાળાઓના ઝિક કરો અલ્લાહનો ઘણો ઘણો ઝિક્ર અને સવાર સાંજ તેની પવિત્રતા બયાન કરો. વળી તેં જ કહ્યું છે અને તારૂં કહેવું ખરૂં છે કે, તમે મને યાદ કરો હું તમને યાદ કરીશ. તેં અમને યાદ કરવાનો હુકમ આપ્યો અને અમને વચન આપ્યું

કે તું પણ અમને યાદ રાખશે. આ અમારા માટે સદભાગ્ય છે, માન છે મોટાઈ છે. એટલે હવે અમે તને યાદ કરી રહ્યા છીએ જેવો તેં હુકમ આપ્યો છે એટલે તું પણ અમને આપેલ વચન પૂરૂં કર અય યાદ કરવાવાળાઓને યાદ કરવાવાળા અને એ સૌથી વધારે રહેમ કરનાર.

... Kitab Downloaded from ...
www.hajinaji.com

• Like us on Facebook •

## ૮૨-મુનાજાત ચૌદમી : આશ્રિતોની મુનાજાત

શરૂ અલ્લાહના નામથી જે ઘણો જ મહેરબાન અત્યંત રહેમવાળો છે

મારા માઅબૂદ ! અય આશરો અપનારાઓના અશરા,એ આશ્રય લેનારાઓના આશ્રય સ્થાન, અય હલાકતવાળાઓના નજાત દેવાવાળા, અય નિરાધારોના આધાર, અય બેકસો પર દયા કરનાર, અય પરેશાનોની દુઆ કબૂલ કરનાર, અય મોહતાજોના ખજાના, અય તૂટેલાઓને જોડનારા, એ બેઘરોના આશરા, અને અશકતોની મદદ કરવાવાળા, અય

ભયભીતોના આશરા, અય દુખિયાઓની ફરિયાદે પહોચવાવાળા, એ આશ્રય ઢૂંઢ નારાઓની મજબૂત પનાહગાહ, જો હું તારી ઈઝઝતનો આશરો ન લઉં તો કોનું શરણ લઉં, અને જો તારી કુદરતથી યાચના ન કરૂં તો કોનું યાચું ? મારા ગુનાહોએ મને મજબૂર કરી દીધો છે કે હું તારા ક્ષમાના પાલવને પકડી લઉં અને મારી ભૂલોને મને તારી ઉપેક્ષાના દ્વારો ઉધાડવાની વાટ જોનારો બનાવી દીધો છે. મારા કુકર્મોએ મને તારી ઈઝઝતની ચોખટ પર પડાવ નાખવાનું કહ્યું છે. અને તારા અઝાબના

ભયે મને તારી મહેરબાનીની દોરી પકડી લેવા પર તૈયાર કરી દીધો છે. અને સાચું એ છે કે જે તારી રસ્સી પકડી લે તેને રૂસ્વા ન કરવામાં આવે અને એ યોગ્ય નથી કે જે તારી ઇઝઝતનો આશરો લે તેને નિરાધાર છોડી દેવામાં આવે.

મારા માઅબૂદ ! અમને તારી હિમાયત વગર ન છોડજે અને અમને તારી નજરથી વંચિત ન રાખ, અને અમને ધાતક જગ્યાઓથી દૂર રાખ. કેમકે અમે તારી નજર સમક્ષ અને તારા શરણમાં છીએ, હું તારી મખ્લૂકમાં નેક બંદાઓનો વાસ્તો દઈ તારાથી સવાલ કરૂં છું કે

અમારા પર એવી ઢાલ નાખી દે જે અમને નાશથી બચાવે અને આફતોથી સલામત રાખે. અને તું અમને મોટી મુસીબતોથી મુક્તિ આપ. હું ચાહું છું કે તું અમારા પર તારા તરફથી તસલ્લી ઉતાર અને અમારા વદનોને તારી મહોબ્બતોના નૂરથી ઘેરી લે. અમને તારા મજબૂત અને સધ્ધર સ્તંભથી ટેકો આપ અને તારી ઇસ્મતની છાંયમાં લઈ લે વાસ્તો તારી રહેમત અને માયાળુપણાનો, અય સૌથી વધારે રહેમ કરનાર.

## ૮૩-મુનાજાત પંદરમી :
## પરહેઝગારોની મુનાજાત

શરૂ અલ્લાહના નામથી જે ઘણો જ મહેરબાન અત્યંત રહેમવાળો છે

મારા માઅબૂદ ! તેં અમને એવા ઘરમાં રાખ્યા જેને એના પ્રપંચોની કોદાળીએ અમારા માટે ખોદયું છે. અને તેં અમને આરઝુઓના હાથે તેની ફરેબની જાળમાં જકડી લીધો છે. એટલે અમે આ દુનિયાના પ્રપંચો અને ધોકાઓથી તારી પનાહ માંગીએ છીએ. અને તેના જૂઠા મોભાથી બચવા માટે તારો મજબૂત દામન

પકડીએ છીએ. કેમકે તે પોતાના વાંચ્છુઓને હલાક કરવાવાળી, અહીં આવવાવાળાઓનો નાશ કરનારી, આફતોથી, ભરેલી, બદહાલીઓથી ભરપૂર છે.

મારા માઅબૂદ ! અમને એમાં સંયમ અતા કર. અને તારી મદદ અને હિફાઝત સાથે તેનાથી બચાવી રાખ. તારી વિરૂધ્ધતાના આવરણો અમારાથી જુદા કરી દે. તારી બેહતરીન કિફાયતથી અમારા કાર્યોની સરપરસ્તી કર. અમારા માટે તારી વિશાળ રહેમતો ઘણી વધારે કરી દે. તારી અતાઓના

ફયઝથી અમને શ્રેષ્ઠ બદલાઓ દે. અમારા દિલોમાં તારી મોહ્બ્બતના વૃક્ષો મીઠાશ ઉગાડી દે. અમને તારી માઅરેફતના પ્રકાશો અર્પણ કર. અને તારી ક્ષમાની મીઠાશ અને બક્ષિશની લિજજતનો સ્વાદ ચખાડ. તારી મુલાકાતના દિવસે તારા સૌંદર્યથી અમારી આંખોને ઠંડી કરી દે. અને અમારા દિલોમાંથી દુનિયાની મહોબ્બત કાઢી નાખ, જેમ તેં તારા ખાસ નેકુકારો અને તારા ચૂંટેલા ભલા ચારિત્ર્યવાનો માટે કર્યું. તને વાસ્તો તારી રેહમતનો અય સૌથી વધારે

રહેમત કરવાવાળા. અને અય સૌથી વધરે કૃપાળું.

… Kitab Downloaded from …
www.hajinaji.com

• Like us on Facebook •

## ૮૪-ભલાઈ માંગવાની મુનાજાત

અય માઅબૂદ ! તારી પસંદ એ છે કે, જે કામ માટે મેં ભલાઈ તારાથી માંગી તો તું આરઝૂઓ સુધી પહોંચાડી દે છે. મોટી મોટી અતાઓ કરેલ છે, હેતુઓમાં સિધ્ધિ આપે છે. કારોબારને પાક કરી દે છે. શ્રેષ્ઠ માર્ગ પર ચલાવે છે. પ્રશંસનીય અંજામ સુધી લઈ જાય છે. અને ખતરનાક સંકટોથી બચાવે છે.

અય માઅબૂદ ! તારાથી એ કામમાં ભલાઈ ઈચ્છું છું, જેનો મેં ઈરાદો કર્યો અને મારી બુધ્ધિ ત્યાં સુધી લઈ ગઈ. અય માઅબૂદ, આમાં જે

મુશ્કેલ હોય તેને આસન કરી દે, જે દુષ્કર છે તેને સમતોલ કરી દે, સખ્ત કામમાં મારી મદદ કર. બૂરા પરિણામથી બચાવી લે. અને અય પરવરદિગાર ! તેનું પરિણામ સારૂં કરી દે. ખતરામાં સલામતી આપ. દૂરને નિકટ અને તંગીને આસાનીમાં બદલી નાખ.

અય માઅબૂદ ! મારી દુઆ કબૂલ કર. મારી ઈચ્છા પૂરી કરી દે. મારી હાજત પૂરી કર. આ કામની વિકટતા મારા માટે દૂર કર. તેની બૂરાઈઓને દૂર કર. અને

અય માઅબૂદ ! એમાં મને સફળતાનો પરચમ આપ. એ ભલાઈ દે જે તારાથી માંગી છે. જે દુઆ માગી છે તેમાં વધારે ભાગ દે. એ લાભ આપ જેની તારાથી આશા બાંધી છે. આ મકસદમાં સફળતા આપ. તેમાં વધારે સારૂં કર. તેમાં મને ખુશીના સાધનો વધારે આશકાર કરી દેખાડ. કે તેમાં સફળતાના નિશાન સાફ હોય. તેમાં ક્ઠણાઇના માર્ગો બંધ કરી દે.તેને આસાનીની નિકટ કરી દે. તેમાં માધ્યમ વસ્તુને પ્રકાશિત કરી દે. તેમાં બંધાએલને છોડી દે. તેનો પાયો મજબૂત બનાવ કે મને સારૂં જ સારૂં પ્રાપ્ત

થાય, જેમાં લાભો હોય, નુકસાનને હટાવી દે, નફો અતા કર. અમલમાં પાકીઝગી દે, કેમકે તું વધારે દેવાવાળો અને આપવામાં પહેલ કરનારો છે.

… Kitab Downloaded from …
www.hajinaji.com

• Like us on Facebook •

## ૮૫-ગુનાહોથી માફીની મુનાજાત

અય માઅબૂદ ! તારી રહેમતની વિશાળતાએ મને ગુનાહોની માફી માગવાની હિમ્મત આપી છે. તારા તરફથી મહેતલ અને નરમીની આશાએ મને તારો આશરો લેવા અને માફી માગવાનો હોસલો આપ્યો છે.

અય પરવરદિગાર ! મારા ગુનાહ એવા છે જેની સામે વેરનું મુખ છે. મારી એવી ખતાઓ છે, જે ઊંચકી લેવાને લાયક છે જેના કારણે હું તારા ન્યાયને લક્ષમાં લેતા સખ્ત અઝાબને પાત્ર છું. અને તારા તરફથી આકરી સઝાને

યોગ્ય બની ચૂક્યો છું. મને ડર છે કે, આ દુઆના સ્વીકારમાં વિલંબ કરાવશે અને હાજતો પૂરી થવામાં રૂકાવટ બનશે. એનું કારણ મારૂં માગવું, લાભ ઉપાડવો અને મારા શોખને ઓછો કરવો છે. કેમકે ગુનાહો અને ખતાના બોજાઓ મારી કમરવાળી નાખી છે અને હું મજબૂરીથી તેનો બોજ ઉપાડેલ છું.પરંતુ અય પરવરદિગાર, જયારે મેં ખતાકારોથી તારી નરમી, ગુનેહગારો વિશે તારી માફી, અને દરગુઝર, અને નાફરમાનો પર તારી મહેરબાનીને જોઈ તો હું તારા પર ભરોસાની સાથે તારી તરફ વધ્યો

અને પોતાને તારી ચોખટે નાખી દીધો. તને પોતાના દિલનું દર્દ કહેતા એવી ચીઝનો સવાલ કર્યાં જેનો હું પાત્ર નથી, અર્થાત વહેમો ટાળવાના અને જેનો હકદાર નથી, અર્થાત ગમ દૂર કરવા માટે તારી દરગુઝરનો તાલિબ છું. મારા મૌલા મને તારા પર ભરોસો છે.

અય માઅબૂદ ! મારા પર એહસાન ફરમાવી સુખ દે. સંકટોમાંથી આસાનીથી નિકાળ. તારી મહેરબાનીથી મારૂં માર્ગદર્શન કર સીધા માર્ગની તરફ. અને તારી કુદરતથી મને ગુમરાહીના માર્ગથી હટાવી લે. તારી

દરગુઝરથી કામ લઈ મને દુ:ખોની કેદથી છોડાવી લે. તારી રહેમતથી મારી જેલ સમાપ્ત કર. તારો રાજીપો અતા કર મારા પર તારા એહસાન અને કૃપા કર. મારા ગુનાહ બક્ષી દે. સંકટ દૂર કરી દે. મારી રોકકળ પર દયા કર. મારી દુઆની ઉપેક્ષા ન કર મને માફી દઈને શક્તિવાન બનાવી દે, તેનાથી મારી કમર મજબૂત કર, તેનાથી મારા કામ સારા કરી દે. તેનાથી મારી ઉમ્રમાં વધારો કર. હિસાબના દિવસે અને કબરમાંથી ઊભા થવા ટાણે દયા

કર, બેશક તું ઉદાર અતા કરવાવાળો, બક્ષવાવાળો મહેરબાન છે.

… Kitab Downloaded from …
www.hajinaji.com

• Like us on Facebook •

## ૮૯- મુસાફરીની મુનાજાત

અય માઅબૂદ ! મેં મુસાફરોની ઈરાદો કર્યો છે. તેમાં સારપ પેદા કર, તેમાં મારા માટે પાકા ઈરાદાની રાહ ખોલી દે. અને સમજાવી દે. તેમાં મારા માટે સાબિત કદમ રહેવાનો રસ્તો ખોલી દે. મને આ સફરમાં સલામતી આપ. મને ઘણી વધારે આવક અને ઇઝઝત અતા કર. મને તારી શ્રેષ્ઠ હિફાઝત અને રખેવાળીમાં રાખ.

અય માઅબૂદ ! મને પ્રવાસના પરિશ્રમથી રક્ષિત રાખ. જંગલોની સખ્તીઓ મારા માટે

આસાન કરી દે. દૂરની મંઝિલોને મારા માટે સંકોચી લે. પાણીના દૂરના ઘાટ મારા માટે નિકટ કરી દે. સફર દરમિયાન ભાર ખેચનારાઓના પગલા મોટા કરી દે ત્યાં સુધી કે દૂરના અંતર નિકટ અને જંગલોની સખ્તીઓ આસાન થઈ જાય. અને

અય માઅબૂદ ! આ સફરમાં બરકતવાળા પંખીઓને મારી સાથે કરી દે. તેમાં સલામતી લબ્ધ કર. અડગતાને રખેવાળ બનાવ. અને માર્ગના ખતરાઓ માટે માર્ગદર્શક. ઘણા બધા

લાભોનું સાધન અને દેખભાલ કરનાર રક્ષક અતા કર.

અય માઅબૂદ ! મારા પ્રવાસને સલામતીવાળો લાભદાયક બનાવ. રાત મારા માટે આફતોથી બચવાની ઓથ અને દિવસને ખતરાઓ રોકવાનું સાધન બનાવી દે. તારી કુદરતથી ડાકુઓને ટોળાઓને મારાથી હટાવી રાખ. તારી તાકતથી મને ભક્ષક પ્રાણીઓથી બચાવી રાખ ત્યાં સુધી કે તેમાં સલામતી મારી સંગાથી અને રક્ષણ મારી સાથે રહે. બરકત મારી પાછળ આસાની મારી હમસફર, તંગી

મારાથી દૂર, સફળતા મારી સાથે અને અમન મારો સાથી હોય.

બેશક તું બક્ષિશ અને એહસાનનો ધણી અને બળ તથા શક્તિવાળો છે. તું જ દરેક ચીઝ પર કુદરત રાખે છે. અને પોતાના બંદાઓને જોવે, જાણે છે.

… Kitab Downloaded from …
www.hajinaji.com

• Like us on Facebook •

## ૮૭-રોજી માગવાની મુનાજાત

અય માઅબૂદ ! મારા પર તારી રોજીની નિરંતર વર્ષા કર. મારા પર તારી કૃપા માયાનો ધોધમાર વરસાદ વરસાવ. મારા પર તારી ભેટોની ઉપર ઉપરી વર્ષા કર. જરૂરત ઉપરાંત વધારાની નેઅમતોનો છાંયો કરી દે. તારી સખાવતથી મને તારો જ મોહ્તાજ રાખ. મને એ શખ્સથી બેપરવા કરી દે જે તારાથી માંગે છે. તારા ફજલ (અતિદાન) ને મારી નાદારીની દવા બનાવ. તારી અતાથી મારી હાજતોને જાગૃત કર. મારી તંગદસ્તીને તારી ઘણી અતાઓને

અને મારી નિરાધારતાને તારી બક્ષિશનો સદકો દે.

અય પરવરદિગાર ! મારા માટે રોજીનો માર્ગ સરળ કરી દે. મારા માટે તેનો મૂળો મજબૂત કરી દે. તારી રહેમતથી મારા માટે વિપુલતાના વહેણો જારી કરી દે. તારી મહેરબાનીથી મારા જીવનમાં ખુશીઓની નહેરો ચાલુ કરી દે. મારી નિર્ધનતાની જમીનને વેરાન કરી દે. મારી બદહાલીના દુષ્કાળને હરિયાળીમાં ફેરવી નાખ. મારી રોજીમાં જે રૂકાવટો છે તે દૂર

કરી દે. મારાથી તંગીના નિશાનો ભૂંસી નાખ. અને મને રોજીની વિશાળતાનું લક્ષ્ય બનાવ.

અય માઅબૂદ ! રોજીની બોછાર કરી દે. મારા જીવનને સદા વધારેમાં વધારે આનંદમય બનાવ. અને અય માઅબૂદ ! મને ઉદારતાના વસ્ત્રો પહેરાવ અને ખુશીના ચાદર ઓઢાડી દે.

એટલે અય પરવરદિગાર ! હું વાટ જોઉં છું કે તંગી દૂર થઈ જાય, અને તારી નેઅમતો નસીબ થાય, અને તારી અતા મળી જાય, રોજીની તંગી દૂર થાય, અને તું ફજલથી ન્યાલ કરી દે. મારૂં સગપણ તારી કૃપા સાથે જોડાય,

અને સરળતા નસીબ થાય, અને વરસાવી દે અય માઅબૂદ ! રોજીના આકાશથી લગાતાર વરસાદ, મને નેઅમતોમાં પુષ્કળ ભાગ દે. મખ્લૂકથી બે પરવા કરી દે, મારી નાદારીનું ગળું ટુંપાવી નાખ, મારી તંગી દૂર કરી દે, તેનો બોજ ઝડપી વાહનો પર નાખી દે, મારી રંકતાના ગળા પર નાબૂદીની તલવાર ચલાવી દે.

અય પરવરદિગાર ! મને વિશાળ નેઅમતોની ભેટ અર્પણ કર, અને માલમાં વધારાથી મારી સહાય કર, મને નિર્ધનતાની પિડાથી સલામત રાખ, અને દુકાળની યાતના

મારાથી દૂર રાખ. મારા માટે નેઅમતોની ચાદર પાથરી દે. અને મને તારી રોજીના આલ્હાદક પાણીથી તૃપ્ત કર. મારા માટે તારી સામાન્ય બક્ષિશ દરવાજા ઉઘાડી નાખ. મને અણધારી દોલત ઇનાયત કર. અને તેના દ્વાર મને તંગદસ્તીમાંથી બહાર કાઢ. સવારના સમયે મારી મદદ કર. અને સારા દિવસોનો ધણી બનાવી દે. બેશક તું ઘણી મોટી બક્ષિશ, સામાન્ય માયા અને કૃપા, અમૂલ્ય એહસાનનો માલિક અને અત્યંત ઉદાર દાતા છે.

## ૮૮-રક્ષણ માંગવાની મુનાજાત

અય મઅબૂદ ! હું તારૂં રક્ષણ લઉં છું, ઉતરનારી બલાઓના ઊતરવા અને મોટી મોટી તકલીફોની યાતનાઓથી, તો અય મારા પાલણહાર મને શરણ દે નિરાધારતાના આકરણોથી, મને આપત્તિઓના આક્રમણથી બચાવી લે. અણધાર્યા અઝાબથી મુક્તિ આપ. નેઅમતોથી પડતી અને પગોના ડગમગવાથી બચાવી લે.

મને ધરપત આપ, અય મઅબૂદ, તારી ઈજ્જતના આંગણામાં અને બચાવના રક્ષણમાં

અણધારી આપત્તિઓથી, અને ઉતાવળે આવનારી પરેશાનીઓથી.

અય મઅબૂદ ! અય પાલણહાર ! તું આફતોની ધરતીને નીચે ધસાવી દે, કઠણાઇઓના મેદાનોને ઊખેડી નાખ, મુસીબતના સૂરજને ગ્રહણ લગાવી દે. બૂરાઈઓના પહાડોને તોડી નાખ, જમાનાના દુ:ખને દૂર કરી દે. કાર્યોની રૂકાવાટોને હટાવી દે. મને સલામતીના કિનારે પહોચાડી દે. મને આબરૂના વાહનો પર સવાર કરી દે. ગુનાહોથી બચવમાં મને સાથ આપ. મને ઢાંકપિછોડામાં

શામિલ કરી લે. મારા પર ઉદારતા કર, અય પાલણહાર, તારી નેઅમતોની, બલાઓ દૂર કરવાની, અને તારી સખ્તીઓ દૂર રાખવાની, મારા પરથી તારો અઝાબ ટાળી દે. તારી આકરી સઝાઓનું રૂખ ફેરવી નાખ, મને જમાનાની બદહાલીઓથી રક્ષણ આપ. મને દરેક કામના બૂરા અંજામથી નજાત દે. દરેક ખતરાથી મારૂં રક્ષણ કર, મારા મામલામાં દરેક સંકટનો પત્થર તોડી નાખ. અને જયાં સુધી જીવું તેઓના હાથ અકડાવી દે. બેશક તું પાલણહાર છે,

બુઝુર્ગીવાળો, આરંભ કરનાર, પાછું ફેરવનાર, જે ચાહે તે કરનાર.

… Kitab Downloaded from …
www.hajinaji.com

• Like us on Facebook •

## ૮૯-તૌબા માગવાની મુનાજાત

અય મઅબૂદ ! મેં સાચા દિલથી પાકી તૌબા કરવા માટે તારી તરફ રૂખ કર્યું; પાકું વચન બાંધવા દુ:ખી દિલે પોકારવા, અને ખુલ્લી વાત કરવા માટે.

અય માઅબૂદ ! મારાથી સ્વીકારી લે નિખાલસ તૌબા, જલદી સીધા થઈ જવાનું વચન અને ગુનાહોના ડરથી પડી જવાને. અય પાલણહાર, મારી તૌબા કબૂલ કર, ઘણા મોટા સવાબ, સરસ પરાવર્તનની સાથે અઝાબની

માફી, સઝામાં દરગુઝર, પાછા ફરવાની સદબુધ્ધિ અને ગુનાહોની પરદાપોશી કર, અને

અય માઅબૂદ ! મારા જે ગુનાહો તેં લખ્યા તે ભૂંસી નાખ, મારી તૌબા કબૂલ કરી મારા ગુનાહો ધોઈ નાખ. આ તૌબાને મારા દિલને ઊજળુ કરનારી,મારા બુધ્ધિને દીર્ધદ્રષ્ટિનું સ્થાન આપનારી, મારા મનના મેલને દૂર કરનારી, મારા શરીરમાંથી અપવિત્રતા દૂર કરનારી, મારા દિલ દિમાગને સીધા કરવાવાળી, મારી અક્કલ અને સમજને દીર્ધદ્રષ્ટિની નિકટ કરનારી,બનાવી દે. અય પાલણહાર ! મારી

તૌબા કબૂલ કર કે આ મારી નિખાલસ નિય્યત ,અને સમજબૂજની સાથે થઈ રહી છે. મારા અંતરના દરેક ખૂણાથી થઈ રહી છે, દિલના ગુપ્ત ભાગોના લક્ષથી થઈ રહી છે. તારી સમક્ષ મારૂં પરાવર્તન અને તારા હુકમ પર ત્વરિત અમલના સાથે થઈ રહી છે.

અય માઅબૂદ ! આ તૌબા દ્વારા મારાથી ગુનાહો પર હઠાગ્રહનું અંધારૂં દૂર કરી દે. અને આ પહેલા જે ગુનાહો કરી ચૂક્યો છું તેણે મિટાવી દે. મને પરહેઝગારીના કપડાં પહેરાવ. અને હિદાયતની ચાદર ઓઢાડી દે. કેમકે મેં મારા

પરથી ગુનાહોની ખેસ ઉતારી નાખી છે, અને ખતાઓનો આભો શરીર પરથી કાપી ફેંકી દીધો છે.

અય પરવરદિગાર ! મેં મારા નફ્સની વિરૂધ્ધ તારી કુદરતનો આધાર લીધો છે. તારી ઈજ્જતથી મદદ મેળવી ને મારી તૌબાને બચાવવા માટે તને સોંપી રહ્યો છું. તેને રૂસ્વાઇથી રક્ષિત રાખવા તારી દેખરેખમા આપી રહ્યો છું એમ કહીને કે નથી કોઈ ગતિ કે શક્તિ પણ તારાથી.

## ૯૦-હજની માંગણી માટે મુનાજાત

અય માઅબૂદ ! મને એ હજ અતા કર, જે તેં એ લોકો પર વાજિબ કરી છે જેઓ આવવા જવાનો ખર્ચો ઉપાડી શકતા હોય, તેમાં મારી હિદાયતનો વસીલો બનાવ, તેની તરફ મારૂં માર્ગદર્શન કર, અને દૂરના માર્ગો મારા માટે નજદીક કરી દે. હજના આમાલ અદા કરવામાં મારી સહાય કર, મારા એહરામ બાંધવાથી મારા પર આગને હરામ કરી દે. સફર કરવમાં મારી હિમ્મત અને શક્તિ વધારી દે.

અય માઅબૂદ ! તું મને તારી સમીપ ઊભો રહેવાની અને ત્યાં સુધી આવવાની ક્ષમતા આપ. તેમાં મને ઘણા લાભો અને સફળતા આપ. અને અય પરવરદિગાર ! મને હજજે અકબરના વુકૂફથી મશઅરમા નિકટના સ્થાને પહોચાડી દે. જેઓ મુઝદલફામાં છે તારી રહેમતથી નજીક અને તારી જન્નતમાં જવાનો ઉપાય બને. મને મશઅરૂલ હરામની જગ્યા અને હરામના વુકૂફના સ્થળે ઊભો કર. મને એ પાત્રતા દે કે હજના આમાલ બજાવી લાવું. અને માટી ખૂંધવાળા, ઊછળતા ખૂનવાળા, અને વહેતું

રકત ધરાવતી નસોવાળા ઊંટોને ઝબ્હ કરી ઘણી કુરબાનીઓ આપું. અને તેઓની ધોરી નસો કાપું. તારા હુકમ પ્રમાણે આ કર્તવ્ય બજાવી લાવું જે તેં વાજિબ કર્યું છે.

અય માઅબૂદ ! મને સદબુધ્ધિ દે કે ઈદની નમાઝ પઢું તારા વાયદાની સંપૂર્ણ આશામાં અને તારી ધમકીથી ડરીને, પોતાના માથાના વાળો મૂંડાવીને અથવા ઓછા કરીને, તારી ફરમાંબરદારીની કોશિશ માટે કમર કસીને, જમરાઓને સાત સાત પત્થરો મારીને તારો હુકમ બજાવી લાવું.

અને મને દાખલ કર અય માઅબૂદ ! તારા ઘરના આંગણામાં જે અમનની જગ્યા અને તારો કાબા છે. મને તારા મોહતાજો, સવાલીઓ અને માંગનારાઓમાં રાખ.

અય માઅબૂદ ! મને ઘણો ઘણો અજ્ર દે મારા પાછા ફરવા અને કુચ કરવા પર અને સંપૂર્ણ કર, અય માઅબૂદ ! મારા હજના આમાલોને, અને કરગરવાને કબૂલ કર, તારી બારગાહથી ઇનાયત કરીને અય સૌથી વધારે રહેમ કરનાર.

## ૯૧-જુલ્મથી છૂટકારાની મુનાજાત

અય મઅબૂદ ! તારા શહેરોમાં તારા કેટલાક બંદાઓના જુલ્મ એટલા ફેલાઈ ગયા છે કે તેના કારણે ન્યાય ખતમ થઈ ગયો, રસ્તા કપાઈ ગયા, હક મિટાઈ ગયો, સાચ ખોટું થઈ ગયું છે, નેકી ઝાંખી પડી ગઈ છે, બૂરાઈ સામે આવી ગઈ છે, પરહેઝગારી ખલાસ, અને હિદાયત નહિવત થઈ ગઈ છે સારપ નાશ પામી, બૂરાઈ ઊભરી આવી, બગાડો વધી ગયો, દુશ્મની સામાન્ય

બની ગઈ, જુલ્મ ફેલાઈ ગયો, અને અતિચાર હદથી વધી ગયો છે.

અય મઅબૂદ ! અય પાલણહાર ! તેણે કોઈ દૂર નથી કરી શકતું પણ તારી શક્તિ, તેને કોઈ બચાવી નથી શકતુ પણ તારો એહસાન.

અય માઅબૂદ ! અય મારા પાલણહાર ! જુલ્મના મૂળ કાપી નાખ, સિતમના પહાળો તોડી પાડ, બદીનો બજાર ઠંડો પાડી દે, અને જે જુલ્મને રોકે તેને બળ આપ, જુલ્મ કરવાવાળાના બાવડા ભાંગી નાખ. તેઓને વિખેરીને ચિંતામા નાખી દે. અને

અય માઅબૂદ ! તેઓ પર બળિયા દુશ્મનોને ચડાવી દે, જેઓ તેઓના હાથપગ કાપી નાખે, બૂરાઈની મોહલત ખતમ કરી નાખે જેથી ડરેલા લોકો શાંતિ પામે, મઝલૂમોને રાહત મળે, ભૂખ્યાઓને ખાવાનું મળે, ઉજડેલા લોકો આબાદ થાય, બેવતનોને આશરો મળે, ભાગેલા લોકો પાછા ફરે, સાથી વગરનાઓને સાથી મળે, અને પનાહ લેવા વાળો પનાહ પામે, વડિલોની ઈજજત થાય, અને નાનાઓને પ્યાર મળે, મઝલૂમને શક્તિ મળે, જાલિમ હેઠે પડે, ગમ ખાધેલાઓનો ગમ મટે. અંધાધૂંધી ખતમ થઈ

જાય, બળવો શમી જાય, અને કુસંપ નાશ પામે. ઇલ્મનો વિકાસ થાય, સલામતી સામાન્ય થઈ જાય, ભિન્નતા દૂર થઈ જાય. ઈમાનને ઉત્તેજન મળે, અને કુરઆન પઢવામાં આવે. બેશક તું જઝા દેવાવાળો, નેઅમત આપવાવાળો અને ઉપકાર કરનારો છે.

… Kitab Downloaded from …
www.hajinaji.com

• Like us on Facebook •

## ૯૨-ખુદાનો શુક્ર કરવાની મુનાજાત

અય માઅબૂદ ! સઘળી સ્તુતિ તારા માટે છે, આવનારી આપત્તિઓને ટાળવા પર, કઠિન સંકટો હટાવવા પર, સામે આવનાર ખતરાઓને ટાળવા પર, અને ઉપરા ઉપરી નેઅમતો બક્ષવા પર, સ્તુતિ માત્ર તારા માટે છે, તારી શ્રેષ્ઠ ભેટો પર, તારી સુંદરતમ કસોટીઓ પર, અને તારી શાનદાર નેઅમતો પર. અને તારા માટે હમ્દ છે, તારા અતિશય ઉપકારો પર, તારી પ્યારી ભલાઈઓ પર, તારા તરફથી આસાન ફરજો પર અને તંગીને દૂર રાખવા પર.

અય પાલણહાર ! તારી સઘળી પ્રશંસાઓ કે તું અલ્પ આભાર માનવા પર ફળ આપે છે. તારી હમ્દ છે કે, વધારે બદલો આપે છે. ગુનાહોનો બોજ ઉતારી દે છે, અજુગતા બહાના પણ કબૂલ કરી લે છે, તું સખ્ત ફરજોનો બોજ ઊતારી દે છે, દુશવારીના સ્થળોને આસાન કરી આપે છે, અને હૃદયદ્રાવક કામોને રોકી રાખેલ છે.

તારા જ માટે હમ્દ છે, જે બલાઓ ટળી ગઈ તેના પર, નેકીમાં વધારા પર, ડર દૂર થવા પર, અને બંડખોરી શમાવી દેવા પર. તારી હમ્દ કરીએ છીએ, ફરજો ઓછી નાખવા પર, અને

તેમાં વધારે કમી કરવા પર, કમજોરને બળ આપવા પર, અને લાચારોની ફરિયાદો સાંભળવા પર, અને તારી સ્તુતિ કરીએ છીએ, લાંબી મોહ્લત દેવા પર સદા નેઅમતો આપવા પર, અઝાબ ટાળી દેવા પર, તારા સારા સારા કામો પર, અને તારી નિરંતર બક્ષિશો પર.

અને હ્મ્દ છે તારા માટે, અઝાબની જલદીને વિલંબમાં નાખવા પર, અને અઝાબમાંજલદી ન કરવા પર, તૌબાનો માર્ગ સરળ કરવા પર અને રહેમતની ઘટાથી વરસાદ વરસાવવા પર.

બેશક તું એહ્સાન કરવાવાળો, અતા કરવાવાળો છે.

… Kitab Downloaded from …
www.hajinaji.com

• Like us on Facebook •

## ૯૩-હ઼ાજતો માંગવાની મુનાજાત

જેને તેં દુઆનો હુકમ આપ્યો, તે તને પોકારવાનો હકદાર છે. જેનાથી તેં સ્વીકારવાનો વાયદો કર્યો, તે તારાથી આશા રાખી શકે છે અને અય માઅબૂદ ! મારી અમુક જરૂરતો છે અને તેમાં મારી હિમ્મત જવાબ દઈ ગઈ, મારી તાકત નબળી પડી ગઈ, તેને પ્રાપ્ત કરવામાં મારી શક્તિ ઢીલી પડી ગઈ. મને ઉશ્કેરનારા નફ઼્સે બૂરાઈને મારા માટે સજાવી, અને પ્રપંચી દુશ્મને, જેના સાણસામાં હું છું તારી તરફ આવવાથી રોકી રાખેલ છે.

અય માઅબૂદ ! મારા નફસને અમન સાથે સફળતા આપ, તેને નજાત મેળવવાનો રસ્તો બતાડી દે, મારી છાતીને આ જરૂરતો પૂરી થવાની આશાથી વિશાળ કરી દે, મને બેહ્તરીન સાધનો અતા કર, અને એ આરઝુ સુધી પહોચવાની સૂરત પેદા કરી દે. અને એ ચીઝ મેળવી લઉં જેની આશા કરી છે.

અય માઅબૂદ ! હાજતો પૂરી થવામાં મારી મદદ કર, મારા શોખને સાચો પૂરવાર કર, અને અય માઅબૂદ ! મને તારી મહેરબાનીથી બચાવી લે એ વાતથી કે નિષ્ફળતા, નિરાશા,

વિલંબ, અને શ્રમમાં પડી જાઉં. અય માઅબૂદ ! બેશક તું ઘણી મોટી અતાઓનો ઘણી અને અતા કરવાવાળો છે. તું જ છે જે દરેક વસ્તુ પર શક્તિમાન છે, તું તારા બંદાઓને નિહાળે અને જુએ છે.

**વ આખિરો દઅવાના અનિલ હમ્દો લિલ્લાહે રબ્બિલ આલમીન.**

… Kitab Downloaded from …

www.hajinaji.com

• Like us on Facebook •